MAHABHARATNI JIVANKATHAO (Gujarati Edition)

SWAMI SACHHIDANAND



મહા

જીવ

મહાભારતની જીવનકથાઓ

સ્વામી સચ્ચિદાનંદ

MAHABHARAT-NI JIVANKATHAO
by Swami Sachchidanand
Published by Gurjar Prakashan, Ahmedabad-380 006

First Published: 2010
This ePub edition: 2014
ISBN: 978-81-8461-849-5

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

અર્પણ

મારી દૃષ્ટિએ મહાભારતનું સૌથી વધુ વાસ્તવવાદી અને મારું પ્રિય પાત્ર જેણે પ્રત્યેક વિપત્તિમાં પાંડવોને બચાવ્યાં છે તેવા ગદાધારી ભીમને આ પુસ્તક અર્પણ કરું છું.

સચ્ચિદાનંદ

ભૂમિકા

મહાભારત આપણી સૌથી મોટી ધરોહર અને વારસો છે. તેના રચનારનો દાવો છે કે:

યદિહાસ્તિ તદન્યત્ર યન્નેહાસ્તિ ન કુત્રચિત્॥

જે આમાં છે તે જ અન્યત્ર છે. જે અહીં નથી તે ક્યાંય નથી.

ઘણાં વર્ષો પહેલાં મેં સાંગોપાંગ મહાભારત વાંચેલું ત્યારે હું તેનું થોડુંક મહત્ત્વ સમજી શકેલો, પણ હમણાં ફરીથી વાંચવાનો પ્રસંગ મળ્યો ત્યારે મને સમજાયું કે મહાભારતને પાંચમો વેદ કહે છે તે યોગ્ય જ કહે છે. ખરેખર તો વેદો કરતાં પણ મને મહાભારત વધુ ઉપયોગી અને વધુ પ્રભાવશાળી લાગ્યું છે. કારણ કે મહાભારતમાં કથાઓ છે અને તે આપણી જ કથાઓ છે. આપણા જીવનના સારા-માઠા જેટલા પ્રસંગો આવે છે તે બધા પ્રસંગોને વણી લેતી કથાઓ છે. કથાઓ તેને જ કહેવાય જે જીવંત હોય. જીવંત કથાઓ ત્યારે થઈ શકે જ્યારે બધા કાળમાં જે ઘટતું હોય, ઘટી શકતું હોય તેનું તેમાં નિરૂપણ કર્યું હોય. મહાભારતની મુખ્ય કથા તો કૌરવ-પાંડવોની છે. પણ તેમને મધ્યમાં રાખીને તેની પૂરક કથાઓ એટલી બધી છે કે તે કથાઓનો ભંડાર થઈ ગયું છે.

મહાભારત ઋષિગ્રંથ છે અને ઋષિમાર્ગમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે પુરુષાર્થોનું સંતુલન સ્વીકારાયું છે. આ ગ્રંથ માત્ર મોક્ષમાર્ગ નથી કે સતત આત્મા અને પરલોકની જ વાતો કરી હોય, આ ગ્રંથ મુખ્યત: આ લોકનો જ છે. જે લોકો આ લોકની ઉપેક્ષા કરીને માત્ર પરલોકની જ વાતો કર્યા કરે છે તે જીવનભાગુ થઈ જાય છે. જીવનભાગુઓ જીવનના જીવંત પ્રશ્નોને ઉકેલી શકતા નથી. તેઓ પરલોકના કાલ્પનિક પ્રશ્નોમાં જ રાચતા રહી જાય છે. આમ કરવાથી તેઓ પોતાની ઉપયોગિતા ખોઈ બેસે છે. એટલું જ નહિ હાનિકારક પણ થઈ જાય છે. આપણે ત્યાં સંતુલન વિનાનાં એકમાર્ગી અધ્યાત્મે લગભગ આવું જ કામ કર્યું છે. જેનું પરિણામ દુર્બળ પ્રજાના ઘડતરમાં આવ્યું છે.

પૂર્વે કહ્યું તેમ મહાભારત ઋષિમાર્ગી છે. જેમાં ચારે પુરુષાર્થોનો સ્વીકાર અને સંતુલન છે. પણ કથાઓની દૃષ્ટિએ તો અર્થ અને કામની જ કથાઓ જીવનમાં વધુ ઘટતી રહે છે. કદાચ તેથી પણ વધારે કહીએ તો કામની જ કથાઓ જીવનમાં ચારે તરફ ઘટ્યા કરતી હોય છે. કામનો અસ્વીકાર અને તેનાથી દૂર ભાગનાર કોરા-શુષ્ક અધ્યાત્મે લોકોને જીવનથી જ ભગાડવાનો પ્રયત્ન કર્યો છે. કામથી ભાગી શકાતું જ નથી. ભાગનારને તે પકડી પાડે છે. કારણ કે તેની ગતિ ભાગનાર કરતાં ઘણી વધારે છે. એટલે ભાગો નહિ પણ સાધો. અર્થાત્ તેને પણ સાધનાનું અંગ બનાવો તો તે મિત્ર-મહામિત્ર થઈ શકે છે. આ વાત ઋષિમાર્ગનો મૂલાધાર છે. કામ સ્વયં ઊર્જા છે. મહાઊર્જા છે. તે છે તો જીવન છે. તે નથી તો જીવન નથી પણ આ ઊર્જાને જો મિત્ર બનાવતાં ન આવડે તો તે વિનાશક પણ છે. કામને મિત્ર બનાવવા માટે નીતિશાસ્ત્રો છે. તેણે તેની મર્યાદા બાંધી છે. ઊર્જા મર્યાદામાં રહે તો જ મહાનિર્માણ કરી શકે. અગ્નિ ચૂલામાં રહે તો જ રસોઈ બને. જો ચૂલા બહાર આખા ઘરમાં ફેલાઈ જાય તો મહાવિનાશ નોતરી મૂકે. કામનું પણ આવું જ છે. જ્યારે જ્યારે કામ, મર્યાદા મૂકીને બહાર નીકળ્યો છે ત્યારે ત્યારે મહાવિનાશ થયો છે.

કામકથાઓ સ્ત્રીઓ વિના હોય જ નહિ ખરેખર તો મોટા ભાગની કથાઓ સ્ત્રીઓની જ હોય

છે. પુરુષની ખાસ કથાઓ હોતી નથી, તે તો બિચારા સ્ત્રીકથાનાં પાત્રો જ બનતાં હોય છે. જેમાં વિદુષકથી માંડીને રાજા-મહારાજા કે નારાયણ જેવી ભૂમિકાઓ જ ભજવવાની હોય છે. અને સ્ત્રીઓની કથાઓ લાગણી વિનાની હોતી નથી. ખરેખર તો લાગણીનું નામ જ જીવન છે. લાગણીહીનતા અને મડદામાં કશો ફરક નથી. લાગણીહીનતાનું રૂપાળું નામ જીવનભાગુ અધ્યાત્મવાદીઓએ "વીતરાગ" રાખી દીધું છે. ખરેખર તો વીતરાગ થવા કરતાં વીતદ્વેષ થવું વધુ મહત્ત્વનું છે કારણ કે તેમાં નકારાત્મક ઝેરીલી લાગણીઓનું નિરાકરણ હોય છે. મારી દૃષ્ટિએ તો જીવનમાં સર્વાંશમાં રાગદ્વેષ ત્યાગી શકાય નહિ. ત્યાગવા પણ ન જોઈએ. કેટલાક રાગો અને કેટલાક દ્વેષો જીવન માટે બહુ જરૂરી હોય છે. બહુ ઉપકારક હોય છે. જેમકે ધર્મરાગ, રાષ્ટ્રરાગ, ગુણરાગ, સત્કર્મરાગ વગેરે રાગો હિતાવહ છે. આવી જ રીતે અધર્મદ્વેષ, પાપદ્વેષ, કુકર્મદ્વેષ, રાષ્ટ્રઘાતદ્વેષ વગેરે દ્વેષો પણ જરૂરી છે. આવા દ્વેષોથી વ્યક્તિ અનર્થોથી બચી શકે છે. પણ લોકોએ વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યેના રાગને દૂર કરવા માટે પ્રયત્નો કર્યા છે. જેમાં પતિ-પત્નીનો રાગ મહત્ત્વનો છે. જેમાં પતિ-પત્નીથી દૂર રહે, દૂર ભાગે. આ જ વિરાગ અથવા વીતરાગિતાનું દર્શન છે. આવું ન કરાય. ખરેખર તો પતિ-પત્ની અને પરિવાર વગેરેમાં વધુમાં વધુ રાગ ખીલવવો જોઈએ. હા, આ રાગને રિફાઈન કરીને તેને દિવ્ય-શુદ્ધ પ્રેમમાં પરિવર્તિત કરી શકાય. તો જ તેનાં સર્વોચ્ચ ફળ પ્રાપ્ત કરી શકાય. મહાભારતમાં આવો રાગ અને આવી લાગણીઓ લગભગ બધાં પાત્રોમાં જોવા મળશે. યુધિષ્ઠિરની માનવીય દુર્બળતાથી જુગાર રમવાની ભૂલ થઈ અને વનમાં ભટકવું પડ્યું પણ પાંચ પાંડવો અને દ્રૌપદી વનમાં પણ સાથે જ રહ્યાં. પારાવાર દુ:ખો ભોગવ્યાં પણ કદી કોઈએ યુધિષ્ઠિરને વ્યંગ્ય ન કર્યો કે આ બધાં દુ:ખો તમારા પાપે અમે ભોગવીએ છીએ. છેક સુધી મોટાભાઈની મર્યાદા પૂરેપૂરી સાચવી છે. છેક છેવટમાં રાજ-પાટ ત્યાગીને હિમાલયમાં ગયાં, અને સાથે જ મર્યાં. યુધિષ્ઠિર તો પોતાના પાળેલા કૂતરા માટે સ્વર્ગનો પણ ત્યાગ કરી દેવા તૈયાર થયા હતા તેટલી પ્રબળ લાગણી પોતાના પશુ પ્રત્યે પણ બતાવી છે. કૌરવોના વિનાશ પછી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને વર્ષો સુધી પાંડવોએ સાથે જ રાખ્યાં છે અને માતા-પિતાથી પણ વિશેષ આદરમાન આપ્યું છે. જ્યારે ધૃતરાષ્ટ્રને અન્તકાળ નજીક દેખાયો ત્યારે પત્ની ગાંધારી સાથે તે પણ વનમાં જવા નીકળ્યા. ત્યારે પાંડવોએ તેમને બહુ રોક્યાં છે. પણ તે ન જ રોકાયાં ત્યારે કુંતી પણ સાથે જ ગયાં છે. કારણ કે ધૃતરાષ્ટ્ર આંધળા છે. ગાંધારી છતી આંખે આંખે પાટા બાંધીને આંધળી થઈ છે. કુંતીએ બન્નેને દોર્યાં છે. અને જ્યારે ઘોર વનમાં ત્રણે જણાં દાવાનળમાં ઘેરાઈ ગયાં ત્યારે પલાંઠી વાળીને સ્થિર બેસીને ત્રણે જણાંએ સાથે પ્રાણ છોડ્યા છે. લાગણી વિના આવો ત્યાગ ન થઈ શકે. કુંતીને તો રાજસુખ ભોગવવાનો મોકો મળ્યો હતો. પણ તેમણે તીવ્ર લાગણીમાં જતો કર્યો છે. આ ત્યાગ કહેવાય. આ બધાં જીવનભાગુ નથી. કારણ કે લાગણી અને જીવન સાથે સાથે ચાલે છે.

લગભગ બધી કથાઓ મિથ છે. તોપણ ફલિતાર્થની દૃષ્ટિએ તે સાચી છે. મોટા ભાગનાં કથાઓનાં પાત્રો ઋષિઓ દેવો વગેરે છે.

આપણી માફક તેઓ પણ કામ-ક્રોધ વગેરેને વશીભૂત થઈ જાય છે. દેવોને કે ઋષિમુનિઓને કામ-ક્રોધ વગેરે હોય જ નહિ તેવી ધારણા ભ્રાન્ત છે. આવી ભ્રાન્ત ધારણાથી આપણે આડંબર અને પાખંડ વધાર્યું છે. આપણે આપણી કે આપણા માન્ય વ્યક્તિઓની વાસ્તવિકતા સ્વીકારી નથી શકતા. "તે તો આવા હોય જ નહિ" આવી ધારણા વાસ્તવિકતાથી પર હોય છે. ખાસ કરીને કામનું ક્ષેત્ર એક એવું ક્ષેત્ર છે કે તેમાં સારામાં સારી વ્યક્તિ પણ ગમેતેવી થઈ શકે છે. તે વાત આ કથાઓમાં સ્પષ્ટ જોઈ શકાય છે. તેથી તેમના પ્રત્યે ઘૃણા કરવાની જરૂર નથી પણ કામાદિના પ્રભાવને સમજવાની છે. હવે આડંબર અને આધ્યાત્મિકતા એકબીજાનાં પૂરક થઈ

ગયાં છે. જેટલો આડંબર વધારે તેટલી જ આધ્યાત્મિકતા વધારે તેવું વિકૃત માનસ છવાઈ ગયું છે. મહાભારત અને ઋષિઓ આવા માનસથી મુક્ત છે. જે છે જેવું છે તેવું તે સ્વીકારે છે અને તેવું જ બતાવે છે. આ કથાઓની વિશેષતા છે.

આ કથાઓની સાથે મારી ટિપ્પણીઓ વધુ મહત્ત્વની છે. જો ટિપ્પણીઓ કાઢી નાખવામાં આવે તો કથાઓ કદાચ સામાન્ય થઈ જાય. અને એક સંસારી વ્યક્તિએ કહ્યું કે મને લાગે છે કે અમારા કરતાં પણ તમને વધુ અનુભવો છે. મેં કહ્યું કે ના ના આ તો ઈશ્વરની પ્રસાદી છે. તેણે જે પ્રજ્ઞા આપી છે તેના જોરે આ બધું લખાયું છે. આને "પ્રજ્ઞાશક્તિ" કહેવાય છે. મેં પ્રભુકૃપાથી લગભગ બધા વિષયો ઉપર જુદાં જુદાં પુસ્તકો લખ્યાં છે જેમાં સેના-શસ્ત્રો, અર્થતંત્ર, રાજકારણ વગેરે પણ છે. આ બધા વિષયોનો મને કશો અનુભવ નથી તેમ છતાં જે લખાયું છે તે ઈશ્વરની આપેલી પ્રજ્ઞાને કારણે લખાયું છે. મને લાગ્યું કે આ કથાઓ તો અમારા જીવનની જ કથાઓ છે. જીવનથી ગુમરાહ થયેલા લોકોને તથા ગુમરાહ કરતા લોકોને આ કથાઓ બહુ ઉપકારક થશે એટલે થોડીક કથાઓનું સંકલન કરીને રજૂ કરવાનો પ્રયત્ન થયો છે.

મને લાગે છે કે મહાભારતનો ત્યાગ કરીને અને ભાગવત જેવાં પુરાણોનો અતિરેકભર્યો સ્વીકાર કરીને હિન્દુ પ્રજાએ ઘણું ગુમાવ્યું છે. અત્યારે જેવી સપ્તાહો ભાગવતની થાય છે તેવી જો મહાભારતની થતી હોત તો પ્રજાનું ઘડતર જુદું જ થયું હોત. મહાભારત શૌર્યગ્રંથ છે. પ્રજાના ઘડતરમાં સર્વપ્રથમ વીરતા-શૌર્યની સ્થાપના જરૂરી છે. બાકીના બધા ગુણો આપોઆપ આવી જતા હોય છે. પ્રજાનું ઘડતર શૌર્ય વિનાની અને શસ્ત્રત્યાગનારી અહિંસાથી થયું. જેણે પ્રજાને દુર્બળ બનાવી. દુર્બળતા, ગુલામીને લઈ આવી અને તેને સ્થિર કરી.

આપણું ઘડતર એવી ભક્તિથી કરવામાં આવ્યું જે અંતે વેવલી થઈ ગઈ. શોષણનું માધ્યમ બની. વીરતા વિનાની વેવલી ભક્તિથી પણ પ્રજા તો દુર્બળ જ થઈ. ભગવાન અને ગુરુના નામે સદીઓથી તેનું શોષણ થઈ રહ્યું છે. ભગવાન કદી ગરીબ ન હોય, ભગવાન સમૃદ્ધ થયા, ગુરુઓ સમૃદ્ધ થયા. હા, પ્રજા જ દરિદ્ર થઈ ગઈ. એકલી દરિદ્ર જ નહિ, દુર્બળ પણ થઈ ગઈ. આ વેવલાભક્તિ પણ વીરતા વિનાની, શસ્ત્રો વિનાની, પડકાર વિનાની. મોટાભાગે સ્ત્રીઓ માટેની થઈ ગઈ. થઈ રહી છે.

ક્યાંય શૌર્ય કે વીરતાની વાત જ નહિ, અત્યાચારો થાય ત્યારે "લાલો અવતાર લેશે."નું આશ્વાસન આપીને ઠંડી પ્રજાને વધુ ઠંડી બનાવી દેવાની.

કેટલાક જગતમિથ્યાવાદીઓ તો એક જ નકારાત્મક ઘડતર કરતા રહે છે. "જગત્ મિથ્યા છે" બોલો હવે શું કરવાનું રહ્યું? જો જગત્ મિથ્યા જ હોય તો ગુલામ રહો કે આઝાદ રહો, કંગાળ દરિદ્ર રહો કે સમૃદ્ધ રહો. શું ફરક પડે છે. બધું સ્વપ્ન જ છે. વીરતા, શૌર્ય, કર્મઠતા, સાહસનું તો નામ જ ન રહ્યું. નવાઈ તો જુઓ એક તરફ જગત મિથ્યા કહેવું અને બીજી તરફ 'જગદ્ગુરુ' પણ થવું. અર્થાત્ મિથ્યાગુરુ જ થયા કહેવાય. કેવું કેવું ઘડતર કર્યું છે આપણા લોકોએ. જો મહાભારતની સપ્તાહો થતી હોત તો ના તો લાલાના અવતારની વાતો હોત ના મિથ્યા વાતો હોત. પ્રજા શૌર્ય, વીરતા, સાહસ અને કર્મઠતાથી ભરપૂર બની હોત. બધાં શસ્ત્રધારી હોત, પ્રજા બળવાન હોત, દેશ કદી ગુલામ ન થાત ન પ્રજા કદી મારખાતી બિચારી થાત. ઘડવૈયાઓ ફરીથી વિચાર કરે. આવા મહાન ગ્રંથનું ફરીથી ગ્રહણ થાય. ફરીથી ઋષિમાર્ગનું મહત્ત્વ સમજાય તો હજી પણ નવનિર્માણ થઈ શકે છે.

પૂર્વે કહ્યું તેમ આ કથાઓ મોટા ભાગે મિથ છે, તેમાં મેં મારી દૃષ્ટિએ ક્યાંક થોડોક ફેરફાર પણ

કર્યો છે. જેથી તેનો પ્રભાવ વધે અને સંદેશ સ્પષ્ટ થાય. મારી આ અનધિકૃત ચેષ્ટા માટે ક્ષમા માગું છું.

હવે પ્રો. ચિમનલાલ ત્રિવેદીની આંખ બરાબર કામ કરતી નથી એટલે આ ગ્રંથનું પ્રૂફરીડિંગ તથા જોડણીસુધારાનું કામ પ્રો. પ્રફુલ્લભાઈ મહેતાએ કર્યું છે. શ્રી મહેતા મારા જૂના પરિચિત સજ્જન છે. તેમનો જેટલો આભાર માનું તેટલો થોડો કહેવાય.

ગૂર્જરવાળા શ્રી મનુભાઈ શાહે હવે ગૂર્જરનો ભાર વહેંચવા માંડ્યો છે. તેમના ભત્રીજા અને સ્વ. ઠાકોરભાઈના પુત્ર શ્રી અમરકુમાર હવે મહત્ત્વનો ભાગ ભજવવા લાગ્યા છે. તેમને પણ ધન્યવાદ.

અંતમાં, પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી જ આ ગ્રંથ લખી શકાયો છે. મહત્તા બધી તેની જ છે. દોષો બધા મારા છે. તેને વંદન.

આશા છે સુજ્ઞ વાચકોને જીવનપથ દર્શનમાં આ ગ્રંથ કાંઈક તો ઉપયોગી થશે જ.

—સ્વામી સચ્ચિદાનંદ
29-12-2009

શ્રી ભક્તિનિકેતન આશ્રમ,
દંતાલી, પો. બો. નં. 19,
પેટલાદ-388450 જિ. આણંદ
(ફોન: 02697-252480)
વેબસાઈટ: www.sachchidanandji.org

1. પાંડુરાજા

મહાભારત સંપૂર્ણ વ્યવહારને બતાવનારો વ્યાવહારિક ગ્રંથ છે. જેણે વ્યવહાર શીખવો હોય તેણે મહાભારતનું અધ્યયન જરૂર કરવું જોઈએ. વ્યવહારયોગથી મોટો કોઈ યોગ નથી. જેને વ્યવહારયોગ આવડે તે જ જીવનમાં સફળ થઈ શકે. જે વ્યવહારના બુઠ્ઠા હોય છે તે પંડિત હોય તોપણ નિષ્ફળ રહેતા હોય છે. મહાભારત જીવનના એક અત્યંત મહત્ત્વના વ્યવહારને સમજાવવા એક કથા લખે છે.

પાંડુરાજા અનેક દેશોમાં યુદ્ધો કરી વિજય મેળવીને પાછા ફરી રહ્યા હતા ત્યારે વન ઘણાં હતાં એટલે વનપશુઓ પણ ઘણાં હતાં. વનપશુઓમાં મુખ્યત: બે પ્રકાર હોય છે: (1) ઘાસ ખાનારાં અને (2) માંસ ખાનારાં. ઘાસાહારી પશુઓની ઉત્પત્તિનો રેશિયો ઘણો હોય છે તેથી તે હજારો અને લાખ્ખોની સંખ્યામાં પોતપોતાનાં ઝુંડ બનાવીને જ્યાં ઘાસચારો સારો હોય ત્યાં વસતાં હોય છે. બીજી તરફ માંસાહારી પ્રાણીઓનો જન્મરેશિયો ઘણો ઓછો હોય છે, કારણ કે તેઓ ઘાસાહારી પશુઓનો શિકાર કરીને જ પેટ ભરતાં હોય છે. માંસાહારીઓ આક્રમક સ્વભાવનાં અને સંગઠિત હોય છે, જ્યારે ઘાસાહારી પશુઓ ભાગી જનારાં અને ડરપોક હોય છે. ઘાસાહારી પશુઓ અંદરઅંદર તો લડતાં હોય છે પણ પોતાના જન્મજાત શત્રુ માંસાહારી પશુની સામે કદી સંગઠિત થઈને આક્રમણ નથી કરતાં. શિકારનો ભોગ બનેલા પોતાના ભાઈને તે દૂરથી જોયા તો કરે છે પણ સંગઠિત થઈને હુમલો કરીને તેને છોડાવતાં નથી, કારણ કે તે આક્રમક નથી હોતાં (માણસોની પણ લગભગ આવી જ દશા હોય છે.) જે આક્રમક હોય છે તે જ રાજ કરે છે. બિનઆક્રમકો રાજ નથી કરી શકતાં. હા, ટૅક્સ ભરે છે. જે લોકો ધર્મ કે અધ્યાત્મનું કોઈ પણ નિમિત્ત આગળ ધરીને પ્રજાને બિનઆક્રમક બનાવે છે તે તેમને ગુલામ બનાવવાની ભૂમિકા રચે છે. આક્રમકો માટે અનુકૂળતાની સગવડ કરી આપે છે. બિનઆક્રમકતા એક રીતે તો નમાલાપણું જ કહી શકાય. એટલે ધર્મનું કામ પ્રજાને અન્યાય અને અધર્મની સામે ઝઝૂમતી પ્રજા બનાવવાનું જ હોવું જોઈએ, નહિ કે નમાલી—દબાયેલી—ઝૂકી જનારી બનાવવાનું હોવું જોઈએ.

ઘણાં યુદ્ધો જીતીને વિજયનો ગર્વ લઈને પાંડુરાજા ફરી રહ્યો હતો. તેણે છાવણી નાખી અને શિકારે જવાનું મન થયું. ત્યારે બધી પ્રજા લગભગ માંસાહારી હતી. રાજા-ક્ષત્રિયો વગેરે શિકાર કરતા જેથી ખેતીને હાનિ કરનારાં વધારાનાં પશુઓનું બૅલેન્સ જળવાઈ રહેતું. ખેડૂતોનો ભેલાણનો પ્રશ્ન ઉકેલાતો અને ખેતી સુરક્ષિત થઈ જતી. ખેડૂતો રાષ્ટ્રના મુખ્ય ઉત્પાદક છે. તેમને સુખી કરવા એ રાજધર્મ છે. અનિષ્ટોથી બચાવવા તે પણ રાજધર્મ છે. અને હા, યોદ્ધાઓને વધુ ખડતલ અને વધુ કુશલ આક્રમક થવા માટે શિકાર જરૂરી સાધન છે.

શિકાર કરવા નીકળેલા પાંડુરાજાએ એક મૃગયુગલને જોયું. ત્યારે રતિકાળ હતો. મૃગ મૃગીમાં વીર્યદાન કરી રહ્યો હતો. સૃષ્ટિને આગળ ચાલતી રાખવા પરમેશ્વરે નર-નારીમાં કામવાસના મૂકી છે. જો કામવાસના ન હોત તો સૃષ્ટિનો ક્યારનોય અંત થઈ ગયો હોત. પણ ઋતુકાળ આવતાં જ નર-નારીમાં પ્રચંડ-અતિપ્રચંડ આવેગોની આંધીઓ ઊઠવા લાગે છે. પરિણામે બન્ને એકબીજાની નજીક આવી મૈથુન કરીને આગળની સૃષ્ટિ ચાલુ રાખવા વીર્યદાન અને વીર્યપ્રાપ્તિની ક્રિયા દ્વારા કુદરતની ઇચ્છાને પૂરી કરે છે. આ કુદરતી પ્રક્રિયા છે અને મંગળમય છે. તેના પ્રત્યે ઘૃણા કરવાની જરૂર નથી. તેનો અસ્વીકાર એ ઈશ્વરના અસ્વીકાર બરાબર છે.

ગર્વોન્મત્ત પાંડુરાજાએ કાન સુધી બાણ ખેંચીને પેલા યુગલને માર્યું. રતિક્રીડામાં તન્મય મૃગને એ બાણ વાગ્યું. તે ઊછળીને નીચે ઢળી પડ્યો. પોતે શિકાર કરવામાં સફળ રહ્યો છે, તેના આનંદમાં અને ગર્વમાં રાજા ઘાયલ મૃગની પાસે પહોંચ્યો. મૃગ હજી મર્યો ન હતો. તેના શ્વાસ ચાલી રહ્યા હતા. તેણે રાજાને કહ્યું કે "અરેરે! આ તેં શું કર્યું? હું જ્યારે સંસારનું સર્વોચ્ચ સુખ તન્મય થઈને ભોગવી રહ્યો હતો, મને જ્યારે આજુબાજુનું કશું ભાન ન હતું ત્યારે તેં છુપાઈને મને તીર માર્યું. મારા સુખમાં ભંગ પડ્યો, તેથી હું મહા દુ:ખી થયો છું. હું તને શાપ આપું છું કે તું હવે રતિક્રીડા કરી શકીશ નહિ. જીવનભર તું તારી પત્નીને જોઇ-જોઈને તરસતો રહીશ, પણ રતિક્રીડા કરી શકીશ નહિ, તેથી તારો વંશ તારા પોતાના વીર્યથી નહિ પણ કોઈ બીજાના વીર્યથી ચાલશે."

આ મહાભારતની મૂળ ઉત્થાનિકા છે. આ ઉપરથી બોધપાઠ લેવાનો કે કોઈ યુગલ (પશુ-પક્ષી વગેરેનું) મૈથુનમાં તન્મય થઈ ગયું હોય ત્યારે તેના આનંદમાં ભંગ પડાવવો નહિ. તે જે કાંઈ કરે છે તે કુદરતપ્રેરિત કરે છે. તે પાપ નથી કરતું. કદાચ તમારા માટે તે શરમની વાત હોઈ શકે કારણ માણસ જ્યારથી વસ્ત્ર પહેરતો થયો છે ત્યારથી તેણે જીવનમૂલ્યો—સાંસ્કૃતિક મૂલ્યો નિર્ધારિત કર્યાં છે. પશુ-પક્ષીઓને આવાં મૂલ્યો નથી હોતાં, તેથી તેમના માટે આવી ક્રિયા કશી શરમજનક નથી હોતી. માણસ પણ જો બળાત્કાર ન કરતો હોય (બળાત્કાર માત્ર માણસ જ કરે છે. બીજું કોઈ નથી કરતું.) તો તેની ક્રિયામાં પણ ભંગ પાડવો નહિ. આવી ક્રીડામાં તન્મય થયેલું યુગલ સમાધિથી પરમ સમાધિમાં પણ પ્રાપ્ત ન થાય તેવું સમાધિસુખ ભોગવતું હોય છે. તેમાં ભંગ પાડવાથી તેનો આત્મા કકળી ઊઠે છે. કકળેલો આત્મા જ્યારે બદદુવા—શાપ આપે છે ત્યારે તે ફળે છે. મૃગનો શાપ પાંડુ ઉપર ફળ્યો. તે જીવનભર સંભોગ ન કરી શક્યો. સંભોગનું સામર્થ્ય ખોઈ બેસનાર પુરુષ પૌરુષ વિનાનો થઈ જતો હોય છે. છતી પત્નીએ તરસ્યો ને તરસ્યો અને આત્મગ્લાનિથી પીડાતો રહે છે. અંતે બીજા પુરુષો તેના વંશને વધારી આપવામાં નિમિત્ત બનતા હોય છે. પાંડુનું પણ આવું જ થયું. જો તેણે મૈથુનવ્યસ્ત મૃગયુગલનો શિકાર ન કર્યો હોત તો કદાચ આવું ન થાત. આ બોધપાઠ છે.

27-11-09

*

2. ઉત્તંકકથા

જ્યાં સંયુક્ત પરિવાર હોય છે ત્યાં કેટલાક પ્રશ્નો પણ હોય છે. સાથે રહેનારાં માણસો જ પ્રશ્નો ઊભા કરતાં હોય છે અથવા કહો કે પરિસ્થિતિ પોતે જ પ્રશ્નો ઊભા કરી દેતી હોય છે. આમાંનો એક પ્રશ્ન છે કામાચારનો. સાથે રહેનારાં સ્ત્રી-પુરુષો કેટલીક વાર ઇચ્છાએ કે અનિચ્છાએ પણ અસ્વીકાર્ય કામાચાર તરફ ઢળી પડતાં હોય છે. અસ્વીકાર્ય કામાચારને રોકનારાં કોઈ પ્રબળ મૂલ્યો અને તેના પ્રત્યે દૃઢ નિષ્ઠા ન હોય તો સ્ત્રી-પુરુષો લગભગ તે કાર્ય માટે તૈયાર જ હોય છે. પછી ભલે તે સગાં ભાઈ-બહેન હોય કે મા-દીકરો હોય, ગમે તે હોય, કામનો આવેગ એકબીજાને તૈયાર કરી દેતો હોય છે. આવા સમયે જીવનનાં પ્રબળ મૂલ્યો અને તેના પ્રત્યેની નિષ્ઠા જ આવાં કાર્યોથી બચવાની મક્કમતા આપતાં હોય છે. જે સ્ત્રી-પુરુષોમાં આવી મક્કમતા નથી હોતી તે સાથે રહે તો લપસ્યા વિના રહેતાં નથી. આવી જ એક કથા મહાભારતમાં આ રીતે આવી છે:

આચાર્ય વેદ મહાસમર્થ આચાર્ય છે. તેમના ગુરુકુળમાં ઉત્તંક નામનો એક અંતેવાસી વિદ્યા ભણે છે. એક વાર વેદ આચાર્યને જનમેજય રાજાના ત્યાં જવાનું થયું. તે વખતે તેમણે ઉત્તંકને બોલાવીને કહ્યું કે હું બહાર જાઉં છું, તું બધા ગુરુકુળનો ખ્યાલ રાખજે, ગુરુપત્નીની આજ્ઞામાં રહેજે વગેરે. સંસ્થા અધ્યક્ષથી ચાલતી હોય છે. અધ્યક્ષ વિનાની સંસ્થા ધણી વિનાના ઢોર જેવી થઈને અસ્તવ્યસ્ત થઈ જતી હોય છે. પણ સંસ્થા માત્ર અધ્યક્ષથી જ નથી ચાલતી હોતી. સંસ્થાને એક ઉપાધ્યક્ષ પણ જોઈએ. જે અધ્યક્ષની અનુપસ્થિતિમાં બધો ચાર્જ સંભાળી લે. ઉપાધ્યક્ષ ન હોય તોપણ અધ્યક્ષના અભાવમાં બધું અવ્યવસ્થિત થઈ જાય. આચાર્ય વેદ પાસે ઉત્તંક નામનો અંતેવાસી છે. જે કુશળ છે. આચાર્યની ગેરહાજરીમાં તે બધો વહીવટ સંભાળી લે છે. તેથી આચાર્યને શાંતિ રહે છે. પ્રશ્નો ઊભા ન થાય તો શાંતિ રહે.

ઉત્તંકને બધી જવાબદારી સોંપીને વેદ તો જનમેજયના ત્યાં ગયા. તેમના ગયા પછી થોડા જ દિવસોમાં ગુરુપત્ની રજસ્વલા થઈ. કુદરતી વ્યવસ્થા પ્રમાણે ઋતુકાળમાં માદાઓમાં પ્રબળ કામ-આવેગ આવતો હોય છે. આ આવેગ વખતે રહી ન શકાય, રોકી ન શકાય, દબાવી ન શકાય તેવી કામવાસના જાગી ઊઠતી હોય છે. આ કુદરતી વ્યવસ્થા છે. આમાં સારી-ખોટી બધી સ્ત્રીઓ આ આવેગની શિકાર બનતી જ હોય છે. કામ, સારા-ખોટાનો ભેદ કરતો નથી. પુરુષ વિનાની સ્ત્રીઓ કે પુરુષોથી સતત દૂર રહેનારી સ્ત્રીઓ આવા વેગમાં ક્યારે કોની સાથે તણાઈ જાય તે કહેવાય નહિ. આવા કાળમાં સ્ત્રીઓને સાચવવી બહુ કઠિન કાર્ય થઈ જાય છે. તે પોતે પોતાને સાચવી શકતી નથી, કારણ કે કામની પ્રચંડ આંધી આગળ તે લાચાર થઈ જાય છે. તેને પરિવાર, સમાજ, ધર્મ સાચવે છે. જો આ ત્રણે ન હોય તો સ્ત્રી રક્ષણ વિનાની થઈ જાય છે. કવચ વિનાના યોદ્ધા જેવી તે સંગ્રામ કરીને પણ લાંબા ગાળે થાકી-હારી જતી હોય છે. એટલે સ્ત્રીને કોઈ ને કોઈનું કવચ જોઈએ. યાદ રહે: તીવ્ર કામાવેગમાં સંસ્કૃતિ કે ધર્મનું ભાન રહેતું નથી. આ સમયે તે "મુગ્ધા" હોય છે. તીવ્ર કામાતુરાવસ્થા એક પ્રકારનું ગાંડપણ જ કહેવાય. આવી દશા વેદની પત્ની, ઉત્તંકની ગુરુપત્નીની થઈ ગઈ. તે તીવ્ર કામાવેગમાં ઉત્તંક પાસે પહોંચી ગઈ. કારણ કે તે સમીપમાં જ ઘરમાં સેવાશુશ્રૂષા કરવા રહેતો હતો. વેલી નજીક જે હોય તેના ઉપર તે ચઢી જતી હોય છે. પછી તે બાવળના કાંટાવાળું ઠૂંઠું જ કેમ ન હોય. સ્ત્રીઓનું પણ વેલી જેવું જ થઈ જતું હોય છે. જે લોકો જિતેન્દ્રિય હોવાનો દાવો કરતા હોય છે તે કાં તો મૂર્ખ હોય છે કાં પછી ધૂર્ત હોય છે. સાચા તો નથી જ હોતા. એક વાર કામવિજય

થયા પછી તે કાયમનો નથી થઈ જતો. એક વારનો વિજયી માણસ ફરી ક્યારે ધૂળ ચાટતો થઈ જાય તે કહેવાય નહિ. સારો અને સાચો ઉપાય તો તે છે કે સ્ત્રી-પુરુષોએ (પતિ-પત્નીએ) હંમેશાં સાથે રહેવું. જેથી બન્ને એકબીજાનાં રક્ષક થઈ જાય. જે પત્નીઓ પતિના પૌરુષથી સંતુષ્ટ નથી હોતી તે પૌરુષવાનને શોધતી રહે છે. તેવો પુરુષ જોતાં જ તેને ઢળી પડતાં વાર નથી લાગતી.

કામાતુર પુરુષ કરતાં કામાતુર સ્ત્રી વધુ પ્રબળ થઈ જતી હોય છે. “લજ્જા” નામની લગામ આવી છે. જો “લજ્જા” નામની લગામ તૂટી-છૂટી જાય તો પછી સ્ત્રીને રોકવી કઠિન છે. સમાજ જ્યારે ઘોર પતિત થવાનો હોય છે ત્યારે સ્ત્રીઓ નિર્લજ્જ થઈ જતી હોય છે. ઉત્તંકની ગુરુપત્નીની પણ કાંઈક આવી જ દશા થઈ. તે કામાતુર થઈ ગઈ. પૂર્વે કહ્યું તેમ કામ ઋષિ, મુનિ, સંત, સાધુ કોઈને પણ છોડતો નથી. તે સારા-ખોટાનો ભેદ કરતો નથી. જે આ સત્યને સમજી શક્યા નથી તે કશું જ સમજ્યા નથી. ગુરુપત્નીનું વલણ ઉત્તંક સમજી ગયો. જ્યારે કામનો વંટોળિયો ઊઠે છે ત્યારે અંગેઅંગમાં તેની છાયા ખીલી ઊઠે છે. ચહેરો તો શું પૂરું શરીર કહી આપે છે કે અત્યારે આ શું માગે છે? મોટા ભાગે આવી કામવાસનાની શરૂઆત સ્ત્રીઓ દ્વારા થતી હોય છે. લંપટ પુરુષ છેડતી કરી શકતો હોય છે પણ મક્કમ સ્ત્રીને તેથી તેના પ્રત્યે ઘૃણા જન્મતી હોય છે. પણ લંપટ સ્ત્રી માત્ર આંખોનાં તીર મારીને જ પુરુષને વિહ્વળ કે આકુળ-વ્યાકુળ બનાવી શકતી હોય છે. માત્ર દૃષ્ટિ જ બહુ થઈ ગઈ. એક વાર નજર લાગી જાય તો પછી પુરુષ ગાંડો ગાંડો થઈ જાય. આવું મહાશસ્ત્ર ભગવાને સ્ત્રીઓને આપ્યું છે. નીતિકારે)તેને દૃષ્ટિવિષા કહી છે. અર્થાત્ ઝેરી નજરવાળી “तस्माद् दृष्टिविषा नारी दूरतः परिवर्जयेत॥”

ગુરુપત્નીનો ભાવ ઉત્તંક સમજી ગયો. તે ગુરુમાતાના પગમાં પડી ગયો અને પ્રાર્થના કરી, ગમેતેમ કરીને તેને પાછી વાળી. તે બચી ગયો અને ગુરુમાતાને બચાવી લીધી. જો બન્ને ગાંડાં થયાં હોત તો એકેય ન બચ્યાં હોત. પણ અહીં એક જ ગાંડું થયું હતું. બીજું ભાનમાં હતું. નવાઈ તો એ હતી કે ડહાપણથી ભરપૂર હતું તે જ ગાંડું થયું હતું. કામાવેગ અને ડહાપણ સાથે ન રહી શકે અને જે ગાંડા થવાની કક્ષાએ હતો તે ડાહ્યો રહ્યો હતો. સંયમની મક્કમતા ચઢતી યુવાનીમાં જ વધુ દૃઢ હોય છે. ઢળતી અવસ્થામાં સમજણ તો ખીલે છે, પણ મક્કમતા ઢીલી થઈ જાય છે. બન્ને બચી ગયાં—એકની ડહાપણભરી મક્કમતાથી.

પછી તો ગુરુજી વેદ પાછા આવ્યા. બધી વાત જાણી અને ઉત્તંક પર પ્રસન્ન થયા: “તેં મારી પત્નીનું રક્ષણ કર્યું. હવે તું ઘરે જા અને સંપૂર્ણ સુખી થા. મારા આશીર્વાદ છે. તું પૂર્ણ વફાદાર શિષ્ય નીવડ્યો એટલે મારા પૂરેપૂરા આશીર્વાદ છે. ખરેખર તો પહેલી ભૂલ મારી જ કહેવાય કે યૌવનભરી પત્નીને લાંબો સમય રેઢી મૂકીને હું બહાર ગયો. ખરેખર તો શાણા પુરુષોએ જોબનભરી પત્નીને લાંબો સમય કોઈના આશ્રયે મૂકવી ન જોઈએ.”

બે પ્રકારની વફાદારી હોય છે: (1) અર્થ-વફાદારી અને
(2) કામ-વફાદારી. પૈસા ટકામાં દાનત બગાડ્યા વિના એકેએક પૈસાનો હિસાબ રાખીને પૂરેપૂરી રકમ સાચવે અને પરત કરે તે અર્થ-વફાદારી છે.

2. સ્ત્રીવર્ગમાં રહીને પૂરેપૂરી વફાદારીથી સ્ત્રીઓને સાચવે તેના શિયળનું રક્ષણ કરે તે કામ-વફાદારી છે. આ બીજી વફાદારી બહુ દુર્લભ છે. જેને સોંપો તે જ આધિપત્ય જમાવી દે તેવું બની શકે છે. એટલે ધન કરતાં પણ સ્ત્રીને સાચવવી અત્યંત કઠિન છે. જે સાચવી જાણે તે જ સુખી થાય. ન સાચવી શકે તે કાં તો દુ:ખી થઈ જાય કાં પછી નમાલા થઈને બધું સ્વીકારી લે.

28-11-09

*

3. ઉત્તંકકથા—2

આચાર્ય વેદ ડાહ્યા અને વ્યવહારકુશળ વિદ્વાન છે. જ્યાં ડહાપણ અને વ્યવહારકુશળતા હોય છે ત્યાં ઘણા અનર્થોથી બચી શકાતું હોય છે. કોરા પાંડિત્યથી સંસાર ન ચાલી શકે. વેદે વિચાર કર્યો કે ભલે મારી પત્ની હારી ગઈ હોય પણ સ્ત્રી કદી હાર માનતી નથી. તે જેને દાઢમાં રાખે તેને મેળવીને જ જંપતી હોય છે એટલે જો ઉત્તંક અહીં રહેશે તો તે ફરી ફરીને તેને લલચાવવાના પ્રયત્નો કરશે જ. કોઈ કમજોર ક્ષણોમાં ભલભલા પુરુષો લલચાઈ જતા હોય છે. બધી ક્ષણો સરખી નથી હોતી એટલે હવે આનો કાયમી ઉકેલ તો એ જ છે કે ઉત્તંકને તેને ઘેર મોકલી દઉં. આમે હવે તેની વિદ્યા પૂરી થઈ ગઈ છે. આવું સમજીને વેદ આચાર્યે ઉત્તંકને રાજીખુશીથી ઘરે જવા આજ્ઞા કરી.

ત્યારે વિદ્યાધ્યયન ચાર્જેબલ ન હતું. બધું દક્ષિણાના આધારે ચાલતું અને દક્ષિણા ફરજિયાત ન હોય. શ્રદ્ધાભાવથી રાજીખુશીથી જેને જે પરવડે તે આપવાથી વાત પૂરી થઈ જાય.

ઉત્તંકે ગુરુજીને કહ્યું કે મારી પાસે કાંઈક દક્ષિણા માગો. આટલાં વર્ષો હું અહીં રહ્યો, મને સગા દીકરા કરતાં પણ તમે વધારે કરીને રાખ્યો, ભણાવ્યો-ગણાવ્યો, પંડિત બનાવ્યો. હવે હું કાંઈ પણ આપ્યા વિના જાઉં તો મને પાપ લાગે. દક્ષિણા તો આપવી જ જોઈએ. સ્વાધ્યાય, કથા, પ્રવચન સાંભળીને કે વિદ્યાધ્યયન કરીને જે કશી જ દક્ષિણા નથી આપતો તે કૃતઘ્ન કહેવાય, તેને પાપ લાગે. માટે દક્ષિણા માગો. વારંવાર કહેવા છતાં પણ વેદે દક્ષિણા ન માગી. જે યજમાન દક્ષિણા નથી આપતો તે પાપી છે અને જે પુરોહિત દક્ષિણા લેવા માટે જોરજબરદસ્તી કરે છે તે પણ પાપી છે. દક્ષિણા તો રાજીખુશીની વાત છે. ઊલટાનું એમ કહી શકાય કે જે યજમાન જોરજબરદસ્તીથી આગ્રહ કરીને દક્ષિણા આપે છે તે મહાન છે. અને જે પુરોહિત દક્ષિણા નથી લેતો કે લેવાની ઇચ્છા નથી ધરાવતો તે મહાન છે. ઉત્તંકના અતિશય આગ્રહથી, વારંવાર પ્રાર્થના કરવાથી વેદે કહ્યું કે "મારે તો કશી દક્ષિણા જોઈતી નથી, પણ તારી ગુરુમાતાને પૂછી જો તેને કાંઈ જોઈતું હોય તો તેને આપ." સ્ત્રીઓ ભાગ્યે જ અયાચક હોય, તેની અપેક્ષાઓ અને અરમાનો એટલાં બધાં હોય છે કે પૂરા વિશ્વની બધી વસ્તુઓ લાવીને આપો તોપણ પૂર્ણવિરામ ન મૂકે. લાવો જ લાવો, બીજી વાત નહિ. તેના કારણે તો શોપિંગ સેન્ટરો ચાલે છે. પણ જો સ્ત્રી સંતોષી નીકળી જાય તો પુરુષ ધન્ય ધન્ય થઈ જાય. "મારે તમારા સિવાય બીજું કાંઈ ન જોઈએ" તેવું કહેનારી સ્ત્રી દુર્લભાતિદુર્લભ હોય છે.

ઉત્તંકે ઘરમાં જઈને ગુરુપત્નીને વિનંતી કરી કે ગુરુદક્ષિણા માગવા ગુરુજીએ મને અહીં મોકલ્યો છે. આપ આપને જે પ્રિય હોય તે માગી લો. ગુરુપત્નીએ કહ્યું કે "હે ઉત્તંક જો તારે ગુરુદક્ષિણા આપવી જ હોય તો પૌલ્ય રાજાની રાણીએ જે બે કુંડળ કાનોમાં પહેર્યાં છે તે મને લાવી આપ." કોઈ વાર એવું બનેલું કે પૌલ્યની ક્ષત્રાણી રાણી બન્ને કુંડળ પહેરીને રાજા સાથે અહીં આશ્રમમાં આવેલી. કુંડળ જોતાં જ ગુરુપત્ની તેમાં મોહી પડેલી. ત્યારથી મને આવાં કુંડળ ક્યારે મળશે તેની ઝંખના તેના મનમાં રહ્યા કરતી હતી. સ્ત્રીઓ આભૂષણપ્રેમી હોય છે. તેમનો ઘણો સમય શણગાર સજવામાં જ નીકળી જતો હોય છે. શણગાર બીજાને બતાવવા માટે જ હોય છે. પતિ સિવાય બીજા પુરુષોને બતાવવા માટે શણગાર સજાય તો સ્ત્રી શૂર્પણખા થઈ જતી હોય છે. માત્ર પતિને જ બતાવવા શણગાર સજાય તો તે સીતા થતી હોય છે. ખરેખર તો પ્રેમને શણગારની જરૂર હોતી જ નથી. પ્રેમ પોતે જ સૌથી મોટો શણગાર છે. શિવજી શણગાર

વિનાના છે છતાં બહુ રૂપાળા છે. શણગારનો મોહ ઉતાર્યા પછી પત્ની નારાયણી થતી હોય છે.

ગુરુમાતાની આજ્ઞા માથે ચઢાવીને ઉત્તંક તો રાજા પૌલ્યના ત્યાં જવા રવાના થઈ ગયો. રાજાના દરબારમાં જઈને તેણે રાજાને આશીર્વાદ આપ્યા અને ક્ષત્રાણીરાણીનાં બે કુંડળોની યાચના કરી. રાજાએ સીધા જ ક્ષત્રાણી પાસે જઈને યાચના કરવા કહ્યું. ઉત્તંકે તેમ જ કર્યું. ક્ષત્રાણીરાણી ઉત્તંકને જોઈને પ્રસન્ન થઈ. આ કોઈ પવિત્ર બ્રાહ્મણ છે તેવી તેની છાપ પડી. ખરી પવિત્રતા નિષ્પાપ જીવન જીવવાથી પ્રાપ્ત થતી હોય છે. પાપે પડવાનો પ્રસંગ આવે તોપણ જે પાપમાં ન પડે તે પવિત્ર રહી શકે. એક વ્યક્તિનું ધન પવિત્ર હોય છે જે વગરહક્કનું ધન ગ્રહણ કરતો નથી તે ધન પવિત્ર છે. હરામના ધન-વૈભવમાં રાચનારા કરતાં હક્કની દરિદ્રતામાં સંતોષપૂર્વક જીવનારા ઘણા ઊંચા હોય છે અને પવિત્ર છે. એક કામ પવિત્ર હોય છે. વગરહક્કના કામાચારમાં લંપટ રહેનારા કરતાં હક્કના કામમાં જ સંતોષ માનનારા અને વગરહક્કનો કામ સામે ચાલીને પ્રાપ્ત થાય તોપણ લાત મારનારા ઘણા મહાન છે, તે પવિત્ર છે. ઉત્તંક કામપવિત્ર છે. તેનો પ્રભાવ પડતો હોય છે. ધન અને કામ બન્નેથી પવિત્ર વ્યક્તિને જ ચારિત્ર્ય હોય છે. રાણીએ આવવાનું કારણ પૂછ્યું, તો ઉત્તંકે કહ્યું કે “ગુરુદક્ષિણામાં મારે ગુરુમાતાને તમારાં બન્ને કુંડળ આપવાનાં છે. તે લેવા આવ્યો છું. કૃપા કરીને આપો જેથી હું ગુરુમાતાની ઇચ્છા પૂરી કરું.” ક્ષત્રાણીરાણીએ તરત જ બન્ને કુંડળો ઉતારી આપ્યાં. કેટલાક લોકો વૈભવભરી જાહોજલાલી ભોગવતા હોય છે, પણ જરૂર પડે ત્યારે તણખલાની માફક તેનો ત્યાગ પણ કરી શકતા હોય છે. આ સાચો ત્યાગ છે. ત્યાગ પણ પરાક્રમી છે. જે વ્યક્તિ કે પ્રજામાં પરાક્રમ નથી હોતું, તે આદર્શવાદી નથી થઈ શકતા. કારણ કે આદર્શનું પાલન પરાક્રમ વિના કરી શકાતું નથી. વીર યોદ્ધાની માફક આદર્શ દાતા પણ પરાક્રમી જ હોય છે.

કુંડળ આપતાં રાણીએ ઉત્તંકને સાવધાન કર્યો કે જોજે હો, આ કુંડળની પાછળ નાગરાજ તક્ષક પડ્યો છે તે ક્યારે લઈ જાય તે કહેવાય નહિ. માટે સાવધાનીથી લઈ જજે.

ઉત્તંક તો કુંડળો લઈને ચાલ્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં તેણે જોયું કે તેની પાછળ પાછળ કોઈ ક્ષપણક (દિગંબર સાધુ) આવી રહ્યો છે. કોઈ વાર તે દેખાય છે અને કોઈ વાર તે લુપ્ત થઈ જાય છે. હશે કોઈ દિગંબર સાધુ તેમ સમજીને ઉત્તંક ચાલતો રહ્યો. રસ્તામાં એક તળાવ આવ્યું. ઉત્તંક તો પેલાં કુંડળો-કપડાં વગેરે ઉતારીને તળાવમાં સ્નાન કરવા ગયો. પાછો આવીને જુએ છે તો કુંડળ ગાયબ, હવે શું કરવું! જરૂર પેલો દિગંબર સાધુ લઈ ગયો હશે. તેમ સમજીને તેની પાછળ પડ્યો. ઉત્તંકે ક્ષપણકને પકડી પાડ્યો. પણ આ શું! તે તો તરત જ નાગરાજ તક્ષક થઈને ખરા રૂપમાં આવી ગયો અને એક દરમાં ઘૂસી ગયો. ઉત્તંક દર ખોદીને તેનો પીછો પકડી છેક નાગલોક પહોંચી ગયો. ત્યાં બધા સર્પો જ સર્પો હતા. ઘણી પ્રાર્થના કરવા છતાં પણ તેનાં કુંડળ પાછાં આપવા તક્ષક તૈયાર ન થયો, એટલે ઉત્તંકે એવો ધુમાડો કર્યો કે પૂરો નાગલોક ધુમાડાથી ભરાઈ ગયો. બધા નાગ ગભરાઈ ગયા. તક્ષક જાતે કુંડળ લઈને હાજર થયો. પણ હવે આજ તો ગુરુમાતાને દક્ષિણા આપવાનો છેલ્લો દિવસ હતો કેમે કરીને પહોંચી શકાય તેમ ન હતું. તરત જ તક્ષકે એક વાયુવેગી અશ્વ આપ્યો. જેના પર સવાર થઈને ઉત્તંક ઊપડ્યો અને નિરાશ થયેલી ગુરુમાતા શાપ આપવાની તૈયારીમાં હતી ત્યાં તેનાં ચરણોમાં કુંડળ ધરી દીધાં. ગુરુમાતા પ્રસન્ન થઈ ગઈ. ગુરુદક્ષિણા પૂરી થઈ, શાપની જગ્યાએ તેણે આશીર્વાદ આપ્યો. ઉત્તંકનો જયજયકાર થઈ ગયો.

જેની પાસેથી વિદ્યા ભણી હોય તેને મનગમતી દક્ષિણા જરૂર આપવી, તે માટે ગમેતેટલાં વિઘ્નો, કષ્ટો સહન કરવાં પડે તો તેમ કરીને પણ દક્ષિણા જરૂર આપવી તેવો બોધપાઠ આ કથાનો છે.

28-11-09

*

4. પુલોમા

એક ઋષિના ઘરમાં પુલોમા નામની નાની બાળકી રડતી હતી. વારંવાર છાની રાખવાનો પ્રયત્ન કરવા છતાં તે છાની રહેતી ન હતી તેથી કંટાળીને ક્રોધમાં આવીને ઋષિએ તેને કહ્યું: "છાની રહે, નહિ તો રાક્ષસ તને લઈ જશે" ઋષિએ જ્યારે આવું કહ્યું ત્યારે પુલોમા નામનો રાક્ષસ તેમની પર્ણકુટિમાં ગુપ્ત રીતે વિદ્યમાન હતો, તેણે પુલોમા કન્યાનું વરણ કરી લીધું. અર્થાત્ હવે આ કન્યા મારી પત્ની થઈ ગઈ, તેવો નિશ્ચય કરી લીધો. આજે પણ ગ્રામીણ લોકો એવું માને છે કે રાત્રિના સમયે કોઈને "આવજો" એવું ન કહેવાય. કારણ કે "આવજો" કહેવાથી જો ત્યાં કોઈ અવગતિયો જીવ વસતો હોય તો તે તમારી સાથે આવી જાય. તે એમ સમજે કે મને આવવાનું આમંત્રણ આપ્યું છે. એટલે લોકો "આવજો"ની જગ્યાએ "સત્કામ" કરજો. અર્થાત્ સત્કર્મ કરજો. અથવા "સુખશાતા"માં રહેજો વગેરે કહે છે.

પુલોમા કન્યા મોટી થઈ. ઋષિએ તેને ભૃગુ નામના ઋષિને પરણાવી દીધી. કન્યાને પરણાવવાની જવાબદારી તેનાં માતા-પિતાની હોય છે. ઉંમરલાયક થતાં જ પરણાવી દીધેલી કન્યા પ્રશ્નો ઊભા નથી કરતી. પણ ઉંમર વીતી ગયા છતાં પણ જો કન્યા પરણાવી ન શકાય તો તે ઘણા પ્રશ્નો પોતાના માટે, માતાપિતાના માટે તથા બીજાઓ માટે ઊભા કરતી હોય છે. યોગ્ય ઉંમરે યોગ્ય વરને પરણાવીને માતા-પિતા જવાબદારીમાંથી છુટકારો મેળવવાનો હાશકારો અનુભવે છે. ગૃહસ્થાશ્રમ જવાબદારીઓથી ભરેલો હોય છે. જવાબદારીનું નામ જ જીવન છે. જવાબદારીઓથી ભાગનારા ત્યાગી નથી હોતા—પલાયનવાદી હોય છે. તે જીવનને છોડીને ભાગે છે.

ભૃગુ અને પુલોમાને અનન્ય પ્રેમ હતો. લગ્ન થવાં અલગ વસ્તુ છે અને દામ્પત્ય જામવું તે અલગ વસ્તુ છે. જેટલા લોકોનાં લગ્ન થાય છે તે બધાનાં દામ્પત્ય જામતાં નથી હોતાં. જેનાં દામ્પત્ય નથી જામતાં તે લગ્ન કરીને સાથે રહીને પણ એકત્વ નથી અનુભવી શકતાં. જો તે સામાન્ય કક્ષાનાં હોય છે તો તેમના કજિયા લોકો જોતાં રહે છે. પણ જો તે વિશેષ ખાનદાન હોય છે તો લોકો તો તેમના કજિયા નથી જોતાં પણ અંદર ને અંદર બળ્યા કરતાં હોય છે. તેમાં પણ બન્નેમાં જે વધુ ખાનદાન હોય છે તે વધુ સહન કરતું રહે છે. તે સુખી નથી હોતું.

ભૃગુનું લગ્ન તો થયું જ હતું. તેનું દામ્પત્ય પણ સોળે કળાએ જામ્યું હતું. દામ્પત્ય જમાવવામાં પત્ની જ મહત્ત્વનો ફાળો આપતી હોય છે. જે પત્ની ડાહી, આજ્ઞાંકિત, વફાદાર અને પ્રેમાળ હોય છે તે જ દામ્પત્ય જમાવી શકે છે. પુલોમા તેવી જ હતી. પુલોમા અને ભૃગુ એક થઈ ગયાં હતાં.

પતિ-પત્નીને એક કરનારું તત્ત્વ પ્રેમ છે. પતિ-પત્નીના પ્રેમનું પોષક તત્ત્વ કામ છે. કામનો આવેગ બન્નેને એટલાં નજીક લઈ આવે છે કે શારીરિક રીતે તો એકતા થઈ જ જાય છે, મન અને આત્માની રીતે પણ એક થઈ જાય છે. આ આત્મીય એકતા, પરમેશ્વરની એકતા જેવી જ બની શકે છે—જો તેમાં સ્વાર્થ ન હોય તો. ભૃગુ અને પુલોમાની આવી આત્મીય એકતા થઈ ગઈ હતી.

પ્રેમ અને કામનું પરિણામ સંતાનપ્રાપ્તિ છે. જે કુદરતી છે. પ્રેમપૂર્વકના કામથી જે ગર્ભ રહે તે હંમેશાં દિવ્ય જ હોય છે. પ્રેમ વિનાનો પણ કામ હોય છે. ભૂંડની માફક માત્ર શરીર ચૂંથનારો પતિ અથવા પત્ની પણ ગર્ભ ધારણ તો કરી શકે, પણ તેમાં દિવ્યતા ન આવે. તે માત્ર શારીરિક

ક્રિયા જ હોય છે. જે આવેગની આંધીમાં થઈ જતી હોય છે. તેમાં પ્રેમની દિવ્યતા નથી હોતી. ભૃગુ અને પુલોમાનો પ્રેમ દિવ્ય હતો. પતિ-પત્નીનો દિવ્ય પ્રેમ એ ભૂલોકનું સ્વર્ગ છે. જેને આવો દૈવી પ્રેમ મળ્યો હોય છતાં પરલોક સુધારવા પત્નીત્યાગ કરીને ઘરથી ભાગે છે તે અમૃતનો કટોરો ફેંકી દઈને ઝાંઝવાનાં જળ પીવા ભાગે છે. તે હતભાગી છે.

ભૃગુ અને પુલોમા દૈવી પ્રેમમાં ધન્ય ધન્ય થઈ રહ્યાં છે. પુલોમાના ઉદરમાં એક દિવ્ય ગર્ભ વિકસી રહ્યો છે. જ્યારે જ્યારે પુલોમા પોતાના પેટ ઉપર હાથ ફેરવે છે ત્યારે ત્યારે તેને એક દિવ્ય અનુભવ થાય છે. મારું સર્વસ્વ આમાં છે. પ્રથમ સગર્ભા સ્ત્રી પોતાની ધન્યતા અનુભવે છે. જે સગર્ભા થઈ જ નથી, થતી જ નથી તેને આવો ધન્યતાનો અનુભવ થતો નથી. તેનું સ્ત્રીત્વ વાંઝિયું થઈને રડતું રહે છે. પુલોમાના પૂરા દિવસ વીતી રહ્યા છે.

એક દિવસ એવું બન્યું કે ભૃગુઋષિને કાંઈ કામ માટે બહાર જવાનું થયું. પર્ણકુટિમાં પુલોમા એકલી જ રહી ગઈ. સ્ત્રીને બને ત્યાં સુધી એકલી ન રાખવી જોઈએ. તેમાં પણ જ્યારે તેને પૂરા દિવસો હોય ત્યારે તો તેની સાથે કોઈ ને કોઈને રાખવું જ જોઈએ. સંયુક્ત કુટુંબ અને ખડકીઓમાં સાથે રહેવાની જૂની પ્રથા આમાં પૂરક હતી. સ્ત્રી હમેશાં રક્ષિત જીવન જીવતી હોય છે. જ્યારે તેનો કોઈ પણ રક્ષક ન હોય ત્યારે તે અબળા થઈ જાય છે. સ્ત્રીનું બળ તેનો પતિ છે. માતા-પિતા-ભાઈ-પરિવાર-સમાજ તેનું બળ છે. આ બધાથી ફેંકાઈ ગયેલી સ્ત્રી અબળા થઈ જતી હોય છે.

પુલોમા એકલી જ છે. બરાબર આ જ વખતે પેલો રાક્ષસ આવી ચઢ્યો. પુલોમાને એકલી જોઈને તે રાજી રાજી થઈ ગયો. તેનો જૂનો ડંખ તાજો થઈ ગયો. તે એમ માનતો હતો કે પુલોમા મારી પત્ની છે. તેથી હવે અત્યારે તેનું અપહરણ કરી જાઉં. અત્યારે સારો મોકો છે. આવું વિચારીને ભદ્ર પુરુષનો વેશ ધારણ કરીને તે પર્ણકુટિ આગળ ગયો. તેનો જૂનો એકપક્ષીય વાસનિક પ્રેમ હતો. કેટલીક વાર એવું બને કે કોઈની સાથે પ્રેમ અને કોઈની સાથે લગ્ન થઈ જાય. એટલે પ્રાચીનકાળમાં પ્રેમ કરવાની ઉંમર પહેલાં જ લગ્ન (સગાઈ) કરી દેવાતી જેથી પાત્રભેદ ન થાય. ઘણી મોટી ઉંમરે લગ્ન કરવામાં ઘણાની સાથે પ્રેમ અને એકની સાથે લગ્ન જેવી સ્થિતિ થઈ શકે છે. જે બ્લૅકમેઇલિંગ કે ઉપાધિ સર્જી શકે છે. જોકે બધાને માટે આવું નથી હોતું, પણ મોટા ભાગે આવું થઈ શકે છે.

કોઈ ભદ્ર અતિથિ મારે આંગણે આવ્યો છે એમ સમજીને પુલોમાએ પેલા રાક્ષસનો સત્કાર કર્યો. પ્રાચીનકાળમાં અમુક પરિવારોમાં અતિથિઓ માટે બેસવા-ઊઠવા માટે અલગ જુદી ડેલી રહેતી ત્યાં જ અતિથિઓ બેસતા. સીધા ઘરમાં આવતા નહિ. આ મર્યાદા હતી. પણ રાક્ષસ તો સીધો જ પુલોમાના ઘરમાં પ્રવેશી ગયો. પુરુષોની ગેરહાજરીમાં આવી રીતે કોઈના ઘરમાં પ્રવેશાય નહિ. કદાચ બહુ જરૂરી કામ હોય તો કામ પતાવીને તરત જ બહાર નીકળી જવાનું. વહેમ પડે તેવો વ્યવહાર પણ વિનાશનું કારણ બની શકે છે. પુરુષો વિનાની સ્ત્રીઓએ પણ બને ત્યાં સુધી પરપુરુષોને ઘરમાં આવવાનું, બેસવાનું આમંત્રણ આપવું નહિ. બહારથી જ જરૂરી કામ પતાવીને વિદાય કરી દેવા.

હવે અત્યારે અહીં કોઈ નથી. આ સ્ત્રી એકલી જ છે. તે મારી પત્ની છે. કારણ કે તેના પિતાએ રાક્ષસને આપી દઈશ એવું કહીને મને આપી દેવાનો સંકલ્પ કર્યો હતો. એટલે હવે અત્યારે ને અત્યારે હું એનું અપહરણ કરું છું. આવું વિચારીને રાક્ષસે પોતાનું ભયંકર રૂપ ધારણ કરીને પુલોમાને ઉપાડીને ખભા ઉપર નાખીને ભાગવા માંડ્યું. પુલોમા ચીસો પાડતી રહી પણ તેને

સાંભળનાર કોઈ ન હતું. સદ્ગૃહસ્થોએ હંમેશાં સારા પાડોશીઓ સાથે રહેવું જોઈએ. સારા પાડોશીઓ ભાઈ કરતાં પણ વધારે હોય છે.

રોતીકકળતી પુલોમાને ઉપાડીને રાક્ષસ વનમાં ભાગી રહ્યો છે. તેને ડર છે કે ભૃગુઋષિ આવી જાય તેના પહેલાં દૂર ભાગી જાઉં. જેને દુષ્ટ પુરુષોની બીક લાગે તે પતિ પોતાની પત્નીનું રક્ષણ ન કરી શકે. વીરતા વિનાનો પતિ એ ખેતરમાં ચકલાંને ડરાવવા માટે ઊભું કરેલું ઓડું માત્ર છે. આવા પતિની પત્ની કદી સલામત ન હોય.

એવું બન્યું કે પુલોમાનો ગર્ભ ચ્યવિત થઈ ગયો. અર્થાત્ વનમાં જ પ્રસૂતિ થઈ ગઈ. ચ્યવિત થવાથી તે પુત્રનું નામ ચ્યવનઋષિ પડ્યું. ચ્યવનઋષિ મહાન આયુર્વેદના આચાર્ય થયા. તરત જ ચ્યવનઋષિએ પોતાનું પરાક્રમ બતાવ્યું. તેમણે પેલા રાક્ષસને બાળીને ખાખ કરી નાખ્યો. માતાનું રક્ષણ કર્યું. જ્યારે ભૃગુઋષિ પાછા ફર્યા અને પર્ણકુટિ ખાલી જોઈ ત્યારે તેમને ફાળ પડી. પુલોમા, પુલોમા બૂમો પાડતા તે પત્નીને શોધવા લાગ્યા. અંતે પત્ની અને પુત્ર ચ્યવન ભાર્ગવ બન્ને મળ્યાં. બધી હકીકત જાણીને આનંદ થયો. પરાક્રમી પુત્રની વીરતા જાણીને ગદ્ગદ થઈ ગયા. લાગણીનું નામ જ જીવન છે. લાગણીહીન થઈ જવું તે જીવન નથી. તે તો જડતા છે. આ રીતે ચ્યવન ભાર્ગવ ઋષિનો જન્મ થયો હતો. સદ્ગૃહસ્થોએ બોધપાઠ લેવા જેવો ખરો.

29-11-09



5. જરત્કારુ

પ્રાચીનકાળથી બે ધારાઓ ચાલી રહી છે—એક ધારા એવી છે કે માત્ર પરલોક સુધારી લેવો. આ લોકમાં જરાય સુખ નથી. માત્ર દુ:ખ જ દુ:ખ છે. એટલે આ લોકનાં બધાં સુખોનો ત્યાગ કરીને પરલોક સુધારવા ત્યાગી જીવન જીવવું.

બીજી ધારા એવી છે કે આ લોકને સુધારીને પછી પરલોક સુધારવો. આ લોકમાં માત્ર દુ:ખો જ નથી. સુખો પણ છે. દુ:ખો ઘટાડીને સુખો વધારી શકાય છે. એટલે પોતાના માટે તથા સૌના માટે સુખો વધારવાના પ્રયત્નો કરીને ઘણાં લોકો સુખી થાય તેવું જીવન જીવવું જોઈએ. પછી પરલોક તો આપોઆપ સુધરવાનો.

આ બે ધારાઓમાંથી જ્યારે જ્યારે ત્યાગીઓની ધારા વધે છે ત્યારે ત્યારે રાષ્ટ્રનું પતન થાય છે, કારણ કે ત્યાગીઓ ઉત્પાદક નથી હોતા, પરાવલંબી હોવાથી રાષ્ટ્ર દરિદ્ર બને છે. ત્યાગીઓ મહત્ત્વાકાંક્ષી નથી હોતા. ઇચ્છાશક્તિનો નાશ કરનારા હોવાથી મહત્ત્વનાં મોટાં કાર્યો નથી કરતા, નથી કરવાની પ્રેરણા આપતા, તેથી રાષ્ટ્ર દુર્બળ બને છે. ત્યાગીઓ, સ્ત્રીઓને અન્યાય કરનારા હોય છે. પહેલો ત્યાગ પત્નીનો કરતા હોવાથી પત્ની અનાથ થઈ જતી હોય છે. ઘણી સ્ત્રીઓ અને બાળકોને અનાથ કરનારો ત્યાગ સમાજવ્યવસ્થાને વિકૃત કરે છે. ત્યાગીઓ કુદરતવિરોધી બ્રહ્મચર્યનું પાલન કરતા હોવાથી કુદરતવિરોધી કઠોર નિયમોભર્યું જીવન જીવતા હોય છે, જેથી જીવન કુદરત વિરોધી પાટા પર ચઢી જવાની પૂરેપૂરી શક્યતાઓ રહે છે. પરિણામે કુદરત તેમના પર કોપીને તેમને નિસ્તેજ, દુર્બળ, રોગી, ઇચ્છાહીન અને હતાશ બનાવી દે છે. અહીં આવી જ એક કથાનું નિરૂપણ મહાભારત કરે છે.

જરત્કારુ નામના એક મહાન તપસ્વી હતા. તે યાયાવર હતા. યાયાવર એટલે સતત વિચરણ કરનારા. સતત ભ્રમણ કરતા રહેવાથી લોકોનો સ્થાયી સંપર્ક રહેતો નથી. સ્થાયી સંપર્ક ન રહેવાથી રાગ-દ્વેષ થતા નથી. રાગ-દ્વેષ ન થવાથી ખટપટો થતી નથી. ખટપટો ન થવાથી અશાંતિ થતી નથી. અશાંતિ ન થવાથી આપોઆપ શાંતિ રહે છે. તેઓ સતત તીર્થોમાં ભ્રમણ કરતા રહેતા હતા.

જે લોકો સતત ભ્રમણ કરતા રહે છે, તેમની જીવનચર્યા વ્યવસ્થિત રહી શકતી નથી. ઊઠવું, નાહવું-ધોવું, ખાવું-પીવું-ઊંઘવું વગેરે બધું જ અવ્યવસ્થિત થઈ જતું હોય છે. એટલે જે તિતિક્ષા કરી શકે તે જ ભ્રમણ કરી શકે. આવી રીતે ભ્રમણ કરતાં કરતાં એક વાર એક બહુ મોટા ખાડામાં તેમણે કેટલાક માણસોને ઊંધા માથે લટકતા જોયા. જેટલા વિચિત્ર અનુભવો ભ્રમણ કરનારને થાય તેટલા બીજા કોઈને ન થાય. ઊંધા માથે લટકતા માણસોને જોઈને આશ્ચર્યચકિત થતાં તેમણે તેમને પૂછ્યું, "તમે કોણ છો? અને આવી રીતે ઊંધા માથે કેમ લટકો છો?"

પેલા બોલ્યા, "હે ભાઈ, અમે અભાગિયા જીવ છીએ. અમારું છેલ્લું સંતાન જરત્કારુ નામનું હતું. તેણે લગ્ન ન કરીને તપસ્વીપણું સ્વીકાર કરી લીધું છે તેથી અમારો વંશ અટકી ગયો છે. વંશ ન ચાલવાથી અમારી આવી દુર્ગતિ થઈ છે. અમે મહાદુ:ખી છીએ. અમારું સંતાન જરત્કારુ પોતાનો પરલોક સુધારવા માટે બ્રહ્મચારી થઈને ફર્યા કરે છે. જેથી અમારી આવી દશા થઈ છે. અમે અમારા જ પુત્રના કારણે આવી દશા ભોગવી રહ્યા છીએ. પણ હે ભાઈ!

તમે કોણ છો? અમારા દુ:ખથી તમે કેમ દુ:ખી થાઓ છો?"

જરત્કારુ બોલ્યો, "હે પિતરો હું જ તમારું સંતાન જરત્કારું છું. તમારું દુ:ખ જોઈને હવે મને સમજાય છે કે મેં ભૂલ કરી છે. પથભ્રષ્ટ થયો છું. ખરો જીવનપથ છોડીને હું કાલ્પનિક કલ્યાણમાર્ગે વળી ગયો છું. હવે મને આજ્ઞા કરો કે હું શું કરું?"

ઘણી વાર માણસ ઊંચા આદર્શના નામે પણ પથભ્રષ્ટ થતો હોય છે. જે લોકો કુસંગમાં પડીને વ્યસન વગેરેમાં ફસાઈને પથભ્રષ્ટ થતા હોય છે તેમને જો કુસંગ છોડાવી શકાય તો ફરી પાછા સન્માર્ગે વાળી શકાય છે, પણ જે લોકો સત્સંગના નામે કાલ્પનિક આદર્શો કે કાલ્પનિક લક્ષ્યો (મોક્ષ વગેરે)ના રવાડે ચઢી ગયા હોય અને કર્તવ્યભ્રષ્ટ થયા હોય તેમને સન્માર્ગે વાળવા બહુ કઠિન હોય છે. કારણ કે તેઓ પથભ્રષ્ટતાને જ સન્માર્ગ માનીને ચાલતા હોય છે. જરત્કારુ કોઈ ખરાબ માણસ ન હતો, તે સારો માણસ હતો, તોપણ કાલ્પનિક લક્ષ્યની પાછળ પથભ્રષ્ટ થયો હતો. જરત્કારુની વાત સાંભળીને તેના પિતરૌ બોલ્યાં:

"હે પુત્ર, જો તું અમારી સદ્ગતિ કરવા માગતો હોય તો લગ્ન કર અને પુત્રોત્પત્તિ કર. લગ્ન કરવાથી ધર્મનું રક્ષણ થશે. તારું રક્ષણ થશે અને અમારી સદ્ગતિ થશે. માટે લગ્ન કર. તું અમારો એકનો એક પુત્ર છે. અમારું નખ્ખોદ જાય તેવી ઇચ્છા અમારી નથી. અમારો વંશ ચાલતો રહે તેવી અમારી પ્રબળ ઇચ્છા છે. કોઈ અમારા દુશ્મને તને આ ઊંધા રવાડે ચઢાવી દીધો છે, માટે લગ્ન કર એ જ અમારી ઇચ્છા છે. માત્ર તારા ભલાનો જ વિચાર ન કર, અમારું ભલું પણ વિચાર. અમારી દુર્ગતિ કરીને તારી સદ્ગતિ નહિ થાય. માટે લગ્ન કર." પિતરૌ બોલ્યા.

જરત્કારુને સમજાયું કે મોક્ષના મોહમાં મેં મારાં માતા-પિતાને દૂભવ્યાં છે. મેં પાપ કર્યું છે. મારે પાછા વળવું જોઈએ. તે બોલ્યો, "હે પિતરૌ! તમારી આજ્ઞા છે તો હું લગ્ન જરૂર કરીશ. પણ મારી કેટલીક શરતો છે, તે પૂરી થાય તો જ લગ્ન કરીશ.

1. હું દરિદ્ર છું. દરિદ્રને પરણવા કઈ કન્યા તૈયાર થાય? એટલે મને ભિક્ષાના રૂપમાં સહજ રીતે કન્યા પ્રાપ્ત થશે તો જ પરણીશ.

2. કન્યાનું નામ પણ મારા નામ જેવું જ હોય તો જ તેને પરણીશ. પુત્ર ઉત્પન્ન કરીને તમારી સદ્ગતિ કરાવીશ.

આવી રીતે નિર્ણય કરીને જરત્કારુએ નિર્ણય કર્યો, કે જો કોઈ યોગ્ય કન્યા મળે તો મારે ત્યાગીપણું છોડી દેવું.

માર્ગ ભૂલવો એ કોઈ મોટો દોષ નથી. માર્ગે ચાલનારા કોઈ વાર માર્ગ ભૂલતા પણ હોય છે. માત્ર ઘાંચીનો બળદ કદી માર્ગ ભૂલતો નથી. કારણ કે તે ઊંડી ઊંડી ઘરેડમાં ચાલે છે. ઘરેડો એ માર્ગ નથી, કારણ કે ઘરેડોને કોઈ લક્ષ્ય નથી હોતું. આખો દિવસ ચાલ્યા પછી પણ તે હતો ત્યાં ને ત્યાં જ હોય છે. એક ઇંચ પણ આગળ વધતો નથી. જે લોકો સંપ્રદાયોની ઊંડી ઘરેડોમાં ચાલે છે તેમનું પણ આવું જ થાય છે. જે કદી ભૂલા પડતા જ નથી તે કદી પ્રવાસી થઈ શકતા નથી. ભૂલા પડવું એ દોષ નથી. પણ ભૂલા પડ્યા પછી ભૂલને ન સુધારવી તે દોષ છે. લોકપ્રસિદ્ધિથી પ્રાપ્ત થયેલી લોકમાન્યતા વ્યક્તિને ભૂલ સુધારવા હિંમતહીન બનાવે છે. હિંમત વિના મોટું પરિવર્તન ન કરી શકાય. આ પણ એક પરાક્રમ જ કહેવાય. સામાજિક સુધારા પરાક્રમી પુરુષો જ કરી શકે, નમાલા નહિ.

જરત્કારુ કન્યાની શોધમાં નીકળી પડ્યો. આખા દેશમાં ફર્યો પણ કોઈએ કન્યા ન આપી. કન્યા ન મળવાનાં ત્રણ કારણો હતાં.

1. દરિદ્રતા. જેની પાસે પૈસો ન હોય અને કશી આવક ન હોય તેને કોણ કન્યા આપે? એટલે લગ્નેચ્છુક માણસે પહેલાં પૈસો કમાતાં શીખવું જોઈએ.

2. ત્યાગી.—તપસ્વી જીવન. આવું જીવન શરીરને કૃશ અને દુર્બળ કરી નાખે છે. જેનું શરીર સક્ષમ ન હોય—હાડપિંજર જેવું હોય તેને કોણ કન્યા આપે? શારીરિક ક્ષમતા જરૂરી છે.

3. વાડ હોય તો વેલો ચઢે. જેને વાડ જ ન હોય તેને કોણ વેલી ચઢાવે? પેરવી કરનારાં માણસો જોઈએ. પેરવી વિના કન્યા ન મળે.

જરત્કારુની પાસે આમાંનું કશું ન હતું. તેમ છતાં પિતરૌનો ઉદ્ધાર કરવા હિંમત હાર્યા વિના તે ફરતો રહ્યો અને કન્યાની ભીખ માગતો રહ્યો. છેવટે તેની તપસ્યા ફળી. નાગરાજ વાસુકિ પોતાની બહેનને લઈને ઉપસ્થિત થયો. જરત્કારુએ જે જે શરતો કરેલી તે પૂરી થવાની હતી. તેને ભિક્ષાના રૂપમાં કન્યા મળી. કન્યાનું નામ પૂછ્યું તો તે પણ જરત્કારુ નામ વાળી કન્યા નીકળી. આ રીતે બધી શરતો પૂરી થવાથી જરત્કારુએ પેલી કન્યા સાથે વિધિવત્ લગ્ન કર્યાં.

29-11-09

*

6. નાગકન્યાનો ત્યાગ

લગ્ન થયા પછી દામ્પત્ય જામ્યા પછી પણ કેટલીક વાર અનપેક્ષિત વિઘ્નો આવતાં હોય છે. ખરેખર તો સંસારમાં કદી પણ સતત સુખની ધારા ચાલતી નથી. વચ્ચે વચ્ચે દુ:ખની ધારા પણ તેમાં મળતી રહે છે. ખરેખર તો એવી કોઈ જગ્યા જ નથી કે જ્યાં દુ:ખ વિનાનું માત્ર સુખ જ હોય. જો માત્ર સુખ જ હોય તો સુખની કશી કિંમત જ ન રહે. સુખની કિંમત તો દુ:ખો જ કરાવતાં હોય છે. જો માણસને ભૂખનું દુ:ખ જ ન હોય તો ક્ષુધાતૃપ્તિનું સુખ પણ ન હોય. જો માણસને કામવાસનાનો સંતાપ જ ન હોય તો તેને સંભોગસુખ પણ ન હોય. જે લોકોને ઘણી સ્ત્રીઓ હોય છે તેમને કામસુખ હોતું નથી. કારણ કે તે સુખ માટે જે વ્યાકુળતા થવી જોઈએ તે તેમને થતી નથી. તેમની દશા મોટા કંદોઈ જેવી થઈ જાય છે. જેની દુકાનમાં જાતજાતની મીઠાઈઓનો અંબાર ખડક્યો હોય છે, પણ તેને ભૂખ જ નથી લાગતી. મીઠાઈ જોઈ જોઈને તેને ઊબકા આવે છે. આવી જ રીતે સંસારમાં પણ દુ:ખો હોય તો જ સુખોનો અનુભવ થાય. હા, એ દુ:ખો પોતાનાં હોય કે પછી બીજાનાં હોય. દુ:ખો તો હોવાં જ જોઈએ. બીજાનાં દુ:ખો પોતાનાં સુખોને અનેકગણાં વધારી આપે છે. અને બીજાનાં સુખો પોતાનાં સુખોને ઓછાં કરી નાખે છે.

જરત્કારુ મુનિએ નાગકન્યા સાથે લગ્ન કર્યા પછી તેમણે બે શરતો કહી સંભળાવી. એક તો હું આ કન્યાનું ભરણપોષણ નહિ કરું. અને બીજી શરત એ હતી કે આ કન્યા હંમેશાં મારું પ્રિય જ કરે. મને જરા પણ દુ:ખ દેશે તો હું તેનો ત્યાગ કરી દઈશ.

શાસ્ત્રનો નિયમ એવો છે કે પતિ ભર્તા છે. અર્થાત્ ગમેતેમ કરીને પણ પતિએ પત્નીનું ભરણપોષણ કરવું જ જોઈએ. આ પ્રથમ કર્તવ્ય છે. તેનું દ્વિતીય કર્તવ્ય છે પત્નીનું રક્ષણ કરવું. ભરણ-પોષણ અને રક્ષણ ન કરી શકનાર પતિ થવાને યોગ્ય જ ન કહેવાય. પણ વૃદ્ધ અને અશક્ત તપસ્વી જરત્કારુએ આવી શરતો કરી. નાગકન્યા તથા નાગોએ તે સ્વીકાર કરી. જરત્કારુને પોતાના મહેલમાં જ લઈ ગયા. જરત્કારુ ઘરજમાઈ થયા. ભરણ-પોષણની કશી ચિંતા વિના જમાઈરાજ સુખપૂર્વક રહેવા લાગ્યા. 'ઘરજમાઈ' અને 'સ્વમાન' સાથે ન રહી શકે. સ્વમાની પુરુષ ઘરજમાઈ થવાનું સ્વીકાર ન કરે. કદાચ કરે તો લાંબો સમય રહી ન શકે. જરત્કારુ સ્વમાની તો હતા પણ અકર્મઠ હતા. આખું જીવન ત્યાગી રૂપમાં વિતાવ્યા પછી હવે તેમનાથી નોકરી-ધંધો કરવો કઠિન હતો. નોકરી-ધંધો કરવાનો પણ સમય હોય છે. તે વીતી ગયો હતો. તેથી તે આખો દિવસ કર્મહીન થઈને બેસી રહેતા. કર્મહીન વ્યક્તિને વાસના વધુ સતાવે. જે લોકો બધી જવાબદારીઓ અને કર્મઠતા છોડીને ભોંયરામાં પુરાઈ રહીને સાધના કરતા હોય છે તેમને સૌથી વધુ વાસના સતાવતી હોય છે. નવરા જરત્કારુ નાગકન્યા સાથે વાસનામય થઈ ગયા. જે લોકો લાંબો સમય સંયમનો બાંધ સાચવી રાખે છે. તેમનો બાંધ જ્યારે તૂટતો હોય છે ત્યારે તે બેફામ થઈ જતો હોય છે. જેમ ઘણા ઉપવાસ કર્યા પછી માણસ ઉપવાસ છોડે ત્યારે અકરાંતિયો થઈને ભોજન ઉપર તૂટી પડતો હોય છે, જરત્કારુનું પણ આવું જ થયું. અકરાંતિયા ન થવું હોય તેણે કદી પણ લાંબા ઉપવાસ કરવા નહિ. યથાયોગ્ય સમયસર આહાર લેનાર અકરાંતિયો થતો નથી. તે આરોગ્ય અને આયુષ્ય બન્ને પ્રાપ્ત કરે છે. મુનિ તો અકરાંતિયા થતા રહ્યા પણ નાગકન્યા કદી અકરાંતિયા ન થઈ. નદીઓમાં પૂર આવે. સમુદ્રમાં કદી પૂર ન આવે. ગમે તેટલી પૂરવાળી નદીને સમુદ્ર પોતાનામાં સમાવી લેતો હોય છે. તેમ જ સ્ત્રી પણ પતિના ગમેતેવા કામઆક્રમણને સમુદ્રની માફક પોતાનામાં સમાવી લઈ શકે

છે. તે કદી તૃપ્ત હોતી જ નથી. ગમેતેટલું મોટું પૂર પણ તેના માટે સામાન્ય જ થઈ જાય છે. એટલે પુરુષ થાકે પણ સ્ત્રી ન થાકે. આ કુદરતી વ્યવસ્થા છે. આ ક્ષેત્રમાં સ્ત્રીને હરાવનાર હજી કોઈ પુરુષ જન્મ્યો નથી. જાતવાન સ્ત્રી પોતે જ હાર સ્વીકારે તો જ પુરુષ જીતી શકે.

એક દિવસે ઋતુકાળમાં જરત્કારુએ પત્નીમાં ગર્ભસ્થાપન કરી દીધું. સંતાનેચ્છુ પતિ-પત્ની માટે આ ધન્ય ઘડી હતી. જેના જીવનમાં આવી ધન્ય ઘડી નથી આવતી તે પતિ-પત્ની મહાદુ:ખી હોય છે. મુનિએ કહ્યું, હવે તું ધન્ય થઈ ગઈ. હવે તું મારા પિતૃઓનો ઉદ્ધાર કરનાર પુત્રની માતા બનીશ. નાગકન્યા પણ ધન્ય ધન્ય થઈ ગઈ. પ્રેમાળ પત્ની પ્રેમાળ પતિના અંશને પોતાનામાં ધારણ કરીને કૃતકૃત્ય થઈ જતી હોય છે. તેને સતત પતિ જ ધારણ કર્યાની અનુભૂતિ થતી રહે છે. આ રીતે બન્નેના સુખના દિવસો વીતતા હતા.

તેવામાં એક દિવસ દુ:ખનો વંટોળિયો આવી ચઢ્યો. બન્યું એવું કે સાંજનો સમય હતો અને મુનિ પત્નીના ખોળામાં માથું મૂકીને નિશ્ચિંત થઈને સૂતા હતા. બાળકને માનો ખોળો સુખ અને સુરક્ષા આપે છે તેથી જરા જેટલી આપત્તિમાં તે દોડતું માના ખોળામાં લપાઈ જાય છે. માના ખોળાની બાજુમાં સોને મઢેલી ખુરશી મૂકી હોય તોપણ બાળક માનો ખોળો જ પસંદ કરશે— ખુરશી નહિ, કારણ કે ખુરશીમાં સોનું તો છે પણ વહાલ નથી. વહાલ સોના કરતાં પણ મોંઘું છે. સોનામાં વૈભવ તો છે પણ વહાલ નથી. ઘણી સ્ત્રીઓ વહાલ વિનાના વૈભવમાં આળોટતી હોય છે, પણ તે સુખી નથી હોતી, સુખ તો વહાલમાં છે, માત્ર વૈભવમાં નહિ. વહાલભૂખી આવી સ્ત્રીઓ વૈભવને લાત મારીને વ્હાલ મેળવવા કોઈ કોઈ ઝૂંપડા તરફ ભાગી નીકળે તો આશ્ચર્ય ન કરશો. વૈભવ કરતાં વહાલ વધુ મોંઘું છે. એટલે તેનો સોદો તમને ખોટો ભલે લાગે, પણ તેને નથી લાગતો. ત્રાજવાના એક પલડામાં પૂરો વૈભવ મૂકો અને બીજા પલડામાં સાચું વહાલ મૂકો તો વહાલનું જ પલડું નમેલું રહેશે. અર્થપ્રધાન દૃષ્ટિવાળા—જીવનને માત્ર ધનથી જ માપ્યા કરતા હોય છે. વહાલ નામની બલાને તે જાણતા જ નથી હોતા. તેથી પત્નીને પૂરતું વહાલ આપી શકતા નથી. અંતે તે પત્નીને ખોઈ બેસતા હોય છે. સ્ત્રી રોટલાને વફાદાર નથી હોતી, ભલે ને તે સોનાનો હોય, સ્ત્રી તો વહાલને વફાદાર હોય છે. ભલેને તે લુખ્ખો રોટલો હોય.

પત્નીના ખોળામાં માથું મૂકીને જરત્કારુ ઘસઘસાટ સૂઈ ગયા છે. બન્ને ધન્ય ધન્ય થઈ રહ્યાં છે. એવામાં સૂર્ય અસ્ત થવા લાગ્યો. નાગકન્યા વિચારમાં પડી ગઈ. હવે સંધ્યા થઈ રહી છે. મુનિને સંધ્યાનો સમય થયો છે. જો તેમને નહિ જગાડું તો સંધ્યા ન કરવાનું પાપ લાગશે અને જો જગાડીશ તો મુનિ કોપાયમાન થશે. હવે શું કરવું? તે અસમંજસમાં પડી ગઈ. અંતે મુનિનો ક્રોધ સહન કરીને પણ મુનિને જગાડવા જ, એવા નિર્ણય પર તે આવી. દામ્પત્યજીવનમાં પત્નીએ પતિનો ક્રોધ અને પતિએ પત્નીની રીસ સહન કરવાની ક્ષમતા હોવી જ જોઈએ. જો બન્નેમાં આ તત્ત્વો ન હોય તો દામ્પત્યની ગાડી પાટા પરથી ઊથલી શકે છે.

નાગકન્યાએ ધીરેધીરે હાથ ફેરવીને મીઠાં વચનો બોલીને મુનિને જગાડ્યા. જાગતાં જ મુનિ કોપાયમાન થઈ ઊઠ્યા, “મને જગાડ્યો જ કેમ?” પ્રત્યેક દુર્બળ પુરુષને ક્રોધ કરવાની પણ એક જગ્યા જોઈએ. મોટા ભાગે તે પત્ની જ હોઈ શકે છે. હા, તે જાતવાન હોય તો. નાગકન્યાએ ઘણી આજીજી કરીને મુનિને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ માને એ બીજા. નાગરાજ પણ આવ્યો. તેણે પણ પોતાની બહેન વતી માફી માગી, પણ મુનિનો ક્રોધ શાંત ન થયો. તેમણે કહ્યું કે “તેં મારી બીજી શરતનો ભંગ કર્યો છે. એટલે હવે હું તારો ત્યાગ કરીને પાછો વનમાં તપસ્યા કરવા ચાલ્યો જાઉં છું.” આમ કહીને ગર્ભવતી પત્ની નાગકન્યાને મહાન

સુપુત્ર થશે તેવા આશીર્વાદ આપીને તેને રોતી-કકળતી મૂકીને મુનિ ચાલ્યા ગયા. કાળાન્તરે નાગકન્યાને આસ્તિક નામનો પુત્ર થયો. જેણે પિતૃઓનો ઉદ્ધાર કર્યો.

માણસ ગમે તેટલો સારો અને મહાન હોય, પણ તે તુંડમિજાજી હોય તો તેના સંબંધનો ભરોસો કરી શકાય નહિ. ખાસ કરીને સાથીદારના સ્વભાવમાં ધીરતા અને ગંભીરતા તો જરૂર હોવી જોઈએ. તેના વિના સંબંધમાં સ્થિરતા અને મક્કમતા આવે નહિ.

29-11-09

*

7. આસ્તિક

જીવન એક વ્યવસ્થા છે અને અવ્યવસ્થા પણ છે. કેટલીક ઘટનાઓ વ્યવસ્થિત રીતે થતી હોય છે પણ કેટલીક ઘટનાઓ અકસ્માત થતી હોય છે. કલ્પના પણ ન કરી હોય તેવી ઓચિંતાની ઘટના ઘટી જાય અને બધું ઊથલપાથલ થઈ જાય. આવી અકસ્માત થનારી ઘટનાઓ આપણને બતાવે છે કે જીવનના બધા તંતુઓ તમારા હાથમાં નથી. તમે સક્ષમ પણ છો અને લાચાર પણ છો. જે ઘટનાઓ ધાર્યા પ્રમાણે કરી શકો છો ત્યાં સક્ષમતા છે અને જે ઘટનાઓ ધાર્યા કરતાં ઊલટી થાય છે ત્યાં અક્ષમ છો, લાચાર છો. આવું જ સમર્થ રાજા પરીક્ષિતનું થયું.

નિયમ પ્રમાણે પરીક્ષિત શિકાર કરવા ગયો. મહાભારત શિકારી રાજા પરીક્ષિતનાં ધર્માત્મા તરીકે ખૂબ વખાણ કરે છે. જે હિંસક પ્રાણીઓ લોકોને અને ખેડૂતોને નુકસાન કરે છે તેમનો નાશ કરવો એ રાજધર્મ છે. એવું જ કરનાર રાજધર્મ ચૂકી જાય છે. પરીક્ષિતે એક હિંસક પ્રાણીને બાણ માર્યું. જે તેને વાગ્યું પણ ખરું, પણ તે ઘાયલ પ્રાણી વનમાં સંતાઈ ગયું. તેને શોધવા પરીક્ષિત પગપાળો જ નીકળી પડ્યો. ત્યારે પરીક્ષિતની આયુ 60 વર્ષની હતી. ઘણા પ્રયત્નો પછી પણ પેલું ઘાયલ પશુ મળ્યું નહિ. રાજા પરિશ્રમથી થાકી ગયો હતો અને તેને ભૂખ-તરસ પણ ખૂબ લાગી હતી. શરીરના આવેગો સમર્થ વ્યક્તિને પણ વિવેકભ્રષ્ટ કરી શકે છે. "હું શરીર નથી" એમ કહી દેવા માત્રથી શરીરના ધર્મોથી છૂટી શકાતું નથી. રાજાએ જોયું કે ત્યાં એક વૃદ્ધ મુનિ તપસ્યા કરી રહ્યા છે. કદાચ તેમને ખબર હશે તેવી ધારણા કરીને રાજાએ પેલા શમીકઋષિને ઘાયલ પશુ વિશે પૂછ્યું. પણ મૌનવ્રત હોવાથી મુનિએ કશો જવાબ આપ્યો નહિ. રાજાને પોતાનું અપમાન લાગ્યું તેથી ક્રોધમાં ત્યાં પડેલા એક મૃત સર્પને મુનિના ગળામાં પહેરાવી દીધો. મુનિ કશું જ બોલ્યા નહિ. તપસ્યાની કસોટી ક્ષમા છે. મુનિ ક્ષમાવાન હતા. સત્તાની કસોટી શાંતિ છે. સત્તા પ્રાપ્ત કરીને પણ જે શાંત રહી શકે છે તે જ સત્તાનો સદુપયોગ કરી શકતો હોય છે. સત્તા એક અગ્નિ છે. જે વ્યક્તિને તરત જ ગરમ કરી મૂકે છે. ગરમ થયેલી વ્યક્તિ વિવેક ભૂલે છે અને અનર્થ કરી બેસે છે. પરીક્ષિતનું આવું જ થયું. ક્રોધ અગ્નિ છે, તે વિવેક ભુલાવે છે. ક્ષુધા અને તૃષાના આવેગોના સાથે રાજસત્તાના અગ્નિએ મુનિનું અપમાન કરાવી દીધું.

આ સમાચાર જ્યારે મુનિપુત્ર શૃંગીઋષિએ સાંભળ્યા ત્યારે તે ક્રોધમાં લાલઘૂમ થઈ ગયા. શમીકઋષિ પોતાનું અપમાન સહન કરીને શાંત રહે છે એ તેમની ભવ્યતા છે. પણ પિતાનું અપમાન જોઈને જો પુત્ર પણ શાંત રહે તો ભવ્યતા નહિ પણ નમાલાપણું જ કહેવાય. માતા-પિતા પત્ની-પરિવાર, રાષ્ટ્ર વગેરેના અપમાન વખતે માણસની આંખ લાલ થવી જ જોઈએ. જો એવા સમયે પણ તે ઠંડોગાર રહે તો સમજવું કે તે નમાલો છે. આવા સમયે કરેલો ક્રોધ એ મન્યૂ છે. મન્યૂ એ દોષ નહિ, પરાક્રમનો પ્રેરક સદ્ગુણ છે. શૃંગીએ તત્કાલ શાપ આપ્યો કે જેણે મારા પિતાનું આવું અપમાન કર્યું છે તેને સાતમી રાત્રે તક્ષકનાગ કરડશે અને તેનું મૃત્યુ થશે. પુત્રના શાપથી પિતા શમીક દુ:ખી થયા, પણ તીર છૂટી ચૂક્યું હતું, હવે તે પાછું વળી શકે તેમ ન હતું. બચવાના લાખ ઉપાયો કરવા છતાં પણ પરીક્ષિત બચી ન શક્યો. તેને તક્ષક કરડ્યો જ, અને પરીક્ષિત મૃત્યુ પામ્યો. આ પ્રસિદ્ધ કથા છે. પણ વાત અહીં પૂરી થતી નથી. જેમ શમીકઋષિના પુત્ર શૃંગીઋષિએ પિતાનો બદલો લીધો તેમ પરીક્ષિતના પુત્ર જનમેજયે જ્યારે તક્ષક નાગના દ્વારા પિતાના મૃત્યુના સમાચાર જાણ્યા ત્યારે તે પણ ક્રુદ્ધ થઈ ઊઠ્યો અને તેણે સેવકોને આજ્ઞા કરી કે જાઓ અત્યારે ને અત્યારે તમામ સર્પોનો નાશ કરી નાખો. વીણીવીણીને

સર્પોને ભેગા કરો અને તેમને જીવતા બાળી મૂકો.

વેરભાવ પ્રચંડ હોય છે. વ્યક્તિનું વેર જ્યારે પૂરી કોમમાં કે પૂરા વર્ગમાં ફેલાઈ જાય છે ત્યારે મહાવિનાશ થઈ જતો હોય છે. દોષ તો તક્ષકનો છે. પૂરી સર્પકોમનો તો નથી, પણ હવે પૂરી કોમને પરિણામ ભોગવવાનું થયું છે. જ્યારે વિનાશ થતો હોય છે ત્યારે ન્યાય-અન્યાય સાંભળનાર કે સમજનાર કોઈ રહેતું નથી. જનમેજયની આજ્ઞાથી રાજસેવકોએ સર્પયજ્ઞ શરૂ કર્યો અને હજારો-લાખ્ખો સર્પોને હોમવા લાગ્યા. એવું કહેવાય છે કે આ સર્પ-નાગ નામની કોઈ જાતિ હતી. વિશ્વઘટનાઓમાં ઘણી વાર બે જાતિઓ પરસ્પરમાં લડી પડી છે. અને મહાવિનાશ નોતર્યો છે. આવી ઘટનાઓથી વિશ્વનો ઇતિહાસ ભર્યો પડ્યો છે. હમણાં નવો જ ઇતિહાસ જુઓ. જર્મનોએ યહૂદીઓનો, હુતૂઓએ તુત્સીઓનો, આરબોએ પારસીઓનો, કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે. જાતિ સંગ્રામ કે ધર્મસંગ્રામના અનિષ્ટમાં વિશ્વ અવારનવાર હોમાતું રહ્યું છે.

જ્યારે સર્પોનો ભયંકર વિનાશ થવા લાગ્યો ત્યારે વાસુકિ ઇન્દ્રની શરણમાં ગયો, ગમેતેમ કરો પણ હવે આ કત્લેઆમ બંધ કરાવો. વિશ્વમાં જ્યારે આવો મહાવિનાશ થતો હોય છે ત્યારે તેને રોકવા મથનારા પણ હોય જ છે. વાસુકિની પ્રાર્થનાથી ઇન્દ્રે ઉપાય બતાવ્યો કે તારી બહેનની કૂખે જન્મેલો જરત્કારુ મુનિનો પુત્ર આસ્તિક જ આ વિનાશને રોકી શકશે માટે તમે બધા તેની પાસે જાઓ.”

વાસુકિ પોતાની બહેન પાસે ગયો અને ભાણેજ આસ્તિકની માગણી કરી. આસ્તિક યજ્ઞમાં જવા તૈયાર થયો. આસ્તિકનાં પરાક્રમ જોઈને જનમેજય પ્રસન્ન થયો અને તેને વર માગવા કહ્યું. આસ્તિકે ખરો સમય આવ્યો ત્યારે વર માગ્યો કે હે રાજન્ હવે મને વર આપો કે આ યજ્ઞ બંધ થાય. જનમેજયે બીજું માગવા ઘણું સમજાવ્યો પણ આસ્તિક અટલ રહ્યો. અંતે જનમેજયે આજ્ઞા કરી કે યજ્ઞ બંધ કરો. યજ્ઞ બંધ થયો, સર્પો હોમાતા બંધ થઈ ગયા. આમ બે જાતિઓ વચ્ચેનું વેરઝેર આસ્તિકે અટકાવ્યું. મહાભારતમાં આ સર્પયજ્ઞની વિસ્તૃત કથા છે. તેમાંથી બોધપાઠ લેવાનો કે સત્તાનો દુરુપયોગ ન કરાય. વેર-ઝેર વંશપરંપરા સુધી ન લંબાવાય. અગ્નિ લગાડનાર કરતાં અગ્નિ ઓલવનાર મહાન છે. આસ્તિક મહાન છે.

30-11-09

*

8. શકુંતલા

વિશ્વામિત્ર, વૈદિક અને પૌરાણિક બન્ને પ્રકારના ઋષિ છે, મહાસમર્થ છે. તે તપસ્યા કરી રહ્યા છે. તપસ્યા એટલે કોઈ મહાન સાધ્ય પ્રાપ્ત કરવા માટેની પ્રવૃત્તિ. તેમની તપસ્યાથી ઇન્દ્રનું આસન ડોલી ઊઠ્યું. કોઈનું છીનવીને કોઈ કશું પ્રાપ્ત કરે ત્યારે જેનું છીનવાય તે ડોલી ઊઠે. બુદ્ધે કહ્યું કે "વિજય એવો હોય જેમાં કોઈનો પરાજય ન હોય." પણ આ આદર્શ વાક્ય છે. વ્યાવહારિક વાક્ય નથી. આદર્શ વાક્યો સાંભળવામાં—સંભળાવવામાં સારાં લાગે. ઉપદેશ આપવાના કામમાં પણ સારાં લાગે પણ તે વ્યાવહારિક ન હોય તો પરિણામ શૂન્ય જ હોય. ખરેખર તો કોઈના પરાજય વિનાનો વિજય હોતો જ નથી. આ વાસ્તવિકતા છે.

વિશ્વામિત્રની તપસ્યામાં પણ ઇન્દ્રનો પરાજય હતો જ. તેથી તે હચમચી ઊઠે તે સ્વાભાવિક છે. કારણ કે પરાજિત થવું કોઈને પણ ગમતું નથી. બીજું ચઢતી કદી પણ વિરોધીઓ વિનાની હોતી નથી. અને પડતી કદી નિંદા વિનાની હોતી નથી. જ્યારે તમારી ચઢતી થાય છે ત્યારે ઈર્ષ્યાના કારણે કેટલાક લોકો આપોઆપ વિરોધી થઈ જતા હોય છે. અને જ્યારે તમારી પડતી થતી હોય છે ત્યારે તમારા બધા દોષો ઉપર તરી આવે છે, અને મિત્રો પણ તે દોષોને આગળ ધરીને ભરપેટ તમારી નિંદા કરતા હોય છે. શ્રમ કરવો એ કઠિન કામ નથી પણ ચઢતી-પડતી વખતે વિરોધીઓને પ્રભાવહીન કરવા એ જ વધુ મહત્ત્વની વસ્તુ છે.

વિશ્વામિત્રની ચઢતી જોઈને ઇન્દ્ર ધ્રૂજી ઊઠ્યો. તેણે તેમની ચઢતીને રોકવાના બધા ઉપાયો કરી જોયા, પણ સફળતા ન મળી. વિશ્વામિત્ર આગળ ને આગળ વધતા જ ગયા. છેવટે એક બ્રહ્માસ્ત્ર તેને સૂઝ્યું—એ હતું મેનકા અપ્સરા. ઋષિના પતન માટે તેણે મેનકાને મોકલી. જે રૂપરૂપનો અંબાર હોય પણ પતિ નામના ખીલે ન બંધાતી હોય, કેટલાય ખીલા તોડતી ફરતી હોય તેને અપ્સરા કહેવાય. આવી અપ્સરાઓને કોઈ પવિત્ર તપસ્વીના પતનમાં સરળતાથી હાથો બનાવી શકાય, અથવા તે પોતે જ હાથો બની જાય. આજ સુધી અનેક સ્ત્રીઓ, અનેક પુરુષોના પતનમાં હાથો બની હોય તેવા કેટલાય દાખલાઓ મળે છે. પણ કોઈ અપ્સરા સ્ત્રી કોઈ પુરુષના ઉત્થાનમાં દાખલો બની હોય તેવો દાખલો બહુ જૂજ જોવા મળશે. હા, ખીલે બંધાયેલી સ્ત્રી આવું કરી શકે છે. પણ ખીલે બંધાય તે તો અપ્સરા ન કહેવાય. તે સન્નારી કહેવાય. બન્નેનો ભેદ સમજવો જરૂરી છે.

મેનકાએ સમર્થ ઋષિને ઢાળ નીચે દોડતા કરી દીધા. જે બ્રહ્મચારીઓ લાંબા સમયથી સંયમનો બંધ બાંધીને અટકી રહ્યા હોય છે, તે બહુ ઝડપથી બંધને તોડી પણ બેસતા હોય છે. કઠોર નિયમોના ટેકાના જોરે અટકેલો બંધ થોડા જ ધક્કામાં તૂટી પડતો હોય છે. સ્ત્રીના જરા જેટલા ઇશારાથી તેના પાયા હચમચી ઊઠતા હોય છે. કારણ કે તે કુદરત વિરોધી ચણતરથી ચણાયેલો હોય છે. સંયમની મક્કમતા તો કુદરતને મિત્ર બનાવનાર ભોગી-યોગીમાં હોય છે.

વિશ્વામિત્ર ખૂબ દોડ્યા—ખૂબ દોડ્યા. કોણ કહે છે કે સ્ત્રી અબળા છે! આવા મોટા સમર્થ ઋષિને આંગળીના ટેરવે નચાવનાર સ્ત્રી અબળા ન કહેવાય.

ખીલે બંધાયા વિનાનો કામાચાર સ્થાયી નથી હોતો. ઇન્દ્રે જોયું કે મેનકા જીતી ગઈ છે. હવે વિશ્વામિત્રનો ભય રહ્યો નથી, હલકા લોકો પોતાનું ધ્યેય સાધવા સગી પત્નીનો પણ સોદો કરતાં અચકાતા નથી, અને કેટલીક પત્નીઓ પણ હોંસે હોંસે આવું કામ કરી આપતી હોય છે. આ તો

દુનિયા છે. તેમાં બધા રંગો છે. વિશ્વામિત્રને તરછોડીને મેનકા ચાલતી થઈ ગઈ. આ ક્યાં પતિ-પત્નીનો પવિત્ર સંબંધ હતો? હવે તો તું કોણ અને હું કોણ? કેળું ખવાઈ ગયું, હવે છોતરું ઉપાડીને ક્યાં સુધી ફરવું? ઘા કર, આ રહ્યો ઉકરડો. વાત પતી ગઈ. પણ ના, વાત નથી પતી. મેનકા ગઈ ત્યારે એકલી હતી, હવે તે બે થઈ ગઈ છે. તેના પેટમાં કોઈ હલનચલન કરી રહ્યું છે. તે સગર્ભા છે.

પ્રસૂતિની પીડા સોહાગણી સ્ત્રી માટે અમૃત બરાબર છે. તે તો આ પીડાની આતુરતાથી રાહ જોતી હોય છે. સંતાનપ્રાપ્તિની ક્ષણ તો તેના માટે રોમેરોમે દીવા કરનારી થઈ જતી હોય છે. પણ મેનકા ક્યાં સોહાગણ છે? તે તો યૌવનજીવી છે. યૌવન કરમાય એ તેને ન પાલવે. કણ્વઋષિના આશ્રમ આગળ જ તેને પ્રસૂતિ થઈ ગઈ. જન્મનાર બાળકીને હિંસક પ્રાણીઓની વચ્ચે જ પડી મૂકીને તે તો ચાલતી થઈ ગઈ. યૌવનજીવી સ્ત્રીઓમાં માતૃત્વનો પૂરો વિકાસ થતો હોતો નથી. તેને તો એક જ લગની હોય છે. મારું યૌવન ન કરમાવું જોઈએ. તેના માટે તે ગમે તે કરવા તૈયાર હોય છે.

કેટલાંક હતભાગી બાળકોનો આવો જન્મ પણ થતો હોય છે. વિનાઅપરાધે પણ તે હતભાગી થઈ જતાં હોય છે. જીવનભર તેમને એક કલંક સાથે જીવન જીવવું પડતું હોય છે. પણ ના, કેટલાકના દુર્ભાગ્યમાં પણ સદ્ભાગ્ય છુપાયેલું હોય છે. બાળકીનો રડવાનો અવાજ સાંભળીને આશ્રમમાંથી લોકો દોડી આવ્યાં. બાળકીને ઉપાડી લીધી. સારું થયું બિચારી, હિંસક પ્રાણીઓથી બચી ગઈ.

જે ત્યાગીઓ, જીવનની જવાબદારીઓથી ભાગીને ત્યાગી જીવન જીવતા હોય છે અને કદી કોઈના કામમાં નથી આવતા હોતા તે પૃથ્વી ઉપરનો બોજ છે. પ્રાણ વિનાનાં મડદાં છે. તેમનો ત્યાગ વંદનીય નહિ ધિક્કારને પાત્ર છે. કારણ કે તે વાંઝિયો છે અને ભારરૂપ છે. પણ જે લોકો સતત લોકોના કામમાં આવે છે, જે ઉપકારી છે તે વંદનીય છે. તેમાં પણ જે પતિતનો ઉદ્ધાર કરનારા છે, તે તો પરમ વંદનીય છે. ત્યજી દીધેલી બાળકીનો સ્વીકાર કરવો એટલે એક કલંકને માથે ઓઢી લેવા જેવું કહેવાય. પ્રતિષ્ઠાવાળો આબરૂદાર માણસ આવી હિંમત ન કરી શકે. તે તો દૂર ભાગે. કારણ કે દુનિયાના લોકો ક્યારે આ કલંકને પોતાની સાથે વળગાડી દે તે કાંઈ કહેવાય નહિ. આબરૂને હોડમાં મૂકીને પણ કોઈનું રક્ષણ કરવું એ બમણી બહાદુરી છે.

ભારતમાં હજારો ભવ્યાતિભવ્ય મંદિરો, દેરાસરો, મઠો, આશ્રમો વગેરે હતાં અને છે. પણ અનાથાલયો ન હતાં. અનાથ બાળકો માટે —ત્યજી દીધેલાં બાળકો માટે કશી વ્યવસ્થા ન હતી. આ વ્યવસ્થા ખ્રિસ્તી મિશનરીઓએ કરી. હજારોનો ઉદ્ધાર કર્યો. નવું જીવનદાન આપ્યું. પછી ગાંધીજીએ નડિયાદમાં “હિન્દુ અનાથ આશ્રમ” શરૂ કરાવ્યો. જે અત્યારે પણ ચાલે છે. હવે ધીરે ધીરે લોકોનું તથા દાતાઓનું વલણ બદલાઈ રહ્યું છે.

આશ્રમ એ કહેવાય જે અનાથને આશરો આપે, કણ્વઋષિ પેલી ત્યજાયેલી બાળકીને જોતા જ રહી ગયા. મોર જેવી આંખોવાળી હોવાથી તેનું નામ શકુંતલા પાડ્યું. સૌ આશ્રમવાસીઓએ શકુંતલાનો સ્વીકાર કર્યો. લોકોને ક્યાં ખબર હતી કે જેના નામે આ દેશનું નામ “ભારત” પડ્યું તે મહાન સમ્રાટ ભરતની તે માતા થવાની હતી. મહાન ઋષિના પતનમાંથી પણ મહાન ઉત્થાન થઈ શકે છે. (જુઓ આગળ શકુંતલાનું અનુસંધાન દુષ્યંતકથામાં)

30-11-09

*

9. દુષ્યંતકથા

માનવજીવન બે વ્યવસ્થાથી ચાલે છે. (1) કુદરતી વ્યવસ્થા અને (2) માનવીય વ્યવસ્થા. માનવીય વ્યવસ્થા ધર્મ, સંસ્કૃતિ, સમાજ અને રાજશાષિત હોય છે. કેટલીક વાર એવું બને છે કે જે કુદરતી વ્યવસ્થાથી યોગ્ય હોય તે માનવવ્યવસ્થાથી અયોગ્ય કહેવાય. જેમ કે નર-માદાના રાજીખુશીના સંભોગથી ઉત્પન્ન બાળક કુદરતી વ્યવસ્થા પ્રમાણે યોગ્ય જ કહેવાય. પણ જો, તે લગ્નપૂર્વકના હોય તો માનવવ્યવસ્થા પ્રમાણે અયોગ્ય કહેવાય. શકુંતલા માનવવ્યવસ્થા પ્રમાણે અયોગ્ય બાળક હતું. કારણ કે મેનકા અને વિશ્વામિત્રે લગ્ન કર્યાં ન હતાં. લગ્ન વિના જ બાળક થઈ જાય તેને ત્યાગી દેવું પડતું હોય છે. કુંવારી માતાનો સમાજ સ્વીકાર નથી કરતો. કુંવારા પિતાને કશી આંચ નથી આવતી, કારણ કે બાળક તેને ચોંટતું નથી. બાળક માતાને ચોંટે છે. એટલે અધર્મનો ભાર માતાને ઉપાડવો પડતો હોય છે. પુરુષ છટકી શકે છે, પણ માતા છટકી નથી શકતી. બાળક તેને છટકવા નથી દેતું. જે સ્ત્રી આ વાતને સમજે છે તે કદી સ્વચ્છંદી જીવન જીવવા તૈયાર ન થાય. મર્યાદા જ સ્ત્રીનું સાચું રૂપ છે. મર્યાદા વિનાની સ્ત્રી કુલીનતા ખોઈ બેસે છે. કુલીનતા વિનાની સ્ત્રી માન-મોભો-મહત્તા પામવાનો અધિકાર ખોઈ બેસે છે. તે તુચ્છ થઈને રખડતી-ભટકતી તિરસ્કૃત જીવન જીવતી થઈ જાય છે. તેના અવૈધ બાળકને પણ તેનાં પરિણામ ભોગવવાં પડતાં હોય છે. સામાજિક અપમાન અને ઘૃણા અગ્નિ કરતાં પણ વધુ બાળનારાં બની જાય છે. મેનકાનું આવું જ થયું. તે પોતાની નવજાત બાળકીને ત્યાગીને ચાલી નીકળી. પક્ષીઓએ તેનું રક્ષણ કર્યું એટલે તે શકુંતલા થઈ. તેનાં ભાગ્ય સારાં કે કણ્વઋષિના આશ્રમ આગળ ત્યજાયેલી હોવાથી તેનો સ્વીકાર આશ્રમવાસીઓએ કરી લીધો. કણ્વ બ્રહ્મચારી છે. પણ શકુંતલાને પોતાની પુત્રી તરીકે સ્વીકારી પાળી-પોષીને મોટી કરવા લાગ્યા. સારી જગ્યા, સારાં માણસો ભાગ્યથી મળતાં હોય છે. જો આ કન્યા કસાઈવાડા, વેશ્યાવાડા નજીક છોડી દીધી હોત અને તેમના હાથમાં આવી હોત તો કેવું પરિણામ આવત?

જોતજોતામાં શકુંતલા યુવાન થઈ ગઈ. યુવાન કુંવારી દીકરીનો બાપ ચિંતા વિનાનો ન હોય. કણ્વને ચિંતા રહે છે. આનાં લગ્ન ક્યાં કરવાં? કેવો પતિ મળશે? સુખી થશે કે નહિ? આવા બધા પ્રશ્નોમાંથી જ્યોતિષ નીકળ્યું છે. સાચું-ખોટું આશ્વાસન મેળવીને પણ માણસને આશ્વાસન મળે છે.

એક વાર એવું બન્યું કે કણ્વઋષિ ક્યાંક બહાર ગયા હતા ત્યારે એક ભદ્ર પુરુષ આશ્રમમાં આવી ગયા. તે દુષ્યન્ત રાજા હતો. શિકાર કરતાં કરતાં તે ભૂખ્યો-તરસ્યો થયેલો આશ્રય શોધતો આવ્યો હતો. શકુંતલાને જોતાં જ તે મોહિત થઈ ગયો. કાંઈ રૂપ છે કાંઈ રૂપ છે! તે જોતો જ રહી ગયો. સ્ત્રીઓ નજરપારખુ હોય છે. એક ક્ષણમાં તે પુરુષોની નજરને પરખી લેતી હોય છે. નજરના દ્વારા દાનત પ્રગટ થતી હોય છે. શકુંતલા આવનાર રાજા દુષ્યન્તની દાનતને સમજી ગઈ. દુષ્યન્ત પણ યુવાન અને રૂપાળો હતો. મુગ્ધાવસ્થામાં પહોંચેલી સ્ત્રીઓને, પોતાને તાકીતાકીને જોનારા પુરુષો ગમતા હોય છે. એટલે તો તે સજીધજીને તેવા પુરુષો આગળ હરફર કરીને પોતાની તરફ ધ્યાન ખેંચતી રહે છે. આવા સમયે મુગ્ધા સ્ત્રીઓનું રક્ષણ કરવું જોઈએ. કારણ કે તેમને ખરા-ખોટાનું ભાન રહેતું નથી. લફંગા લોકો તેની મુગ્ધાવસ્થાનો ગેરલાભ ઉઠાવતા હોય છે. વારંવાર તાક તાક કરનારા અને પાછળ પડી જનારા લંપટ લોકોની જાળમાં અંતે તે ફસાઈ જતી હોય છે. કારણ કે તે લાંબો સમય ટક્કર ઝીલી શકતી નથી હોતી. આ તેની કમજોરી છે. તેનું ભાન તેને નથી હોતું. લફંગાઓના ચક્કરમાં ફસાઈ ગયા પછી

તે નીકળી નથી શકતી, કાંટામાં ફસાયેલી માછલી જેવી તેની દશા થાય છે. એટલે સ્ત્રી હંમેશાં રક્ષિત જીવન જીવે તેમાં જ તેનું કલ્યાણ હોય છે. ખાસ કરીને મુગ્ધાવસ્થા તો રક્ષિત હોવી જ જોઈએ.

દુષ્યન્ત અને શકુંતલાએ એકબીજાનો પરિચય પૂછ્યો અને લાંબી વાતો કરી, ઘરના મુખ્ય માણસની ગેરહાજરીમાં અજાણ્યા, પરાયા પુરુષો સાથે સ્ત્રીઓએ લાંબી વાતો કરવી ન જોઈએ. ટૂંકમાં પતાવીને તેને વિદાય કરી દેવો જોઈએ. લાંબી વાતોમાંથી લાંબું વતેસર થઈ શકે છે. યાદ રહે આ ઉંમર ઢાળમાં નીચે દોડવાની હોય છે. અને ખરેખર વતેસર થઈ જ ગયું. દુષ્યન્તે લગ્નનો પ્રસ્તાવ રાખ્યો. શકુંતલાને ગમ્યો પણ ખરો, પણ તેણે કહ્યું કે મારા પાલક પિતા કણ્વ જ આનો નિર્ણય કરી શકે. તે આવે પછી નિર્ણય થાય. પણ દુષ્યન્ત કામાતુર થઈ ગયો છે. તેના રોમેરોમમાં કામદેવ વ્યાપી ગયા છે, તેણે શકુંતલાને સમજાવીને તત્કાળ ગંધર્વલગ્ન (પ્રેમલગ્ન) કરી લીધાં. શકુંતલાએ શરત કરી કે મને વચન આપો કે મને જે પુત્ર થશે તે જ તમારો ઉત્તરાધિકારી થશે.” રાજાને ઘણી રાણીઓ હોય, બધી રાણીઓને પુત્રો થાય પછી યુવરાજ થવા માટે ઝઘડા અને ખટપટો થાય. એટલે ચતુર રાણી પ્રથમથી જ પોતાના સંતાન માટે રાજાને વચનબદ્ધ કરી લેતી હોય છે. કામાતુર દુષ્યંતે તેની શરત સ્વીકારી લીધી અને તરત જ કામદેવને તૃપ્ત કરી દીધા.

ખાનદાન સ્ત્રી જ્યારે પહેલી વાર પોતાનું શિયળ કોઈને અર્પણ કરે છે ત્યારે જો તે ધર્મમાન્ય કે સમાજમાન્ય વ્યક્તિ (પતિ) હોય છે તો પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધાનો આનંદ અનુભવે છે. પણ જો તે વ્યક્તિ ધર્મમાન્ય કે સમાજમાન્ય ન હોય તો પોતે લૂંટાઈ તો નથી ગઈ ને? તેવી આશંકા અનુભવે છે. કારણ કે જો પુરુષ પાછળની જવાબદારીઓથી હાથ ખંખેરી નાખે તો શિયળ લૂંટાયેલી ખાનદાન સ્ત્રીની દુર્દશાનો પાર નથી રહેતો, એટલે પહેલાં લગ્ન અને પછી પ્રેમ એવી આપણી સંસ્કૃતિ છે. પહેલાં પ્રેમ કરો અને પછી લગ્ન ન થાય તો શું કરવું? કૂવો જ પૂરવો પડે. ખાનદાન સ્ત્રીને. હા, શિયળને મૂળા-મોઘરી જેવું ગણનારીને ખાસ વાંધો ન આવે. કામાતુર પુરુષ કૂતરા જેવો હોય છે. ગરજ હોય તો આખો દિવસ કૂતરીની પાછળ ભટક્યા કરે, પણ ગરજ પતે એટલે હું કોણ અને તું કોણ.”

કામદેવને તૃપ્ત કરીને દુષ્યંત વિદાય થઈ ગયો. જતાં પહેલાં તેણે વારંવાર શકુંતલાને વચન આપ્યું કે “હું તને માન-પાન સાથે મારા રાજમહેલમાં લઈ જવા મંત્રીઓને, પુરોહિતોને અને સેનાને મોકલીશ. વાજતે-ગાજતે તને પટરાણી બનાવીશ. તું રાહ જોજે.” વગેરે. જેમ દારૂડિયા માણસનાં વચનોમાં વિશ્વાસ ન કરાય તેમ કામાતુર માણસનાં વચનોમાં પણ વિશ્વાસ ન કરાય. કારણ કે તે ભાનમાં જ નથી. દુષ્યન્તના ગયા પછી કણ્વઋષિ આવ્યા. પાપભીરુ શકુંતલાને તેમના નજીક જતાં ભય લાગવા માંડ્યો. તેને પાપ કર્યાની ગ્લાનિ થવા લાગી. અન્તર્દર્શી કણ્વ સમજી ગયા. પાસે બેસાડીને બધી વાત પૂછી. શકુંતલાએ પણ નિખાલસતાથી જે કાંઈ થયું હતું તે બધું સાચેસાચું કહી દીધું. કણ્વે, શકુંતલાના આ સંબંધને સ્વીકારી લીધો. અને આશીર્વાદ આપ્યા. ડાહ્યાં વડીલો યુવાન છોકરા-છોકરીઓના છેક આગળ વધી ચૂકેલા સંબંધોને સ્વીકારી લેવામાં જ કલ્યાણ સમજતાં હોય છે. જો તે અમાન્ય કરવા જેવા હોય તો શરૂઆતના તબક્કામાં જ રોકવાં જોઈએ. પરાકાષ્ઠાએ પહોંચેલા સંબંધોને રોકાય નહિ, તે ડહાપણ ન કહેવાય.

શકુંતલા રોજ રાજાના આણાની રાહ જુએ છે. બચપણમાં મેં એક ગીત સાંભળેલું ત્યારે આ ગીતે ધૂમ મચાવેલી.

"મારા સાસરિયે જઈને કહેજો એટલડું
પ્રિતમજી આણાં મોકલે"

પતિદર્શનની તીવ્ર તાલાવેલીવાળી કન્યાને કેવી કેવી અને કેટલી તલપ થતી હશે તે કોણ સમજી શકે? વડીલોના ઝઘડામાં કે મતભેદોમાં આવી પતિઘેલી કન્યાનું આણું રોકી રખાય નહિ. પાપ લાગે.

દિવસો, મહિનાઓ અને વર્ષો વીતવા લાગ્યાં પણ આણું ન આવ્યું. શકુંતલાને પ્રસૂતિ થઈ, પુત્ર જન્મ્યો. પુત્ર મોટો થઈ રહ્યો છે પણ હજીયે આણું તો આવતું જ નથી. છેવટે હારીથાકીને કણ્વઋષિએ શકુંતલાને બાળક લઈને સામા પગલે ચાલીને પતિના ઘેર જવા તૈયાર કરી. માન અને આવકાર વિના જ જે સ્ત્રીને પતિના ઘરે જવું પડે તેની પીડાનો પાર ન હોય. કાં તો ડોલી સજાવીને વાજતે-ગાજતે જવાનાં અરમાન હોય અને કાં સ્વીકારશે કે નહિ તેના ફફડાટ સાથે સામે ચાલીને જવાનું થાય! પણ હવે બીજો રસ્તો જ ક્યાં બાકી હતો?

શકુંતલા રાજમહેલમાં પહોંચી ગઈ. સ્વમાની માણસ માટે જીવનમાં માન જ પ્રાણવાયુ હોય છે. અપમાન કે ઉપેક્ષા તે સહન કરી શકતો નથી. પણ શકુંતલા એવી લાચાર સ્થિતિમાં આવી ગઈ હતી કે અપમાન અને ઉપેક્ષાના કડવા ઘૂંટડા પીધા વિના તેનો છૂટકો ન હતો. કારણ કે તેના ભવિષ્ય કરતાં પણ તેના પુત્રના ભવિષ્યની તેને વધુ ચિંતા હતી. સ્ત્રીઓ માત્ર પોતાના માટે જ નથી જીવતી. પોતાના જીવન કરતાં પોતાનાં સંતાનોનાં જીવન તેમને વધુ લાચાર બનાવી મૂકે છે. સંતાનો માટે તે કોઈ પણ સમજૂતી કરવા તૈયાર થઈ જતી હોય છે.

ક્યાં અરણ્યવાસી ઋષિકુમારી શકુંતલા અને ક્યાં રાજાનો ભવ્ય રાજમહેલ! કોઈ મેળ નહિ. જ્યાં કશો મેળ ન હોય ત્યાં વળી લગ્ન કેવાં? મા-દીકરો બન્ને એક ખૂણામાં ઊભાં રહ્યાં. ત્યાં તો રાજાની નજર તેમના ઉપર પડી. કોણ છો વગેરે પૂછતાછ થઈ. શકુંતલાએ બધો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. અને પોતે રાજાની પત્ની છે તથા આ બાળક રાજાનું છે. તેવું બધું કહ્યું. રાજા ચિડાઈ ગયો. આ કોઈ લેભાગુ સ્ત્રી મને વળગવા આવી છે. આ મારી પત્ની નથી અને આ મારો બાળક નથી. બહુ જ કડવાં અસહ્ય વચનો કહ્યાં અને જતા રહેવા કહ્યું.

લગ્ન એક તંબૂ છે. કેટલાક તંબૂઓ એક જ થાંભલા ઉપર ઊભા હોય છે. તો કેટલાક એક થાંભલાની સાથે ચારે તરફ તાણિયાં ખેંચીને ઊભા હોય છે. જે માત્ર એક જ થાંભલા ઉપર તંબૂ ઊભો હોય છે તે થોડા પવનના ઝપાટામાં પડી જતો હોય છે પણ જેને ચારે તરફ મજબૂત તાણિયાં બાંધ્યાં હોય છે તે આંધીમાં પણ પડતો નથી. એક જ થાંભલાવાળો તંબૂ એટલે પ્રેમલગ્ન. વરકન્યા પરસ્પરના પ્રેમના આવેગમાં પરણી જાય, ખાસ કરીને બન્ને પક્ષના વડીલોની સંમતિ વિના, અરે વિરોધ વચ્ચે તો તે એક થાંભલાવાળો તંબૂ થઈ જતો હોય છે. તેને હચમચતાં કે પડી જતાં વાર નથી લાગતી, પણ જ્યારે બન્ને પક્ષના વડીલોની સંમતિથી, તેમની ગોઠવણથી લગ્ન થાય છે ત્યારે તે લગ્નને રક્ષણ આપનારાં તાણિયાં હોય છે. ધર્મ પ્રમાણે થયું હોવાથી ધર્મ એક તાણિયો થઈ જાય છે. અગ્નિ-સૂર્ય સાક્ષી બને છે. સમાજમાન્ય હોવાથી સમાજ બીજો તાંણિયો થઈ જાય છે. બન્ને પક્ષોના વડીલો પણ તાણિયાં બને છે. આમ ચારે તરફથી તેને મજબૂતાઈ આપનારાં તાણિયાં ખેંચાયાં હોવાથી જલ્દીથી તંબૂ પડતો નથી. શકુંતલા પાસે આવો એક પણ તાણિયો ન હતો. પ્રેમલગ્ન કરનારો પુરુષ જો કામભોગની ઉતાવળ કરે અને કન્યાને વહેલી તકે સગર્ભા બનાવી દે તો સમજવું કે તેની દાનત સારી નથી. મુગ્ધા કન્યામાં દાનત સમજવાની ક્ષમતા નથી હોતી. પ્રેમ કરે પણ લગ્ન પહેલાં પરાકાષ્ઠા સુધી

ન જાય, બચીને રહે તો તે ઉચ્ચ ખાનદાની કહેવાય.

દુષ્યન્ત અને શકુંતલાનો બહુ જ કડવો સંવાદ થયો. હવે ક્યાં જવું? શું કરવું? કદાચ આવી દશામાં સ્ત્રીઓ કૂવો પૂરતી હશે! શકુંતલાએ આજીજી પૂર્વક કહ્યું કે "મને ન રાખો તો કાંઈ નહિ, તમારા આ પુત્રને તો રાખો. હું પાછી અમારા આશ્રમે ચાલી જઈશ." પણ દુષ્યન્ત એકનો બે ન થયો. અંતે હતાશ-નિરાશ ભાંગી પડેલી શકુંતલા પોતાના પુત્ર સાથે પાછી ફરી. લોકો તેની હાંસી ઉડાવી રહ્યા હતા. "જુઓ તો ખરા, રાજાની રાણી થવા અને રાજગાદી પચાવી પાડવા આવી હતી, પોતાની ઓકાત તો જોવી હતી!" પ્રેમ ફજેતીમાં બદલાઈ ગયો. જે થાંભલા ઉપર તંબૂ ઊભો હતો તે પ્રેમનો થાંભલો ધરાશાયી થઈ ગયો.

પૌરાણિક કથાઓમાં આવા સમયે આકાશવાણી વ્હારે આવતી હોય છે. તે દુ:ખદને સુખદ કથા બનાવી દેતી હોય છે. અહીં પણ આકાશવાણી થઈ, "દુષ્યન્ત, આ શકુંતલા સાચું કહે છે. તે તારી પત્ની છે અને આ કુમાર તારો રાજકુમાર છે. માટે તેનો સ્વીકાર કર."

*આકાશવાણી સાંભળીને સૌ ચકિત થઈ ગયાં. રાજા-મંત્રીઓ, પ્રજાજનો સૌને શકુંતલા પ્રત્યે માન થયું. રાજાએ બન્નેનો સ્વીકાર કર્યો. પશ્ચાત્તાપ કર્યો અને ભરતને રાજગાદી સોંપીને પોતે નિવૃત્ત થઈ ગયો. આ એ જ ભરત હતો જેના નામ ઉપરથી આ દેશનું નામ ભારત પડ્યું છે. બોધપાઠ એ છે કે પ્રેમલગ્ન કરવા કરતાં વડીલમાન્ય લગ્ન કરવાં વધુ સુરક્ષિત છે. {મૂળ મહાભારતની કથાનુંસાર આકાશવાણીની વાત છે તેથી કાલિદાસના 'શાકુંતલ'થી જુદી પડે છે.}

1-12-09

*

10. કચની કથા

દેવો અને દૈત્યનો સનાતન સંઘર્ષ ચાલ્યા કરે છે. દેવોના નેતા અથવા ગુરુ બૃહસ્પતિ છે અને દૈત્યોના નેતા અથવા ગુરુ શુક્રાચાર્ય છે. બન્ને બ્રાહ્મણ છે. બન્નેને પરસ્પરમાં ભારે વિરોધ પણ રહ્યા કરે છે. કારણ કે બન્નેનાં હિત જુદાં જુદાં છે. જુદાં જુદાં હિતો હોય ત્યાં ગુપ્ત કે પ્રગટ સંઘર્ષ રહેતો જ હોય છે. દેવો અને દૈત્યો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. દેવો પરાક્રમ કરીને રોજ હજારો દૈત્યોને મારી નાખે છે. પણ શુક્રાચાર્ય મૃતસંજીવની વિદ્યાથી તેમને ફરી જીવિત કરી દે છે જેથી ફરીફરીને યુદ્ધ ચાલ્યા કરે છે. બૃહસ્પતિ વિચારવા લાગ્યો કે હવે શું કરવું? આ રીતે તો કદી પણ યુદ્ધ પૂરું નહિ થાય. અને અમે થાકી જઈશું.

રાત્રે દેવોની સભા મળી અને નિર્ણય થયો કે દૈત્યોના ગુરુ શુક્રાચાર્યની પાસે મૃતસંજીવની વિદ્યા છે. તે જો પ્રાપ્ત થાય તો જ આપણે જીતી શકીએ. યુદ્ધમાં શસ્ત્રોનું ભારે મહત્ત્વ હોય છે. જે પક્ષ પાસે ચઢિયાતાં શસ્ત્રો હશે તે વિજયી થશે. બાબરની પાસે તોપો હતી એટલે નાની સેના વડે તેણે ઇબ્રાહીમ લોદીની એક લાખની સેનાને હરાવી દીધી હતી. શસ્ત્રોની મહત્તા સમજનાર હંમેશાં સર્વોચ્ચ શસ્ત્રોથી સજ્જ રહેતા હોય છે. શસ્ત્રોની મહત્તા ન સમજનારા અને તેની ઉપેક્ષા કરનારા મહામૂર્ખ છે. તે હારવા અને મરવા માટે જ રાજા થયા હોય છે. દેવો કરતાં દૈત્યોના પક્ષમાં "મૃતસંજીવની" નામનું મહાન શસ્ત્ર ઘણું ચઢિયાતું હતું તેથી દેવો જીતી શકતા ન હતા.

સભાએ નક્કી કર્યું કે કોઇ પણ ભોગે મૃતસંજીવની શસ્ત્ર આપણે પણ મેળવી લેવું. તે માટે બૃહસ્પતિના પુત્ર કચને વૃષપર્વા નામના દૈત્ય રાજા પાસે મોકલ્યો. જ્યાં શુક્રાચાર્ય ગુરુ અને નેતા હતા. કચ, શુક્રાચાર્યના ગુરુકુળમાં દીક્ષિત થઈ ગયો અને વિદ્યા ભણવા લાગ્યો. શુક્રાચાર્યને દેવયાની નામની રૂપ-યૌવનસંપન્ન કન્યા હતી. શુક્રાચાર્યે કચને દેવયાનીની સેવામાં ગોઠવી દીધો. ડાહ્યા માણસે કદી પણ પતિ વિનાની સ્ત્રીના સમીપે કોઈ બાહ્ય પુરુષને ગોઠવવો નહિ. જુવાની દીવાની હોય છે. તેમાં પણ સ્ત્રીઓની યુવાની તો નિતાંત દીવાની હોય છે. તે ન કરવાનું કરી બેસતી હોય છે. કચે લાંબા સમય સુધી દેવયાનીની સેવા કરી. દૈત્યોને ખબર પડી ગઈ કે કચ દેવોનો માણસ છે અને વિદ્યા લેવા ગુપ્ત રીતે આવ્યો છે. તેમણે તેને મારી નાખવા અનેક વાર પ્રયત્નો કર્યા. પણ દેવયાનીના આગ્રહથી મૃતસંજીવની વિદ્યા દ્વારા શુક્રાચાર્યે તેને બચાવી લીધો. છેવટે તેને બાળીને રાખ કરી શુક્રાચાર્યને પિવડાવી દીધો. હવે શું કરવું? જો તેને જીવિત કરવામાં આવે તો શુક્રાચાર્ય મરી જાય. કારણ કે પેટ ફાડીને જ તે બહાર નીકળે. દેવયાનીના આગ્રહથી શુક્રાચાર્યે એક રસ્તો કાઢ્યો. શુક્રાચાર્યે, પેટમાં રહેલા કચને મૃતસંજીવની વિદ્યા શિખવાડી અને કહ્યું કે તું બહાર આવીને પછી એ વિદ્યાથી મને સજીવન કરી દેજે. આમ આપણે બન્ને જીવતા થઈ જઈશું. તેવું જ થયું. કચ પણ જીવતો થયો અને શુક્રાચાર્ય પણ જીવતા થયા અને આ રીતે કચને મૃતસંજીવની વિદ્યા પ્રાપ્ત થઈ ગઈ. હવે દેવોના શિબિરમાં ચાલ્યા જવું જોઈએ. એવું કચ વિચારતો હતો ત્યાં દેવયાની આવી અને લગ્નનો પ્રસ્તાવ રાખ્યો. તે મનોમન કચને પ્રેમ કરવા લાગી હતી. મુગ્ધાવસ્થામાં સ્ત્રી ક્યારે કોને વળગી પડે તે કહી ન શકાય. કચે તેને બહુ સમજાવી કે "તું ગુરુપુત્રી છે. મારાથી ગુરુપુત્રી સાથે આવો સંબંધ ન બાંધી શકાય. કેટલા વિશ્વાસથી ગુરુજીએ મને તમારી સેવામાં મૂક્યો હશે. તે વિશ્વાસનો ભંગ મારાથી ન કરાય." બધાનો વિશ્વાસ કરાય પણ કામનો વિશ્વાસ કદી ન કરાય. ભલભલા ઇમાનદાર માણસોના ઇમાનને પણ કામ તોડી નાખે છે. કામને સારા-ખોટા માણસોનો ભેદ નથી હોતો. કચ, દેવયાનીને સમજાવે છે. "આપણે બન્ને શુક્રાચાર્ય ગુરુના પેટમાં રહ્યાં છીએ.

એટલે આપણે ભાઈ-બહેન કહેવાઈએ. ભાઈ-બહેનનાં લગ્ન ન થઈ શકે એટલે મને માફ કરો. મારા ઉપર દયા કરો. મને મારે ઘેર જવા દો.” કચ આજીજી કરવા લાગ્યો. મોહિનીના હાથમાંથી છૂટવું એ જ સૌથી કઠિન કાર્ય છે. સ્ત્રી જ્યારે શાસકવર્ગની હોય અને પુરુષ જ્યારે શાસિત વર્ગનો હોય ત્યારે તો પુરુષનું આવી જ બને. પુરુષ જો સ્ત્રીની અઘટિત માગણીને ન માને તો સ્ત્રી તેના ઉપર આળ ચઢાવે. માર મરાવે, કલંક લગાડે, હડધૂત કરે. શું શું ન કરે! ઘણી વાર ધનવાન શેઠાણીઓ, પોતાના ગરીબ નોકરોનું ભરપૂર શોષણ કરતી હોય છે. સચ્ચાઈ નોકરના પક્ષમાં હોય તોપણ તેના પક્ષે કોઈ નથી હોતું. તે ધારે તો નોકરી છોડીને ભાગી પણ નથી શકતો. આવું જ નોકરાણી સ્ત્રીઓ સાથે પણ થતું હોય છે. પણ તે સાચું કલંક લગાડી શકતી હોય છે. ભાગી પણ શકતી હોય છે. તેના શોષણમાં થોડીક તો તેની સંમતિ હોય છે. તેનો પક્ષ લેનારા ઘણા મળી રહે છે, બન્નેમાં આટલો ફરક છે.

કચના ઘણું સમજાવવા છતાં મુગ્ધ દેવયાની જરાય માની નહિ. બસ એક જ વાત—મારો સ્વીકાર કરો. મારો સ્વીકાર કરો. લાગણીના કોઈ પણ આવેગથી ગ્રસ્ત (રાગ-દ્વેષ, ઈર્ષ્યા વગેરે) સ્ત્રી હઠીલી થઈ જતી હોય છે. પોતાની ઇચ્છા પૂરી કરવા તે ગમે તે હદે જઈ શકે છે. જો સ્ત્રીના તીવ્ર લાગણીના આવેગોને નિયંત્રિત કરનાર કોઈ ન હોય તો તે બેફામ થઈ શકે છે. સ્ત્રીનું બેફામપણું મહાઅનર્થો સર્જતું હોય છે. એટલે કોઈ ને કોઈ નિયંત્રક તો જોઈએ જ. મુગ્ધ સ્ત્રી અનકોટેડ વીજળીના તાર જેવી છે. વીજળી મહાન શક્તિ છે, તેમ સ્ત્રી પણ મહાન શક્તિ છે. પણ જો મર્યાદાનું કોટિંગ હોય તો જ તે નિર્ભયતા સાથે સકારાત્મક ઉત્પાદકતા આપે છે. જો મર્યાદાનું કોટિંગ ન હોય તો મહાશક્તિ મહાવિનાશ પણ કરી શકે છે.

કચ અને દેવયાની બન્ને પોતપોતાના પક્ષે મક્કમ રહ્યાં. ભલભલા પુરુષોને સ્ત્રી ચલિત કરી શકતી હોય છે. વિશ્વમાં સૌથી પ્રબળ સ્ત્રીનું આકર્ષણ છે. કોક વિરલો જ તે આકર્ષણથી પોતાને બચાવી શકે. કચ એવો જ વિરલો હતો. પ્રેમભંગ થયેલી હતાશ દેવયાની ક્રુદ્ધ થઈ ઊઠી. તેણે કચને શાપ આપ્યો “જા, તારી મૃતસંજીવની વિદ્યા તારા કામમાં નહિ આવે!’ કચે દેવયાનીના શાપનો સ્વીકાર કરી લીધો. તેણે કહ્યું કે ભલે વિદ્યા મારા કામમાં ન આવે પણ હું એ વિદ્યા બીજાને તો ભણાવી શકીશ. બીજા તો તેનો ઉપયોગ કરી શકશે. આટલું બસ થઈ ગયું. વંદન કરીને કચ વિદાય થયો.

આપણે ત્યાં સતી સ્ત્રીઓની કેટલીયે કથાઓ છે, જે પોતાના શિયળ સાચવવા માટે ભડભડતી અગ્નિમાં કૂદી પડી હોય, પણ પોતાનું શિયળ સાચવનાર કોઈ પુરુષની કથા ભાગ્યે જ જોવા મળે છે. પુરુષને પણ શિયળ હોય છે તે વાત બહુ પ્રચલિત નથી. પુરુષ એટલે વાડીનો મૂળો, આવતો-જતો કોઈ પણ માણસ ઉખાડે અને કોઈ પણ ખાય. ખવાય એટલો ખાય અને બાકીનો ફેંકી દે. લગભગ આવી ધારણા હોય છે. પણ કચ જેવા કેટલાક પુરુષો પણ—એવા હોય છે જે પોતાનું શિયળ સાચવવા પોતાની વિદ્યાને જતી કરવા તૈયાર થઈ જતા હોય છે.

1-12-09

*

11. યયાતિ

ધૂર્ણિકાએ દેવયાની પાસે જઈને તેની બધી વાત સાંભળી. દેવયાનીએ પ્રતિજ્ઞા કરી કે હવે હું વૃષપર્વાના નગરમાં પગ નહિ મૂકું. શર્મિષ્ઠાએ મને ભિખારીની દીકરી ભીખમંગી કહીને મારું અપમાન કર્યું છે." અપમાનિત થનારાં સ્વમાની માણસો ઇતિહાસ રચતાં હોય છે. અપમાનનો બદલો લેવાને ભયંકર સંકલ્પ કરી બેસતાં હોય છે. જેમાંથી ઇતિહાસ સર્જાતો હોય છે. જે સમાધાનવાદી અને હીનસંકલ્પવાળાં માણસો હોય છે તે ઇતિહાસ નથી રચી શકતાં. દેવયાનીના દૃઢ સંકલ્પનો સંદેશ લઈને ધૂર્ણિકા શુક્રાચાર્ય પાસે પહોંચી અને બધી વિગત જણાવી. શર્મિષ્ઠાએ રાજાની દીકરી હોવાના મદમાં અને દેવયાની શુક્રાચાર્ય બ્રાહ્મણની દીકરી હોવાના તુચ્છકારમાં તેને ભિખારી વગેરે ઘણાં મર્મવેધી કટુ વચનો કહી તેને કૂવામાં ધકેલી તેનું ભયંકર અપમાન કર્યું છે. તે વાતથી શુક્રાચાર્ય પણ ભારે વ્યથિત થઈ ગયા. પોતાનાં આશ્રિત કે સ્વજનોનું અપમાન એ પોતાનું જ અપમાન છે. સમર્થ પુરુષે જરૂર તેનો બદલો લેવો જ જોઈએ. નમાલાઓ ઊંચી વાણી બોલીને સમાધાન શોધતા રહે છે. તેમનો શરણાગતિ સિવાયનો કશો ઇતિહાસ નથી હોતો. પુત્રીના અપમાનનો બદલો લેવા શુક્રાચાર્યે પણ નગર છોડીને અન્યત્ર ચાલ્યા જવાનો નિર્ણય કર્યો. ઘણી વાર વિદ્વત્તા, પાંડિત્ય, કવિત્વ, પ્રૌઢ મુત્સદ્દીગીરી વગેરે ગુણોની કિંમત સામાન્ય લોકોને નથી હોતી. તે એમ જ સમજે છે કે આ બ્રાહ્મણ અમારું આપેલું મફતનું ખાઈને જીવે છે. આવા લોકોને સમય આવતાં ભાન કરાવવું જરૂરી હોય છે. જો ભાન ન કરાવો તો તે તમને તણખલું જ સમજ્યા કરે.

શુક્રાચાર્યે બિસ્તરા બાંધ્યા. રાજાને કહ્યું કે "હવે મારાથી તમારા રાજ્યમાં રહેવાશે નહિ. હું જાઉં છું." શુક્રાચાર્યના નિર્ણયથી રાજા ધ્રૂજી ઊઠ્યો. તે જાણે છે કે રાજ્ય મારા પરાક્રમથી નહિ, શુક્રાચાર્યની મુત્સદ્દીથી ચાલે છે. તેમણે જ મને કેટલાય વિજય અપાવ્યા છે. અને કેટલાય પરાજયોથી બચાવ્યો છે. તેમના ચાલ્યા જવાથી અને તે પણ શત્રુપક્ષમાં ચાલ્યા જવાથી તો મારો નાશ જ થઈ જશે. શુક્રાચાર્યના પગમાં પડીને રાજાએ તેમને મનાવવા પ્રયત્ન કર્યો. અંતે બધાં જ્યાં સંતપ્ત દેવયાની ઊભી હતી તે વનમાં ગયાં. તેને મનાવવા ભારે પ્રયત્નો કર્યા. પણ દેવયાની ન માની. નગરમાં પગ મૂકવાની તેણે ના જ પાડી. છેવટે એક સમાધાન થયું કે શર્મિષ્ઠા હજાર સખીઓ સાથે દેવયાનીની દાસી થઈ જાય અને જ્યાં દેવયાનીનાં લગ્ન થાય ત્યાં પણ દાસપણું કરવા સાથે જાય. જીવનભર તે દાસી થઈને રહે. રાજાએ તથા શર્મિષ્ઠાએ દેવયાનીની શરત સ્વીકારી. ત્યારે જ દેવયાનીએ નગરમાં પગ મૂક્યો.

એક વાર દેવયાની શર્મિષ્ઠા દાસી અને બીજી દાસીઓ સાથે વનવિહાર કરી રહી હતી. સ્ત્રીઓ જ્યારે વનવિહાર કે બાગવિહાર કરતી હોય, એવામાં કે ઉત્સવમાં મહાલતી હોય ત્યારે વધુ પડતી ભાવુક થઈ જતી હોય છે. વધુ પડતી ભાવુકતા, ડહાપણને ઓછું કરી નાખે છે. આવા સમયે ત્યાં યયાતિરાજા આવી ચઢ્યો. તેણે ભાવાતિરેકભર્યું આ સ્ત્રીઓનું ટોળું જોયું એટલે ઊભો રહ્યો અને દેવયાનીને પૂછ્યું કે તમે કોણ છો? દેવયાનીએ કહ્યું કે હું શુક્રાચાર્યની દીકરી છું અને આ બધી મારી દાસીઓ છે. હું જ્યાં જઈશ ત્યાં આ બધી મારી સેવા કરવા સાથે સાથે આવવાની છે. યયાતિને જિજ્ઞાસા થઈ કે આ રાજાની કન્યા તમારી દાસી કેવી રીતે થઈ? દેવયાનીએ પૂર્વ ઘટેલી બધી વાત કહી સંભળાવી. દેવયાનીએ જાણ્યું કે આ એ જ યયાતિ રાજા છે. જેણે મારો હાથ પકડીને મને કૂવામાંથી બહાર કાઢી હતી તથા પોતે ક્ષત્રિય હોવાથી બ્રાહ્મણકન્યા સાથે લગ્ન ન કરાય તેમ કહીને મને તરછોડીને ચાલ્યો ગયો હતો. દેવયાનીનો જૂનો

પ્રેમ તાજો થઈ ગયો. ખરેખર તો પ્રેમ કદી જૂનો થતો જ નથી. તે હંમેશાં તાજો જ રહે છે. એવું બને કે તેને ગ્રહણ લાગી જાય. ગ્રહણ લાગવાથી ચંદ્ર કે સૂરજ નષ્ટ થતા નથી. ગ્રહણ છૂટતાં જ તે બમણી રોશનીથી ચમકવા લાગે છે. દેવયાનીનો પ્રેમ પ્રજ્વળી ઊઠ્યો. ફરી પાછી તે યયાતિને પોતાનો સ્વીકાર કરવા વિનંતી કરવા લાગી. તેણે કહ્યું કે "જે હાથ તમે પકડ્યો છે તેને હવે બીજો કોઈ પુરુષ પકડી શકશે નહિ. માટે મારો સ્વીકાર કરો." યયાતિ અસમંજસમાં પડી ગયો. ફરી પાછું એ જ બહાનું આગળ ધર્યું કે હું ક્ષત્રિય અને તમે બ્રાહ્મણ. આપણાં લગ્ન ન થઈ શકે. મને પાપ લાગે. છેવટે દેવયાનીએ પિતા શુક્રાચાર્યને બોલાવ્યા. પિતા સમજુ હતા. તેમણે યયાતિને સમજાવીને કહ્યું કે મારી સંમતિથી આ લગ્ન થાય છે માટે તમને પાપ નહિ લાગે. તમે નિશ્ચિંત થઈને દેવયાની સાથે લગ્ન કરો. અંતે યયાતિએ દેવયાની સાથે લગ્ન કર્યાં. તેની સાથે શર્મિષ્ઠા તથા હજાર દાસીઓને લઈને યયાતિ પોતાને નગર ગયો. જતાં પહેલાં શુક્રાચાર્યે, યયાતિ પાસે વચન માગ્યું કે તે કદી શર્મિષ્ઠાને એકાન્તમાં મળશે નહિ અને તેને પત્ની બનાવશે નહિ. યયાતિએ વચન આપ્યું. યયાતિના દ્વારા દેવયાનીને એક પુત્રની પ્રાપ્તિ થઈ, યયાતિ અને દેવયાની રાજી રાજી થઈ ગયાં.

આ સમયે શર્મિષ્ઠા રજસ્વલા થઈ. તેને પણ પતિની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. એક વાર યયાતિ અને શર્મિષ્ઠા એકાંતમાં મળી ગયાં, શર્મિષ્ઠાના જ પ્રયત્નોથી રાજા તેના તરફ ઢળી પડ્યો. શર્મિષ્ઠાએ ગર્ભ ધારણ કરી લીધો. કામેચ્છુક સ્ત્રી ગમેતેવા પુરુષને ધારે તો પછાડી શકે છે. રાજાએ તેને બહુ સમજાવી પણ તે ન રોકાઈ અને તે પણ તેની પત્ની થઈ ગઈ. પેલી દાસીઓ પણ પત્નીઓ થઈ ગઈ. શાસ્ત્રનાં પ્રમાણો જ્યારે જે તરફ જોઈએ તે તરફ મળી રહે છે. શર્મિષ્ઠાએ ઘણાં પ્રમાણ આપીને સિદ્ધ કર્યું કે તમે મારા પણ પતિ છો.

અપમાનનો બદલો લેવા દેવયાનીએ જે શર્મિષ્ઠાને દાસી બનાવી હતી તે જ શર્મિષ્ઠાએ દેવયાનીનો ફરી બદલો લઈ લીધો. સ્ત્રીના સોહાગને પડાવી લેવો કે તેમાં ભાગ પડાવવો તેનાથી મોટો કોઈ બદલો ન હોઈ શકે. જો દેવયાની દાસી તરીકે શર્મિષ્ઠાને સાથે ન લાવી હોત તો આ દિવસો ન આવત. પણ એટલી બુદ્ધિ લાવવી ક્યાંથી? સ્ત્રીઓ પ્રશ્નો ઊભા કરે છે, પ્રશ્નો ઉકેલતી નથી. પોતાના જ ઊભા કરેલા પ્રશ્નોમાં તે ફસાય છે અને પછી દુ:ખી થાય છે અને દુ:ખી કરે છે. પ્રશ્નો વિનાની સ્ત્રી હોતી જ નથી.

જ્યારે દેવયાનીને ખબર પડી કે શર્મિષ્ઠા તેની શોક થઈ ગઈ છે અને તેને પણ પુત્ર થયો છે તો તે રીસની મારી યયાતિનું ઘર છોડીને પિતા શુક્રાચાર્યના ઘરે ચાલી ગઈ. સ્ત્રીને બે ઘર હોવાં જોઈએ. એક પતિનું અને બીજું બાપનું. પતિનું ઘર સુખ મેળવવા માટે હોય છે, પણ પતિનું ઘર જ્યારે દુ:ખ દેનારું બને ત્યારે બીજું ઘર આશ્વાસન મેળવનારું હોય છે. તે છે પિતાનું ઘર. જેને પિતાનું ઘર (પિયર) ન હોય તે અડધી અનાથ છે. તે રિસાઈને ક્યાં જાય? ક્યાં જઈને આશ્વાસન મેળવે? કોણ તેને સંઘરે? રોતીકકળતી દેવયાનીની વાત સાંભળીને પિતા શુક્રાચાર્ય યયાતિ ઉપર કોપિત થયા. તેણે વચનભંગ કર્યો હતો. શુક્રાચાર્યે તેને શાપ આપ્યો: "જા દુષ્ટ, વૃદ્ધ થઈ જા. તેં તારી જુવાનીને સાચવી નહિ. એટલે હવે પૌરુષ વિનાનો નપુંસક જેવો થઈ જા!" યયાતિ તરત જ તેવો થઈ ગયો. શરીર જીર્ણ અને ઇન્દ્રિયો ઢીલી થઈ ગઈ. ભોગો ભોગવી શકાતા નથી પણ લાલસા તો વધી ગઈ છે. જેમ જેમ જુવાન થવાના પ્રયત્નો કર્યા તેમ તેમ વધુ ને વધુ વૃદ્ધાવસ્થા ઘેરતી થઈ. ભોગી માણસ એટલો દુ:ખી નથી હોતો જેટલો તીવ્ર લાલસા હોવા છતાં ભોગસામર્થ્ય ન હોવાથી ભોગો ન ભોગવી શકનારો દુ:ખી હોય છે. અંતે શુક્રાચાર્યે કહ્યું કે "જા, જો તને કોઈ પોતાની જુવાની આપીને તારી વૃદ્ધાવસ્થા સ્વીકાર કરશે તો

તું ફરીથી યુવાન થઈ જઈશ.” પિતાની પીડા દૂર કરવા યયાતિના પુત્રે જ પોતાની યુવાની પિતાને આપી અને પોતે તેનું વૃદ્ધત્વ સ્વીકાર્યું. કદાચ ત્યારે આવું યૌવન પરિવર્તન ઓપરેશન થઈ શકતું હશે. હજી આજે તો આવું થઈ શકતું નથી, કદાચ આવનારાં વર્ષોમાં આવું થાય તો નવાઈ નહિ! ત્યારે બજારમાં જુવાની વેચાતી હશે.

જે પુત્ર પુરુએ પિતાની વૃદ્ધાવસ્થા સ્વીકારી તેને રાજગાદી સોંપી, પુત્રની જવાની દ્વારા ઘણાં વર્ષો સુધી ભોગો ભોગવી, અંતે ભોગોથી ગ્લાનિ થવાથી યયાતિ વનમાં ચાલ્યો ગયો અને શેષ જીવન તપસ્યામાં વિતાવ્યું.

આ કથામાં કેટલા બધા બોધપાઠ છે? લેવાય તેટલા લઈ શકાય.

1-12-09

*

12. મત્સ્યગંધા

પ્રવૃત્તિનું પ્રેરકબળ ઇચ્છા છે. ઇચ્છા જ ન હોય તો પ્રવૃત્તિ પણ ન હોય. ઇચ્છા એ દુઃખનું મૂળ નહિ પણ જીવનનો મૂલાધાર છે. ઇચ્છાના આધારે જીવન ટક્યું છે. ઇચ્છાઓ કેમ થાય છે? તેનાં ત્રણ પ્રેરકબળો છે: (1) આવેગો, (2) લાગણીઓ અને (3) સ્વાર્થવૃત્તિ. આવેગો અને લાગણીઓ કુદરતી છે. તેને બેફામ બનાવી શકાય છે. બેફામ થયેલા આવેગો અને તીવ્ર થયેલી લાગણીઓ મહાઅનર્થ કરી શકે છે. એટલે તેના ઉપર નિયંત્રણ કરવું એ સંયમ છે. અગ્નિને ઓલવી નાખવાનો નથી તેમ જ તેના ભડકા પણ કરવાના નથી. તેને યથાયોગ્ય પ્રજ્વલિત રાખીને કામ કરી લેવાનું છે. આવું જ સ્વાર્થવૃત્તિથી થનારી પ્રવૃત્તિઓ વ્યક્તિને અધમાધમ બનાવી શકે છે. તેને પરમાર્થવૃત્તિમાં રૂપાંતર કરવાથી વ્યક્તિ મહાનથી અતિમહાન્ થઈ શકે છે. આ જીવનસાધના છે.

કેટલીક વાર આવેગો ભડકી ઊઠતા હોય છે. આમાં મહાપુરુષો પણ અપવાદ નથી. સૌથી પ્રબળ આવેગ "કામ"નો છે. કામ વ્યક્તિને આંધળો બનાવે છે. ઘણા અનર્થો સર્જે છે. ડહાપણનો દીવો ઓલવાઈ જાય એ જ મોટો અંધાપો છે.

એક વાર એવું બન્યું કે મહર્ષિ પરાશરને આશ્રમે આવતાં મોડું થઈ ગયું. નદીની પેલી પાર આશ્રમ છે. ત્યારે નદી ઉપર પુલ ન હતા. લોકો નાવો દ્વારા નદી પાર કરતા હતા. ખારવાની વસતી નદીકિનારે રહેતી તે માછલાં મારવા તથા નાવસંચાલનનું કામ કરીને ગુજરાન ચલાવતી હતી. આખો દિવસ મહેનત કરીને હવે સૂર્યાસ્ત સમયે સૌકોઈ પોત-પોતાની નાવો કિનારે બાંધીને પોતપોતાના ઝૂપડા તરફ જઈ ચૂક્યા હતા. કિનારો સૂમસામ હતો તેવામાં પરાશર આવીને નદીકિનારે ઊભા રહી ગયા. "છે કોઈ મને નદીને પેલે કિનારે લઈ જાઓ" તેમણે બૂમ પાડી. જીવનને બને ત્યાં સુધી લેટ ના ચલાવવું. ઘણા લોકો હંમેશાં બધાં જ કામોમાં લેટ જ ચાલતા હોય છે. તે કદી સમયસર ચાલતા નથી. લેટ ચાલનારા પોતે તો દુઃખી થતા જ હોય છે. સાથેના સાથીદારોને પણ દુઃખી કરતા હોય છે. તે બધું આયોજન બગાડી નાખતા હોય છે. સમયબદ્ધતા એ જીવનનું પ્રથમ ઘડતર છે. જે સમયબદ્ધ નથી તે અણઘડ માણસ છે. લેટલતીફ થયા કરવું એ મોટી કુટેવ કહેવાય.

મુનિએ બેત્રણ વાર બૂમો પાડી "કોઈ મને પેલે કિનારે લઈ જાઓ ભાઈ, બહુ જરૂરી કામ છે!" તેમની બૂમ સાંભળીને એક માછીમાર ઝૂંપડા બહાર નીકળ્યો. "અરે, આ તો પરાશર ઋષિ છે. પરિચિત છે. ઘણી વાર આવજા કરે છે. આમને તો પેલે કિનારે પહોંચાડવા જ જોઈએ!" બે આંખોની શરમ રાખનારા માણસો સજ્જનતા વિનાના નથી હોતા. તેણે બૂમ પાડી, "અરે મત્સ્યગંધા, જા, જા, જલ્દીથી આ મુનિને પેલે પાર ઉતારી આવ." માછીમારને મત્સ્યગંધા નામની કન્યા છે, જે હવે યુવાન થઈ ચૂકી છે. તેના શરીરમાંથી માછલી જેવી વાસ આવતી હોવાથી તેનું નામ મત્સ્યગંધા પાડ્યું છે. દુર્ગંધના કારણે લોકો તેનાથી દૂર રહે છે. નીરોગી શિશુ અને ખીલેલી જુવાની શરીરમાંથી સહજ સુગંધ ફેલાવતાં હોય છે. તેની જગ્યાએ મત્સ્યગંધાનું શરીર દુર્ગંધ ફેલાવે છે. જેનું શરીર, આરોગ્યથી ભરપૂર છે તેને અત્તર-સેન્ટ લગાડવાની જરૂર નથી. શરીર પોતે જ અત્તર જેવું છે. અને બીમાર શરીર ઉપર ગમે તેટલું અત્તર પાવડર લગાડો તે મડદા ઉપર લગાડવા જેવું. શરીરની ચમક પાવડરથી નહિ હિમોગ્લોબીનથી આવતી હોય છે. અકુદરતી જીવન જીવનારા, લાંબા લાંબા ઉપવાસો કરનારા હિમોગ્લોબીન ખોઈ બેસતા

હોય છે. તેમના આવેગો કઠોરતાથી દબાવી દેવાના ચક્કરમાં અકુદરતી માર્ગે વળી જાય છે. અને વીતરાગ થવાની ભ્રમણામાં લાગણીહીન થઈ જવાથી ન તો લાગણી પામી શકતા હોય છે ન લાગણી ઢોળી શકતા હોય છે. લાગણી જેવું ટોનિક ખોઇને તે તેજોહીન ડાચાં બનાવી બેસતા હોય છે.

મત્સ્યગંધા ચમકી રહી છે. “આવી બાપુ” કહીને ઝટ દઈને તેણે નાવ સંભાળી લીધી. આખો દિવસ તે આજ કામ કરતી રહે છે. પાછલી જિંદગીમાં આજ્ઞાકારી સંતાન હોવાં બહુ મોટા પુણ્યનું જ પરિણામ સમજવું જોઈએ. માછીમાર ગરીબ છે, પણ તેનાં સંતાન અને પત્ની આજ્ઞાપાલક છે તેથી તે ધન્યતા અનુભવે છે. સામો જવાબ આપનાર પત્ની અને સંતાનો વૃદ્ધાવસ્થામાં વગરઅગ્નિએ બાપને બાળે છે.

મત્સ્યગંધા તો ઋષિને બેસાડીને ઝટઝટ નાવને પેલા કિનારા તરફ ચલાવવા લાગી. નૌચાલન કરતી વખતે ચાલક ઊંધો બેસે છે. અર્થાત્ જે દિશા તરફ જવું હોય છે તેની વિપરીત માથું રાખતો હોય છે અને પ્રવાસી સીધો બેસતો હોય છે. જેથી બન્ને આમનેસામને થઈ જતાં હોય છે. નૌચાલનની પ્રક્રિયામાં વારંવાર હલેસાંને પાછળ કરીને જોરથી આગળ ખેંચવાનું હોય છે. જેથી નાવ આગળ વધતી રહે છે. મત્સ્યગંધા આવી પ્રક્રિયા કરી રહી છે. તેનું ફાટફાટ થતું જોબન વારંવાર આગળ ઊભરે છે અને પછી પાછું સંતાઈ જાય છે. ઇચ્છવા ન છતાં પણ મુનિ આ દૃશ્ય જોવાનું રોકી શકતા નથી. કઠોર સંયમ પાળનારા સાધકોને આવાં દૃશ્યો જોવાની જેટલી લાલસા રહે છે તેટલી ભોગીઓને નથી રહેતી. ભોગીઓ માટે આ નવી વસ્તુ નથી. રોજની વસ્તુ છે. જેમ જેમ મુનિ આ દૃશ્ય જોતા ગયા તેમ તેમ ભાન ભૂલતા ગયા. સંયમી પુરુષ માટે સ્ત્રીને “દૃષ્ટિવિષા નારી” બનાવી છે. અર્થાત્ જોવા માત્રથી ઝેર ચઢાવનારી કહી છે.

બીજી તરફ મત્સ્યગંધા પણ ક્યારનીય મુનિની નજરને પારખી રહી છે. સ્ત્રી નજરપારખુ હોય છે. તેને સમજતાં વાર નથી લાગતી. બાકીનાં ક્ષેત્રોમાં તે ગમેતેટલી અબુધ હોય પણ નજરને પારખવામાં તો તે વગરભણ્યે પણ વિદુષી હોય છે. મત્સ્યગંધાને મુનિની નજર ગમવા લાગી. તેની પાસે ભરપૂર જુવાની હોવા છતાં પણ દુર્ગંધના કારણે તે સૌથી ઉપેક્ષિત હતી. ઉપેક્ષિત કન્યા વિહ્વળ થઈ જાય. જે કન્યાની પાછળ અનેક યુવાનો ગાંડા થઈને ફરતા હોય છે તેનામાં મગરૂરી આવે. પણ જેના તરફ કોઇ જોવાય તૈયાર ન હોય તેનામાં લઘુતાગ્રંથિ આવી જાય. લઘુતાગ્રંથિ લાંબા ગાળે ડિપ્રેશન પેદા કરે. “હું કાંઇ નથી” તેવો ભાવ પેદા થાય. આવી કન્યાને ચાહનારો જો કોઈ મળી રહે અને તેપણ સમર્થ ઋષિ જેવો તો તો તે ધન્યતા જ અનુભવે. નાવ બરાબર નદીની મધ્યમાં આવી છે. આવેગની પ્રચંડ આંધીએ મુનિને ઊભા કરી દીધા અને તે મત્સ્યગંધા તરફ ગયા. મત્સ્યગંધા સમજી ગઈ. તેણે મુનિને રોકવાનું ઘણું નાટક કર્યું. પરમેશ્વરે સ્ત્રીને શરમ આપી છે. આ શરમ તેને નિર્લજ્જ થતાં રોકે છે. કામક્ષેત્રમાં આક્રમક પુરુષ સારો લાગે, પણ આક્રમક સ્ત્રી ભૂંડી લાગે. પુરુષમાં આક્રમકતા ન હોય તો નમાલાપણાની શંકા ઉત્પન્ન થાય. પણ જો સ્ત્રી આક્રમક બને તો પોતાનું આકર્ષણ ખોઈ બેસે. આક્રમક સ્ત્રીથી પુરુષ દૂર ભાગવા પ્રયત્ન કરે. અંતે જે થવાનું હતું તે થઈને રહ્યું. કુદરત લગ્નની કે વિધિવિધાનોની રાહ જોતી નથી. મુનિએ હાશકારો અનુભવ્યો અને મત્સ્યગંધાને ત્રણ આશીર્વાદ આપ્યા.

1. નવખંડમાં તારું નામ ઉજ્જવળ કરે તેવો તને પુત્ર થશે.

2. તારી દુર્ગંધ મટી જશે અને તું યોજનગંધા થઈ જઈશ.

3. તારું કૌમાર્ય પાછું આવી જશે.

મત્સ્યગંધાને મહર્ષિ વ્યાસ જેવો પુત્ર થયો. વ્યાસજીને શુદ્ધ બ્રાહ્મણ ન કહી શકાય. કારણ કે બાપ તો બ્રાહ્મણ છે પણ મા માછીમાર—ખારવણ છે. તોપણ તે હિન્દુ ધર્મમાં સર્વોચ્ચ ઋષિ છે. તેમણે જેટલું રચ્યું છે તેટલું બીજા કોઈએ રચ્યું નથી. “વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વમ્” એવી કહેવત પડી છે. અર્થાત્ જગતમાં જે કાંઈ સાહિત્ય છે તે બધું વ્યાસજીનો જ એંઠવાડ છે.

મત્સ્યગંધા હવે યોજનગંધા થઈ ગઈ. એક યોજન સુધી તેના શરીરમાંથી સુગંધ પ્રસરવા લાગી અને તે ફરી પાછી કુમારી થઈ ગઈ. તે રાજરાણી થઈ અને પાંડવવંશની માતા બની.

શું આ માત્ર આવેગોનું જ પરિણામ હતું કે પછી દૈવનિર્ધારિત ઘટના હતી? જે હોય તે પણ કાંઈક થયું તો ખરું જ. સારું માનો તો સારું અને ખોટું માનો તો ખોટું. પણ કાંઈક થયું ખરું. મત્સ્યગંધા પછી સત્યવતી થઈ. તેના જ નિમિત્તે ભીષ્મે મહાપ્રતિજ્ઞા કરી. તે ચિત્રાંગદ અને વિચિત્રવીર્યની માતા બની. જો તે મત્સ્યગંધામાંથી યોજનગંધા ન થઈ હોત તો શાંતનુ રાજાની પત્ની ન થઈ હોત. તો તે મહારાણી ન થઈ હોત. તો તે જીવનભર નાવ ચલાવવાનું કામ કરતી હોત. તો તે વ્યાસની માતા ન થઈ હોત. કર્મની ગતિ ગહન છે. શું કહી શકાય?

શકુંતલા, વ્યાસ, વિવાહિત પત્નીથી થયેલાં સંતાન નથી. મેનકા અને વિશ્વામિત્રનો સંબંધ અવિવાહિત હતો, તેવો જ પરાશર અને મત્સ્યગંધાનો સંબંધ પણ અવિવાહિત હતો. એક રીતે આ કુંવારી માતાઓનાં સંતાન હતાં. તે પણ વિશ્વામિત્ર અને પરાશરે પિતા તરીકે પોતાનું નામ છુપાવ્યું નથી. તે લોકપ્રસિદ્ધ પિતા થયા હતા. સમાજે પણ તેમને અને કુમારી સંતાનને સ્વીકારી લીધાં હતાં. એટલું જ નહિ બન્ને અનિંદિત થઈને ઉચ્ચ સ્થાને પહોંચ્યાં હતાં. કેટલો ઉદાર હશે એ સમાજ!

2-12-09

*

13. હિડિમ્બા

રાજકારણ કદી ખટપટ વિનાનું હોતું નથી. પાંડુરાજાના અવસાન પછી ધૃતરાષ્ટ્ર રાજા બન્યા, પણ પોતે આંધળા હોવાથી પાંડુપુત્ર યુધિષ્ઠિરને યુવરાજપદ આપીને રાજવહીવટ તેમને સોંપ્યો. ઘણી વાર રાજા કોઈ હોય અને વહીવટ કોઈ બીજો જ કરતો હોય. ખરો રાજા તો તે જ કહેવાય જેના હાથમાં વહીવટ હોય. વહીવટની સત્તા વિનાનો રાજા રબરસ્ટેમ્પ કહેવાય. યુધિષ્ઠિરનું યુવરાજપદ સૌ પ્રજાજનોને ગમી ગયું. રાજા, પ્રજાપ્રિય પણ હોવો જરૂરી છે. પ્રજાદ્વેષી રાજા, ક્રૂર થઈ જતો હોય છે. કારણ કે પ્રજાના દ્વેષને દબાવવા તેની પાસે દંડ સિવાય બીજો માર્ગ બાકી નથી રહેતો. જેમ જેમ તે દંડ આપતો જાય તેમ તેમ પ્રજા વધુ ને વધુ વિરોધી થતી જાય. અંતે રાજા ક્રૂર થઈ જાય અને તેનું પતન થઈ જાય. એટલે રાજા માત્ર દંડના જોરે રાજ ન કરી શકે. તેનું ખરું જોર તો પ્રજાપ્રેમ જ હોય છે. એટલે તો રાજાને પ્રજાવત્સલ કહ્યો છે. યુધિષ્ઠિરનું યુવરાજપદ સૌ નગરજનોએ વધાવી લીધું. પણ દુર્યોધનને આ ન ગમ્યું. કારણ કે યુવરાજપદનો તે પણ દાવેદાર હતો અને તેને તીવ્ર લાલસા હતી. બસ, ખટપટો શરૂ થઈ ગઈ. દુર્યોધને પિતા ધૃતરાષ્ટ્રને યુક્તિપ્રયુક્તિથી અનેક પ્રકારે સમજાવ્યા અને પાંચે પાંડવો તથા કુંતીને વારણાવત મોકલાવી દીધાં.

વારણાવતમાં વૅકેશન વિતાવવા અને આમોદ-પ્રમોદ કરવાના બહાને પાંડવોને લાક્ષાગૃહમાં ઉતારો આપ્યો. રાજા કે રાજકુમારોએ અજાણ્યા ઉતારામાં રહેવાય નહિ, પણ ભાઈ પર અવિશ્વાસ પણ કરાય નહિ. ખરેખર તો રાજકારણમાં કોઈ કોઈનો ભાઈ હોતો નથી. ચાણક્ય તો કહે છે કે ભાઈ જન્મજાત શત્રુ હોય છે. કારણ કે તે રાજ્યનો દાવેદાર હોય છે. ભવ્ય લાક્ષાગૃહની સગવડો અપરંપાર છે. કુશળ રાજનેતામાં સગવડોની અંદર છુપાયેલાં ષડ્યંત્રોને જોવાની પણ ક્ષમતા હોવી જરૂરી છે. માત્ર સગવડમોહી નેતા કોઈ કામ કઢાવનારનો શિકાર થઈ શકે છે.

વ્યક્તિનો સૌથી મોટો મિત્ર તેના સદ્ગુણો છે. તેનું મોરલ અને આદર્શ તેના મિત્રો બની જતા હોય છે. પાંડવો સદ્ગુણી છે એટલે ખટપટિયા રાજકારણમાં પણ તેમના કાકા વિદુર ગુપ્ત રીતે તેમની પડખે છે. રાજકારણમાં વ્યક્તિનાં બે વ્યક્તિત્વો હોય છે. એક પ્રગટ અને બીજું ગુપ્ત. જેને આવાં બે વ્યક્તિત્વ રાખતાં ન આવડે તે સાચો મુત્સદ્દી ન થઈ શકે. વિદુરનું પ્રગટ વ્યક્તિત્વ તો દુર્યોધન તરફી છે. પણ તેનું ગુપ્ત વ્યક્તિત્વ પાંડવો તરફ છે. વિદુરને દુર્યોધનના ષડ્યંત્રની ગંધ આવી ગઈ. જેને કશી ગંધ જ ન આવે તે ભોળો અથવા ભોટ છે. તે રાજનેતા થવાને લાયક નથી હોતો. આજુબાજુ શું રંધાઈ રહ્યું છે તેની ગંધ આવવી જ જોઈએ. રાજા એ કાંઈ સંત નથી. વિદુરે તરત જ વારણાવતમાં પોતાનાં ગુપ્ત માણસોને મોકલી દીધાં અને લાક્ષાગૃહમાંથી ભાગી છૂટવાની સુરંગ બનાવવાના કાર્યમાં લગાવી દીધાં. મોકો જોઈને જ્યારે દુર્યોધને લાક્ષાગૃહને આગ લગાડી દીધી અને બધા દરવાજા બંધ કરાવી દીધા ત્યારે બધા પાંડવો ગૂંગળાવા લાગ્યા. હવે મૃત્યુ નજીક જ છે… તેવા સમયે સહદેવે ગુપ્તમાર્ગ શોધી કાઢ્યો અને ભીમ બધાને લઈને ગુપ્તમાર્ગથી બહાર નદી તરફ નીકળી ગયો. નાવમાં બેસીને બધાં ભાગી છૂટ્યાં. રાજકારણમાં ભાગી છૂટવું એ પણ કુશળતાનું અંગ છે, જેમ શિવાજી મહારાજ, ભાગતાં ભાગતાં પાંચ પાંડવો અને કુંતીમાતા એક ગાઢ વનમાં પ્રવેશી ગયાં જ્યાં કોઈને ખબર ન પડે. આ બાજુ લાક્ષાગૃહની રાખમાં બધાં બળી મૂઆં છે તેવું માનીને દુર્યોધને દેખાવ ખાતર વિલાપ કરીને અંતિમ ક્રિયાકાંડ કરી દીધું.

ગાઢ વનમાં ચાલતાં ચાલતાં પાંડવો ભૂખતરસથી વ્યાકુળ થઈ ગયા. એક વૃક્ષ નીચે બધાંને બેસાડીને ભીમ પાણીની શોધમાં નીકળી પડ્યો.

આ વન હિડિમ્બ નામના રાક્ષસનું વન હતું. અહીં આવવાની કોઈ હિમ્મત ન કરતું. હિડિમ્બને જીવતા માણસનું માંસ ખાવાનો શોખ હતો. તેથી કોઈ માણસ તેની નજરે ચઢતાં જ તે તેને નોંચીનોંચીને તેનું માંસ ખાઈ જતો. હિડિમ્બને એક બહેન હતી, તેનું નામ હિડિમ્બા હતું. તે પણ ભાઈ જેવી જ હતી. હિડિમ્બને દૂરથી માણસની ગંધ આવી જતી હતી. આજે પણ લગભગ પ્રત્યેક નગરમાં કેટલાક મહોલ્લા રાક્ષસીવૃત્તિના લોકોના હોય છે. ધોળા દિવસે પણ લોકોને તેવા મહોલ્લામાં જતાં ભય લાગતો હોય છે. કદાચ કોઈ ભૂલેચૂકે તેમાં પેસી જાય તો તેનું તો આવી જ બને. કોઈ સ્ત્રી સલામત ન રહે. રાક્ષસીવૃત્તિના લોકો વિશ્વભરમાં વસે છે. કોઈ સમર્થ સમાજ લોકોને તેમનાથી બચાવી શકે.

હિડિમ્બ બોલવા લાગ્યો. "માણસ ગંધાય માણસ ખાઉં" અને અહા, આજે તો એક નહિ પાંચ પાંચ માણસોનો શિકાર હાથમાં આવ્યો છે. તે તો રાજી રાજી થઈ ગયો. તેણે પોતાની બહેન હિડિમ્બાને આદેશ કર્યો: "જા પાંચેને મારીને મારી પાસે લઈ આવ." હિડિમ્બા ચાલી. પણ આ શું! સામે જ ભીમ મળી ગયો. હજી તે પોતાના ભાઈઓથી થોડું જ ચાલ્યો હતો. ભીમનું રૂપ અને બળ જોતાં જ તે મોહિત થઈ ગઈ. તુલસીદાસજીએ કહ્યું છે કે

"પુરુષ મનોહર નિરખત નારી,
હોહીં વિકલ સક મન હિ ન રોકી"

હિડિમ્બા કુંવારી છે, તેનો સમય વીતી ગયો છે. હજી પતિ મળ્યો નથી. પતિ વિનાની લાંબા સમયથી અભોગ્યા રહેલી સ્ત્રી ક્યારે કોના ઉપર ઢળી પડે તે કહેવાય નહિ. ઢળી પડેલી સ્ત્રી ફરીથી પોતાની જાતે ઊભી ન થઈ શકે. તેને ઢળતાં તો આવડે છે; ઊભાં થતાં નથી આવડતું. આ તેની લાચારી છે. તેનો દુરુપયોગ લુચ્ચા-લફંગા લોકો ક્યારે કરી બેસે તે કહેવાય નહિ, એટલે ડાહ્યા વડીલોએ તેને મક્કમ ઊભાં રહેતાં અને જલદી ન ઢળી પડતાં શિખવાડવું જોઈએ. ધાર્મિક સંસ્કારો કામ આવી શકે. સ્વચ્છંદી ભટકતી સ્ત્રીઓને મજબૂત મક્કમતા નથી હોતી. તે બહુ જલદી શિકાર થઈ જતી હોય છે. હિડિમ્બા બહુરૂપ ધારણ કરી શકે છે. તરત જ તેણે રૂપરૂપનો અંબાર એવી ભદ્ર મહિલાનું રૂપ ધારણ કર્યું અને ભીમની પાસે જઈને હસીહસીને વાર્તાલાપ કરવા લાગી. સ્ત્રી લોહચુંબક છે અને પુરુષ ટાંકણી છે. લોહચુંબક ટાંકણીને નચાવે તેમ સ્ત્રી પુરુષને નચાવી શકે છે. હા, જે પુરુષો લોઢાની ટાંકણી જેવા નથી હોતા પણ સોના-ચાંદી જેવી ધાતુઓના હોય છે તે નથી નાચતા. ભીમ એવો જ છે. તે જરાય ન નાચ્યો. હિડિમ્બાએ સીધો પ્રસ્તાવ મૂકી દીધો. "મેં તમને પતિ તરીકે સ્વીકારી લીધા છે. હવે તમે મારો પત્ની તરીકે સ્વીકાર કરો."

પ્રેમમાં ઘણું આગળ વધી ગયા પછી પ્રેમી કહે કે "હું તો માત્ર રોમાન્સ ખાતર જ પ્રેમ કરતો હતો. મારે લગ્ન નથી કરવાં" કહેતાં લગ્નેચ્છુક સ્ત્રી ઉપર આકાશ તૂટી પડે. કારણ કે ત્યાં સુધી તો તે બિચારી સગર્ભા થઈ ગઈ હોય છે. પ્રેમના નામે સ્ત્રીઓને લૂંટનારા બહુ જલદી કામાચાર કરી લેતા હોય છે. કારણ કે એ જ તેમનો હેતુ હોય છે. પછી ભાગતા હોય છે. પેલી ખાનદાન ઘરની કન્યાની દશા અત્યંત કરુણ થઈ જતી હોય છે. તેને ડબલ આત્મહત્યા કરવી પડતી હોય છે. એક તો પતિને ખોઈ બેસવાની અને બીજી આબરૂ ખોઈ બેસવાની. કલંકમૃત્યુ જ તેના હાથમાં આવતું હોય છે. એટલે જે લોકોએ સુખી થવું હોય તેણે લગ્ન પહેલાંના કામાચારને અટકાવવો જોઈએ. આવી ઉતાવળ કરનાર પાત્રને વિશ્વસનીય માનવું ન જોઈએ. સારું તો એ

છે કે લગ્ન કર્યા પછી જ પ્રેમ કરવો. જે વધુ સુરક્ષિત થઈ શકે છે.

હિડિમ્બા સ્પષ્ટ છે ને પ્રેમ કરે છે. પણ માત્ર પ્રેમ નહિ લગ્ન માટેનો પ્રેમ છે. લગ્ન માટેનો પ્રેમ એ કોઈ પાપ નથી. હિડિમ્બાનો પ્રસ્તાવ સાંભળીને ભીમ કહે છે કે "ના, ના, હું લગ્ન ના કરી શકું. કારણ કે હજી મારા મોટા ભાઈ કુંવારા છે. જ્યાં સુધી તે પરણે નહિ ત્યાં સુધી મારાથી પરણાય નહિ. નિર્દોષ મોટા ભાઈને પડતા મૂકીને નાનો ભાઈ પ્રથમ પરણી લે તો તેને "પરિવેત્તા" કહેવાય છે. તે પાપ કહેવાય. માટે મારાથી પરણાય નહિ." આવું ભીમે હિડિમ્બાને કહ્યું.

કેવી ઊલટી વાત થઈ ગઈ! જે હિડિમ્બાને પાંડવોને મારવા માટે તેના ભાઈ હિડિમ્બે મોકલી હતી તે ભીમને જોતાં જ ભાન ભૂલી ગઈ અને પાંડવોની થઈ ગઈ. ઘણી વાર ભાન ભૂલેલી સ્ત્રી શત્રુ પક્ષની પણ થઈ જતી હોય છે. મોહના અતિરેકમાં તે પોતાની જાતને રોકી શકતી નથી. હિડિમ્બાને વાર થયેલી જોતાં હિડિમ્બ રાક્ષસ પોતે ચઢી આવ્યો. તે હિડિમ્બાનું બદલાયેલું વલણ જોઈને તેના ઉપર કોપિત થઈ ગયો. પ્રથમ તો તેનું જ કામ પતાવવા દે. પોતાની સગી બહેન શત્રુ પક્ષમાં ભળી જાય તો ભાઈને કેવું લાગે? હિડિમ્બ હિડિમ્બા પર તૂટી પડ્યો. બધા સંબંધો શરતપૂર્વકના હોય છે. બહેન ખરી, પણ સારી રીતે રહે તો, નહિ તો, હત્યા કરી નાખે. પત્ની ખરી પણ સારી રીતે રહે તો નહિ તો કાં તો હત્યા કરી નાખે કાં પછી કાઢી મૂકે. શ્રદ્ધા અને લાગણીના સંબંધો જરાક શરત ચૂકતાં જ તૂટવા માંડતા હોય છે. અને આ ક્ષેત્રના તૂટેલા સંબંધોને ફરી પાછા હતા તેવા જોડી શકાતા નથી. કદાચ જોડાય તોપણ તેમાં ગાંઠ તો લાગી જ જાય. જે સંબંધો માત્ર શારીરિક, વ્યાપારિક કે વ્યાવહારિક હોય છે, તે જલદી તૂટતા નથી. કદાચ તૂટે તોપણ તેને સરળતાથી પાછા જોડી શકાય છે. હિડિમ્બા ઉપર તૂટી પડેલા તેના ભાઈ હિડિમ્બને ભીમે રોક્યો. અને પછી બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. ભીમનું પરાક્રમ જોઈને હિડિમ્બા વધુ ને વધુ મોહિત થવા લાગી. વીર સ્ત્રીઓ પરાક્રમપ્રિય હોય છે. પરાક્રમી પુરુષને તેઓ આપોઆપ વરણ કરી લે છે. પામર સ્ત્રીઓ પુરુષની લક્ષ્મીને જુએ છે. પૈસો જોઈને પતિનું વરણ કરે છે. વિદુષી સ્ત્રીઓ પુરુષની વિદ્વત્તાને જોઈને વરણ કરે છે. સૌસૌની વરણ કરવાની ફૂટપટ્ટી જુદી જુદી હોય છે. માત્ર વાસનાભોગી સ્ત્રીઓ સ્થિર કે સ્થાયી વરણ નથી કરતી. તે ગમે ત્યારે ગમે તેને વરણ કરે છે અને છોડી દે છે. આવી રીતે તે સેકન્ડ હેન્ડ, થર્ડહેન્ડ થયા કરે છે. તે વાસનાસુખ તો મેળવી શકે છે પણ પતિસુખ નથી મેળવી શકતી. કારણ કે પતિસુખ તો ફર્સ્ટહેન્ડને જ મળે છે.

અંતે ભીમે હિડિમ્બ રાક્ષસને મારી નાખ્યો. વનમાં જયજયકાર થઈ ગયો. હિડિમ્બના ત્રાસથી વનમાં ભારે ત્રાસ હતો તે મટી ગયો. ત્રાસ અને અત્યાચારોથી પ્રજાને મુક્તિ અપાવવી તેનાથી બીજું મોટું કોઈ પુણ્યકાર્ય નથી. આ કાર્ય માત્ર વીરપુરુષો પરાક્રમના દ્વારા જ કરી શકતા હોય છે.

પુત્રની વીરતા પર માતા કુન્તીજી પ્રસન્ન છે. હિડિમ્બાએ કુન્તીને પ્રાર્થના કરી: મને ભીમ સાથે પરણાવો. મેં તો તેમને પતિ તરીકે સ્વીકારી જ લીધા છે. તેમના વિના હું જીવી નહિ શકું. તે કુન્તીનાં ચરણોમાં ઢળી પડી. કુંતી તથા યુધિષ્ઠિરને તેના પર દયા આવી. બન્નેએ મળીને ભીમને સમજાવ્યો અને કેટલીક શરતોની સાથે ભીમ-હિડિમ્બાનાં લગ્ન થયાં. બન્નેનાં કુળ જુદાં જુદાં છે, છતાં આવાં લગ્ન સફળ થયાં. વડીલમાન્ય થયાં, સમાજમાન્ય થયાં, ધર્મમાન્ય થયાં, કેવો ઉદાર સમાજ હશે? ભીમ-હિડિમ્બાને એક પુત્ર થયો. તેનું નામ ઘટોત્કચ પડ્યું. મહાબળવાન પુત્ર યુદ્ધમાં કામ આવેલો, આપણે પણ આવા ઉદાર થઈએ.

3-12-09

*

14. બકાસુરવધ

જ્યારે પણ રાજશાસન દુર્બળ થતું હોય છે ત્યારે ગુંડાઓનું સમાંતર રાજ શરૂ થઈ જતું હોય છે. જેને આપણે આજે ગુંડા કહીએ છીએ તેને જ પ્રાચીન કાળમાં લોકો રાક્ષસ કહેતા હતા. પ્રજાજીવનમાં સૌથી વધુ કષ્ટકર સ્થિતિ ગુંડાઓના અત્યાચારથી થતી હોય છે. પ્રજા ભૂખ-તરસ સહન કરી શકે. અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ-ધરતીકંપ વગેરે બધું સહન કરી શકે, પણ જો રાજશાસન નમાલું થઈ જાય અને ગુંડાઓનું જોર વધી જાય તો તેમના અત્યાચારોને સહન કરવા બહુ જ કઠિન થઈ જાય.

લાક્ષાગૃહની આપત્તિથી બચીને વિદુરજીની સહાયતાથી નાવ દ્વારા ગંગાનદી પાર કરીને ગાઢ વનમાં સંતાવા માટે પહોંચી ગયા. ત્યાં હિડિમ્બ રાક્ષસ સાથે યુદ્ધ થયું અને ત્યાંથી હિડિમ્બાને પરણીને પાંડવો આગળ ચાલ્યા. હવે તેઓ એકચક્રા નગરીમાં પહોંચી ગયા હતા. અને એક દરિદ્ર બ્રાહ્મણના ત્યાં રહેવા લાગ્યા હતા. બ્રાહ્મણ-બ્રાહ્મણી અને તેનાં બે બાળકોનું નાનું કુટુંબ હતું. પણ ઘોર દરિદ્રતાના કારણે બધાં દુ:ખી હતાં. પાંડવો છુપાતા ફરતા હતા એટલે બ્રાહ્મણ થઈને બ્રાહ્મણના ત્યાં ઊતર્યા હતા. પાંડવો પણ દરિદ્ર જ હતા એટલે આજીવિકા માટે તેઓ પણ ભિક્ષાવૃત્તિ કરવા લાગ્યા. દરિદ્રોને દરિદ્રોના ત્યાં જ આશ્રય મળતો હોય છે. શ્રીમંતોની હવેલીઓ તો માત્ર શ્રીમંતો માટે જ ઉતારો થતી હોય છે. તે એટલે સુધી કે શ્રીમંત ધર્મસ્થાનોમાં પણ શ્રીમંતોને જ જગ્યા મળતી હોય છે. દરિદ્રોને ત્યાં પણ જાકારાના ધક્કા જ મળતા હોય છે. દરિદ્રોને આશ્રય આપનાર દરિદ્ર ભક્તની ઝૂંપડીને નરસિંહ મહેતાએ એક ભજનમાં આવી રીતે ગાયું છે.

"ઊંચી મેડી તે મારા સંતની રે..."

ખરેખર જ્યાં દરિદ્રોને આશ્રય મળતો હોય તે ઝૂંપડી હોય તો પણ ઊંચી મેડી છે.

દરિદ્ર પાંડવો, દરિદ્ર બ્રાહ્મણના ત્યાં રહીને ભિક્ષાવૃત્તિ કરીને દિવસ પસાર કરતા હતા. જીવનમાં કોઈ કાળ એવો પણ આવતો હોય છે જેને તમારે ધીરજથી પસાર કરી દેવાનો હોય છે. તે કાયમી નથી હોતો પણ તેને ધીરજથી મૌનપૂર્વક પસાર કરી દેવો એ ડહાપણ થઈ જતું હોય છે. કર્મ કરવાનો પણ કાળ આવતો હોય છે. બધા કાળમાં બધા માણસો બધાં કર્મો ન કરી શકે. પાંડવો ભિક્ષાવૃત્તિ કરીને બ્રાહ્મણના ત્યાં સમય વિતાવી રહ્યા હતા.

એક રાત્રે બ્રાહ્મણ અને બ્રાહ્મણી વચ્ચે ઝઘડો થયો. તમે જ્યારે કોઈના અત્યંત સમીપમાં રહો ત્યારે તમને તેના જીવનનાં બધાં પાસાં જોવા મળે. આમ તો કોઈનાં બધાં પાસાં જોવાં સારાં નહિ. જે લોકો બીજાના જીવનનાં બધાં પાસાં જોવાની તાલાવેલી રાખતા હોય છે તે ખટપટિયા થઈ જતા હોય છે. ખટપટિયાને શાંતિ ન હોય, ના તે કોઈને શાંતિથી રહેવા દે. એટલે તે વહેલા-મોડા અળખો થઈને ફેંકાઈ જતો હોય છે. ફેંકાઈ ગયેલો માણસ છોતરા જેવો રગદોળાતો હોય છે. એટલે વગર જોઈતી તેવી તાલાવેલી ન રાખવી જ સારી કહેવાય. પણ વગર તાલાવેલીએ પણ કોઈની અંતરંગ મુસીબત આંખ આગળ આવી જાય તો આંખ ન મીંચી લેવાય. શક્ય તેટલા સહાયક થવા પ્રયત્ન કરવો જોઈએ. આ કર્તવ્ય છે.

બ્રાહ્મણ અને બ્રાહ્મણી ઝઘડી રહ્યાં હતાં. ખાવા-પીવા કે ધન-દોલત માટે નહિ, પણ પહેલું કોણ મરે તેના માટે. જે લોકો કહેતા ફરે છે કે દુનિયા માત્ર સ્વાર્થની જ સગી છે, તે અડધું જ

સત્ય બોલે છે. દુનિયા સ્વાર્થની તો સગી છે જ, પણ દુનિયા પરમાર્થની પણ સગી છે. ઘણાં લોકો બીજાના માટે જીવે છે અને બીજાના માટે મરે પણ છે. આ પણ દુનિયાનું જ રૂપ છે. વાત એમ હતી કે આ એકચક્રાનગરીની બહાર બકાસુર નામનો એક રાક્ષસ રહેતો હતો. તેની ગુંડાગીરીથી આખું નગર હેરાન-પરેશાન હતું. રોજ કેટલાયને મારી નાખતો અને ખાઈ જતો. ત્રાસી ગયેલા માણસોએ તેની સાથે સંધિ કરી હતી કે તેના આહાર માટે પ્રતિદિન નગરવાસીઓ જાતજાતના આહારની સાથે એક જીવતું માણસ પણ મોકલશે. આ સંધિ પ્રમાણે આવતી કાલે એક માણસ મોકલવાનો વારો આ બ્રાહ્મણપરિવારનો હતો. બ્રાહ્મણ કહેતો હતો કે હું જાઉં અને બ્રાહ્મણી કહેતી હતી કે ના હું જાઉં. મરવા માટેનો ઝઘડો હતો. જેમનું દામ્પત્ય સોળેકળાએ ખીલી ઊઠ્યું હોય છે તેવાં દંપતી એકબીજા માટે પ્રાણ આપતાં પણ અચકાતાં નથી. બન્ને એકબીજાને લાંબો સમય સમજાવતાં રહ્યાં કે પહેલાં મને મરવા દે. તું નહિ તું જીવતો રહે. આ પ્રેમની પરાકાષ્ઠા જ કહેવાય. અર્થપ્રધાન જીવન જીવતાં માણસો કદી પણ આવી પરાકાષ્ઠા અનુભવતાં નથી. તેમની રકઝક સાંભળીને કુંતીમાતા તેમના ઓરડામાં ગયાં અને બધી વાત જાણી. સજ્જન માણસો જ્યાં પણ જેવી પણ દશામાં રહેશે તે ઉપયોગી થવાનાં જ. કુંતીએ બન્નેને શાંત કર્યાં અને કહ્યું કે કાલે તમારામાંથી એકે નહિ જાય. મારો પુત્ર જશે. મારે પાંચ પુત્રો છે. એક ઓછો થયો તોય શું? અને આટલા દિવસથી અમે તમારે ત્યાં રહીએ છીએ. તે તમારા ઉપકારનો બદલો વાળવાનો આવો અવસર અમને ક્યારે મળશે?” સજ્જન માણસો બને ત્યાં સુધી કોઈનો ઉપકાર સ્વીકારતા નથી, પણ કદાચ પરિસ્થિતિવશ ઉપકાર સ્વીકારવો પડે તો તેનો બદલો વાળવાની તાકમાં રહે છે. નિમિત્ત મળતાં જ તે બદલો વાળીને હળવા થઈ જાય છે. આ સજ્જનોનો સહજ સ્વભાવ હોય છે. ઉપકારવૃત્તિ ઉપદેશથી નથી આવતી. તે જન્મજાત સ્વભાવમાં હોય છે. ઉપદેશથી આવેલું તત્ત્વ કાલિક હોય છે. થોડા કાળ પૂરતું જ રહેતું હોય છે. અંતે તો મૂળ સ્વભાવ જ સ્થાયી રહેતો હોય છે.

બ્રાહ્મણ દંપતીને સમજાવીને ભીમ પોતે જ રાક્ષસનો ભક્ષ્ય થવા વિદાય થયો. તે પોતાની સાથે શરત પ્રમાણે બીજી ભોજન સામગ્રી પણ લઈ ગયો. રાક્ષસના દેખતાં જ ભીમે ભોજન સામગ્રી પોતે જમી લીધી અને પછી રાક્ષસની સાથે મલ્લયુદ્ધ કરવા લાગ્યો. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. અંતે ભીમે બકાસુરને ઊભો ચીરી નાખ્યો. તેનાં બન્ને અંગોને દૂર દૂર ફેંકી દીધાં. બકાસુરના મરણથી વનના બધા રાક્ષસો ભયભીત થઈ ગયા અને વન છોડીને ભાગી ગયા. પૂરી પ્રજા રાજી રાજી થઈ ગઈ. રાક્ષસી અત્યાચારોથી મુક્તિ અપાવનાર ભીમની સૌ આરતી ઉતારવા લાગ્યાં. વીરપુત્રને જોઈને કુંતી તથા વીર ભાઈને જોઈને ચાર પાંડવો ગૌરવાન્વિત થઈ રહ્યા છે. મહાભારત તો પરાક્રમોની કથાનો ગ્રંથ છે. પરાક્રમથી પ્રશ્નો ઉકેલાય છે. ભીમે હંમેશાં પ્રશ્નો ઉકેલ્યા છે. ઘરઘરમાં ભીમની કથાઓ વંચાવી જોઈએ.

4-12-09

*

15. તપતીકથા

ઘણા મનુષ્યોને પોતાના કુળના મૂળની ખબર નથી હોતી. પ્રત્યેકનું મૂળ હોય છે. મૂળ ઉપરથી કુળ બનતું હોય છે. પ્રત્યેક કુળની કાંઇ ને કાંઈ વિશેષતા હોય છે. જેમ કે ગીરગાય, અલસેસિયન કૂતરો, માણકી ઘોડી. આ બધાં કુળવાચી નામો છે. પોતપોતાના કુળ સાથે નામ બોલવાનો રિવાજ હતો. કુળનામથી વ્યક્તિનો અડધો પરિચય મળી જતો હોય છે. કેટલાંક ઉત્તમ કુળ હોય છે. જેને કુળવાન કહી શકાય તેવાં માણસોમાં કાંઈક અભિજાતપણું રહેતું હોય છે. જો તેવા માણસોનો સંગ્રહ કર્યો હોય તો તે બહુ લાભદાયી થઈ શકે છે. ચાણક્ય કહે છે કે રાજાએ હંમેશાં કુળવાન માણસને મંત્રી બનાવવા. કુળવાન વ્યક્તિ હંમેશાં વફાદારીથી સાથ આપતા હોય છે. સાથીઓ માટે વફાદારીથી બીજો મોટો કોઈ ગુણ નથી. એટલે બને તો પ્રત્યેક વ્યક્તિએ પોતાના કુળની શોધ કરવી જોઈએ. તે માટે મૂળ સુધી જવું જરૂરી છે.

પાંડવો વનમાં વિચરી રહ્યા હતા તેવામાં તેમને વ્યાસજી મળી ગયા. ક્યાં જવું, શું કરવું તે કશું પાંડવોને સૂઝતું ન હતું, જીવનમાં કેટલીક વાર દિશાહીનતા પણ આવી જતી હોય છે. આવી દશામાં સમર્થ વ્યક્તિ પણ નિષ્ક્રિય થઈ જતો હોય છે. પાંડવોની પણ આવી જ દશા હતી. તેવામાં તેમને વ્યાસજી મળી ગયા. જેમાંથી જીવનની સાચી દિશા મળી જાય તેને દીક્ષા કહેવાય. વ્યાસજીએ પાંડવોને સાચી દિશા બતાવી, કહ્યું કે પાંચાલ દેશ ચાલ્યા જાઓ. જેણે અધોગતિમાંથી ઊગરવું હોય અને પ્રગતિ કરવી હોય તેણે દેશ બદલવો હિતાવહ છે. એકના એક દેશમાં પડ્યા રહેવાથી પ્રગતિ નથી થતી. પાંડવો અને કુંતીજી પાંચાલ દેશ તરફ ચાલી નીકળ્યાં. ચાલતાં ચાલતાં રાત પડી ચૂકી હતી તેથી મશાલ કરીને અર્જુન આગળ આગળ ચાલતો હતો. તેવામાં ગંગાનદી આવી. તેમાં અંગારપર્ણ નામનો ગંધર્વ પોતાની અપ્સરાઓ સાથે જળક્રીડા કરી રહ્યો હતો. પુરુષ, કામિની સ્ત્રીઓની સાથે સહજ રીતે ચગી ઊઠતો હોય છે, તેમાં પણ જો તે જળક્રીડા કરતો હોય તો તો ભાન જ ભૂલી જતો હોય છે. મશાલનું અજવાળું જોઈને ગંધર્વને થયું કે કોઈ અમારી જળક્રીડા જોવા આવી રહ્યું છે. તે જળમાંથી બહાર નીકળ્યો અને અત્યંત કોપાયમાન થઈને પાંડવોને ફટકારવા લાગ્યો. “અત્યારે રાત્રી છે. રાત્રીના સમયે અમને નિશાચરોને જ ભ્રમણ કરવાનો હક્ક છે. તમે મનુષ્યો છો. તમને આવો હક્ક નથી, તેમ છતાં તમે કેમ નિશાચર થઈને અમારી જળક્રીડા જોવા ફરી રહ્યાં છો?” ગંધર્વ બોલ્યો. અર્જુને તેને ઘણો સમજાવ્યો પણ તે ન માન્યો. પ્રણયક્રીડામાં વ્યસ્ત યુગલને કોઈ તાકીતાકીને જુએ કે પ્રણયમાં ભંગ પાડે તે સહ્ય નથી હોતું. ડાહ્યા માણસો તેમની મર્યાદા સાચવતા હોય છે. ભલે તે મર્યાદાવિહીન થઈ ગયાં હોય. અર્જુન અને ગંધર્વ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. છેવટે ગંધર્વ હાર્યો. તેને કેદ કર્યો. ગંધર્વની પત્ની કુંભીનસી આવી અને હાથ જોડીને પોતાના પતિને ક્ષમા આપવા તથા મુક્ત કરવા યાચના કરવા લાગી. યુધિષ્ઠિરની ઇચ્છાથી અર્જુને ગંધર્વને મુક્ત કર્યો. ગંધર્વ અને અર્જુન બન્ને મિત્રો થઈ ગયા. પરાજિત ગંધર્વે અર્જુનને ઘણું ઘણું આપ્યું. પણ તે વારંવાર “તપતીનંદન” એવું સંબોધન કરીને પાંડવોને બોલાવતો હતો, એટલે અર્જુનને જિજ્ઞાસા થઈ કે અમે તપતીનંદન કેવી રીતે થયા? અહીંથી પાંડવોના કુળની કથા શરૂ થાય છે. ગંધર્વ બોલ્યો: સાંભળો, તમે તપતીનંદન કેવી રીતે થયા તે કથા.

સૂર્યદેવને “તપતી” નામની એક અત્યંત તેજસ્વી અને રૂપાળી કન્યા હતી. યુવાવસ્થામાં પ્રવેશતાં જ સૂર્યદેવ તે કન્યા માટે વર શોધવા લાગ્યા. પણ ક્યાંય તપતીને યોગ્ય વર ન મળ્યો. બહુ રૂપાળી અને બહુ તેજસ્વી કન્યાના પિતાને સુખ નથી હોતું. ઉંમરલાયક થવા છતાં યોગ્ય વર ન

મળવાથી તે દુ:ખી રહ્યા કરે છે. બીજી તરફ કન્યાની ઉંમર કરતાં વધુ ઝડપથી તેની યુવાની વધે છે. યૌવનના હિલોળે હીંચકા ખાતી કન્યા ઉપર બધાની નજર બગડવા માંડે છે. કન્યાની મુગ્ધાવસ્થા ખરાખોટાને પારખી શકતી નથી તેથી પોતાની કન્યા કોઈ ઊંડા ખાડામાં ન પડી જાય તેની ચિંતામાં માતા-પિતા દુ:ખી રહેતાં હોય છે. મદે ચઢેલી કન્યાને બચાવવી બહુ જ અઘરું કામ છે. જો તે જાતે રક્ષિત રહે તો જ તેનું રક્ષણ થાય. એટલે તો યુવાની ઉપર વડીલોની રક્ષાનું કવચ હિતકારી થતું કહ્યું છે.

એક વાર એવું બન્યું કે રાજા સંવરણ વનમાં શિકાર કરવા નીકળ્યા હતા. હિંસક પશુની પાછળ પુરપાટ ઘોડો દોડાવવાથી, ઘોડો પડી ગયો. તેને તરસ લાગી હતી. તે તરફડીને મરી ગયો. રાજા સંવરણ એકલા જ રહી ગયા. તે પગે ચાલવા લાગ્યા. તેવામાં તેમની દૃષ્ટિ એક રૂપયૌવન ભરપૂર કન્યા ઉપર પડી. આજ સુધી તેણે આવી રૂપાળી કન્યા જોઈ ન હતી. તે કન્યાને જોતો જ રહી ગયો. જેમ જેમ તે જોતો ગયો તેમ તેમ વધુ ને વધુ મોહિત થતો ગયો. તેના અંગેઅંગમાં કામપીડા થવા લાગી. શાસ્ત્રોએ સ્ત્રીને "દૃષ્ટિવિષા નારી" કહી છે. અર્થાત્ જોવા માત્રથી ઝેર ચઢાવનારી. પોતાપણાનું ભાન ભૂલવું એ જ ઝેર છે. રાજાએ પેલી કન્યાને પોતાનો પરિચય આપવા કહ્યું કે તે કોણ છે! પણ કન્યા કશું બોલી નહિ ને ચૂપચાપ દેખતી રહી. બોલબોલ કરનારી સ્ત્રીઓ કરતાં ચૂપ રહેનારી સ્ત્રી વધુ પ્રભાવશાળી હોય છે. ખરેખર તો જ્યારે જીભ નથી બોલતી ત્યારે આખું શરીર બોલતું હોય છે. થોડી જ વારમાં તે વીજળીની માફક વાદળોમાં સંતાઈ ગઈ. અત્યંત મુગ્ધ થયેલો રાજા તેને શોધવા વનમાં ભટકવા લાગ્યો. પણ કન્યા ક્યાંય ન મળી. પ્રાપ્તિ અને વિયોગમાં પ્રેમ પળતો હોય છે. જે પ્રાપ્તિને વિયોગ હોય જ નહિ તે પ્રેમ ન રહેતાં વાસના થઈ જાય છે. સોનાને જેમ ભઠ્ઠી તપાવે તેમ વિયોગની ભઠ્ઠી પ્રેમને તપાવીને શુદ્ધ કરે છે. વિયોગ થતાં જ જે વિકલ્પને શોધે છે તે પ્રેમી નથી હોતાં, વાસનાનાકીડા હોય છે. તું નહિ તો તારી બહેન કે તારો ભાઈની વૃત્તિમાં પ્રેમગાથા નથી હોતી.

પેલી કન્યા વાદળોમાં છુપાઈ તો ગઈ હતી, પણ છુપાઈને સંવરણની હિલચાલ જોતી હતી. કન્યાનું મોટું આભૂષણ લજ્જા છે. કન્યાને જ્યાં પ્રેમ પ્રગટ થતાં તે આપોઆપ લજ્જા અનુભવે. તે આંખોને નીચી ઢાળી દે, માથું ઝુકાવી દે, વાત ન કરી શકે, આડું જુએ, પણ પડદા પાછળ જતાં જ જે ન'તું જોવાનું બધું ધારી ધારીને જોવા લાગે. તેની ઉત્કંઠા તીવ્ર થઈ જાય છે. "હવે તે શું કરે છે? હવે તે શું કરે છે?" આવી જિજ્ઞાસા તેને ગુપ્તચરની માફક ચોરી ચોરી બધું જોવાને વિવશ કરી દે છે. કન્યાએ જોયું કે પોતાની પાછળ પાગલ થયેલો રાજા મૂર્છિત થઈને ઢળી પડ્યો છે. તરત જ તે હાજર થઈ ગઈ. અને રાજાને ભાનમાં લાવવા પ્રયત્ન કરવા લાગી. ઘણી વાર બીમારી પ્રેમની પોષક બનતી હોય છે. બીમાર પ્રેમીની સેવા કરવા બીજું પાત્ર દોડતું આવી જતું હોય છે. ખેંચાણ વિનાનો પ્રેમ નથી હોતો.

રાજા ભાનમાં આવ્યો અને કન્યાને જોઈને રાજી રાજી થઈ ગયો. જાણે અમૃત મળ્યું, નવું જીવન મળ્યું. તેણે કન્યાને પોતાની સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. કન્યા પણ રાજા પ્રત્યે આકર્ષિત થઈ જ હતી. તેની ઉંમર મોટી થઈ ગઈ હતી અને હજી સુધી તેને ઇચ્છવા છતાં પતિ મળ્યો ન હતો. રાજાને જોતાં જ તેનું મન પણ ઝૂકી ગયું હતું. તેમ છતાં તે રાજા જેટલી બેભાન થઈ ન હતી. ભાનપૂર્વકનો પ્રેમ તે આગળ વધારી રહી હતી. તેણે કહ્યું કે "હજી મારા પિતા જીવિત છે. એટલે મારા લગ્નનો નિર્ણય તે જ કરી શકે, હું સ્વચ્છંદી નથી. તમે મારા પિતા પાસે મારું માગું મૂકો. મારા પિતા સૂર્યદેવ છે" આવું કહીને પેલી કન્યા પાછી લુપ્ત થઈ ગઈ. તેના જવાથી રાજા ફરી પાછો બેહોશ થઈ ગયો. તેને શોધતા શોધતા મંત્રીઓ વગેરે આવી ચઢ્યા અને રાજાને

જોઈને આનંદ પામ્યા. બધાને વિદાય કરીને પેલી કન્યાને પામવા માટે રાજા સંવરણ સૂર્યતપસ્યા કરવા લાગ્યા. સતત બાર દિવસ અને રાત ઊભા રહીને ઊંચા હાથ કરીને સૂર્ય સામે જોઈને તે તપસ્યા કરતા હતા ત્યાં મહર્ષિ વસિષ્ઠ આવી ગયા. તેમને ખ્યાલ આવી ગયો હતો કે રાજા સંવરણ સૂર્યકન્યા તપતીને પામવા માટે તપ કરી રહ્યા છે. રાજા સંવરણને આશ્વાસન આપીને મહર્ષિ વસિષ્ઠ સૂર્યદેવ પાસે ગયા અને પ્રાર્થના કરી કે આપની મહાતેજસ્વી પુત્રી તપતીનો હાથ હું રાજા સંવરણ માટે માગી રહ્યો છું. લગ્નસંબંધો કોઈ ને કોઈ મધ્યસ્થના દ્વારા ગોઠવાતા હોય છે. મધ્યસ્થ જેટલો પ્રભાવશાળી હોય તેટલાં જ લગ્ન ભવ્ય થઈ શકે. સૂર્યદેવ પણ વર શોધી શોધીને થાકી ગયા હતા. હવે સામે ચાલીને વસિષ્ઠ જેવા સમર્થ ઋષિ માગું લઈને આવ્યા. બસ, હવે તો કામ થઈ જ ગયું. સૂર્યદેવે તરત જ પોતાની કન્યા તપતીને માટે વસિષ્ઠ ઋષિને અનુમોદન આપ્યું જેથી વહેલી તકે વિવાહ થઈ જાય અને બોજ ઊતરી જાય. બન્નેનો વિવાહ થઈ ગયો. ઘણી ભૂખ પછી મનભાવતું ભોજન મળે તો ખાવામાં સંયમ ન રહે. રાજા સંવરણ પણ તપતીને પ્રાપ્ત કરીને બાર વર્ષ સુધી જુદા જુદા વન-ઉપવનમાં કામલીલા રચાવતા રહ્યા. નવદંપતીને ચીલાચાલુ કાર્યોમાં રોકી રાખીને તેમના પ્રેમ ઊભરાને અટકાવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. તેમને મન મૂકીને મ્હાલવા દેવાં જોઈએ. એટલે જ કદાચ વિદેશોમાં "હનીમૂન" મનાવતાં હશે. સતત બાર વર્ષ સુધી રાજાની ગેરહાજરીથી રાજ્યમાં બાર વર્ષ સુધી વરસાદ જ ન થયો. કર્તવ્યપાલનની સતત ઉપેક્ષા કરનાર અને પત્નીમાં મોહાંધ થઈ જનાર વ્યક્તિ ઘણા અનર્થ ઊભા કરતી હોય છે. ગુણિયલ પત્ની પતિને ધર્મપરાયણ બનાવે, કર્તવ્યભ્રષ્ટ ન થવા દે. તેમાં પણ રાજા જેવા ઉચ્ચ કર્તવ્યનિષ્ઠ વ્યક્તિને મોહ પમાડી માત્ર પ્રેમઘેલો બનાવી દે તે પત્ની પતનનું કારણ બની શકે છે. ભૂખી તપતી અને ભૂખ્યો રાજા બાર વર્ષ સુધી ભૂખ મટાડતાં રહ્યાં. જ્યારે ભાન થયું કે રાજ્ય તો ઉજ્જડ થઈ ગયું છે. પ્રજા બીજે ચાલી ગઈ છે. પશુઓ મરી ચૂક્યાં છે, ત્યારે મોડે મોડે તેમને ભાન થયું. રાજા પાછો રાજ્યમાં આવ્યો. બધી જવાબદારીઓ સંભાળી લીધી. તે વરસે પુષ્કળ વરસાદ થયો. બધી પ્રજા પાછી ફરી અને રાજ્ય સુખી-સમૃદ્ધ થયું.

હવે ગંધર્વ અર્જુનને કહે છે કે એ તપતીના ગર્ભથી કુરુ ઉત્પન્ન થયા, એટલે તમે કુરુનંદન કહેવાઓ છો, તેની પરંપરામાં પુરુથી ઉત્પન્ન થયા એટલે પૌરવ કહેવાઓ છો. તેવી જ માતા તપતીના ગર્ભથી ઉત્પન્ન થવાથી "તાપત્ય" અથવા "તપતીનંદન" કહેવાઓ છો. આ તમારા કુળનો ઇતિહાસ છે.

4-12-09

*

16. ઔર્વની કથા

બ્રાહ્મણ અને ક્ષત્રિયો વચ્ચે પ્રાચીનકાળમાં ઘણા સંઘર્ષો થયા કરતા હતા. તેની કેટલીક કથાઓ મળી રહે છે. બન્ને વર્ગો યોદ્ધાઓ હતા અને સત્તા તથા શ્રેષ્ઠતા માટે લડતા રહેતા હતા. એક વાર એવું બન્યું કે:

કૃતવીર્ય નામના એક મહાન રાજા હતા, તેઓ ભૃગુવંશી બ્રાહ્મણોના યજમાન હતા. જે જીવનયાપન કરાવવાની જવાબદારી વહન કરે તે યજમાન કહેવાય અને જે આગળ રહીને સર્વથા હિત કરતા રહે તે પુરોહિત કહેવાય. યજમાન અને પુરોહિતનો સંબંધ પ્રાચીનકાળનો ચાલ્યો આવે છે. આ પુરોહિતો જ મંત્રી અને પ્રધાનમંત્રી બનતા. એક વાર રાજાએ ઘણો મોટો યજ્ઞ કર્યો, જેમાં ઘણી લક્ષ્મી વપરાઈ ગઈ. ડાહ્યા રાજાએ કદી પણ ખજાનો ખાલી થઈ જાય તેવાં કામો ન કરવાં જોઈએ. તેમાં પણ જે જરૂરી ન હોય, ઉત્પાદક ન હોય, પરિણામશૂન્ય હોય તેવાં કામોમાં ખજાનો ખાલી થઈ જાય તેટલી રકમ વાપરવી નહિ. કદાચ લોકપ્રવાહ પ્રમાણે વાપરવી જરૂરી લાગે તો થોડી જ વાપરવી. લોકોમાં માત્ર વાહવાહ કરાવવા માટે ફૂલણશી દાની ન થવું. પણ રાજાથી એવું થઈ જવાયું. તેણે બધું ધન બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દીધું. તેના રાજકુમારો ધન વિનાના થઈ ગયા. કેટલાક ફૂલણશી અને ટૂંકી દૃષ્ટિવાળા પિતાઓ, લોકોની તાળીઓ સાંભળવા અનાવશ્યક કાર્યોમાં ધન ફૂંકી મારતા હોય છે અને પછી આવનારી પેઢીને મુશ્કેલીમાં મૂકી દેતા હોય છે. રાજકુમારો માટે આવી કપરી સ્થિતિ મૂકીને રાજા દેવ થઈ ગયો.

ચાણક્યે કહ્યું છે કે " ઋણ કર્તા પિતા શત્રુ: " પિતા, પુત્રો માટે વારસો ન મૂકે તો કાંઈ નહિ પણ દેવું તો ન જ મૂકે. નિર્ધન થઈ ગયેલા રાજકુમારો ધન પ્રાપ્ત કરવા નીકળી પડ્યા. ત્યારે ભાર્ગવ બ્રાહ્મણો પાસે સારુંએવું ધન હતું. લક્ષ્મી અને સરસ્વતીથી તેમનાં ઘરો ઊભરાતાં હતાં. રાજકુમારો ધનની યાચના કરવા આવી રહ્યા છે તેવી ખબર તેમને મળી ગઈ. સાવધાન થઈને કેટલાક ભાર્ગવોએ પોતાનું ધન જમીનમાં દાટી દીધું. પહેલાં બેંકો ન હતી ત્યારે લોકો વધારાનું ધન જમીનમાં દાટીને સુરક્ષા અનુભવતા. આજે ભલે બેંકો વગેરે થઈ હોય તોપણ શાણા માણસોએ થોડુંક ધન તો જમીનમાં દાટીને રાખવું જ, કારણ કે બેંકોનો ભરોસો રહેતો નથી.

ક્ષત્રિયો ધન લેવા આવી રહ્યા છે તેવા ભયથી કેટલાક ભૃગુવંશીઓએ ગરીબ બ્રાહ્મણોને આપી દીધું. પેલા લઈ જાય તેના કરતાં હું જાતે જ મારા જ્ઞાતિબંધુને કેમ ન આપી દઉં એવી ભાવના થઈ. કેટલાકે તો સામે ચાલીને ધન આપ્યું કે લો લઈ જાવ. જ્યારે મળે ત્યારે પાછું આપજો. જોકે પાછું આવવાની સંભાવના ઓછી હતી. બધું ધન આવી ગયું છે તેવું માનીને ક્ષત્રિયો પાછા જવાની તૈયારી કરતા હતા. તેવામાં એક ક્ષત્રિયની દૃષ્ટિએ જમીનમાં દાટેલું ધન નજરે ચઢી ગયું. આ ભાર્ગવોએ અમારાથી ધન સંતાડ્યું છે તેવું સમજીને ક્ષત્રિયોએ બધા ભાર્ગવોની હત્યા કરી નાખી. તે એટલા બધા ક્રુદ્ધ થઈ ગયા હતા કે બ્રાહ્મણીઓના ગર્ભમાં રહેલાં બાળકોની પણ હત્યા કરી નાખી. ચારે તરફ બિન્દાસ્ત ફરવા લાગ્યા. કેટલીક વાર રક્ષકો જ ભક્ષકો થઈ જતા હોય છે. જ્યારે કોઈ પણ રાષ્ટ્રનો કાયદો અને વ્યવસ્થા તૂટી પડતી હોય છે ત્યારે તેની શરૂઆત રક્ષકોના ભક્ષકપણાથી થતી હોય છે. ચારે તરફ હાહાકાર મચી ગયો હતો એટલે કેટલીક બ્રાહ્મણ સ્ત્રીઓ પોતપોતાના ગર્ભોને બચાવવા માટે હિમાલય તરફ ભાગી છૂટી હતી. ત્યાં ગુફામાં સંતાઈ ગઈ હતી. તેમાંથી એક સ્ત્રીએ ભયના માર્યા પોતાના ગર્ભને બીજી સ્ત્રીની જાંઘમાં

ચીરો મૂકીને સંતાડી દીધો. કદાચ તેનું રક્ષણ થઈ જાય. અને પોતાના પતિનો વંશ વધતો રહે. આ વાતની ખબર એક ફૂટી ગયેલી બ્રાહ્મણીએ ક્ષત્રિયોને જઈને આપી દીધી. પ્રત્યેક કોમમાં થોડાં ઉદાર પાસાં હોય જ છે. તેનું પ્રથમ માપ તે કોમે કેટલા ગદ્દારો પેદા કર્યા છે તેનું માપ નીકળી શકે. કેટલીક કોમો મબલક દેશભક્તો પેદા કરતી હોય છે તો કેટલીક કોમો મબલક ગદ્દારો પણ પેદા કરતી હોય છે. આવા ગદ્દારોનો વંશ વધવા દેવો ન જોઈએ. રાષ્ટ્ર માટે ખરું ભયસ્થાન તે જ હોય છે.

ક્ષત્રિયોને ખબર પડી ગઈ કે હજી એક ગર્ભ બચી ગયો છે અને તે પેટમાં નહિ પણ જાંઘમાં છુપાયેલો છે. પેલી બ્રાહ્મણીને ક્ષત્રિયો ઘેરી વળ્યા. પણ તેને કાંઈ કરે તેના પહેલાં જ જાંઘમાંથી ગર્ભ નીચે આવી ગયો. તે એટલો બધો તેજસ્વી હતો કે તેના તેજથી બધા ક્ષત્રિયો આંધળા થઈ ગયા અને પહાડી વનમાં ભટકવા લાગ્યા. મોડે મોડે તેમને ભાન થયું. પશ્ચાત્તાપ થયો અને પેલી બ્રાહ્મણીની શરણમાં આવીને ક્ષમા માગવા લાગ્યા અને કહેવા લાગ્યા કે જો અમને અમારી દૃષ્ટિ પાછી મળશે તો અમે બધા પાછા ચાલ્યા જઈશું." બ્રાહ્મણીએ કહ્યું કે મેં કાંઈ નથી કર્યું. જે કાંઈ કર્યું છે તે આ ભૃગુવંશી બાળકે કર્યું છે. ગર્ભહત્યા મહાપાપ છે તે તમે કરતા રહ્યા છો, એટલે મેં મારા ગર્ભની રક્ષા માટે તેને જાંઘમાં વર્ષોથી છુપાવી દીધો હતો. એટલે જન્મતાં જ તે મોટો થઈ ગયો હતો. તે પુત્ર મારી ઊરુથી જન્મ્યો હોવાથી તેનું નામ ઔર્વ છે. તમે હવે તેની પાસે જ યાચના કરો. ક્ષત્રિયોએ ઔર્વને પ્રાર્થના કરી એટલે ઔર્વે તેમની દૃષ્ટિ પાછી આપી દીધી. બ્રાહ્મણોનો ક્રોધ ડંખીલો નથી હોતો. સમય વીતતાં જો ક્ષમા માગવામાં આવે તો શાંત થઈ જતો હોય છે. ડંખીલો ક્રોધ વેરભાવમાં બદલાય છે અને પછી પેઢી દર પેઢી વેરાગ્નિને ભડકાવતો રહે છે. દૃષ્ટિ મળવાથી બધા ક્ષત્રિયો પાછા ચાલ્યા ગયા. આસુરી શક્તિવાળા ક્ષત્રિયોને એક બ્રાહ્મણીએ અત્યાચાર કરતાં અટકાવ્યા. એમ કહો કે અત્યાચાર અટકાવનારો પુત્ર પેદા કર્યો તો તે ઠીક જ કહેવાશે.

મહાશક્તિશાળી ઔર્વને વિચાર આવ્યો કે આ લોકો આજે તો પાછા વળી ગયા છે પણ કાલે ફરી પાછા આવશે. કારણ કે સંપત્તિ કદી નિર્ભય નથી હોતી તેમ જ પાપાત્માઓને બીજાની સંપત્તિની શોધ હંમેશાં રહેતી હોય છે. સંપત્તિની ગંધેગંધે તેમનાં ધાડાં ચઢી આવતાં હોય છે. એટલે પ્રશ્નને કાયમ માટે જ ઉકેલી નાખું જેથી ફરીથી લૂંટાવાનો ભય ન રહે. આવનારાં મારાં ભૃગુવંશીય બાળકો સુરક્ષાભર્યું જીવન જીવી શકે. દૂરદૂરના ભવિષ્યનો વિચાર કરી શકે તેને પૂર્વજ કહેવાય. અને પાણી પહેલાં જ પાળ બાંધી દે તેને પુરોહિત કહેવાય.

પરશુરામની માફક ઔર્વે પણ ઘણી શક્તિ પ્રાપ્ત કરીને પૃથ્વી ઉપરથી વીણી વીણીને ક્ષત્રિયોનો નાશ કરવા માંડ્યો. અત્યાચારીઓના દ્વારા માર્યા ગયેલા પિતરોનું ખરું તર્પણ બદલો લેવામાં રહેલું છે. જે પિતૃહત્યારાઓની સાથે બદલો નથી લઈ શકતા તે હજાર ગંગાઓમાં પાણીના ખોબા ભર્યા કરે તેથી પિતૃતર્પણ થતું નથી. કાયરો જ બદલો ન લેવાની કાયરતાભરી ફિલસૂફીને ક્ષમાનો જામો પહેરાવતા ફરતા હોય છે. આવી પલાયનવાદી ફિલસૂફી કાયર અને પામર માણસોનાં હરણટોળાં ઉત્પન્ન કરતી હોય છે. ઔર્વનો ક્રોધાગ્નિ આકાશ ઊંચી જ્વાળાઓથી ભડભડવા લાગ્યો. હવે જરૂર પૃથ્વીનો વિનાશ થઈ જશે તેવું સૌને લાગવા લાગ્યું. તેવામાં ઔર્વના પિતરો પ્રગટ થયા. તેમણે ઔર્વને સમજાવ્યો કે આપણે બ્રાહ્મણ છીએ. આપણું રૂપ ક્ષમા છે. અવિચારી અને ઉદ્દંડ ક્ષત્રિયોએ ભૃગુવંશનું નિકંદન કાઢવાનું મહાપાપ કર્યું છે. તોપણ અમે તેમને ક્ષમા આપીએ છીએ. તું પણ તેમને ક્ષમા આપ. પિતૃઓના ઘણા સમજાવવા પછી ઔર્વે પોતાના ક્રોધાગ્નિને સમુદ્રમાં પધરાવી દીધો. જે "વડવાનલ" કહેવાયો.

એક મહાવિનાશને પિતૃઓએ રોકી દીધો.

શક્તિશાળી બે વર્ગોએ કદી પણ પરસ્પરનો વિનાશ કરવા શક્તિનો ઉપયોગ ન કરવો જોઈએ. બન્નેની શક્તિનો સરવાળો કરીને જે ખરો શત્રુ હોય તેની સામે તેનો ઉપયોગ કરવો જોઈએ. હિન્દુ પ્રજાને પ્રાચીનકાળથી આ સરવાળો કરતાં નથી આવડ્યું તેથી બહારના લોકો ચઢી આવીને ધર્મસંસ્કૃતિને ખેદાનમેદાન કરતા રહ્યા છે. ઔર્વની કથા એકતા અર્થાત્ સરવાળો કરવાનો બોધ આપે છે. એટલું જ નહિ બ્રાહ્મણો માત્ર ભિક્ષાવૃત્તિ કરીને જીવનારો ભિખારી વર્ગ નથી પણ વીરયોદ્ધાઓનો વર્ગ છે તેવી પ્રેરણા પણ આપે છે.

3-12-09

*

17. બ્રાહ્મણીનો શાપ

ધર્મ સનાતન હોય છે પણ સંસ્કૃતિ સનાતન નથી હોતી. દેશકાળ પરિસ્થિતિ પ્રમાણે જીવનમૂલ્યો અને રીતિરિવાજો બદલાતા રહે છે. જે જીવનમૂલ્યો આજે છે તે પહેલાં ન હતાં. જે મૂલ્યો અહીં ભારતમાં છે તે પશ્ચિમમાં કે બીજા દેશોમાં નથી હોતાં. સંસ્કૃતિ અને રીતીરિવાજો પરિવર્તનશીલ હોય છે. તે કાળમાં એક રિવાજ હતો જેને "નિયોગ" કહેવાતો હતો. નિયોગ એટલે પારકી સ્ત્રીમાં તેની પતિની ઇચ્છાથી કોઈ સમર્થ વ્યક્તિ પુત્ર ઉત્પન્ન કરે તે. આવો રિવાજ ત્યારે નિંદનીય ન ગણાતો. ઘણા પુત્રો આવા નિયોગથી થયેલા જણાય છે. પણ ક્યાંય કોઈ કલંક લાગેલું નથી. આવી જ એક કથા મહાભારત કહે છે.

એક વાર મહાપ્રતાપી રાજા કલ્યાષવાદ શિકાર કરવા અરણ્યમાં ફરતો હતો. તે સમયમાં રાજાઓ બધા શિકાર કરવા જતા. હિંસક અને નુકસાન કરનારાં પશુઓના ત્રાસથી લોકોને મુક્ત કરાવતા. શિકાર માટે ફરતાં ફરતાં તેની નજર એક બ્રાહ્મણ અને બ્રાહ્મણી ઉપર પડી. બન્ને કામાતુર હતાં અને મૈથુન કરવાની તૈયારી કરી રહ્યાં હતાં. રાક્ષસ જેવા રાજાને જોઈને બન્ને ભાગવા લાગ્યાં, પણ કલ્યાષવાદે બ્રાહ્મણને પકડી પાડ્યો. પતિ-પત્નીના મૈથુનમાં વિક્ષેપ કરાય નહિ. આ સૌથી પ્રબળ કામાવેશ છે. આવા સમયે કોઈ અવરોધ કરે તો તેનાથી મહાપીડા થાય અને શાપ લાગે. પણ રાજા તો રાક્ષસ જેવો હતો. પોતાના પતિને છોડાવવા બ્રાહ્મણી બહુ જ આજીજી કરવા લાગી. પણ કઠોર રાક્ષસ રાજા માન્યો નહિ. તેણે તો બ્રાહ્મણને જીવતો ને જીવતો જ ખાઈ લીધો. તેના આવા વ્યવહારથી બ્રાહ્મણી ક્રુદ્ધ થઈ ઊઠી. તેણે રાજાને શાપ આપ્યો કે અમારી મૈથુનક્રિયાને અટકાવીને તું મારા પતિને જીવતો જ ખાઈ ગયો છે એટલે હવે તારી પત્ની સાથે મૈથુન કરી શકીશ નહિ. કદાચ કરવા જઈશ તો તત્કાલ તારું મરણ થઈ જશે." જીવનમાં કદી પણ નિર્દોષ માણસોને સતાવવાં નહિ. તેમની હાય ન લેવી. કોઈના સુખમાં અંતરાયરૂપ ન થવું. પોતે દુ:ખી હોય તો દુ:ખ સહન કરી લેવું પણ કોઈ સુખી હોય તો તેને સુખી થવા દેવું. બને તો તેના સુખમાં ભાગીદાર થવું પણ સુખનો નાશ થાય તેવું કાર્ય ન કરવું.

તે બ્રાહ્મણીનું નામ આંગીરસી હતું. રાજાને શાપ આપીને રાજાની સામે જ તે બ્રાહ્મણી ભડભડતી ચિતા ઉપર ચઢી ગઈ અને પતિની સાથે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા. સંત અને સતી સ્ત્રીઓ મહાન હોય છે. જો તેમની આંતરડી કકળી ઊઠે તો મહા અનર્થ થઈ શકે છે. રાજા કલ્યાષવાદ ઘણાં વર્ષો પછી રાક્ષસભાવથી મુક્ત થયા અને ઋતુકાળમાં પોતાની પત્ની મદયન્તીની પાસે ગયા. મદયન્તી રાજાના શાપને જાણતી હતી તેથી તેને સમાગમ કરતાં રોકી દીધા. પણ હવે વારસદારનું શું? વારસદાર વિના રાજભાર કોને સોંપવો? તે સમયે નિયોગપ્રથા ચાલતી હતી. રાજાને પોતાના વંશમાં ઉત્તમોત્તમ બાળકની જરૂર હતી. જેવા બાપ તેવા બેટા એ પ્રમાણે તેમણે સર્વોત્તમ વ્યક્તિને શોધી કાઢી, તે હતા વ્યાસજી. વ્યાસજી અને મદયન્તીના નિયોગથી વારસદારની પ્રાપ્તિ કરી લીધી. આ વાત અત્યારે જરાય પ્રસ્તુત નથી તોપણ અત્યારે કેટલાક વિકસિત દેશોમાં ઉત્તમોત્તમ પુરુષોના શુક્રનો સંગ્રહ થવા લાગ્યો છે. જેના દ્વારા ઉત્તમ પુત્ર મેળવવાની પ્રથા શરૂ થઈ છે. બ્રાહ્મણીના શાપને ધ્યાનમાં રાખીને સૌએ મર્યાદામાં વર્તવું જોઈએ.

4-12-09

*

18. તિલોત્તમા

સ્ત્રી એક મહાન શક્તિ છે. તેનાં બે પાસાં છે: (1) તે ડુબાડનારી છે અને (2) તે તારનારી પણ છે. સ્ત્રીશક્તિ ત્યારે જ ખીલી ઊઠતી હોય છે, જ્યારે તેની આગળ કે પાછળ કોઈ પુરુષ હોય. પુરુષ વિનાની એકલી તે અબળા છે. તે સ્વયં પોતાની જાતે જ એકલી પોતાની શક્તિનો ઉપયોગ નથી કરી શકતી. તેના ડુબાડનારા પાસાને મોહિની રૂપ કહેવાય છે અને તેના તારનારા પાસાને ઉદ્ધારિણી રૂપ કહેવાય છે. મોહિની રૂપ તેનું સહજ રૂપ છે. પોતાની કાર્યસિદ્ધિ માટે તે હંમેશાં આ રૂપનો ઉપયોગ કરે છે. તેનાં પણ બે રૂપ છે. (1) મોહ પામીને મોહ પમાડવાનું અને (2) મોહ પામ્યા વિના મોહ પમાડવાનું. પ્રથમ રૂપ પણ સહજ છે. જ્યારે તે કોઈને મોહ પમાડવાનું કાર્ય કરે છે ત્યારે તે જાતે પણ મોહ પામતી જાય છે. તેથી તે ડૂબીને ડુબાડનારી થઈ જાય છે. પણ બીજા રૂપમાં તે કોઈના દોરીસંચાર પ્રમાણે મોહ પામ્યા વિના જ મોહ પમાડે છે. ત્યારે તે પોતે ડૂબ્યા વિના બીજાને ડુબાડનારી બને છે.

પૂર્વે કહ્યું તેમ તે તારિણી—ઉદ્ધારિણી પણ છે. પણ તેના માટે તેનું ઊર્ધ્વીકરણ થવું જરૂરી છે. આ તેનો સ્વભાવ નથી પણ સાધના છે. ઊર્ધ્વીકરણ એટલે મોહનું પ્રેમમાં રૂપાંતર. બધી સ્ત્રીઓનું આવું રૂપાંતર નથી થતું હોતું. પણ જેનું થાય છે તે અમર થઈ જાય છે. ધન્ય ધન્ય થઈ જાય છે. આ પ્રેમ, પતિ માટે હોય, પુત્ર માટે હોય, પરિવાર માટે હોય કે પછી રાષ્ટ્ર માટે હોય. સ્ત્રીની પ્રેમની પકડ મંકોડાની પકડ જેવી હોય છે. માથું તૂટી જાય પણ પકડ ન છૂટે. તેથી તો તે મક્કમતાથી વિકટ પરિસ્થિતિમાં પણ સામનો કરી શકે છે. તેની મક્કમતા, અડગતાના ઇતિહાસ છે. મોટા મોટા રાય પણ તેને હરાવી શક્યા નથી, હા, મારી શક્યા છે. હાર, મનની હારથી હોય છે. સ્ત્રીના તનને હરાવી શકાય છે, કારણ કે તેની રચના જ એવી છે, પણ તેના મનને હરાવી શકાતું નથી. આવી અડગ, મક્કમ સ્ત્રીને “રોયલબ્લડ” કહેવાય છે. બધાં માણસોમાં રોયલબ્લડ નથી હોતું. જેનામાં નેકી અને ટેકી બન્ને હોય તેને જ રોયલબ્લડ અથવા અભિજાત વ્યક્તિ કહી શકાય. કેટલાક લોકોમાં નેકી તો હોય પણ ટેકી ન હોય. ટેકી એટલે પોતાના મહાન આદર્શો ઉપર ટકી રહેવાની ક્ષમતા. એકલી નેકીવાળા સંત થઈ શકે, તે દાન-પુણ્ય-સેવા-ઉપકાર કરી શકે. પણ ભીંસ ન સહી શકે. ભીંસ આવતાં જ ફસકાઈ જાય. પણ નેકીની સાથે જ્યારે ટેકી ભળે ત્યારે તે વ્યક્તિ ગમેતેવી ભીંસમાં પણ ફસકાય નહિ. ભલે ફાંસીએ ચઢવું પડે, ભલે બરબાદ થઈ જવું પડે. તે અડગ અને મક્કમ રહે. ટેકનો જ ઇતિહાસ હોય. જે લોકો નેકી-ટેકી બન્નેથી રહિત છે. તે વેશધારી સાધુ તો થઈ શકે, સંત ન થઈ શકે. તે છડી ચામર સુવર્ણ સિંહાસનવાળા મોટા મહંત તો થઈ શકે, પણ સંત ન થઈ શકે. આવા અર્થપ્રધાન આડંબરી લોકો હજારોની ભીડ દ્વારા પૂજિત તો થઈ શકે, પણ તે નરસિંહ—કબીર—મીરાં—તુલસી ન થઈ શકે. તેમનો ઇતિહાસ ન હોય, હોય તો ગૌરવભર્યો ન હોય. ઉપજાવી કાઢેલો આડંબરી હોય.

અહીં આપણે એક મહાશક્તિ સ્ત્રીની ચર્ચા કરવાની છે. જેણે પોતાની મોહિનીશક્તિના દ્વારા હજારો ઋષિમુનિઓને બચાવી લીધા હતા. વાત એમ બની કે હિરણ્યકશિપુના વંશમાં નિકુંભ નામનો દૈત્ય પેદા થયો. દૈત્ય અને રાક્ષસ તે સમયની જાતિવિશેષનાં નામ છે. જે પાપપ્રધાન જીવન જીવતા હતા. નિકુંભને ત્યાં સુંદ અને ઉપસુંદ નામના બે પુત્રો થયા. બન્ને ભયંકર અને સ્વભાવથી જ ક્રૂર હતા. જીવનના બે પ્રકાર હોય છે. (1) જન્મજાત અને (2) ઘડાયેલું. જન્મજાત જીવનની જ પ્રધાનતા સર્વત્ર રહે છે. તેના ઉપર ઘડતર કરીને સંસ્કાર નાખીને થોડું

ચિતરામણ કરી શકાય છે, પણ તે બધા કાગળ ઉપર નહિ; માત્ર કોરા કાગળ ઉપર જ આ કામ થઈ શકે. દૈત્યવંશમાં જન્મવું. ક્રૂર વાતાવરણમાં ઊછરવું અને ક્રૂરતાભર્યાં કર્મો કરતા રહેવું તેમાં સારું ચિતરામણ ન કરી શકાય. બન્ને સાથે ને સાથે જ રહેતા તથા બન્ને મળીને કામ કરતા. તે વિંધ્યાચલ પર્વત પર આવી ગયા. ત્યાં તેમણે ઘણી કઠોર તપસ્યા કરી. તેમની તપસ્યાથી જન્મજાત વિરોધી દેવો ગભરાઈ ગયા. દેવો અને દૈત્યોની સમાંતર બે શક્તિઓ સ્પર્ધાભર્યું જીવન જીવતી હતી. સ્પર્ધા હોય ત્યાં ઈર્ષ્યા અને શત્રુતા પણ હોય જ. આથી દૈત્યો તપ કરીને આગળ ન વધી જાય તેની ચિંતા દેવોને થયા કરતી. તેમની તપસ્યા ભંગ કરવા માટે દેવોએ બધા ઉપાયો કરી જોયા, લોભ-લાલચના પ્રયોગો કરી જોયા પણ બન્ને જરાય ન લલચાયા. કામવાસના ઉશ્કેરવાના પ્રયત્નો કરી જોયા, પણ બન્ને અડગ રહ્યા. છેવટે બન્નેનાં માયાનિર્મિત માતા-બહેનો-પત્નીઓનું નિર્માણ કરીને બધાંને રોતાં-કકળતાં, બચાવો બચાવોની બૂમો પાડતાં બનાવ્યાં પણ બન્ને અડગ રહ્યા. સાધના અડગ અને મક્કમ સાધકોની જ સફળ રહેતી હોય છે. જે લોકો અડગ અને ધીરજવાળા નથી હોતા તેમની સાધના સિદ્ધિની કક્ષા સુધી પહોંચતી નથી. બન્ને દૈત્યોની કઠોર તપસ્યાથી બ્રહ્માજી પ્રસન્ન થયા અને મન-ઇચ્છિત વર માગવાનું કહ્યું. દેવ હોય કે દૈત્ય બધાના ઇષ્ટદેવ તો બ્રહ્મા, વિષ્ણુ-મહેશ કે શક્તિ જ હોય છે. પ્રસન્ન થયેલા બ્રહ્માજીની પાસે બન્નેએ માગ્યું કે અમે અમર થઈ જઈએ. ધાર્યું રૂપ બદલી શકીએ. મહાન બલશાળી થઈ જઈએ વગેરે. સાત્ત્વિક તપસ્યા જ સાત્ત્વિક વરદાન માગી શકતી હોય છે. રાજસિક કે તામસિક તપસ્યા ગમે તેટલી પ્રબળ હોય તે સાત્ત્વિક વર ન માગી શકે. તે વિનાશપ્રધાન જ વર માગે.

સાત્ત્વિક તપસ્યા પ્રથમ તો બુદ્ધિને શુદ્ધ કરે છે. શુદ્ધ થયેલી બુદ્ધિ જ કલ્યાણકારી વરદાન માગી શકતી હોય છે.

બ્રહ્માજીએ કહ્યું કે “અમરત્વ શક્ય નથી. મરવું નિશ્ચિત છે. બાકી બધું તમને પ્રાપ્ત થશે… પણ અમરત્વ પ્રાપ્ત નહિ થાય. તેના વિકલ્પમાં બીજું કાંઈ માગો.”

સુંદ-ઉપસુંદે કહ્યું કે “વિશ્વની કોઈ પણ વસ્તુથી અમારું મૃત્યુ ન થાય. અમે માત્ર અમારા પરસ્પરથી જ મરીએ. બીજો કોઈ અમને મારી ન શકે” તેમની ધારણા હતી કે અમે બન્ને તો કદી પરસ્પરમાં લડવાના નથી. એટલે અમારું કદી મૃત્યુ પણ થશે નહિ. બ્રહ્માજીએ ‘તથાસ્તુ’ કહીને બન્નેને તપસ્યાથી નિવૃત્ત કરીને ઘરે પાછા મોકલી દીધા. સાધનાકાળ પછી સિદ્ધિનો કાળ આવતો હોય છે. સાધનાકાળ વિઘ્નો વિનાનો નથી હોતો, વિઘ્નો પાર કરે તે જ સાધના કરી શકે. પણ સિદ્ધિકાળને પચાવવો બહુ કઠિન હોય છે. સિદ્ધિમાં માણસ છકી જઈ શકે છે. સિદ્ધિનો દુરુપયોગ કરી શકે છે. કોઈ ગુરુજનના નિયંત્રણ વિના આ કાળને સાચવવો બહુ કઠિન છે. સુંદ-ઉપસુંદ કોઈના નિયંત્રણ વિનાના સ્વચ્છંદી હતા, તેથી પોતાની શક્તિનો ઉપયોગ ત્રણે લોકોને જીતી લેવામાં કરવા લાગ્યા. તેમણે ભયંકર ક્રૂરતાથી સ્વર્ગના દેવોને મારવા માંડ્યા. દેવો સ્વર્ગ છોડી છોડીને ભાગવા માંડ્યા, તે લોકોનાં ઘરોમાં ઘૂસી જતા. તેમનું સર્વસ્વ છીનવી લેતા. સ્ત્રીઓ સુરક્ષિત ન રહી. બ્રાહ્મણો અને ક્ષત્રિયો ઘર છોડી છોડીને ભાગવા લાગ્યા. ચારે તરફ હાહાકાર મચાવી દીધો. ગુફાઓમાં સંતાઈ ગયેલા ઋષિમુનિઓને વીણી વીણીને હાથીના પગ નીચે છૂંદાવી નાખવા લાગ્યા. વિશ્વવિજય કરીને તે કુરુક્ષેત્રમાં ગયા અને ત્યાં રહેવા લાગ્યા. તેમના ત્રાસથી ત્રાસીને બધા ઋષિમુનિઓ બ્રહ્માજી પાસે ગયા અને આજીજીપૂર્વક વિનંતી કરી કે હવે અમને આ અસહ્ય ત્રાસથી છોડાવો. બ્રહ્માજીએ વિચાર કરીને વિશ્વકર્માને બોલાવ્યા. આ તો મારા જ આપેલા વરદાનથી હાહાકાર ફેલાવી રહ્યા છે, એટલે હવે મારે જ તેમને શાંત કરવા

પડશે. બ્રહ્માજીએ વિશ્વકર્માને કહ્યું કે જેને કોઈ ન મારી શકે તેને સ્ત્રી મારી શકે. તમે એવી સ્ત્રીનું નિર્માણ કરો જેથી આ બન્ને દૈત્યો મરી જાય. વિશ્વકર્માએ એવી જ એક દિવ્ય રૂપવાળી નવયૌવના તરુણીનું નિર્માણ કર્યું. બ્રહ્માજીએ પેલી રૂપસુંદરીને કહ્યું કે તું પેલા દૈત્યોને અંદર અંદર લડાવી માર. તું જ આ કાર્ય કરી શકીશ. જા, દેવોનો ઉદ્ધાર કર. રક્ષા કર. તારા મોહિની રૂપથી બન્ને દૈત્યોનો નાશ કર. તે રૂપસુંદરીનું નામ 'તિલોત્તમા' હતું.

આ બાજુ વિશ્વવિજય મેળવ્યા પછી બન્ને દૈત્યો ભોગવિલાસમાં પડી ગયા. તેમને રોજરોજ નવી નવી અપ્સરાઓ જોઈએ. નવાં નવાં વ્યસનો જોઈએ. બૅલગામ થઈને ભોગો ભોગવવા લાગ્યા. તેવામાં પેલી તિલોત્તમા એકદમ પાતળાં કપડાં પહેરીને અંગેઅંગ દેખાડતી ફૂલો વીણવાના બહાને તેમની સમક્ષ પહોંચી ગઈ. પારદર્શક વસ્ત્રોમાં તેનું રૂપાળું શરીર જોઈને બન્ને ભાઈઓ મોહિત થઈ ગયા. બન્નેએ એકસાથે ઊભા થઈને તિલોત્તમાને પોતાની બનાવવા એક એક હાથ પકડી લીધો. તિલોત્તમા પણ વારાફરતી બન્ને તરફ કટાક્ષો કરી કરીને બન્નેને ઘાયલ કરતી રહી. તેને મેળવવા બન્ને ભાઈઓ પોતપોતાની તરફ ખેંચવા લાગ્યા. અંતે બન્ને લડી પડ્યા. એવા લડ્યા એવા લડ્યા કે બન્નેએ એકબીજાની હત્યા કરી નાખી. તિલોત્તમા દૂર ઊભી ઊભી હસતી હસતી બન્નેની લડાઈ જોતી રહી.

"યા દેવિ, સર્વભૂતેષુ માયારૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ।"

દૈત્યોના વિનાશના સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા. ચારે તરફ તિલોત્તમાનો જયજયકાર થઈ ગયો. જે કામ હજારો પુરુષો ન કરી શક્યા તે એક તિલોત્તમાએ કરી બતાવ્યું. નારીમાં તિલોત્તમાનું રૂપ પણ છે જ. જો સમર્થ પુરુષનું પ્રેરકબળ મળે તો તે સુંદ-ઉપસુંદનો નાશ કરીને વિશ્વશાંતિ સ્થાપિત કરી શકે છે.

5-12-09

*

19. વર્ચાની કથા

બહુ રૂપાળી સ્ત્રી જો ઉંમર થવા છતાં લગ્ન ન કરે અર્થાત્ પતિરૂપી ખીલે ન બંધાય અને સ્વછંદી થઈને વિચરણ કરતી રહે તો તેને અપ્સરા કહેવાય. સ્વેચ્છાચારી અપ્સરાઓને રૂપ અને યૌવનનો નશો ચઢતો હોય છે. સ્ત્રીઓ માટે સમર્થ પતિ જ એક એવો સ્તંભ છે, જે સ્ત્રીના નશાને ઉત્પાદકતા તરફ વાળીને પરમ સર્જનનું કામ કરાવતો હોય છે. સ્ત્રીઓ સર્જનકાર્ય માટે જ છે. તે આવનારી પેઢીનું સર્જન કરીને ધન્ય ધન્ય થઈ જતી હોય છે અને જીવનની સફળતા અનુભવતી હોય છે. પણ કેટલીક સ્ત્રીઓને પતિ બંધનરૂપ લાગતો હોય છે. તે બંધનથી મુક્ત રહેવા ઇચ્છતી હોય છે. શરૂઆતમાં તો તેમને પતિબંધનથી મુક્ત રહેવાનો આનંદ મળતો હોય છે. પણ પતિબંધનથી મુક્ત રહેલી સ્ત્રીઓ પુરુષબંધનથી મુક્ત નથી રહી શકતી. ફરક એટલો હોય છે કે પેલી પતિરૂપી ખીલે બંધાયેલી સ્ત્રી એક જ ખીલાને પોતાનું આશ્રયસ્થાન માનીને તે બંધનને પવિત્રતાનો જામો પહેરાવી દેતી હોય છે. લગ્નબંધન આવું જ પવિત્ર બંધન છે. તે બંધન હોવા છતાં પણ સુરક્ષા અને આનંદદાયી થઈ શકતું હોય છે. જો સ્ત્રી પત્ની બનીને એક જ પતિમાં સમાઈ જાય તો તે પવિત્ર જીવન જીવતી સતી સાધ્વી સન્નારી બની જતી હોય છે. તેનો પતિ અને તેનાં સંતાનો તેનો પડ્યો બોલ ઉઠાવવા તૈયાર રહે છે. યુવાવસ્થા અને સૌંદર્ય વીતી ગયા પછી પણ તેનું જીવન સૌની લાગણીઓથી ભર્યું ભર્યું રહેતું હોય છે. સૌના માટે, તેમાં પણ સ્ત્રીઓ માટે તો લાગણીઓ જીવન છે. લાગણીહીનતા મૃત્યુ છે. પણ જે સ્ત્રીઓ આવા બંધનને પોતાની સ્વતંત્રતામાં કાપ માનીને પતિ વિનાની રહે છે. તે પુરુષ વિનાની તો રહી શકતી નથી. તે સ્વચ્છંદી રીતે પુરુષોનો ગેરલાભ ઉઠાવવા પ્રયત્નરત રહેતી હોય છે તો બીજી તરફ લંપટ પુરુષો તેનો ગેરલાભ ઉઠાવવા તૈયાર રહેતા હોય છે. આમ પરસ્પરમાં નવી નવી વાનગીઓ ચાખવાની રસલોલુપ થઈને બહુ જલદી રૂપ-યૌવન ખોઈ બેસતી હોય છે. સ્વછંદી સ્ત્રી બહુ જલ્દી ઘરડી થઈ જતી હોય છે. કારણ કે તેને વાસનાનો તો ખોરાક મળતો રહે છે, પણ સાચા પ્રેમનું ટોનિક ક્યાંય નથી મળતું. વાનગીઓ ઝાપટો અને પતરાળું ફેંકીને ચાલતા થાવ. આવી દશામાં પ્રેમ નામનું ટોનિક ક્યાંથી હોય? જેમ જેમ આવી સ્ત્રી પોતાનું રૂપ યૌવન ખોવા માંડે તેમ તેમ તેના પતરાળે જમનારા ઓછા થઈ જાય. ખરી વિપત્તિ હવે જ શરૂ થતી હોય છે. પછી પાછલી જિંદગીમાં તેને ખાલીપણું કોતરી ખાય છે. હવે તે ખીલે બંધાવા માગે તોપણ કોઈ તેનો ભાવ ન પૂછે. પ્રત્યેક પ્રાપ્તિનો સમય હોય છે. સવારનાં તાજાં રીંગણાનો જે ભાવ ઊપજે તે સાંજના કરમાયેલાં રીંગણાનો ન ઊપજે. એટલે શાણા પુરુષો પોતાની કન્યાને સમય રહેતાં જ ખીલે બાંધી દેતા હોય છે. અથવા કન્યા પોતે જ બંધાઈ જતી હોય છે. તે માત્ર કોઈની સાથે ભવોભવના બંધનથી પોતાને બાંધી જ નથી લેતી, પણ સાથે સાથે કોઈને પોતાની સાથે પણ એવા જ બંધનથી બાંધી લે છે. તે સમર્થ પતિની પત્ની કે સમર્થ કુમારોની માતા થઈ જાય છે. હવે તેના ઉપર કોઈ આંખ પણ ન ઉપાડી શકે, સુરક્ષા અને લાગણીથી ભરપૂર જીવન એ જ સ્વર્ગ છે. તે અહીં જ સ્વર્ગ ભોગવે છે. પણ અપ્સરાઓને આવાં બંધન નથી ગમતાં હોતાં, તેથી તે પોતાની સાથે કોઈને ભવોભવના બંધનથી બાંધી પણ નથી શકતી.

આવી પાંચ અપ્સરાઓ હતી, જેમનાં નામ હતાં: (1) વર્ચા (2) શૌરમેયી (3) સામેયી (4) ભુદભુદા અને (5) લતા. તે બધી મદમસ્તીભરી જુવાનીમાં જેમ લંપટ પુરુષો સ્ત્રીઓની શોધમાં રખડતા-ભટકતા હોય છે તેમ આ પાંચ અપ્સરાઓ પણ આવા જ કોઈ પુરુષની શોધમાં રખડવા-ભટકવા લટકાં-મટકાં કરતી નીકળી પડી. જે સ્ત્રીઓ વગર કારણે જ્યાં પુરુષોનો

સમૂહ આવતો-જતો હોય ત્યાં બનીઠણીને આંટા મારતી રહે તે કાં તો કોઈ પુરુષને જોવા નીકળે છે કાં પછી પોતાની જાતને પ્રદર્શિત કરવા નીકળે છે. જેવાને તેવું મળી પણ રહે છે. કારણ કે આ ગુજરી છે. અહીં બધું વેચાય છે. સુલક્ષણી સ્ત્રીઓ આવી ગુજરીઓથી દૂર રહેતી હોય છે. કારણ કે તેનું સર્વસ્વ તેના ઘરમાં જ છે. તેને ભટકવાની જરૂર જ નથી.

પેલી પાંચ અપ્સરાઓ ચેનચાળા કરતી કરતી ફરી રહી હતી તેવામાં તેમની નજર એક તપસ્વી બ્રાહ્મણ ઉપર પડી. બ્રાહ્મણ તપ કરી રહ્યો હતો. આ વિચિત્ર વિશ્વમાં જાતજાતનાં માણસો વસે છે. એક તો આવી અપ્સરાઓ જેવાં અને બીજાં પેલા બ્રાહ્મણ જેવાં. જે તપ કરવા જ જીવન જીવતાં હોય છે. બન્ને જીવનના બન્ને છેડે છે. તપસ્વી શ્રદ્ધાથી દર્શનીય હોય છે. દર્શન કરનારની વૃત્તિઓ નિર્મળ થઈ જાય તેવો તેમનામાં પ્રભાવ હોય છે. અપ્સરાઓ પણ દર્શનીય છે, પણ તે શ્રદ્ધાથી નહિ; વાસનાથી. તેમના દર્શનથી વિકારોનો ધુમાડો ગોટમગોટ થવા લાગે છે. અપ્સરાઓને સારો શિકાર મળી ગયો તેમ સમજીને તે બધી બ્રાહ્મણ તપસ્વી પાસે ગઈ. હાવભાવ કરીને તેને તપસ્યામાં ભંગ પડાવવા લાગી. ઘણાં ચરિત્રો કર્યા પછી પણ જ્યારે તપસ્વીએ આંખ ઉપાડીને સામું ન જોયું ત્યારે તેમણે વસ્ત્રોની મર્યાદા છોડીને તેને ચલિત કરવાના પ્રયત્નો કરવા લાગી. આવી સ્ત્રીઓને ચેલેન્જ ગમતી નથી. તે હારવાનું માનતી જ નથી. કારણ કે તે કદી હારી જ નથી. આ હરાવનાર કોણ? મર્યાદા બહારના આવા વ્યવહારથી કુપિત થયેલા તપસ્વીએ એમને શાપ આપ્યો “જાઓ મગરી થઈ જાઓ, સો વર્ષ સુધી પાણીમાં મગરી થઈને રહેશો.” હવે એમને ભાન થયું. પણ શાપ લાગી ચૂક્યો હતો, ઘણી પ્રાર્થના કરી ત્યારે બ્રાહ્મણે શાપનું વારણ કરતાં કહ્યું કે જ્યારે કોઈ સમર્થપુરુષ સ્નાન કરવા આવશે અને તમને ખેંચીને જળ બહાર લઈ જશે ત્યારે તમે શાપમુક્ત થઈ જશો.” સ્વછંદી સ્ત્રીઓને અંતે તો આવું જ પરિણામ ભોગવવું પડતું હોય છે.

ત્યારથી આ પાંચ મગરીઓ, નારદજીની સૂચના પ્રમાણે દક્ષિણનાં તીર્થક્ષેત્રોમાં આવીને રહેવા લાગી. તે જ્યાં રહેતી હતી ત્યાં જે કોઈ નાહવા જળમાં ઊતરતું તેને ખેંચીને લઈ જતી અને આહાર બનાવી લેતી. મગરીઓના ત્રાસથી તીર્થમાંથી ઋષિમુનિઓ ભાગી ગયા. બધું ઉજ્જડ થઈ ગયું. તેવામાં ફરતો ફરતો અર્જુન ત્યાં આવી પહોંચ્યો. તીર્થની દુર્દશા જોઈને તે બહુ દુઃખી થયો. અને જે થોડાક મુનિઓ રહેતા હતા તેમને ઉજ્જડ થવાનું કારણ પૂછ્યું તો મુનિઓએ કહ્યું: અહીં આ જળમાં પાંચ વિકરાળ મગરમચ્છો રહે છે. જે કોઈ જળમાં ઊતરે છે તે બધાને ખેંચીને લઈ જાય છે અને પછી ખાઈ જાય છે, તેથી ભયના માર્યા બધા તપસ્વીઓ આ તીર્થને છોડીને અન્યત્ર ચાલ્યા ગયા છે.” જ્યાં સુરક્ષા અને આહારની વ્યવસ્થા હોય ત્યાં જ શાંતિથી સાધના કરી શકાય. મુનિઓની વાત સાંભળીને અર્જુન બહુ દુ:ખી થયો. મુનિઓની ના કહેવા છતાં તેને શું સૂઝ્યું કે તે જળમાં કૂદી પડ્યો. હમણાં મગરો તેને ખેંચી લઈ જશે તેવા ભય સાથે લોકો દૂરથી જોવા લાગ્યા. ત્યાં તો એક વિકરાળ મગરે તેનો પગ પકડી લીધો. પછી તો બહુ ખેંચમખેંચા ચાલી. છેવટે બહાદુર અર્જુન પેલા મગરને ખેંચીને જમીન ઉપર લઈ આવ્યો. જમીન ઉપર આવતાં જ પેલો મગર (મગરી) અપ્સરાના રૂપમાં બદલાઈ ગઈ. તેનું આવું પરિવર્તન જોઈ અર્જુનને નવાઈ લાગી. તમે કોણ છો અને આવા રૂપમાં અહીં જળમાં કેમ રહેતાં હતાં? તેવા પ્રશ્નના ઉત્તરમાં અપ્સરાએ બધી વાત કહી સંભળાવી. ઋષિના શાપથી અમારી આવી દુર્દશા થઈ હતી અને તમે અમારો ઉદ્ધાર કર્યો, હજી મારી ચાર બીજી બહેનપણીઓ પણ પાણીમાં છે જ. તેમનો પણ તમે ઉદ્ધાર કરો. એમ વર્ચા અપ્સરાએ અર્જુનને પ્રાર્થના કરી એટલે અર્જુને બાકીની ચારેનો ઉદ્ધાર કર્યો. આમ પાંચે અપ્સરાઓ ફરી હવે કદી પણ કોઈ તપસ્વીના તપમાં ભંગ પડાવવાની ભૂલ નહિ કરીએ તેવો બોધપાઠ લઈને પોતાના ધામમાં ચાલી

ગઈ.

5-12-09

*

20. અર્જુન-સુભદ્રાની કથા

જીવનની મધુરતા પ્રેમ છે. પ્રેમ વિનાનું જીવન કડવું ન હોય તોપણ નીરસ-શુષ્ક તો જરૂર હોય છે. શુષ્કતા પાંગરતી નથી. પલ્લવિત નથી હોતી. સૂકું લાકડું બળતણના કામમાં આવે. જે લોકો પ્રેમ વિનાનું જીવન જીવે છે, સૂકા લાકડા જેવું જીવન જીવે છે. તે દયાને પાત્ર છે. જે જીવનદર્શન પ્રેમવિરોધી હોય તે કદાચ મૃત્યુ પછી પરલોકમાં તો મોક્ષ અપાવી શકતું હશે, પણ આ લોકમાં તો નિર્જળ રણમાં તરસાવી મારનારું જ હશે. જેના મોક્ષમાં પણ એકાકી જ પ્રેમહીન થઈને રહેવાનું હોય તે મોક્ષ ધૂળના ભાવે મળતો હોય તોપણ તેને લાત મારી દેવી જોઈએ. તેવા મોક્ષ કરતાં આ લોકનાં કષ્ટો ઉઠાવવાં સારાં. હા, કષ્ટોમાં પણ જો પ્રેમ હોય તો. આમ તો મહાભારત શૌર્યગાથાઓથી ભરપૂર છે. પણ તેમાં પ્રેમગાથા પણ છે. ખરેખર તો પ્રેમગાથા વિનાની શૌર્યગાથા એકાકી થઈ જતી હોય છે. આમ જુઓ તો શૌર્ય વિનાનો પ્રેમ હોતો જ નથી. પરાક્રમી પુરુષો શૌર્ય કરી શકતા હોય છે અને તે જ પ્રેમને પણ પામી શકતા હોય છે. ભક્તકવિ પ્રીતમે (પ્રીતમ સ્વામી હતા, સંસારી ન હતા) કહ્યું છે કે

> "પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જો ને,
> માંહી પડ્યા તે મહાસુખ માણે દેખનહારા દાઝે જો ને...

હરિનો માર્ગ

જે લોકો અર્થપ્રધાન કે વાસનાપ્રધાન જીવન જીવતા હોય છે તે પ્રેમપંથ વિનાના હોય છે. તેમના પંથમાં દાઝવાનું નથી હોતું, કદાચ તેથી જ તે પ્રેમીઓને દઝાડતા રહે છે. કારણ કે દાઝ્યાનો અનુભવ જ તેમને નથી હોતો. આવી જ એક વિચિત્ર પ્રેમગાથા મહાભારતમાં આવી છે.

દ્વારિકા પાસે રૈવતક પર્વત છે. આ પર્વત ઉપર વૃષ્ણિવંશીઓ તથા અંધકવંશીઓનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. દ્વારકાનાં ઘણાં નર-નારી-બાળકો વગેરે સૌકોઈ પર્વત ઉપર પહોંચી ગયાં હતાં. સૌનાં મન હિલોળે ચઢ્યાં હતાં. પત્ની રેવતીની સાથે બલરામ પણ હર્ષોન્મત્ત થઈને ઉત્સવ ઊજવી રહ્યા હતા. સ્ત્રીઓને આવા ઉત્સવો બહુ ગમતા હોય છે; કારણ કે તેમને 'આઉટલુકિંગ' મળતું હોય છે. બાળકોને નાચવાકૂદવાનું અને વાજાં વગાડવાનું મળતું હોય છે. મહારાજા ઉગ્રસેન પણ ઉત્સવમાં પધાર્યા હતા. અક્રૂર જેવા અનેક વિદ્વાનો પણ ઉત્સવની શોભા વધારી રહ્યા હતા. આ ઉત્સવમાં શ્રીકૃષ્ણ અને અર્જુન પણ મિત્રો થઈને સાથે ફરી રહ્યા હતા. અર્જુન હજી શ્રીકૃષ્ણને મિત્ર જ માનતો હતો. કારણ કે તેણે હજી તેમનું આધ્યાત્મિક રૂપ જોયું ન હતું. આધ્યાત્મિકતા પ્રદર્શનની વસ્તુ નથી. તે પ્રસંગે જ આપોઆપ પ્રગટ થતી હોય છે. વગરપ્રસંગે પણ જે લોકો આધ્યાત્મિકતાનું પ્રદર્શન કરતા ફરે છે તે નાટકિયા વિદૂષક હોય છે. તેમના બાહ્યપ્રદર્શનથી મોહિત થનારા મૂરખના જામ જ હોય છે. હાં, તો બન્ને મિત્રો મેળામાં ફરી રહ્યા હતા. તેવામાં અર્જુનની દૃષ્ટિ શ્રીકૃષ્ણની બહેન અને વસુદેવજીની પુત્રી સુભદ્રા ઉપર પડી. સુભદ્રા પણ આજે સોળ શણગાર સજીને સખીઓની સાથે ઉત્સવમાં આવી હતી. સુભદ્રાને જોતાં જ અર્જુનને થયું કે ખરેખર આ સ્ત્રી મારી રાણી થાય તો હું સુખી થાઉં. પ્રત્યેક પુરુષ કુમારાવસ્થા પાર કર્યા પછી યુવાવસ્થામાં પ્રવેશતાં જ યુવતીને શોધવા માંડે છે. આવું જ સ્ત્રીઓનું પણ હોય છે. પરસ્પરનું આકર્ષણ કુદરતે મૂકેલું છે. ઉંમરલાયક થયેલાં કુંવારાં સ્ત્રી-પુરુષો એકબીજાને લગ્ન માટે શોધે તો તે પાપ નથી. તે સહજ પ્રક્રિયા છે. ઉંમરલાયક થતાં પહેલાં જ જેમની સગાઈ થઈ ગઈ હોય તેમને આવી શોધ કરવાની હોતી નથી. તે તો તૈયાર ભાણે જમનારાં હોય છે. પણ આ પ્રક્રિયામાં ઘણી વાર લગ્ન તો થાય છે, પણ પ્રેમ પાંગરતો

નથી, કારણ કે લાકડે-માંકડું વળગાડી દેવાયું હોય છે. આવાં કજોડાં જીવનભર શેકાતાં રહેતાં હોય છે. તે છૂટી નથી શકતાં તેમ સાથે રહી પણ નથી શકતાં. કારણ કે લગ્નબંધન કરતાં પણ તેમને સમાજબંધન પ્રબળ હોય છે. આવાં કજોડાં સંતાનો તો ઢગલાબંધ પેદા કરે છે પણ સ્વયં વાંઝિયાં રહી જતાં હોય છે. સંતાનવાંઝિયા થવું તેના કરતાં પ્રેમવાંઝિયા થવું વધુ સંતાપ દેનારું છે. તેમની પીડાને કોઈ સમજી શકતું નથી. ખાસ કરીને સ્ત્રીવર્ગની દશા તો મહાકપરી થઈ જતી હોય છે. આવાં કજોડાં કોઈ વાર તક મળતાં ન ઇચ્છવા છતાં આડાં ફંટાઈ પણ જતાં હોય છે. લોકો તેમને પાપી કહીને ધુતકારે છે પણ કજોડાં કરનારને કોઈ ધુતકારતું નથી. લોકદૃષ્ટિ જ આવી હોય છે.

અર્જુનને સુભદ્રા ગમી ગઈ છે તે અંતર્યામી શ્રીકૃષ્ણ જાણી ગયા. જેમને ચહેરો વાંચતાં આવડે અને પછી છેક હૃદય સુધી પહોંચી જાય તે અભણ હોય તોપણ વિદ્વાન છે અને માત્ર પોથાં જ વાંચ વાંચ કરે પણ ચહેરો ન વાંચી શકે તે માત્ર વેદિયા જ છે.

શ્રીકૃષ્ણે અર્જુનને પૂછ્યું: "અર્જુન, તારે મારી બહેન સુભદ્રા સાથે પરણવું છે?" બે મિત્રો વચ્ચે જ્યારે બધા ભેદ ઓગળી જાય ત્યારે આત્મિક સંબંધ બંધાતો હોય છે. જેમાં એકબીજા એકબીજાથી કશું ગુપ્ત ન રાખે. ને આત્મીયસંબંધ થતો હોય છે. આવો સંબંધ દુર્લભ હોય છે. શ્રીકૃષ્ણનો પ્રશ્ન સાંભળીને પ્રથમ તો અર્જુન પકડાઈ ગયો તેવા ભાવથી ઝાંખો પડી ગયો. પણ પછી સ્વસ્થ થઈ ગયો. આ તો મારો પરમ મિત્ર છે. તેનાથી શું છુપાવવું? તેણે હા પાડી દીધી. પણ હવે પરણવું કેવી રીતે? શ્રીકૃષ્ણે કહ્યું: તું ચિંતા ન કર, હું પિતા વસુદેવજીને તારી વાત કરીશ "વાડ વિના વેલો ન ચઢે" તેમ કોઈ મધ્યસ્થી ન હોય તો લગ્ન ગોઠવાય નહિ પણ પછી થોડી વાર વિચાર કરીને શ્રીકૃષ્ણ બોલ્યા, કદાચ પિતાજી આ વાત ન માને તો? અર્જુન કુરુવંશીય છે અને સુભદ્રા યદુવંશી છે. કદાચ વંશ આડો આવે તો પછી સ્વયંવર રચાવીએ. પણ સ્વયંવરમાં સ્ત્રીઓના મનની નિશ્ચિતતાનો ભરોસો નહિ. કદાચ તે બીજા કોઈને પસંદ કરી લે તો? સ્ત્રીઓ જલ્દી નિશ્ચય નથી કરી શકતી. કદાચ કરે તો ટકી નથી શકતી. બંધન જ તેમને દૃઢભાવ આપે છે. એટલે અર્જુન તું એમ કર કે મારી બહેનનું અપહરણ કરી જા. હું તારી સાથે છું. અર્જુને યુધિષ્ઠિરને પણ પૂછી જોયું તો ધર્મરાજે પણ સંમતિ આપી.

લાગ જોઈને અર્જુને સુભદ્રાનો હાથ પકડીને પોતાના રથ તરફ ખેંચી લીધી અને રથ દોડાવી દીધો. પૂરા ઉત્સવમાં હોહા થઈ ગઈ. એ જાય એ જાય. કરતાં લોકો જોતાં જ રહી ગયાં. જ્યારે આ સમાચાર બલરામને મળ્યા ત્યારે તે લાલઘૂમ થઈ ગયા. "એની આ હિંમત" તેમણે યાદવી સેનાને તૈયાર થવાનો હુકમ આપ્યો. આજ અર્જુનને મજા ચખાડી દઈએ. યુદ્ધનાં નગારાં જોરજોરથી વાગી રહ્યાં હતાં. ચારે તરફથી યાદવો શસ્ત્રો લઈ લઈને દોડતા આવી રહ્યા હતા. તેવામાં બલરામની નજર શ્રીકૃષ્ણ પર પડી. તે શાંત—ચૂપચાપ ધીરગંભીર થઈને બેઠા હતા. બલરામે શ્રીકૃષ્ણની સલાહ લેવા માટે પૂછ્યું તો શ્રીકૃષ્ણે સ્પષ્ટ રીતે અર્જુનનો પક્ષ લીધો. મિત્રની ગેરહાજરીમાં પણ જે મિત્રનો પક્ષ લે તે જ સાચો મિત્ર કહેવાય. હાજરીમાં જુદું બોલે અને ગેરહાજરીમાં જુદું બોલે તે પથારીમાં છુપાયેલા સર્પ જેવો હોય છે. તે ક્યારે ડંખ દઈ બેસશે તે કહી ન શકાય. તેવા મિત્રનો ત્યાગ કરનારો કદાચ મિત્રથી વંચિત થઈ જાય પણ તે ડંખથી પણ બચી જાય. શ્રીકૃષ્ણે બધાને ઠંડા પાડ્યા અને સમજાવ્યા કે જે થયું તે ઠીક જ થયું છે. હવે આપણે ખૂનામરકી કરવાની નથી. સુભદ્રા અને અર્જુનને સ્વીકારી લેવાનાં છે. જો સમજાવનારો મળે તો મહાઅનર્થોને પણ ટાળી શકાય છે. અંતે બધા યાદવો શ્રીકૃષ્ણની વાતને માની ગયા. સૌએ મળીને અર્જુન-સુભદ્રાને પાછાં દ્વારિકા બોલાવ્યાં. વિધિવત્ તેમનાં ભવ્ય લગ્ન

કર્યાં. એક વર્ષ સુધી અર્જુન દ્વારિકામાં રહી સુભદ્રા સાથે હનીમૂન મનાવતો રહ્યો. ત્યાંથી અર્જુન પુષ્કરમાં ગયો અને વનવાસનો બાકીનો સમય પુષ્કરમાં વિતાવી બાર વર્ષનો વનવાસ પૂરો કરીને પછી ખાંડવવનમાં ધૌમ્યઋષિના ત્યાં માતા કુંતાજીને મળ્યો. પછી બધા ભાઈઓને મળ્યો. સૌએ તેને વધાવી લીધો પછી તે પોતાની પ્રથમ પત્ની દ્રોપદી પાસે ગયો. સુભદ્રા સાથેનાં લગ્નની વાત જાણીને દ્રૌપદી ધૂંવાંપૂંવાં થઈ રહી હતી. શોક અને શોક બરાબર છે. કોઈ સ્ત્રીને શોક ના ગમે. બધો ભાગ પડાવે તે સહન થાય, પણ પ્રેમમાં કોઈ ભાગ પડાવે તે કેમે કરીને સહન ન થાય. ત્યારે બહુ પત્નીત્વનો રિવાજ હતો. તે ગૌરવ અને શોભાની વાત હતી. તેથી લગભગ બધા જ ઊંચા માણસોને અનેક પત્નીઓ રહેતી હતી. સ્ત્રીઓને આ કાયમી ગૂમડું સહન કરવું જ પડતું. અંગ્રેજોના આવ્યા પછી “હિન્દુ કોડબિલ” પાસ થયું અને બહુપત્નીત્વ પ્રથા હિન્દુઓમાં બંધ થઈ. હા, મુસ્લિમોમાં હજી ચાલુ જ છે. અંગ્રેજો સ્વયં એકપત્ની વાળા રહેતા, છંછેડાયેલી દ્રોપદીને સમજાવવા અર્જુને બહુ પ્રયત્નો કર્યા. પછી સુભદ્રા પોતે આવી અને દ્રૌપદીને પગે લાગી, કુંતીને અને બધા વડીલોને પગે લાગી. નમસ્કારથી મન જીતી શકાય છે. સુભદ્રાએ દ્રૌપદીને કહ્યું કે “હું તો તમારી દાસી છું.” બસ વાત બની ગઈ. મેળ પાડતાં આવડે તો શત્રુ સાથે પણ મેળ પાડી શકાય છે. સંયુક્ત પરિવાર મેળ વિના ચાલે નહિ. તેમાં એક તો મેળ પાડનાર હોવો જ જોઈએ. કાળાન્તરે સુભદ્રાને એક પુત્ર થયો જેને સૌભદ્રેય કહેવાય છે.

આ કથા ઉપરથી બોધપાઠ લેવો જોઈએ કે કદાચ પરિવારમાં કોઈ છોકરો છોકરી પ્રેમલગ્ન કરવાનું સાહસ કરે તો જો તેમનો સાચો પ્રેમ હોય તો ઉદારતાથી તેને સ્વીકારી લેવો. બને ત્યાં સુધી કોઈને પ્રેમભંગ ન કરવું. પણ હા, જો તે સાચો પ્રેમ હોય તો જ. જો કન્યાને ફસાવવામાં આવી હોય કે છેતરવામાં આવી હોય તો તેને જરૂર મુક્ત કરાવવી.

5-12-09



21. જરિતાની કથા

વૈદિક પરંપરાની જીવનપદ્ધતિમાં બે વાતો ઉપર ભાર મૂકવામાં આવે છે. એક તો લગ્ન જરૂર કરવાં જોઈએ તથા બીજી વાત સંતતિ પેદા કરવી જોઈએ. શ્રમણ પરંપરા પ્રમાણેની જીવનપદ્ધતિ પ્રમાણે લગ્નજીવન મજબૂરી છે. જો સ્ત્રી વિના રહી શકાય અથવા તેનો ત્યાગ કરી શકાય તો તેવું જીવન ભવ્ય માનવામાં આવે છે. અને લગ્ન જ કરવાનાં ન હોય ત્યાં સંતતિની તો જરૂર જ શી? ભારતની આ બે મુખ્ય ધારાઓ વર્ષોથી વહેતી આવે છે. એકનું લક્ષ્ય માત્ર પરલોક સુધારવાનું છે જ્યારે બીજાનું લક્ષ્ય આ લોકને સુધારીને પછી પરલોક સુધારવાનું છે. વાત એમ બની કે મંદપાલ નામના એક ઋષિએ ઘણાં વર્ષો સુધી તપસ્યા કરી. પછી તપસ્યાકાળમાં જ દેહ ત્યાગીને પિતૃલોકમાં ગયા. પણ ત્યાં બધા દરવાજા બંધ જોયા. ઋષિને દુ:ખ થયું કે મેં બધાં તપો કર્યાં તેમ છતાં મારે માટે દરવાજા બંધ કેમ? અને મને જે પરિણામમાં ઉપભોગનાં સાધનો મળવાં જોઈએ તે કેમ ન મળ્યાં?" આવી શંકા તેમણે દેવતાઓ આગળ વ્યક્ત કરી તો દેવતાઓએ સમાધાન કર્યું કે, તમે તપ તો બહુ કર્યાં પણ તમારા ઘરમાં કોઈ સંતતિ ન હોવાથી તમારા માટે પિતૃલોકની પ્રાપ્તિ શક્ય નથી. માટે જાવ અને વધુમાં વધુ સંતતિ પેદા કરો. પુત્ર તેને કહેવાય છે જે પું નામના નરકથી બચાવે. તમારે પુત્ર નથી એટલે તમારા માટે પિતૃલોકના દરવાજા બંધ રહ્યા હતા તથા ઉપભોગની સામગ્રી પણ પ્રાપ્ત ન થઈ.

મંદપાલ ઋષિએ વિચાર કર્યો કે સૌથી વધુ સંતાન આપનાર કોઈ પક્ષિણી સાથે હું સંસાર માંડું જેથી ઘણાં બાળકો પેદા થઈ શકે. તે શાર્ગિક પક્ષી થઈ ગયા અને પછી જરિતા નામની પક્ષિણી સાથે સંસાર શરૂ કર્યો. જરિતાને ચાર ઈંડાં થયાં. તે ચારને જરિતાની પાસે છોડીને જરિતા પક્ષિણીનો ત્યાગ કરીને મંદપાલ ઋષિ પોતાની જૂની પત્ની લપિતા પાસે ચાલ્યા ગયા. લપિતાને કોઈ સંતાન ન હતું. બહુપત્નીવાળા પુરુષો વિશ્વાસપાત્ર નથી હોતા. ક્યારે કોને છોડી દે અને કોને ગ્રહણ કરે તે કહેવાય નહિ. પતિના ચાલ્યા જવાથી જરિતા બહુ જ દુ:ખી થઈ ગઈ. ગર્ભાવસ્થા અને પ્રસૂતિ કાળમાં સ્ત્રીને પતિનો સાથ હોવો જ જોઈએ. પતિના સાથ વિના એકલી પત્નીનું દુ:ખ અનેકગણું વધી જતું હોય છે. બરાબર આ જ સમયે ખાંડવવનમાં અગ્નિ લગાડવા માટે અગ્નિદેવ આવી પહોંચ્યા. અગ્નિને જોઈને મંદપાલને ચિંતા થઈ કે હજી તો મારાં બચ્ચાં ઈંડાંમાંથી હમણાં જ બહાર નીકળ્યાં છે, તે ઊડી શકવાનાં નથી. જરૂર તેમનો નાશ થઈ જશે. એટલે ઋષિએ અગ્નિદેવનું સ્તોત્ર રચીને પ્રાર્થના કરી. પ્રસન્ન થયેલા અગ્નિદેવ પાસેથી વરદાન માગ્યું કે ભલે ખાંડવવન બળે પણ મારાં બચ્ચાં ન બળે, તે સુરક્ષિત રહે. અગ્નિદેવે તથાસ્તુ કહીને વરદાન આપી દીધું.

અગ્નિએ ખાંડવવનને બાળવાનું શરૂ કર્યું. ભડભડતી અગ્નિને નજીક આવતી જોઈને જરિતા પક્ષિણી ગભરાઈ ગઈ. હવે શું કરવું? બચ્ચાંને પાંખો નથી, તેમને છોડીને હું એકલી જીવ બચાવવા ઊડીને જતી રહું તો બરાબર ન કહેવાય. બચ્ચાંનો બાપ તો તેમના જન્મતાં જ ચાલ્યો ગયો હતો. હવે જો હું પણ ચાલી જાઉં તો ચારે બચ્ચાં બળીને ખાખ થઈ જાય. મને પાપ લાગે એટલે હું પણ બચ્ચાંઓની સાથે જ બળી મરીશ, પણ બાળકોને છોડીને ભાગીશ નહિ. પ્રસૂતિ પછીના બાળઉછેર અને બાળરક્ષાના કાર્યમાં પતિની ખાસ જરૂર રહે જ છે. એકલી સ્ત્રી હારી જતી હોય છે. થાકી જતી હોય છે, પણ પતિ તો ક્યારનોય ભાગી ચૂક્યો છે. તે કર્તવ્યભ્રષ્ટ થઈ ગયો છે, જ્યારે વિષયો ભોગવવા હતા ત્યારે તો તે જરિતાને દમ લેવા દેતો ન હતો. પણ હવે જ્યારે વિષયભોગનાં પરિણામ સામે આવ્યાં ત્યારે તે પલાયન થઈ ગયો. એકલી સ્ત્રી અનાથ

હોય છે પણ બાળકો સહિતની સ્ત્રી તો મહાઅનાથ થઈ જતી હોય છે. અગ્નિની જ્વાળાઓ વધુ ને વધુ નજીક આવી રહી હતી પણ પક્ષિણી ઊડતી ન હતી તેથી તેનાં બચ્ચાંએ તેને આગ્રહ કર્યો કે "હે મા, તું ઊડી જા. અમારું જે થવાનું હોય તે થાય પણ તું તારો જીવ બચાવી લે. કારણ કે તારી પાસે પાંખો છે. અમારી પાસે પાંખો નથી એટલે લાચાર છીએ. પણ તું ઊડી જા!" બચ્ચાંનો વારંવારનો આગ્રહ છતાં જરિતા ન ઊડવામાં મક્કમ રહી. એવામાં તેની નજરે એક ઉંદરનું દર ચઢ્યું. તેણે બચ્ચાંઓને કહ્યું કે "એવું કરો તમે પેલા ઉંદરના દરમાં પેસી જાઓ. હું બહારથી તેનું મુખ બંધ કરી દઈશ. જેથી અગ્નિ તમને બાળી શકશે નહિ. પછી જ્યારે અગ્નિ હોલવાઈ જશે ત્યારે પાછી આવીને દરનું મોઢું ખોલી નાખીશ તમે બધાં બચી જશો."

બચ્ચાં કહે કે "ના, ના. મા, દરમાં ઉંદર હશે જ. તે અમને ફોલી ખાશે. તેના હાથે મરવું તેના કરતાં અગ્નિમાં બળી મરવું વધારે સારું."

માતા કહે કે તે નાના ઉંદરને મેં બહાર નીકળતો જોયો હતો, તે જેવો બહાર નીકળ્યો કે તરત જ ઉપરથી શકરા બાજે ઝડપ મારીને તેને પકડી લીધો હતો તથા પેલા ઝાડ ઉપર બેસીને તે ઉંદરને ખાઈ ગયો હતો. માટે દરમાં ઉંદર નથી. તમે દરમાં પેસી જાઓ. તમારું રક્ષણ થશે." માતાનું આવું કહેવાથી બચ્ચાં દરમાં પેસી ગયાં. પક્ષિણી ઊડીને દૂર જતી રહી જ્યાં અગ્નિનો પ્રભાવ ન હતો. પછી તો અગ્નિ દરની સમીપમાં આવીને ઋષિને આપેલા વચન પ્રમાણે અટકી ગયો. સતત પંદર દિવસ સુધી ભડભડતો અગ્નિ શાંત થઈ ગયો. પછી જરિતા પોતાનાં બચ્ચાંઓની સૂધ લેવા આવી પહોંચી, બચ્ચાં બધાં સકુશળ હતાં. તે જોઈને તેને આનંદ થયો. મા, બાળકો માટે જીવતી હોય છે અને બાળકો માટે મરતી હોય છે. બીજી તરફ મંદપાલ ઋષિની જૂની પત્ની લપિતા સાથે ઋષિને ઝઘડો થયો. મુનિ જરિતામાં બાળકો પેદા કરીને નાસી આવ્યા છે તેવી જાણ તેને થઈ ચૂકી હતી. તેણે મુનિનો ત્યાગ કરી દીધો. હતાશ મુનિ પાછા જરિતા પાસે આવ્યા. જોયું તો જરિતા તથા ચારે બચ્ચાં કુશળક્ષેમ છે. પણ મંદપાલને જોઈને પણ ન તો જરિતાએ તેને આવકાર આપ્યો કે ન બચ્ચાં પગે લાગવા ગયાં. જરિતાના વ્યવહારથી ઋષિ બહુ દુ:ખી થયા. હવે તેમનું પરિવારમાં સ્થાન રહ્યું ન હતું. બન્ને પરિવારમાં તેમને તુચ્છકારો મળ્યો હતો. ધોબીના કૂતરા જેવી તેમની દશા થઈ હતી. "હવે કયું મોઢું લઈને તમે અમને મળવા આવ્યા છો? જ્યારે તમારી ખરી જરૂર હતી ત્યારે તો તમે અમને છોડીને ભાગી ગયા હતા. હવે જાઓ જ્યાં ભાગીને આશ્રય લેવા ગયા હતા ત્યાં જ પાછા જાઓ!" જરિતા ક્રોધની મારી બોલી રહી હતી. પત્નીત્યાગ તેમાં પણ નિર્દોષ પત્નીનો ત્યાગ મહાપાપ છે. તેમાં પણ જ્યારે તેના ખોળામાં નાનાં બાળકો રમતાં હોય ત્યારે તેમનો ત્યાગ તો મહાથી મહાપાપ કહેવાય. આવા પત્નીત્યાગના આદર્શને આગળ રાખીને જે મોક્ષ મેળવવા નીકળી પડે તેમને કદી મોક્ષ મળે જ નહિ. કારણ કે તેમણે પત્ની અને બાળકો માટે તો નરક જ છોડ્યું કહેવાય. મંદપાલ બન્ને તરફથી રખડી ગયા. જરિતાએ કહ્યું કે હવે હું મહેનત-મજૂરી કરીશ અને બાળકોને મોટાં કરીશ પણ પલાયનવાદી કર્તવ્યભ્રષ્ટ પતિની સાથે રહેવા તૈયાર નથી. નારીનું સંમાન નારીના હાથમાં

5-12-09

*

22. કિર્મીરવધ

વનપર્વ (અરણ્યપર્વ)

સત્કર્મો સારી પ્રેરણા અને સત્સંગના પ્રભાવથી થતાં હોય છે. દુષ્કર્મ કુપ્રેરણા અને કુસંગથી થતાં હોય છે. સારી પ્રેરણા આપનાર સંત કહેવાય. તે સ્વજન હોય કે પરજન હોય પણ તે સંત જ કહેવાય. સારી પ્રેરણા મળે તે જ સત્સંગ કહેવાય. કુપ્રેરણા આપનાર દુર્જન કહેવાય. ભલે તે સ્વજન હોય કે પરજન હોય. કુપ્રેરણા જ્યાંથી મળે તેને કુસંગ કહેવાય.

યુધિષ્ઠિર જુગાર રમ્યા. પોતે તો ધર્માત્મા સજ્જન હતા. તોપણ કોની પ્રેરણાથી જુગાર રમ્યા? એક વાર નહિ, બે વાર રમ્યા. આવી પ્રેરણા આપનાર શકુનિ હતો. તેણે જ પૂરી રમત ગોઠવી હતી જેમાં પાંડવો સહિત યુધિષ્ઠિર ફસાઈ ગયા. માણસ સજ્જન અને ધર્માત્મા હોય તેટલું જ પર્યાપ્ત નથી. તે ચતુર પણ હોવો જોઈએ. ચતુર તે છે જે બીજાની લુચ્ચાઈને પારખી જાય. જે બીજાની લુચ્ચાઈને પારખી નથી શકતો તે સજ્જન હોય તોપણ ભોટ છે. આવા ભોટ (ભોળા નહિ) માણસો લુચ્ચાઓની લુચ્ચાઈમાં વારંવાર ફસાઈ જતા હોય છે અને અનિષ્ટો ભોગવતા હોય છે. આમાં પૂર્વજન્મનાં કર્મોને કશી લેવાદેવા નથી હોતી. આટલા જ માટે રાજકુમારોએ (સૌએ) નીતિશાસ્ત્ર જરૂર ભણવું જોઈએ. ચાણક્યનીતિ જેવાં નીતિશાસ્ત્ર લુચ્ચાઈથી બચાવવાનો રસ્તો બતાવે છે.

જુગારમાં સર્વસ્વ હારી ગયા એટલું જ નહિ, દ્રૌપદીનું સભા વચ્ચે ભયંકર અપમાન જોયા પછી પાંડવોને વનમાં જવાનું થયું. માણસ પોતાનું અપમાન સહન કરી શકે, પણ પોતાની પત્નીનું અપમાન સહન ન કરી શકે. અહીં તો દ્રૌપદીનું માત્ર અપમાન જ જોવાનું ન હતું પણ તેની આબરૂ લેવાનાં અધમ દૃશ્યો પણ જોવાં પડ્યાં, પોતાની પત્નીને ભરી સભામાં કોઈ નગ્ન કરે અને પોતાની જાંઘ ઉપર બેસાડવાનો પ્રયત્ન કરે અને તે પણ પતિઓના દેખતાં કરે. આથી વધુ કયું કુદૃશ્ય હોઈ શકે, પણ આ બધું થયું એક ભાન ભૂલીને જુગાર રમવાથી. માનો કે યુધિષ્ઠિર જુગારમાં હારી ગયા પણ તેથી દ્રૌપદીને ભરી સભામાં નગ્ન કરવાનો અધિકાર ક્યાંથી મળી જાય છે? દ્રૌપદીને જ નહિ સ્વયં પોતાની પત્નીને પણ કોઈ આવી રાજસભામાં જોરજબરદસ્તીથી નગ્ન કરે તો તે સંસ્કૃતિ અને સભ્યતાની હત્યા જ કરી કહેવાય. પ્રેક્ષકો અને લોકો કેમ સહન કરી શકે! પણ આ બધું થયું જ.

પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી પહેરેલે કપડે નીકળી પડ્યાં. હવે તેમને બાર વર્ષ સુધી વનમાં જ રહેવાનું હતું. તેરમું વર્ષ ગુપ્ત કાઢવાનું હતું. જો પકડાઈ જાય તો ફરી પાછાં બાર વર્ષ વનમાં વિતાવવાનાં હતાં. પોતાની જ ભૂલનું આ પરિણામ હતું. ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી આ લોકો સતત ચાલ ચાલ કરતાં રહ્યાં, કારણ કે જલદીથી જલદી વનમાં પહોંચી જવું હતું. ત્રીજી રાત્રે તે બધાં કામ્યકવનમાં પહોંચી ગયાં. ત્યારે વનો ઘણાં હતાં. નગરો ઓછાં હતાં અને દૂર દૂર હતાં. વન એવાં ઘોર હતાં કે રાત્રે તો શું દિવસે પણ તેમાં જતાં ભય લાગતો હતો. વનમાં હિંસક પ્રાણીઓ, અજગરો, સર્પો વગેરેની સાથે ભયંકર નિશાચર રાક્ષસો પણ રહેતા હતા. એટલે રાત્રે તો વનમાં જવાય જ નહિ. સૌથી મોટો પ્રશ્ન માર્ગનો હતો. વનમાં માર્ગો ન હતા. પગદંડીઓ હતી. કઈ પગદંડી ક્યાં જાય છે તેનાં કશાં બોર્ડો લખેલાં ન હતાં. જો માર્ગ ભૂલ્યા તો ભટકી ભટકીને મરી જ જવાનું થાય. વળી આ વનમાં તો બકરાક્ષસનો સગો ભાઈ કિર્મીર પણ રહેતો હતો. તે હિડિમ્બ રાક્ષસનો પણ મિત્ર થતો હતો. તેને ભીમના દ્વારા બક અને

હિડમ્બના વધના સમાચાર મળ્યા હતા. હિડિમ્બાને ભીમ લઈ ગયો છે તે પણ સમાચાર જાણીને તે ક્રુદ્ધ થઈ ઊઠ્યો હતો. પરાક્રમ વેર વિનાનું ભાગ્યે જ હોય છે. નમાલા માણસોને વેરીઓ નથી હોતા. એટલે હવે અત્યારે રાત્રે આ વનમાં પ્રવેશ કરવો બહુ ખતરનાક ખેલ હતો. પણ પાંડવો પ્રવેશ્યા. ખતરાથી ખેલે એ જ ખતરાથી પાર ઊતરે. પણ જો એ ખતરો સૌના માટેનો હોય અને પાર ઊતરે તો સૌના ઉદ્ધારક પણ બને. કિર્મીર રાક્ષસ સૌના માટે ખતરનાક હતો. ઋષિમુનિઓ, બ્રાહ્મણો અને સજ્જનો તેનાથી ત્રાહી ત્રાહી પોકારતા હતા. બધા જ અશાંત હતા. ધ્યાન કરવાથી શાંતિ નથી મળતી, પ્રશ્નો ઉકેલવાથી શાંતિ મળે છે. જે સૌના પ્રશ્નો ઉકેલે તે સંત કહેવાય. તે જ મહાપુરુષ કહેવાય. જે લોકો પ્રશ્નોથી મોઢું ફેરવીને આંખ મીંચી દેતાં શિખવાડે તે (ધ્યાન શીખવે) તે જીવનથી ભાગી છૂટતાં શિખવાડે છે. જો પૂરી પ્રજા આ રવાડે ચઢે તો પલાયનવાદી થઈ જાય. ભારતને આ જ રોગ લાગુ પડ્યો છે. રોગ ફેલાવનારા પૂજાય છે. જરૂર છે રોગો સામે ઝઝૂમનારા વીરતાભર્યા યોગો શિખવાડવાની.

જેવા પાંડવો કામ્યકવનમાં પ્રવેશ્યા કે તરત જ પેલો વિકરાળ રાક્ષસ રસ્તો રોકીને ઊભો થઈ ગયો. સજ્જનો ને ધન-માલ મિલકત લૂંટાવાની બહુ ચિંતા નથી હોતી પણ સૌથી મોટી ચિંતા સ્વાશ્રિત સ્ત્રીઓની હોય છે. સ્વાશ્રિત સ્ત્રીઓનું શિયળ સાચવવું એ સૌથી મોટી ચિંતાનો વિષય રહેતો જ હોય છે. પરસ્ત્રીનાં શિયળભંગ કરનારા રાક્ષસો જ કહેવાય. પાંડવોને જોઈને રાક્ષસ તાડૂકી ઊઠ્યો. “મારાં અહોભાગ્ય કે તમે સામે ચાલીને અહીં આવી પહોંચ્યા. મારું મન બદલો લેવા તલસી રહ્યું હતું. ત્યાં તમે પોતે જ સામે ચાલીને આવી પહોંચ્યા છો. આજે તમને સૌને મારો આહાર બનાવીશ.”

ભીમ આગળ આવી ગયો. આવા વિકટ સમયે આગળ આવીને અડીખમ ઊભો રહેનારો એક ભાઈ જોઈએ. તે ભાઈ ન હોય તોપણ તેને સવાયો ભાઈ જ કહેવાય. પાંડવો અને દ્રૌપદીને પાછળ કરીને ભીમ મક્કમતાથી સામો ઊભો રહી ગયો. “લે ચાલ, આવી જા, લઈ લે બદલો.” એમ કહીને એક મોટું વૃક્ષ ઉખાડીને ભીમે પ્રહાર કર્યો. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બન્ને ગાંજ્યા જાય તેવા ન હતા. અંતે ભીમે ભયંકર પ્રહારો કરીને રાક્ષસને યમસદન પહોંચાડી દીધો. હાશ, હવે શાંતિ થઈ. માત્ર પાંડવોને જ નહિ પૂરા સભ્યસમાજને શાંતિ થઈ ગઈ. અશાંતિનું કારણ દૂર થાય તો શાંતિ તો સહજ છે. રાક્ષસ અશાંતિનું કારણ હતો. ભીમના પરાક્રમથી તે હંમેશાં માટે દૂર થઈ ગયો. ફરી કોઈ નવો રાક્ષસ પેદા ન થઈ જાય એટલા માટે તેના મૂળમાંથી તેને ઊખેડી નાખ્યો. વૃક્ષને કાપીને જે લોકો મૂળિયાંને રહેવા દે છે તે કાચા રાજનેતા છે. કારણ જરાક વરસાદ પડતાં જ આ મૂળ ઊગી નીકળવાનાં છે. ફરી પાછા એક નહિ અનેક રાક્ષસો પેદા થવાના છે. કાચા નેતાઓ કદાચ પ્રજાનું વર્તમાન તો સુધારી શકે પણ ભવિષ્ય ન સુધારી શકે. ભવિષ્ય તો પાકા-મુત્સદ્દી-વીર નેતાઓ જ સુધારી શકે. ભારતને કાચા નેતાઓનો વારસો મળ્યો લાગે છે જે ભવિષ્યને જોઈ શકતા નથી.

ઘણો સમય પાંડવો આ વનમાં નિર્ભય થઈને રહ્યા. નિર્ભયતા, રાજા સ્થાપે છે. દુષ્ટ ગુંડાઓનો નાશ કરો તો પ્રજા નિર્ભયતા અનુભવતી થઈ જાય. માત્ર ગીતાનો પાઠ કરી લેવાથી નિર્ભયતા નથી આવતી. ગીતાનો પાઠ જરૂર કરવો જોઈએ. પણ ઘરે ઘરે ભીમ પણ પેદા કરવા જોઈએ. કુરકુરિયાં પેદા કરીને મંદિરના આંટા માર્યા કરવાથી રાક્ષસોથી મુક્તિ ન મળે. એમ હોમ-હવનના પાટલે બેસવાથી કે ધ્યાન શીખવાથી પણ ગુંડાત્રાસ ન મટે. આ બધું ધૂળ ઉપરનું લીંપણ છે. લીંપીલીંપીને પોપડા જ ઉખેડવાના. કોઈ પરિણામ ન આવે. પરિણામ તો ભીમ પેદા કરવાથી જ આવે. ભીમના ઘરે ભીમ જન્મે. બકરી-બકરાની કૂખે ભીમ ન જન્મે. ઓધ

બદલવાની જરૂર છે. ભગતડાં બહુ પેદા કર્યાં હવે—ભીમ પેદા કરો.

8-12-09

*

23. ઉર્વશીનો અર્જુનને શાપ

જેની પાસે રૂપ અને જોબન હોય તેનું આકર્ષણ રહેવાનું જ. તેમાં પણ આ બન્નેની સાથે જો વીરતા-પરાક્રમ અને સાહસ ભળે તો તેવા પુરુષો પ્રત્યે સ્ત્રીઓનું આકર્ષણ અનેકગણું વધી જાય. માત્ર પુરુષો જ સ્ત્રીઓ પ્રત્યે આકર્ષાય છે તેવું નથી, સ્ત્રીઓ પણ આવાં લક્ષણોવાળા પુરુષો પ્રત્યે આકર્ષાય છે. આ કુદરતસહજ વસ્તુ છે. જ્યાં આકર્ષાવાથી અનર્થ થવાની સંભાવના હોય ત્યાં આકર્ષણને રોકનારાં તત્ત્વો, ધર્મ, જીવનમૂલ્યો અને સમાજભય હોય છે. જેની પાસે આ ત્રણે નથી હોતાં તે સ્વચ્છંદી થઈ જતાં હોય છે. સ્વચ્છંદી લોકો સ્વવિનાશ કરી મૂકતાં હોય છે. એટલે મર્યાદાની પાળમાં રહેનારાં પાણી લાંબું જીવતાં હોય છે અને સુરક્ષિત રહેતાં હોય છે. પાળ વિનાનાં પાણી જલદી નષ્ટ થઈ જતાં હોય છે અથવા સુકાઈ જતાં હોય છે.

અર્જુનની પાસે આ બધાં લક્ષણો છે. એ રૂપાળો છે, જોબનવન્તો છે, પરાક્રમી વીર છે અને સાહસિક પણ છે. આ બધા ગુણોથી રહિત પુરુષ સ્ત્રીઓ માટે હૃદયથી પ્રિય નથી હોતો. આમ જુઓ તો અર્જુનનો ખરો પિતા તો ઇન્દ્ર છે. ભલે તે પાંડુપુત્ર કહેવાતો હોય, પણ તેની નસોમાં લોહી તો ઇન્દ્રનું જ છે. કેટલીક વાર સમાજમાં પણ આવું બનતું હોય છે.

બાર વર્ષના વનવાસ કાળમાં અર્જુન ફરતો ફરતો સ્વર્ગલોકમાં પહોંચી ગયો. ત્યાં અર્જુનનું ભવ્ય સ્વાગત થયું. સ્વાગત ચાર કારણથી થતું હોય છે. (1) વ્યક્તિના સદ્ગુણોથી (2) વ્યક્તિના પદથી, (3) વ્યક્તિના સ્વજનોની લાગણીથી અને (4) વ્યક્તિ પ્રત્યે ગરજ રાખનારા ગરજુ વર્ગ તરફથી. અર્જુન પાસે પ્રથમનાં ત્રણે લક્ષણો છે. તે ગુણવાન વ્યક્તિ છે, તે સ્વજન છે. અને તે પદની દૃષ્ટિએ પણ રાજપુત્ર છે. એટલે તેનું સ્વાગત થાય તે સ્વાભાવિક છે. જેનામાં આવા કશા ગુણો ન હોય છતાં સ્વાગતની અપેક્ષા રાખે તે દુ:ખી થવાનો છે. કોઈની ગરજને સંતોષવાની શક્તિ પણ જો તમારી પાસે ન હોય તો પછી સ્વમાનની અપેક્ષા રાખ્યા વિના ચૂપચાપ સભાની પાછળ બેસી રહેવામાં જ કલ્યાણ થતું હોય છે. જો આવો અયોગ્ય માણસ પણ પોતાની મેળે આગળ આવીને મહત્ત્વની જગ્યાએ બેસવાનો પ્રયત્ન કરે તો લોકો તેને ઉઠાડીને પાછળ ધકેલી દેતા હોય છે. એક કહેવત છે—

> "બોલના ઐસા ચાહિએ કે કોઈ ના કહે ચુપ,
> બૈઠના ઐસા ચાહિએ કે કોઈ ના કહે ઊઠ."

અર્જુનના ભવ્ય સ્વાગતથી ઇન્દ્રની છાતી ગજગજની ફુલાઈ રહી છે. ગમેતેમ તોય મારો દીકરો છે ને? બાપ કરતાં સવાયો છે.

અર્જુનના સ્વાગતમાં સ્વર્ગની અપ્સરાઓ પણ આવી છે. તેમાં એક અપ્સરા છે ઉર્વશી. આમ જુઓ તો પાંડવો ઉર્વશીના જ વંશજો છે. અપ્સરાઓ વૃદ્ધ થતી નથી. એટલે તે નિત્યયૌવના કહેવાય છે. બુદ્ધ જ્યારે ભિક્ષા માગવા નગરમાં ફરતા ત્યારે માત્ર તેમને જોવા માટે યુવતીઓ ઝરૂખે નીકળી પડતી. સ્ત્રીઓ રૂપઘેલી હોય છે. તેમાં જે ડહાપણવાળી હોય છે તે જ ગુણઘેલી હોય છે. રૂપ તો તરત જ દેખાતા હોય છે, પણ ગુણ તો સાથી સાથે રહેનારને લાંબા સમયે દેખાતાં હોય છે. તરત જ દેખાનારું રૂપ ઘણી વાર ગુણ વિનાનું પણ હોય છે. એ પાછળથી સમજાય છે. પણ ગુણ વિનાના રૂપ કરતાં પણ ચારિત્ર્ય વિનાનું રૂપ મહા ભયંકર થઈ જતું હોય છે. અપ્સરાઓનું ચારિત્ર્ય નથી હોતું. તે ઇન્દ્રનું સાધન છે. જરૂર પડે ત્યારે કોઈ સમર્થ તપસ્વીના પતન માટે તેમનો ઉપયોગ થતો હોય છે. ઉર્વશી અર્જુન ઉપર લટ્ટુ થઈ ગઈ. એક જ લગની

લાગી શું કરું તો મને અર્જુન મળે. તે જ વિચારમાં રહેવા લાગી—તેને સંગીતકાર ચિત્રસેન મળી ગયો. બન્નેની મિત્રતા થઈ ગઈ. ધીરે ધીરે ચિત્રસેને અર્જુન અને ઉર્વશી વચ્ચે પુલનું રૂપ ધારણ કર્યું. માધ્યમો ઉત્થાન અને પતન બન્નેમાં મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. કોને કેવું માધ્યમ મળ્યું છે તેના ઉપર આધાર છે.

એક વાર ઉર્વશી સ્વયં અર્જુનના નિવાસસ્થાને પહોંચી ગઈ. અર્જુને ઊભા થઈને પાદસ્પર્શ કરીને વંદન કર્યાં. પ્રેમ અથવા વાસના જ્યારે એકપક્ષીય હોય ત્યારે ઘણી વિડંબના થતી હોય છે. જે પક્ષ એકપક્ષીય રીતે પોતાનું ધાર્યું કરવા ભારે મથામણ કરતો હોય છે તો બીજો પક્ષ નાદાન-અણજાણ થઈને તેની ઉપેક્ષા કરતો હોય છે. અથવા સમજીબૂઝીને પેલાની નફરત કરતો હોય છે. એક છેડે પ્રેમ હોય અને બીજા છેડે નફરત હોય તો સારાં પરિણામ ન આવે. અહીં એવું જ થયું છે. ઉર્વશી વાસનામાં તરબોળ થઈ ગઈ છે. વાસનાનું આકર્ષણ એક એવો કાદવનો ખાડો છે કે એક વાર ખૂંપ્યા પછી બહાર નીકળવું કઠિન થઈ જાય છે. માણસ વધુ ને વધુ ઊંડો ડૂબતો જાય છે. ઉર્વશીની આવી જ દશા હતી. આજ સુધી તેણે કેટલાય પુરુષો ઉપર વિજય મેળવ્યો હતો. તે કદી હારી જ ન હતી, પણ આજે હારી રહી છે. અર્જુનની આંખમાં જરાય આકર્ષણ નથી. જરાય વાસના નથી. ઉર્વશીએ પોતાની બધી કળા પ્રગટ કરીને તેને ખેંચવાનો પ્રયત્ન કર્યો. પણ વ્યર્થ. અર્જુને જ્યારે કહ્યું કે મને તમારામાં મારાં કુંતીમાતા અથવા માદ્રીમાતા દેખાય છે ત્યારે ઉર્વશી ભાંગી પડી. કેટલાક નીતિકારોનો એવો મત છે કે સામે ચાલીને કોઈ કામપીડિત સ્ત્રી આવી હોય તો તેની ઇચ્છા પૂરી કરવામાં દોષ ન લાગે. ઉર્વશી સામે ચાલીને અર્જુન પાસે આવી છે. પણ જીવનમૂલ્યો અને આદર્શ એવું કહે છે કે “માતૃવત્ પરદારેષુ” અર્થાત્ પરસ્ત્રીમાં માતા જેવો ભાવ રાખવો. આદર્શોને છટકબારી ન હોય. છટકબારી તો સગવડિયા ધર્મને હોય. મોહાંધ પુરુષ જ્યારે કામાંધ થઈ જાય ત્યારે ભાન વિનાનો થઈને બળાત્કાર સુધી પહોંચી શકે છે. કારણ કે પુરુષ સ્ત્રીની તુલનામાં બળવાન છે. તેનો જાગી ઊઠેલો કામાગ્નિ તેને આંધળો બનાવી દે છે. તેની શારીરિક રચના એવી છે કે તે સરળતાથી પોતાનું ધાર્યું કરી શકે છે. બીજી તરફ સ્ત્રી ગમેતેટલી કામાંધ થઈ હોય તોપણ તે બળાત્કાર નથી કરી શકતી. તેની પાસે તેવી શરીરરચના જ નથી. તે આક્રમક તો થઈ શકે છે, પણ ઠંડાહિમ પુરુષને કશું કરી શકતી નથી. અર્જુન ઠંડોહિમ જેવો થઈ ગયો છે. કારણ કે તેને માતા દેખાય છે. છેવટે હારેલી ઉર્વશી છંછેડાઈ ગઈ. તેની વાસના ક્રોધમાં બદલાઈ ગઈ. “હું તો તને મરદ સમજતી હતી, પણ તું તો નપુંસક નીકળ્યો. જા, નપુંસક થઈ જા.” શાપ આપી દીધો. બળતું હૃદય શું ન કહે? અર્જુને માથું નમાવીને શાપ સ્વીકારી લીધો.

ચિત્રસેને આ વાત જ્યારે ઇન્દ્રને કહી ત્યારે તે પ્રસન્ન થઈ ગયો. વાહ મારા દીકરા! આવો સંયમ તો ક્યાંય જોવા નથી મળ્યો. તને હીજડા થઈ જવાનો જે શાપ આપ્યો છે તે તારા માટે આશીર્વાદરૂપ થઈ જશે. હવે એક વર્ષ સુધી તમારે ગુપ્તવાસમાં રહેવાનું છે. આ હીજડાપણું તારું રક્ષણ કરશે. તું નારીવેશમાં લહેકા કરતો ફરીશ એટલે કોઈ તને ઓળખી શકશે નહિ. એક વર્ષ પછી તારો શાપ દૂર થઈ જશે, તું ફરીથી હતો તેવો જ પૌરુષવાન થઈ જઈશ. તેં ઉચ્ચ જીવનમૂલ્યોનું રક્ષણ કર્યું તેથી લોકો તને આદર્શ પુરુષ માનશે. સામે પ્રત્યેક સજ્જન પુરુષ પરસ્ત્રીમાં નપુંસક જ હોય છે. પૌરુષ તો માત્ર પોતાની પત્ની માટે જ હોય છે. સૌના માટે નહિ.”

આ રીતે ઇન્દ્રે શાપને એક વર્ષ માટે સીમિત કરી દીધો. એક વર્ષના ગુપ્તવાસ દરમિયાન અર્જુનને આવી દશા ભોગવવી પડી તે શાપ પણ આશીર્વાદ રૂપ થઈ ગયો.

બોધપાઠ એ લેવાનો છે કે અપ્સરાઓ જેવી બજારુ સ્ત્રીઓથી જે ચલિત ન થાય તે અર્જુન કહેવાય. સ્ત્રીઓની માફક પુરુષોનું પણ શિયળ હોય છે. પુરુષ એટલે કૂતરાની ચાટ નહિ કે જે ધારે તે મોઢું ભરી જાય. જેમ સ્ત્રીઓને પતિવ્રત હોય છે તેમ પુરુષને પણ પત્નીવ્રત હોય છે. જુઓ ભગવાન રામને. તેથી તો તે ભગવાન થઈને પૂજાય છે.

8-12-09

*

24. અગસ્ત્ય ઋષિની કથા

અગસ્ત્ય ઋષિ, ઋષિસમાજની પ્રથમ હરોળના માણસ છે. પ્રત્યેક સમાજને હરોળો હોય છે. પહેલી, બીજી, ત્રીજી એમ. આ હરોળો યોગ્યતા, ક્ષમતા, સામર્થ્યના આધારે રચાતી હોય છે. જ્યાં હરોળો હોય ત્યાં સ્પર્ધા પણ હોય જ. સૌને આગલી હરોળ ગમે છે. છેલ્લી હરોળ કોઈને ગમતી નથી. યોગ્યતા ન હોવા છતાં જે આગલી હરોળમાં આવવાના પ્રયત્નો કરે તે અળખા થાય છે. યોગ્યતા હોવા છતાં પણ જેને આગલી હરોળ મળતી નથી, તે સમાજ ન્યાયપ્રિય નથી હોતો. જે પ્રજા ન્યાયપ્રિય નથી હોતી તેનો ઉજ્જ્વળ ઇતિહાસ નથી હોતો.

તો ઋષિઓના સમાજમાં અગસ્ત્ય ઋષિ પ્રથમ હરોળના ઋષિ ગણાય છે. પ્રત્યેક સમાજનું જુદું જુદું વ્યક્તિત્વ હોય છે. કોઇ સમાજ અર્થપ્રધાન હોય છે. તેની હરોળો પૈસાના આધારે નક્કી થતી હોય છે. કોઈ સમાજ શૌર્યપ્રધાન હોય છે, તેની હરોળો વીરતાના આધારે નક્કી થતી હોય છે. કોઈ સમાજ વિદ્યાપ્રધાન હોય છે તેની હરોળો વિદ્વત્તાના આધારે નક્કી થતી હોય છે. ઋષિઓનો સમાજ વિદ્યાપ્રધાન છે. તેમાં વિદ્વત્તા જ સર્વસ્વ હોય છે. વિદ્યાપ્રધાન સમાજ, અર્થપ્રધાન નથી થઈ શકતો. એટલે ઘણી વાર લક્ષ્મી અને સરસ્વતીને એકસાથે જોવાં દુર્લભ થઇ જતું હોય છે. વિદ્યાની આરાધના અને તેનું વિતરણ એક તપસ્યા જ કહેવાય. આવું લક્ષ્મીની આરાધના માટે ન કહી શકાય. કેટલીક વાર એવું પણ બને કે અતિશય વિદ્વાન અતિશય દરિદ્ર પણ હોય. તપસ્યા ત્યાગ વિનાની ન હોય અને ત્યાગ આદર્શ વિનાનો ન હોય. લક્ષ્મીના આરાધકોને બહુ આદર્શો ન ગમે. જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવી લેવાની વૃત્તિ મુખ્ય હોય. વિદ્યાઆરાધકોમાં તેવું ન હોય. કદાચ હોય તો તેને પંડિત, કથાકાર કે કર્મકાંડી પુરોહિત કહેવાય. ઋષિ ન કહેવાય. અગસ્ત્ય ઋષિ છે. ઘણો લાંબો સમય તેમણે ઋષિપણામાં વિતાવી દીધો. મોડે મોડે તેમને ભાન થયું કે પિતૃઓ તૃપ્ત નથી. કારણ કે અગસ્ત્યને કોઈ સંતાન નથી. પોતાનો વંશ ઉચ્છિન્ન થાય તે કોઈને પણ ન ગમે. વંશના દ્વારા વ્યક્તિનું વ્યક્તિત્વ લંબાતું હોય છે. વંશ વિનાની વ્યક્તિ જલદી સમાપ્ત થઈ જતી હોય છે. પોતાની સમાપ્તિ કોઈને ન ગમે. અગસ્ત્ય ઋષિને ભાન થયું કે સંતાન વિના પિતૃઓ તડપી રહ્યા છે. એટલે સંતાન તો જોઈએ જ. પણ પત્ની વિના સંતાન લાવવું ક્યાંથી? પત્ની કરવાનો સમય તો વીતી ગયો છે. જ્યારે પત્ની કરવાનો સમય હતો ત્યારે તપસ્યામાં તલ્લીન થઈ ગયા હતા. હશે, કાંઈ વાંધો નહિ. મારી પાસે તપસ્યાનું સામર્થ્ય છે. તેમણે પોતાના તપથી એક કન્યાનું નિર્માણ કર્યું. પૂરેપૂરી સુલક્ષણી. તેને ઉછેરીને મોટી કરવા માટે વિદર્ભદેશના રાજાને સોંપી દીધી. રાજા-રાણી બન્ને રાજી રાજી થઈ ગયાં. બહુ લાડકોડમાં તેમણે કન્યાને ઉછેરવા માંડી. કોઈનાં લાડકોડ પૂરાં કરવાં તે પણ એક જીવન છે. જેમનાં લાડકોડ પૂરાં થયાં નથી, થતાં નથી અથવા જે બીજા કોઈનાં લાડકોડ પૂરાં કરતાં નથી—કરી શકતાં નથી તે પ્રાણવાયુ વિનાનું જીવન જીવતાં હોય છે. કન્યાનું નામ રાખ્યું લોપામુદ્રા. જોતજોતામાં લોપામુદ્રા તો જુવાન થઈ ગઈ. કન્યા કદી ચિંતા વિનાની હોતી નથી. એમ કહો કે સ્ત્રીમાત્ર ચિંતા વિનાની નથી હોતી, તોપણ યોગ્ય જ કહેવાય. હવે આ કન્યા કોને આપવી? ગમેતેટલી વહાલી હોય તોપણ તેને ઘરમાં તો આખી જિંદગી રખાય નહિ. તે તો પારકા ઘરની થાપણ જ કહેવાય. પણ પારકું ઘર કેવું હશે? પારકાં માણસો કેવાં હશે? અહીંથી જ્યોતિષ શરૂ થાય છે. આવી જિજ્ઞાસાઓ સૌને થાય છે એટલે સૌકોઈ સાચું-ખોટું જ્યોતિષ જાણવાની ઇચ્છા ધરાવતાં હોય છે. તેમાં પણ જે કન્યા બહુ વહાલી હોય તેના માટે તો બહુ જ ચિંતા હોય. આવી ચિંતામાં દિવસો વીતી રહ્યા

છે. તેવામાં એક દિવસ અગસ્ત્ય ઋષિ આવી પહોંચ્યા. તેમણે રાજા પાસે કન્યાના હાથની માગણી કરી. "મારે લગ્ન કરવાં છે, મને કન્યા આપ." રાજા-રાણી તો વિચારમાં પડી ગયાં. હવે શું કરવું? ઋષિ બહુ પ્રભાવી છે અને થોડા ઉગ્ર પણ છે. ત્યાગી જીવનમાં ઉગ્રતા રહેલી હોય છે. કારણ કે તેને કોઈની ગરજ નથી હોતી. ગરજવાન ઉગ્ર ન થઈ શકે. ઉગ્ર થાય તો કામ ન થાય. રાજા-રાણી ઋષિની ઉગ્રતાથી ડર્યાં અને બન્નેએ મળીને લોપામુદ્રાનાં લગ્ન અગસ્ત્યઋષિ સાથે કરી દીધાં. ઋષિ તો કન્યા લઈને ચાલતા થયા. તેમનો એકમાત્ર હેતુ સંતાન પેદા કરીને પિતૃઓને તૃપ્ત કરવાનો છે.

સમય જતાં લોપામુદ્રા ઋતુકાળમાં આવી. કન્યાનો ઋતુકાળ ઈશ્વરીય વ્યવસ્થા છે. જેમ વરસાદ પછી ધરતીમાં વરાપ થાય ત્યારે ધરતી ખેડૂતને આમંત્રણ આપે છે કે હવે બીજારોપણ કરો, નહિ તો તક વહી જશે. આવી જ દશા ઋતુમતી કન્યાની પણ હોય છે. જે લોકો ઋતુ પ્રત્યે ઘૃણા કરે છે, અસ્પૃશ્ય માને છે, પતિ-પત્નીને ઋતુધર્મથી દૂર કરે છે અરે, પતિ-પત્નીને આ મહાપાપમાંથી દૂર રાખવા ભાઈ-બહેન બનાવી દે છે કે પછી નૈષ્ઠિક બ્રહ્મચર્યનું વ્રત આપી દે છે તે કુદરત-દ્રોહી છે. માર્ગ ભૂલેલા ગુમરાહી છે. તે લોકો પાસેથી જીવન છીનવી લેનારા, જીવન હત્યારા છે. ધર્મ અને અધ્યાત્મના નામે તે લોકોનાં સહજ જીવનને બરબાદ કરી નાખનારા મહાપાપી છે. તમે જોજો કદી કોઈ બ્રહ્મચારીએ રાજ્ય કર્યું નથી. (અવિવાહિત રહેવું એટલે બ્રહ્મચારી થઈ જવું ન કહેવાય) ઋષિમાર્ગ કુદરતસહજ ધર્મનો માર્ગ છે. ઋતુમતી લોપામુદ્રા સાથે સમાગમ કરીને સંતાન મેળવવાની ઋષિને ઉતાવળ છે. એટલા માટે તો લગ્ન કર્યાં છે. પણ લોપામુદ્રાને ઉતાવળ નથી. પતિ-પત્નીમાં એક ઉતાવળિયું અને બીજું ઠંડું હોય તો સેક્સ કજોડું થાય. સેક્સ કજોડાં હોય ત્યાં ઝઘડા હોય જ. ભલે નિમિત્તે બીજા તત્ત્વને આપે પણ મૂળ તો સેક્સમાં જ હોય. જ્યાં સેક્સતૃપ્તિ હોય ત્યાં બહુ ઓછા ઝઘડા હોય, કદાચ હોય તોપણ તે પારદર્શી હોય. લગ્નજીવન ભંગાણ કરાવનારા ન હોય. સેક્સ અને લાગણીઓ ભરપૂર હોય તો બધા ગુના માફ થઈ જાય. ઋષિને ઉતાવળ છે પણ લોપામુદ્રા ઠંડી છે. તેણે કહ્યું કે "મારા પિતાના ત્યાં મેં જે વૈભવ ભોગવ્યો છે તેમાંનું અહીં કશું નથી. મારી સાથે એકતા કરવી હોય તો પહેલાં મને એવો વૈભવ આપો. પછી બીજી વાત." કેટલીક સ્ત્રીઓ વૈભવપ્રેમી હોય છે. તે બાકી બધું થઈ શકે પણ ઋષિપત્ની ન થઈ શકે. ઋષિપત્ની, ત્યાગ-વૈરાગ્યપ્રધાન જીવનવાળી હોય, તે જ પતિના વ્રતની પોષક થઈ શકે. પતિના જીવનવ્રતને પોતાનું માને, તેમાં જ રમમાણ થઈ જાય તેને જ પતિવ્રતા કહેવાય.

બીજું, વૈભવ વિનાના માણસે કદી પણ વૈભવશાળીની કન્યા સાથે લગ્ન કરવાં નહિ. કન્યાની વૈભવભૂખ પતિને કદી સુખી નહિ થવા દે. તેની અપેક્ષાઓ પૂરી કરતાં કરતાં તે થાકી જવાનો. પુરુષ થાકી જવાનો પણ કન્યા કદી ધરાવાની નથી. પોતાનાથી ઓછા વૈભવવાળી કન્યાને પરણવું હિતાવહ છે. ઋષિ પાસે વૈભવ નથી અને કન્યાને તો રાજા-મહારાજા જેવો વૈભવ જોઈએ છે. હવે શું કરવું? વૈભવ અને સાદાઈનો મેળ ન થાય. કાં તો બન્ને વૈભવપ્રેમી હોય કાં પછી બન્ને સાદાઈપ્રેમી હોય. પણ કન્યાની તો નીવડ્યે ખબર પડે. જ્યારે ખબર પડે ત્યારે મોડું થઈ ગયું હોય.

ઋષિએ વિચાર કર્યો. કન્યાના મનોરથ પૂરા કરવા ધન જોઈએ. ધન વિના વૈભવ ન મળે. એટલે હવે મારી તપસ્યાનો ઉપયોગ ધન માગવામાં કરું. આજ સુધી ઋષિએ કોઈની પાસે કશું માગ્યું નથી પણ ભાર્યા એવી મળી છે કે ઋષિને ભીખ માગતા કરી દીધા. પોતાની તપસ્યાનો ક્ષય કરીને પણ લાંબો હાથ કરવા ઋષિ નીકળી પડ્યા. સર્વપ્રથમ તે મહાવૈભવી રાજા શ્રુતવર્માની

પાસે ગયા. અને ધનની યાચના કરી. પત્નીના મનોરથ પૂરા કરવા કોઈ ધનની યાચના કરવા નીકળે તો કોણ પૂરી કરે? અગસ્ત્યનું માન ઘટવા લાગ્યું. અરેરે, આ ઋષિને શું સૂઝ્યું? કહીને લોકો તેમના પ્રત્યે અવગણના કરવા લાગ્યા. લોકચાહના કદી પણ વિશ્વાસપાત્ર નથી હોતી. આજે ફૂલે પૂજે અને કાલે ધૂળ ઉડાડે. કાંઈ કહેવાય નહિ. રાજાએ બહાનું કરીને ઋષિને ખાલી હાથે વિદાય કરી દીધા.

પછી ઋષિ ધનેશ્વરની પાસે ગયા. અહીં પણ રાજાએ અમારી આય-વ્યય સરખી જ છે. એટલે વધારાના પૈસા નથી. હું આપી શકું તેમ નથી. કહીને વિદાય કરી દીધા. તે પછી ત્રસદસ્યુ રાજા પાસે ગયા. અહીં તેમનું સ્વાગત તો ભવ્ય કર્યું. પણ કશું આપ્યું નહિ. ઋષિ નિરાશ થઈ ગયા. હવે શું કરવું? રાજાએ સલાહ આપી કે એમ કરો, અત્યારે ઇલ્વલ નામનો દાનવ બહુ ધનાઢ્ય છે. તમે તેની પાસે જાઓ, તે તમારી ઇચ્છા પૂરી કરશે. ઘણી વાર યાચક રૂપી બલાને ટાળવા માટે લોકો લલચાવનારી બીજી જગ્યાએ મોકલી આપતા હોય છે.

ઋષિ તો ઇલ્વલ દાનવની પાસે પહોંચી ગયા. પેલા દાનવે પોતાના ભાઈ વાતાપિનું માંસ રાંધીને ઋષિને ખવડાવી દીધું. (ત્યારે બધી પ્રજા માંસાહારી હતી.) આ રીતે દાનવ ઋષિઓને મારી નાખતો હતો. ભોજન જમ્યા પછી ઋષિએ જોરથી અપાનવાયુ મુક્ત કર્યો. દાનવની યોજના હતી કે વાતાપિ પેટ ફાડીને બહાર નીકળે જેથી અગસ્ત્ય મુનિ મરી જાય. પણ ઋષિએ અપાનવાયુના દ્વારા વાતાપિને બહાર કાઢી નાખ્યો હતો. હવે તો પચીને મળ થઈ ગયો હતો. આજ સુધી આવી યુક્તિ દ્વારા ઇલ્વલે કેટલાય ઋષિઓને મારી નાખ્યા હતા. પહેલાં જમાડે અને પછી વાતાપિ વાતાપિ એમ બૂમો પાડે. વાતાપિ પેટ ફાડીને બહાર નીકળે એટલે ઋષિ મરી જાય. પણ આ યુક્તિ ઋષિ અગસ્ત્યની આગળ ન ચાલી. અંતે ઇલ્વલે ઋષિને પર્યાપ્ત ધન-વૈભવ આપ્યો. બધું લઈને ઋષિ આશ્રમ તરફ ચાલ્યા. પણ દાનવ ઇલ્વલે તેમને રસ્તામાં આંતરીને મારી નાખવાનો પ્રયત્ન કર્યો. ઋષિએ તેનો નાશ કર્યો અને પછી આશ્રમે પહોંચી ગયા. પત્ની લોપામુદ્રાની આગળ ધન-વૈભવનો ઢગલો કરી દીધો. લોપામુદ્રા સંતુષ્ટ થઈ અને પછી ઋષિએ પુત્રોત્પત્તિ કરી. લોપામુદ્રા અને ઋષિના દ્વારા દૃઢસ્યુ નામનો મહાતેજસ્વી બાળક થયો. દૃઢસ્યુને ઇધ્મવાહ પણ કહેવાય છે.

પુત્ર ઉત્પન્ન કરતાં પહેલાં ઋષિએ લોપામુદ્રાને પૂછ્યું હતું કે “તારે હજાર પુત્રો જોઈએ છે કે સો પુત્રો?” પછી ફરી પૂછ્યું કે “તારે સો પુત્રો જોઈએ છે કે દશ પુત્રો?” ફરી પૂછ્યું “ત્યારે દશ પુત્રો જોઈએ છે કે એક પુત્ર?” લોપામુદ્રાએ કહ્યું કે મારે તો હજારની બરાબરી કરે તેવો એક જ પુત્ર જોઈએ છે. “કુરકુરિયાંને ભેગાં કરીને હું શું કરું?” આ રીતે ઋષિને એક પુત્ર ઇધ્મવાહ થયો. પિતૃઓ તૃપ્ત થયા. સંતાનપ્રાપ્તિ પણ જીવનનો લહાવો છે. તે પૂરો થયો. બોધપાઠ છે. સંસારથી ભાગો નહિ. પારકાં છોકરાંને ચેલા બનાવવા તેના કરતાં પોતાનાં જ સંતાન પેદા કરો.

(મહાભારત વનપર્વ, 96-97મો અધ્યાય)

9-12-09

*

25. ઋષ્યશૃંગની કથા

કોઈ પણ રાષ્ટ્રની પ્રજાનું રૂપ પાઘડીપના જેવું હોય છે. કદી પણ પૂરી પ્રજા એકસરખી નથી હોતી. એક આ છેડે હોય છે તો બીજી પેલા છેડે હોય છે. પાઘડીના એક છેડે ધનવાન શ્રીમંતો હોય છે તો બીજા છેડે દરિદ્ર-કંગાલ પણ હોય છે. પાઘડીના એક છેડે મહાન તત્ત્વવેત્તા, જ્ઞાની પુરુષો હોય છે તો બીજા છેડે મહામૂરખ ઘોર અજ્ઞાની પણ હોય છે. આ પાઘડીપનાનું સ્વરૂપ જીવનનાં બધાં ક્ષેત્રોમાં હોય છે. સંપૂર્ણ પ્રજાને એકસરખી ન કરી શકાય. જબરદસ્તી કરવા જાઓ તો અવ્યવસ્થા થઈ જાય. આ પાઘડીપનામાં સૌથી વધુ મહત્ત્વનો ભાગ છેક ઉપરનો હોય છે. તેમાં પણ સૌથી વધુ મહત્ત્વ વિદ્વાનોનું, ચિંતકોનું, વિચારકોનું હોય છે. રાજાએ તેમને સાચવીને રાખવા જોઈએ. કેટલીક વાર તુંડમિજાજ રાજા કે તુંડમિજાજ નેતાઓ આ વર્ગની મહત્તાને સમજી શકતા નથી. તેમાંથી અવિવેક, તોછડાઈ અને અપમાન જન્મે છે. દ્વારકાનું પતન આવાં અપમાનોથી થયું હતું. શરીરમાં જે સ્થાન મસ્તિષ્કનું છે તે જ સ્થાન રાષ્ટ્રમાં વિદ્વાનોનું છે. હાથ ન હોય, પગ ન હોય, કાન કે નાક ન હોય અરે આંખ ન હોય તોપણ ચાલે પણ જો મગજ જ ન હોય તો જરાય ન ચાલે. બધાં ધનોમાં સર્વોચ્ચ ધન તે ‘બુદ્ધિધન’ છે. રાજાએ બુદ્ધિધનનો સંગ્રહ કરવો જોઈએ. જો બુદ્ધિધન રાષ્ટ્ર છોડીને અન્યત્ર ભાગી જાય તો રાષ્ટ્ર નિમ્નકક્ષાનું થઈ જાય.

લોમપાદ નામના રાજાએ વિદ્વાનોનાં અપમાન કરવા માંડ્યાં. ત્રાસ આપવા લાગ્યો. વિદ્વાનો માન-સંમાન-સ્વમાનભોગી હોય છે. પોતાના સ્વમાનને આંચ આવે તો સોનાની નગરીનો પણ તેઓ ત્યાગ કરી દેતા હોય છે. લોમપાદના દુર્વ્યવહારથી વિદ્વાનો રાજ્ય છોડીને ચાલ્યા ગયા. નિર્દોષ અને જ્ઞાની પ્રજાની હિજરત એ રાષ્ટ્રનું કલંક કહેવાય. રાજાએ કોઈને રોક્યા નહિ કે સમજાવ્યા પણ નહિ. ઘમંડી શાસકો વિદ્વાનોને સાચવી નથી શકતા. તેમને ખુશામતખોરો જ ગમતા હોય છે. પોતાના નુકસાનને પણ તેઓ સમજી નથી શકતા. વિદ્વાનોના ચાલ્યા ગયા પછી રાષ્ટ્રમાં વૃષ્ટિ થતી બંધ થઈ ગઈ. પહેલાં ઉપરાઉપરી સાત સાત દુકાળો પડતા. લોકોએ વાત ફેલાવી કે વિદ્વાનોને કાઢી મૂકવાથી વૃષ્ટિ અટકી ગઈ છે. અથવા તેમણે વૃષ્ટિને રોકી દીધી છે. વૃષ્ટિ વિના રાષ્ટ્ર ધાનની માફક સુકાવા લાગે. રાજા ચિંતામાં પડી ગયો. શું કરું તો વૃષ્ટિ આવે? કોઈ અનુભવી માણસે હિંમત કરીને રસ્તો બતાવ્યો. એક વિભાંડક ઋષિ છે, તેમનો પુત્ર ઋષ્યશૃંગ એકલો જ વનમાં તપ કરે છે. આજ સુધી તેણે પોતાના પિતા સિવાય બીજું કોઈ માણસ જોયું નથી. તેનાં પગલાં જો આપણા રાષ્ટ્રમાં પડે તો વૃષ્ટિ જરૂર આવે. અને જે જ્ઞાની પુરુષોને અપમાનિત કરીને કાઢી મૂક્યા છે તેમને માન સાથે પાછા લાવવામાં આવે તો વરસાદ આવે. પહેલાં પહેલું કામ કરીએ. સજ્જનો ભાન થતાં જ પોતાની ભૂલ સુધારી લેતા હોય છે. મનુષ્યોને ભાન કરાવવું પડતું હોય છે, પછી જ ભૂલ સુધારતા હોય છે. દુર્જનો ભાન થાય તોપણ ભૂલ સુધારતા નથી.

રાજાને ભાન થયું. ભાન કરાવ્યું. પહેલું કામ વિદ્વાનો પાસે જઈને ક્ષમા માગી તથા ફરીથી રાજ્યમાં પધારવા વિનંતી કરી, વિદ્વાનો માની ગયા અને પાછા આવી ગયા. સજ્જનોને મનાવવામાં બહુ શ્રમ પડતો નથી. જો તમારી વાત સાચી હોય—હિતકારી હોય અને તમે હૃદયથી ક્ષમા માગો તો વિદ્વાનો તરત જ માની જતા હોય છે. દુર્જનોને મનાવી શકાતા નથી. રંગમાં ભંગ પડાવવામાં, ખરા સમયે ભવાડો કરવામાં તેમને આનંદ આવતો હોય છે. આ તેમની પ્રકૃતિ છે. તેમને મનાવવાના ન હોય મઠારવાના હોય. કાંટા અને ગાંઠોવાળા લાકડાને જેમ

છોલીને સીધું કરવું પડે તેમ તેમને છોલીને સીધા કરવા પડે. તેને મઠારવું કહેવાય.

હવે વાત ઋષ્યશૃંગની રહી. તેમને લાવવા માટે અપ્સરાઓ તૈયાર કરી. જે કામ કોઈ ન કરી શકે તે અપ્સરાઓ (વેશ્યાઓ) કરી બતાવે.

વિભાંડક ઋષિ પોતાના પુત્રને સંસારના ચક્કરમાં નાખવા માગતા ન હતા. સૌથી મોટું ચક્કર સ્ત્રીનું હોય છે. સ્ત્રીથી બચ્યા તે સૌથી બચ્યા. તેવું તેઓ માનતા હતા. તેથી જન્મતાંની સાથે જ તેમને વનમાં પોતે જાતે જ ઉછેરીને મોટા કર્યા હતા. આજ સુધી તેમણે પોતાના પિતા સિવાય બીજા કોઈને જોયા જ ન હતા. સ્ત્રીનું તો મોઢું પણ જોયું ન હતું. સ્ત્રીઓથી દૂર રાખીને જ તેને સ્ત્રીઓના ચક્કરથી દૂર રાખી શકાશે તેવું વિભાંડક ઋષિ માનતા હતા. જેથી વનમાં સ્ત્રીઓ હતી જ નહિ. ઘણી વાર નકારાત્મક નિયમોનું પાલન કરાવીને સકારાત્મક પરિણામ મેળવવા લોકો પ્રયત્નો કરતા હોય છે. તેવું જ ઋષિનું હતું. છેવટે પેલી રૂપલલનાઓ સજીધજીને ઋષ્યશૃંગના આશ્રમમાં નૌકા દ્વારા પહોંચી ગઈ. પહેલી જ વાર ઋષ્યશૃંગે આવાં માણસો જોયાં. ચળકતાં-ચમકતાં કપડાં. રૂપાળા ચહેરા, અત્તરની સુગંધ, હાવભાવ, લટકાં-મટકાં આ બધું જોઈને ઋષ્યશૃંગ વિચારવા લાગ્યા કે આ કોઈ મારા જેવા મુનિ છે. પરિચય પૂછ્યો તો કહ્યું કે અહીં નજીક જ અમારો આશ્રમ છે. કોઈ વાર જરૂર પધારજો. લાગણીની વાતો સૌને ગમતી હોય છે. ઋષ્યશૃંગે તેમને પોતાનાં વનફળ આપ્યાં પણ પેલી લલનાઓએ લીધાં નહિ. બદલામાં પોતાની પાસેનાં રસદાર ઉત્તમ ફળો આપ્યાં, અહાહા, આવાં ફળો તો કદી ખાધાં જ નથી. ઋષિને બહુ ભાવ્યાં. ઋષિએ પોતાનાં શરબતો—શેરડી વગેરે આપ્યાં પણ લલનાઓએ લીધાં નહિ. બદલામાં તેમણે ઉત્તમ ઉત્તમ જ્યૂસો આપ્યા. ઋષિને તો મજા પડી ગઈ. કેવા મીઠા રસ છે! ત્યાગી જીવન જીવનારે અને પ્રમાણિક અમલદારોએ લોકો તરફથી મળતી સુખ-સગવડોમાં લોભાવું નહિ. પોતાનું મક્કમ અને કઠોર જીવન જ જીવવું. તેમાંથી જ અંગદ જેવા પોલાદના પગ બનતા હોય છે. સુખ-સગવડોના ભોગી થનારા માટીપગા થઈ જતા હોય છે.

લલનાઓએ ઋષ્યશૃંગને વધુ ને વધુ રમાડવા માંડ્યા. બિલાડી જેમ ઉંદરને રમાડી-રમાડીને પછી ભક્ષ્ય કરી જાય છે તેમ રૂપજીવિનીઓ પોતાના શિકાર પુરુષને રમાડી-રમાડીને પછી ભક્ષ્ય કરી દેતી હોય છે. એકે ઋષિને છાતી સરસા દબાવ્યા. ઋષિને નવાઈ લાગી. આવો સુંવાળો, હૂંફાળો સ્પર્શ તો કદી અનુભવ્યો જ નથી. લલનાઓએ જોયું કે કઠોર નિયમોવાળા ઋષિ હવે બરાબર વશમાં આવી રહ્યા છે. પણ હવે તો વિભાંડક ઋષિના આવવાનો સમય થઈ ગયો છે. એટલે ઋષિને અગ્નિહોત્ર કરવાનો સમય થઈ ગયો છે તેવું બહાનું કરીને ચાલતી થઈ. તેમના ચાલ્યા જવાથી ઋષ્યશૃંગ બેબાકળા થઈ ગયા. તેવામાં પિતા વિભાંડક ઋષિ આવી ગયા. તેમણે જોયું કે પુત્ર ઋષ્યશૃંગ ઊતરેલા ચહેરે ચિંતાતુર બેઠો છે. પ્રેમ એક રોગ છે. પ્રેમ એક પીડા છે. પણ હા, જો પ્રેમ હોય તો. ઋષ્યશૃંગે, આજે અગ્નિહોત્ર નથી કર્યો. પ્રેમનો ઊભરો તીવ્ર હોય તો કર્તવ્ય ચૂકવી દે ખરો. ઋષ્યશૃંગે બધી વાત કરી બતાવી. આજે તેણે પહેલી વાર નવાં માણસો જોયાં હતાં. અને તે બધાં તેને બહુ ગમી ગયાં હતાં. તેમનો વિયોગ તેને ડંખી રહ્યો હતો. તેથી ઉદ્વિગ્ન થઈને બધું કામ પડતું મૂકીને ચૂપચાપ ગુમસૂમ બેઠો હતો. પ્રત્યેક માતા-પિતાએ આ ઉંમરનાં સંતાનો ઉપર સખ્ત દેખરેખ રાખવાની જરૂર હોય છે. ક્યારે કયું બાળક ઊંધા રવાડે ચઢી જાય તે કહેવાય નહિ. તે ડ્રગ, ગુટકા, હોમો કે સેક્સના રવાડે તો નથી ચઢી ગયું ને! તે ન ચઢે તોપણ તેના સાથીદાર ચઢાવી દેતા હોય છે. બાળકની કિશોર તથા યુવાવસ્થા માતા-પિતા વડીલોના દ્વારા સાચવવી જરૂરી હોય છે. વડીલોની રક્ષા વિનાનાં બાળકો ક્યારે કોનો શિકાર થઈ જાય તે કહેવાય નહિ. ઋષ્યશૃંગના વર્ણન ઉપરથી ઋષિ

વિભાંડક સમજી ગયા કે કહો કે ન કહો કોઈ ષડ્યંત્ર છે. પ્રત્યેક મધપુડાને પાડવા માટે શિકારીઓ ષડ્યંત્ર કરતા હોય છે. કારણ કે તેમાં મધ ભર્યું હોય છે. માણસમાં પણ જો મધ ભર્યું હોય તો શિકારીઓ ષડ્યંત્ર રચવા લાગે છે. જેને ષડ્યંત્રોની સમય રહેતાં ગંધ આવી જાય તે જ ઉત્તમ રાજનેતા થઈ શકે. છેવટ સુધી જે ષડ્યંત્રોને માપી ન શકે તે અકાળે મોતનો શિકાર થઈ જતો હોય છે. કારણ કે રાજકારણ ષડ્યંત્ર વિનાનું હોતું નથી. પુત્રને સાવધાન કરીને પિતા પેલા, વેશધારી ઋષિઓને શોધવા નીકળી પડ્યા. ત્રણ દિવસ સુધી શોધ્યા પછી પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. ફરીથી ઋષિ કોઈ કામે બહાર ગયા એટલે પેલી લલનાઓ ફરીથી આવી ગઈ. તેમને જોતાં જ ઋષ્યશૃંગ હર્ષવિભોર થઈ ગયા. તે તેમને જ શોધતા હતા. તે તેમની પાસે પહોંચી ગયા. એકતરફ પિતાજીનો ડર હતો, જે હમણાં જ આવી ચઢવાના હતા તો બીજી તરફ આ લલનાઓનો મોહ હતો. મોહ જીતી ગયો. જે લોકો પોતાનાં સંતાનોને કઠોરમાં કઠોર નિયંત્રણોમાં રાખતાં હોય છે, તે સંતાનો જલદી બગડી જતાં હોય છે. કઠોર નિયંત્રણ જ તેમને બગડવાની પ્રેરણા આપતું હોય છે. જે લોકો સંયમ પાળવા કઠોરથી કઠોર નિયમો કરી બેસતા હોય છે તે અંતે છીંડાં પાડી દેતા હોય છે. મુક્ત વ્યક્તિને છીંડાંની જરૂર નથી હોતી. પણ મુક્તજીવન માટે પ્રૌઢતા જોઈએ. કુમળી અવસ્થામાં મુક્તતા વિનાશ નોતરી શકે છે. એટલે નિયંત્રણની જરૂર છે જ. પણ તે અતિકઠોર ન હોવું જોઈએ. મધ્યમ કક્ષાનું નિયંત્રણ જ કામ કરતું હોય છે. લલનાઓ ઋષિકુમારને નાવ પર ચઢાવીને ભાગી છૂટી, ઋષિકુમારને પણ હવે પિતા ગમતા ન હતા. બંધ તૂટેલી યુવાનીને નિયંત્રણ ગમતું નથી. સખત નિયંત્રણ કરનારા પ્રત્યે તે વિદ્રોહ કરી બેસતું હોય છે. નિયંત્રણની સાથે સમજણનો વિકાસ થયો હોય તો વિદ્રોહ ન થાય.

રૂપલલનાઓએ ઋષ્યશૃંગને રાજા પાસે પહોંચાડી દીધા. તેમનાં પગલાં પડતાં જ વૃષ્ટિ થવા લાગી. સારા પવિત્ર પુરુષોના આવવાથી સારું વાતાવરણ થઈ જતું હોય છે. રાજાને એક શાંતા નામની પુત્રી હતી. જેનાં લગ્ન ઋષ્યશૃંગ સાથે કરાવી દીધાં. ત્યારે રાજા મહારાજાઓ પોતાની કન્યાઓને ઋષિ કે ઋષિપુત્રો સાથે પરણાવતા. આ રીતે બ્રાહ્મણ-ક્ષત્રિયનો મેળ થતો હતો.

હવે પ્રશ્ન વિભાંડક ઋષિનો હતો. આશ્રમમાં પોતાનો પુત્ર ન જોતાં તે બેબાકળા થઈ ગયા. શું થયું હશે? ચિંતાતુર થઈને તે શોધવા નીકળ્યા. પણ રાજા લોમપાદના રાજ્યમાં ખેતીવાડી બધું લીલુંછમ જોઈને રાજી થયા. દુષ્કાળ ટળી ગયો હતો. સૌએ કહ્યું કે તમારા પુત્રનાં પનોતાં પગલાંથી આ બધું થયું છે. એટલે આ બધું તમારું જ છે. ઋષિ રાજા લોમપાદને પણ મળ્યા. અને પોતાના પુત્રને વહુ સાથે જોઈને નવાઈ પામ્યા. પોતાનો અતિસંયમી પુત્ર ચૂપચાપ પરણી ગયો હતો. ઋષિએ બન્નેને આશીર્વાદ આપ્યા. બાજીને સુધારી લીધી. હઠીલાં માતા-પિતા, સંતાનોનાં પ્રેમલગ્નોને સ્વીકારી નથી શકતાં તેથી ઘણી વાર તે બાજી બગાડી બેસતાં હોય છે, પણ સમજુ માતા-પિતા વડીલો બધું સ્વીકારીને બાજી સુધારી લેતાં હોય છે. જીવન એક બાજી છે. બધાંને રમતાં નથી આવડતી. જેને રમતાં આવડે તે જ જીવન જીવી જાણે છે.

9-12-09

*

26. યવક્રીત કથા

સંસારસુખોનું કેન્દ્ર નર-નારીનો સંબંધ છે. જો આ સંબંધ સફળ રહે તો નર-નારી ઓછા ધનથી, ઓછી સગવડોથી, ઓછા વૈભવથી પણ સુખી થઈ શકતાં હોય છે. પણ જો આ સંબંધ બગડી જાય તો ગમેતેટલો વૈભવ હોય કે ગમેતેટલી સગવડો હોય માણસ કદી સુખી નથી થઈ શકતો. નર-નારીના સંબંધને સુધારવા તેમને લગ્નમર્યાદાથી બંધાવું જરૂરી છે. લગ્નસંસ્થાથી ન બંધાયેલાં મનુષ્યો, સ્વેચ્છાચારી થઈ શકે છે. સ્વેચ્છાચારીનો સંબંધ વિશ્વાસપાત્ર નથી હોતો. ક્યારે કોણ બદલાઈ જાય કે ખસી જાય તે કહેવાય નહિ. લગ્નબંધનથી દૃઢ બંધાયાં હોય તો સંબંધની વિશ્વસનીયતા વધી જાય છે. પણ લગ્નજીવનમાં પણ એક મોટો દોષ આવી શકે છે. તે છે 'વ્યભિચાર' અર્થાત્ પત્ની, પરપુરુષ કે પરપુરુષોની સાથે સમાગમ કરતી થઈ જાય કે પછી પુરુષ, પરપત્ની કે પરપત્નીઓ સાથે આવાં કૃત્યો કરતો થઈ જાય. વ્યભિચાર બહુ ભયંકર પરિણામ લાવી શકતો હોય છે. પતિ કે પત્ની ત્રીજી વ્યક્તિને સહન કરી શકતાં નથી. પશુઓમાં પણ આવી વૃત્તિ જોવા મળે છે. આ દોષના નિવારણ માટે 'પતિવ્રત' શોધાયું. અર્થાત્ પત્ની જીવનભર એક જ પુરુષ—પોતાના પતિને જ સમર્પિત થાય, તે જેવો હોય તેવો પણ પોતાને માટે તો તે ભગવાન છે, તેના વિના બીજો કોઈ પુરુષ ગમેતેટલો રૂપાળો કે પૌરુષભર્યો હોય તોપણ ભાઈ-બાપ બરાબર છે. આવા દૃઢ સંસ્કાર જે કન્યામાં ભર્યા હોય તે પરણ્યા પછી પતિવ્રતા ધર્મને પાળી શકતી હોય છે અને તે જ સુખી થતી હોય છે. આવું જ વ્રત પુરુષો માટેનું છે. 'એકપત્નીવ્રત' અર્થાત્ મારે એક જ પત્ની સર્વસ્વ છે તે સિવાયની બધી સ્ત્રીઓ બહેન-દીકરી કે મા બરાબર છે. આવું દૃઢ વ્રત જેના જીવનમાં દૃઢ થયું હોય તે ઉત્તમ દામ્પત્ય કેળવી શકે છે. પણ બધાં જ નરનારીઓની આવી કક્ષા નથી હોતી. કેટલીક સ્ત્રીઓ રૂપજોબન શોધ્યા કરતી હોય છે. તેમને જો નિયંત્રણમાં રાખી શકાય તો જ તેમનું રક્ષણ થાય. નિયંત્રણ વિનાની આવી સ્ત્રીઓ ક્યારે ક્યાં લપસી પડે તે કહેવાય નહિ. આવી જ એક સ્ત્રી રૈભ્ય મુનિના ઘરમાં પુત્રવધૂ થઈને આવી હતી. તે હંમેશાં બનીઠનીને વિચરતી રહેતી હતી. તેને પોતાના પતિથી સંતોષ ન હતો. જેને સંતોષ હોય તે બનીઠનીને ગમેત્યાં ભટકવા ન નીકળે. રૈભ્યમુનિની પુત્રવધૂ આવી રીતે કિન્નરીની માફક વિચરી રહી હતી ત્યાં તેના ઉપર યવક્રીતની નજર પડી. પોતાને જોઈને બીજાને વિકાર થાય તેવો પોશાક કે તેવાં નખરાં ભદ્ર સન્નારી ન કરે. પોતાની રક્ષા ઇચ્છતી નારી, પોતે જ મર્યાદામાં રહે. યવક્રીત પેલી પુત્રવધૂને જોઈને કામોત્તેજિત થઈ ગયો. કામની ઉત્તેજના, ભલભલા ઋષિમુનિઓને પણ છોડતી નથી. ગમેતેટલો સાદો ખોરાક ખાવાથી કે કઠોર નિયમો પાળવાથી કામોત્તેજનાનો નાશ થતો નથી. તેનું અસ્તિત્વ સૌમાં થોડાઘણા અંશે રહેતું જ હોય છે. કામપીડાથી ઘાયલ યવક્રીતે પુત્રવધૂની સાથે શારીરિક ઇશારાથી મેળ જમાવ્યો. પછી વાણી દ્વારા તેની સમક્ષ પ્રસ્તાવ મૂક્યો. પુત્રવધૂને ગમતું મળ્યું. તેણે સ્વીકારાત્મક માથું હલાવ્યું. અંતે બન્ને જણાં કોઈ એકાન્ત સ્થાનમાં ચાલ્યાં ગયાં અને જે ઇચ્છા હતી તે પૂરી કરી લીધી. તેવામાં રૈભ્યમુનિ આશ્રમમાં આવી ગયા. સ્ત્રીઓની રક્ષા કરવાની ઇચ્છાવાળા માણસોએ બને ત્યાં સુધી તેમને એકલી ન મૂકવી. તેમની સાથે કોઈ ને કોઈ સ્ત્રી-પુરુષને જરૂર રાખવાં. સંયુક્ત પરિવારમાં કેટલાક દોષો હશે, પણ તેના દ્વારા વૃદ્ધ કે પ્રૌઢ સ્ત્રીઓ બાકીની સ્ત્રીઓનું રક્ષણ કરતી રહે છે તે મોટો લાભ પણ હોય છે. બધી જ સ્ત્રીઓ કે બધા પુરુષો સમજણથી રક્ષિત નથી થઈ જતા. પરિસ્થિતિથી રક્ષિત હોય છે. પરિસ્થિતિ જ એવી હોય કે તે લપસવા માગે તોપણ લપસી ન શકે. રૈભ્યઋષિ યવક્રીતનું કુકર્મ જોઈ ગયા હોવાથી, પુત્રવધૂએ તરત જ બાજી પલટી નાખી. તેણે કહ્યું કે યવક્રીતે મારી ના કહેવા છતાં

મારી સાથે આવું કુકર્મ કર્યું છે. તે વધુ ને વધુ વિલાપ કરવા લાગી. કામભૂખી સ્ત્રીઓને પલટી ખાતાં વાર ન લાગે. તેનો વિશ્વાસ કરનાર નાદાન છે અને કમોતે મરવાનો છે. જે સ્ત્રીએ પોતાના હાવભાવથી પુરુષને લલચાવી ખેંચ્યો હોય પણ જો તે પકડાઈ જાય તો પોતે નિર્દોષ છે અને આ પુરુષ જ દોષી છે તેવું ઊલટું આળ ચઢાવતાં વાર ન કરે. લોકો પેલી સ્ત્રીની જ વાત માની લેતા હોય છે. હલકી સ્ત્રી બહુ સરળતાથી કોઈ આબરૂદાર માણસ ઉપર આળ ચઢાવી શકે છે. પણ કોઈ પુરુષ એટલી સરળતાથી કોઈ સ્ત્રી ઉપર આળ ચઢાવી શકતો નથી.

પુત્રવધૂની વાત સાંભળીને રૈભ્યઋષિ ક્રોધાગ્નિમાં આવિષ્ટ થઈ ગયા. સ્ત્રી બહુ જલદી પુરુષને ઝઘડા માટે ઉશ્કેરી શકે છે. પુરુષ પણ પૂરી તપાસ કર્યા વિના સ્ત્રીની વાતોથી જલદી ઉશ્કેરાઈ જતો હોય છે. જેમાંથી મહાભારત પેદા થતાં હોય છે. મહાભારત મોટા ભાગે સ્ત્રીઓમાં જ હોય છે. બદલો લેવાની તીવ્ર ઇચ્છાથી રૈભ્યમુનિએ એક કૃત્યા અને એક રાક્ષસની ઉત્પત્તિ કરી, જેમણે આજ્ઞા પ્રમાણે પહેલાં કૃત્યા યવક્રીતની પાસે ગઈ, તેને મોહમાં નાખ્યો. સ્ત્રી પુરુષને સરળતાથી મોહમાં નાખી શકે છે પણ પુરુષ એવું ભાગ્યે જ કરી શકે છે. એટલે સ્ત્રીનું એક મોહિની રૂપ પણ છે. તેણે યવક્રીતનું કમંડલુ સંતાડી દીધું. જેથી યવક્રીત અશુદ્ધ રહેવા લાગ્યો. રાક્ષસો આક્રમણ કરતાં પહેલાં અશુદ્ધ માણસોને શોધે છે. જે લોકો જળથી પોતાને શુદ્ધ રાખે છે તેના ઉપર રાક્ષસો આક્રમણ નથી કરી શકતા. ભયથી ભાગેલો યવક્રીત એક સરોવર તરફ ભાગ્યો. પોતે શુદ્ધ થઈ જાય તો આ રાક્ષસ પાછો વળી જાય તેવી તેને આશા હતી. પ્રત્યેક માણસે જળનો પર્યાપ્ત ઉપયોગ કરીને હંમેશાં શુદ્ધ રહેવું જોઈએ. જેથી આસુરી શક્તિઓ આક્રમણ ન કરે. પણ આ શું? યવક્રીતને જોતાં જ સરોવર સુકાઈ ગયું. ત્યાંથી ભાગેલો યવક્રીત પિતાની અગ્નિહોત્ર શાળામાં પ્રવેશ કરવા લાગ્યો. ત્યાં એક શાળારક્ષક હતો તેણે યવક્રીતને પકડી લીધો. રાક્ષસ આવ્યો અને યવક્રીતને મારી નાખ્યો. તે નિર્દોષ ન હતો. પુત્રવધૂને લલચાવીને બોલાવનાર તે જ હતો. તે જાણતો હતો કે આ પરસ્ત્રી છે. પરણેલી છે. તેમ છતાં તેણે આવું કર્યું હતું. તેનું ફળ તેને મળ્યું.

યવક્રીત, ભારદ્વાજ ઋષિનો પુત્ર હતો. પુત્રની હત્યાથી અને તે પણ કલંકિત હત્યાથી પિતા ભારે દુ:ખી અને વ્યાકુળ થઈ ગયા. જુવાન પુત્રના શબને જોઈને ઋષિ વધુ વિહ્વળ બન્યા. કોઈ આબરૂદાર બાપ પોતાના પુત્રની આવી હત્યાથી કેટલો દુ:ખી થાય તે તો ભુક્તભોગી જ જાણે. પુત્ર જો યુદ્ધમાં શૂરાતન બતાવતાં રાષ્ટ્રભક્તિમાં મર્યો હોય તો વીર કહેવાય. તેને વીરગતિ મળે, પણ પુત્ર જો વ્યભિચાર કરતાં પકડાયો હોય અને તેની હત્યા થઈ ગઈ હોય તો તેની દુર્ગતિ જ કહેવાય. કલંકિત મૃત્યુથી આબરૂદાર પરિવાર બમણો દુ:ખી થતો હોય છે. પુત્રશોકથી સંતપ્ત પિતા ભારદ્વાજ રુદન કરતાં કરતાં બોલવા લાગ્યા કે “મેં તને રૈભ્યમુનિના આશ્રમ તરફ જવાની ના પાડી હતી તેમ છતાં તું વારંવાર અહીં આંટા મારવા આવતો હતો.” જ્યાં દેહપ્રદર્શન કરનારી સ્ત્રીઓ આંટા મારતી હોય ત્યાં સજ્જન પુરુષોએ કામ વિના જવું ન જોઈએ. ત્યાં જનારા ચલિત થઈ શકે છે. એવી જગ્યાએ એવા જ પુરુષો આંટાફેરા કરતા હોય છે. તેમણે રૈભ્યમુનિને શાપ આપ્યો. “તારી પણ આવી જ રીતે તારા જ્યેષ્ઠ પુત્રના દ્વારા હત્યા થઈ જશે.” શાપ આપ્યા પછી ઋષિને પશ્ચાત્તાપ થયો. “અરે, મેં મારી શક્તિનો દુરુપયોગ કર્યો. રૈભ્ય મારો મિત્ર છે. ભૂલ તો મારા પુત્રની જ હતી, રૈભ્યે પોતાની શક્તિનો વધુ પડતો ઉપયોગ કરી તેને મરાવી નાખ્યો. તેને થોડો દંડ દેવાની જરૂર હતી, મારી નાખવાની જરૂર ન હતી.” પોતાની શક્તિ ઉપર નિયંત્રણ ન કરી શકનાર કેટલીક વાર તેનો અતિરેકપૂર્ણ ઉપયોગ કરી નાખતો હોય છે. આ અતિરેક જ તેને આથમણી દિશા તરફ લઈ જતો હોય છે. શક્તિનો હંમેશાં નિયંત્રણપૂર્વક જ યથાયોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

ભારદ્વાજે અગ્નિદાહ કરવા ચિતા જલાવી. પુત્રના શબને તેની ઉપર મૂક્યું. ભડભડ સળગતી અગ્નિમાં પોતે પણ કૂદી પડ્યા. આ રીતે બાપ-દીકરો બન્નેનો અંત થઈ ગયો.

બીજી તરફ એક યજ્ઞની રક્ષા કરવા રૈભ્યના બન્ને ઋષિકુમારો અર્વાવસુ અને પરાવસુને નિયુક્ત કર્યા હતા. એક વાર રાત્રે પરાવસુ પોતાના (રૈભ્યના) આશ્રમમાં આવ્યા. ત્યારે પોતાની પત્ની અને પિતા રૈભ્ય એકલાં જ આશ્રમમાં રહેતાં હતાં. કોઈ કારણવશ રૈભ્ય કાળા મૃગનું મૃગચર્મ ઓઢીને બહાર નીકળ્યા હતા, પરાવસુએ જોયું કે કોઈ હિંસક પ્રાણી ફરી રહ્યું છે. ભૂલથી તેમણે પિતાની હત્યા કરી નાખી. ભારદ્વાજનો શાપ પૂરો થયો.

યવક્રીત અને પુત્રવધૂ બન્ને પરણેલાં હતાં તેમ છતાં પોતપોતાનાં પત્ની અને પતિમાં સંતોષ ન કરીને એકબીજા સાથે વ્યભિચાર કરવા દોરાયાં તેમાંથી કેટલો મોટો અનર્થ થઈ ગયો! સ્ત્રી-પુરુષોએ પોતપોતાનાં પતિ-પત્નીમાં સંતોષ કરવો જોઈએ. કદાચ તેમની પાસેથી પૂરું સુખ ન મળતું હોય તોપણ સંતોષ કરવો જોઈએ. સંતોષથી તૃપ્તિ મળતી હોય છે. અસંતુષ્ટ થઈને આવી રીતે પરપુરુષ અને પરસ્ત્રીનું સેવન કરવાથી આવી દશા થાય છે. તે આ કથાનો બોધપાઠ છે.

(મહાભારત વનપર્વ 138મો અધ્યાય)

10-12-09



27. સુશોભનાકથા

એક વાર પરીક્ષિત રાજા શિકાર રમવા ગયો. જો રાષ્ટ્રમાં શિકાર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ હોય તો હિંસક અને હાનિકારક પશુઓ વધી જાય. પશુઓની ઉત્પત્તિશક્તિ ઘણી હોય છે. એકસાથે બે-પાંચ-સાત બચ્ચાં પેદા કરતાં હોય છે. જો તેમની સંખ્યા ઘણી વધી જાય તો ખેતી તથા વનમાં રહેનારા ઋષિમુનિઓને હાનિ થાય. એટલે મર્યાદિત પ્રમાણમાં શિકારની છૂટ હોવી જરૂરી છે. એકતરફ રાષ્ટ્રહિત અને માનવહિત હોય અને બીજી તરફ પશુહિત હોય તો રાષ્ટ્રહિત તથા માનવહિતને જ સર્વોચ્ચ મહત્ત્વ અપાય. આવું ન કરીને પશુહિતને જ મહત્ત્વ આપવાથી રાષ્ટ્ તથા માનવો દુઃખી થતાં હોય છે. જે ધર્મ કે વિચારધારા રાષ્ટ્રીય પ્રશ્નો કે માનવીય પ્રશ્નો ન ઉકેલે તે કદી કલ્યાણકારી ન થઈ શકે. પરીક્ષિત ઘોડો લઈને આવા જ એક પશુ પાછળ દોડી નીકળ્યો. પણ પશુ ક્યાંક સંતાઈ ગયું અને રાજા એકલો પડી ગયો. તેને ખૂબ ભૂખતરસ લાગી હતી. તેણે તથા ઘોડાએ પેટ ભરીને પાણી પીધું અને પછી તે સરોવરના કિનારે થાક્યોપાક્યો સૂઈ ગયો. એવામાં તેના કાનમાં કોઈ સ્ત્રીના ગાવાનો મીઠો ધ્વનિ આવવા લાગ્યો. ઊઠીને તેણે જોયું તો સરોવરના બીજા કિનારે એક અત્યંત રૂપાળી કન્યા ગીત ગાઈ રહી હતી. પુરુષોનું ધ્યાન અથવા મનગમતા પુરુષનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે સ્ત્રીઓ અનેક ઉપાયો કરતી હોય છે. જેમકે ચૂડીઓ ખખડાવવી, ઝાંઝર ખણકાવવાં, ગુનગુન ગાવું, આ તો દૂરની વાત થઈ. નજીક આવીને હોઠથી હોઠ દબાવવો, આંખો ઢાળી દેવી, આડું જોઈને પાછું સીધું જોવું. પગના નખથી જમીન ખોતરવી વગેરે. આને બોડી લેંગવેજ કહેવાય છે. આમાંથી મૅસેજ નીકળે છે. ચતુર પુરુષ આ ભાષાને સમજી શકે છે. મૂરખ—બબૂચક નથી સમજતો. સ્ત્રી શમા છે. શમા એટલે દીપક. પુરુષ પતંગિયું છે. શમા પોતાની જગ્યાએ સ્થિર રહે છે. પતંગિયું ચાલે છે. આંટા મારે છે. શમા બળતી જાય છે અને બાળતી જાય છે. પણ જો શમા, પતંગિયાની માફક ચાલતી થઈને આંટા મારતી થઈ જાય તો નિર્લજ્જ થઈ જાય. હાહાકાર થઈ જાય. તે જ્યાં ને ત્યાં આગ લગાડતી થઈ જાય, અંતે તેને કોઈ ઝાપટ મારીને બુઝાવી નાખે. નિર્લજ્જતાનો સારો અંત નથી હોતો. સ્ત્રીઓ ત્રણ પ્રકારની હોય છે. (1) સામે ચાલીને આવનારી, (2) ભાવભંગિમા દ્વારા બોલાવનારી અને (3) પાછળ પડીને ઘણી તપસ્યા કરે પછી સ્વીકારનારી. ત્રીજી મહાન છે. તે સન્નારી થતી હોય છે. પહેલી કદાચ કુલટા પણ થઈ જાય. બીજી મધ્યમ રહે.

પેલી કન્યા ગીત ગાતી ગાતી રાજાની પાસે આવી ગઈ. આ કુદરતી આકર્ષણ છે. પણ શરૂઆત પુરુષ કરે તો સારું પરિણામ આવે. સ્ત્રી ઉતાવળી થાય તો સમજવું કે તેનામાં કાંઈક મેલ છે. પ્રથમ મિલનમાં જ બન્ને એકબીજામાં ઓતપ્રોત થઈ ગયાં. સ્ત્રી ઉતાવળી હોય તો જ આવું થઈ શકે. ઘણી વાનગીઓ ચાખી ચૂકેલી સ્ત્રીઓ ઉતાવળી હોય છે. પ્રથમ વાર પ્રેમ કરનારી સ્ત્રી લજ્જાના કારણે મંદમંદ પગલાં ભરનારી હોય છે. લજ્જા તેનું રક્ષણ કરે છે. રાજા અને કન્યાએ ત્યાં જ ગંધર્વલગ્ન કરી લીધાં. પણ કન્યાએ એક શરત મૂકી કે “તમારે કદી પણ મને જળ બતાવવું નહિ” રાજાએ શરત સ્વીકારી લીધી. એવામાં પાછળ રહી ગયેલી સેના આવી પહોંચી, રાજાને જોઈને સૌને શાંતિ થઈ. પણ આ શું? રાજાની સાથે તો એક કન્યા પણ છે. જે હવે રાજરાણી થઈ ચૂકી હતી. રાણીને પાલખીમાં બેસાડીને રાજા પોતાની નગરી પહોંચી ગયો. રાણી મહેલમાં રહેવા લાગી, ચારે તરફ સ્ત્રીઓનો સખત પહેરો લગાવી દીધો. કોઈ અંદર આવ-જા ન કરી શકે. મોટાં માણસો પહેરામાં રહેતાં હોય છે. તે જન સામાન્યની માફક મુક્ત

હરીફરી શકતાં નથી.

પ્રધાનમંત્રીને શંકા થઈ. આવું થવાનું કારણ શું હશે? તેણે પહેરેદાર સ્ત્રીઓને પૂછ્યું તો જાણવા મળ્યું કે રાજાનો સખત હુકમ છે કે કોઈ માણસ અંદર પાણી ન લઈ જાય." આવું કેમ હશે? પ્રધાનને વધુ શંકા થઈ. કેટલાંક માણસો ભારે શંકાશીલ હોય છે. તે જ્યાં રહે ત્યાં પોલીસના કૂતરાની માફક બધું સૂંઘ સૂંઘ કરતા હોય છે, તેમને બહુ વાસ આવતી હોય છે. કદી પણ, કોઈ પણ માણસના કે પરિવારના અંગત જીવનમાં ચાંચ ન મારવી. સૌને પોતપોતાની રીતે જીવવા દેવું. હા, તેમનું જીવન બીજા માટે હાનિકારક ન હોય તો અંગત જીવનમાં વધુ પડતો રસ લેનારા મહાભારત સર્જતા હોય છે અને અંતે ફેંકાઈ જતા હોય છે. વિક્ષેપ કરનારા કોઈને ન ગમે.

મંત્રીએ તો એક સરસ મજાની વાટિકા બનાવી. જાત-જાતનાં ફૂલો, વેલીઓ, વૃક્ષો વગેરેથી સ્વર્ગ જેવી વાટિકા બની ગઈ. તે જોવા માટે રાજાને આમંત્રણ આપ્યું. રાજા નવી રાણીને લઈને વાટિકા જોવા ગયો. વાટિકામાં મંત્રીએ એક સુંદર વાવ પણ બનાવી હતી જેમાં મધુર જળ ભર્યું હતું. રાજા-રાણી બન્ને વાવ જોવા ગયાં. અને નીચે ઊતર્યાં. રાણીએ તો વાવમાં કૂદકો માર્યો. બસ પછી બહાર નીકળી નહિ. ઘણા પ્રયત્નો કર્યા. ઘણી બૂમો પાડી પણ રાણી બહાર ન નીકળી. રાજાએ વાવમાં ઘણા દેડકા જોયા. તે સમજી ગયો કે આ દેડકાઓએ મારી રાણીને ફાડી ખાધી છે. તેણે તરત જ દેડકાઓના મહાવિનાશનો હુકમ કર્યો. જે કોઈ મળવા આવે તે ફળ-ફૂલ-મીઠાઈ લઈને ન આવે પણ મરેલા દેડકા લઈને આવે. ચારે તરફ મેઢક ધ્વંસ થવા લાગ્યો. શક્તિશાળી સમર્થને શત્રુ ન બનાવવો. તે પૂરા કુળનો પણ નાશ કરી શકે છે. એકના અપરાધનું ફળ પૂરી જાતને ભોગવવું પડતું હોય છે. અંતે તે બધાં દેડકાંનો નેતા પુરોહિતનું રૂપ ધારણ કરીને રાજા પાસે ગયો. જે સંઘર્ષ જીતી શકાય તેવો ન હોય તેનું સમાધાન મંત્રણાથી થઈ શકે છે. જો મંત્રણા કરનાર કુશળ—મુત્સદ્દી વ્યક્તિ હોય તો. મેઢક રાજાએ રાજાને સમજાવ્યો કે "અમારો કોઈ વાંકગુનો નથી. અમારો નાશ શા માટે કરો છો?" રાજાએ પોતાની રાણીની વાત કરી અને કહ્યું કે તેનો બદલો લઉં છું." મેઢકરાજે કહ્યું કે
"તે તો મારી જ દીકરી છે. તેનું નામ સુશોભના છે." પરીક્ષિતના આગ્રહથી મેઢકરાજે પોતાની દીકરી સુશોભનાને બોલાવી અને રાજાને અર્પિત કરી અને દીકરીને કહ્યું કે આવી રીતે તેં કેટલા રાજાઓને છેતર્યા છે. થોડા દિવસ રહીને પાછી આવતી રહે છે. હવે ટકીને રહેજે. વારંવાર ઘર બદલવું એ સ્ત્રી માટે સારું ન કહેવાય. પણ તેં મારું નામ બોળ્યું છે એટલે હું તને શાપ આપું છું કે તને જે સંતાનો થશે તે જ્ઞાનીઓનાં વિરોધી થશે.

આ કથા ઉપરથી બોધપાઠ લેવાનો કે જે કન્યાનાં કુળ-જાતિ-ચરિત્રની પૂરી ખબર ન હોય તેવી કન્યા ગમેતેટલી રૂપાળી હોય તોપણ ઉતાવળ કરીને તેની સાથે લગ્ન કરવાં નહિ. લગ્ન કરનારે ધીરજ રાખીને કન્યાનો પૂરો જૂનો ઇતિહાસ જાણવો પછી જ આગળ વધવું. આવી જ રીતે જે પુરુષો છેલછબીલા દેખાતા હોય તેમના ઉપર કોઈ ભદ્ર કન્યાએ મોહી પડવું નહિ. પહેલાં તેનાં કુળ વગેરેની પૂરી તપાસ કરવી. ક્યાંક તે વિધર્મી તો નથી ને? ક્યાંક તે કોઈ લંપટ છાકટો તો નથી ને! પૂરી તપાસ કર્યા પછી જ આગળ પગલું ભરવું. ઉતાવળે કૂવો પૂરનારી કન્યાઓ જીવન બરબાદ કરી બેસતી હોય છે.

(મહાભારત વનપર્વ 192મો અધ્યાય)
10-12-09

28. વામદેવ કથા

પ્રજા રક્ષિત જીવન જીવતી હોય છે. જે પોતે પોતાનું રક્ષણ ન કરી શકે તેણે રક્ષિત જીવન જીવવું જોઈએ. પ્રજા માટે કોઈ ને કોઈ રક્ષક જોઈએ. જે રક્ષક બને તે જ રાજા બને. રાજા પરાક્રમ, મુત્સદ્દીગીરી અને મોરલથી થવાય. જેનામાં આ ત્રણ ગુણો ન હોય તે રાજા ન થઈ શકે. તેમાં પણ શરૂઆતના બે ગુણો હોય પણ ત્રીજો ગુણ મોરલ ન હોય તો રાજા ભક્ષક થઈ જાય. જ્યારે રક્ષક જ ભક્ષક થઈ જાય ત્યારે પ્રજાને પાર વિનાનાં દુ:ખો ભોગવવાં પડે. પ્રજા નમાલી હોય તો રાજાના અત્યાચારો વધી જાય, પણ જો પ્રજા બહાદુર હોય તો રાજા સામે ક્રાન્તિ કરે. બહાદુર પ્રજા ગમે તેવા ભક્ષક રાજાને પણ ઉખેડીને ફેંકી શકે છે. પણ તે માટે તેને ઘણાં બલિદાન આપવાં પડતાં હોય છે. ખરેખર તો બલિદાન આપનારી પ્રજાનો જ ઇતિહાસ હોય છે. તમે જ્યારે પણ પોતાની જ્ઞાતિ-જાતિ કે સમાજ વિશે વાતો કરો ત્યારે પહેલો પ્રશ્ન એ પૂછજો કે અન્યાય સામે ઝઝૂમનારા કેટલા નીકળ્યા? કેટલાએ બલિદાન આપ્યાં? કેટલાના પાળિયા થયા? જો નકારમાં ઉત્તર આવે તો પછી આત્મશ્લાઘા ન કરશો. ખોટાં બણગાં ન ફૂંકશો.

શલ નામનો એક રાજા હતો. તે શિકાર રમવા નીકળી પડ્યો. એક વનપશુની પાછળ રથ દોડાવ્યો, પણ પશુ આગળ ને આગળ દોડતું ગયું. રથ તેની સમીપે જાય તો જ બાણ ચલાવી શકાય. રાજાએ વારંવાર સારથિને હુકમ કર્યો. “વધારે દોડાવો.” “વધારે દોડાવો.” પણ રથ પશુની નજીક ન જઈ શક્યો. થાકીને સારથિએ કહ્યું કે આ ઘોડા કદી પણ પશુની સમીપે જઈ શકશે નહિ. જો પશુ સમીપે જાય તેવા ઘોડા જોઈતા હોય તો વામદેવ મુનિ પાસે બે ઘોડા છે. જેને ‘વામ્ય’ કહેવાય છે. આ વામ્ય ઘોડા એટલા બધા વેગવંતા છે કે ગમેતેવા પશુને પકડી પાડી શકે છે.”

રાજા તો રથ લઈને સીધો વામદેવના આશ્રમે પહોંચી ગયો. અને પ્રાર્થના કરી કે “તમારા બન્ને વામ્ય ઘોડા મને થોડા સમય માટે આપી દો.” વામદેવ ઋષિએ રાજા સમજીને તેની માગણીનો અસ્વીકાર ન કરાય તેમ માનીને બન્ને ઘોડા એવી શરતે આપ્યા કે કામ પતી જાય પછી તરત જ પાછા આપી જવાના. પ્રજા તરીકે જીવનારા લોકોએ રાજાનું માન રાખવું જ જોઈએ. પણ સાથે સાથે લોકોની ખાસ કરીને રાજાની નજરે ચઢે તેવો વૈભવ પણ ન ધરાવવો જોઈએ. નજરે ચડનારો વૈભવ શત્રુ ઊભા કરતો હોય છે. રાજા જ શા માટે, તમે જો માથાભારે લોકો વચ્ચે જીવતા હો તોપણ તેવા લોકોની દાનત બગડે કે નજર બગડે તેવો વૈભવ ન બતાવવો. કાકૂ વાણિયાએ સોનાની અને હીરાજડેલી કાંસકી પોતાની દીકરી માટે બનાવડાવી અને પછી ચોકમાં બેસીને દીકરી માથું ઓળવા લાગી, તે કાંસકી રાજકુમારીની નજરે ચડી અને માગી. કાકૂએ ન આપી તો રાજાએ પડાવી લીધી. તેમાંથી વેર બંધાયું. એટલે કાકૂએ આરબ લોકોને બોલાવીને વલભી ઉપર હુમલો કરાવી રાજાને અને રાજ્યને ખેદાનમેદાન કરાવી નાખ્યું. જો તેણે આવી કાંસકી ન બનાવી હોત કે પછી ઘરમાં રહીને માથું ઓળ્યું હોત તો કદાચ આટલો અનર્થ ન થાત. એટલે ડાહ્યા માણસે સામર્થ્ય હોય તોપણ માથાભારે લોકોની નજરે ચડે તેવો વૈભવ ન ભોગવવો, ન તો તેવો કોઈ લગ્ન વગેરે પ્રસંગ કરવો. માપમાં અને મર્યાદામાં રહેનારા વગરજોઈતા શત્રુ નથી પેદા કરતા.

અશ્વોની તીવ્ર ચાલને જોઈને રાજા મુગ્ધ થઈ ગયો. તેની દાનત બગડી. દાનત બગડે એટલે દશા

બગડે. આ દાનત બગડવાની ત્રણ જગ્યાઓ છે. કોઈની રૂપાળી પત્નીને જોઈને દાનત બગાડવી, કોઈની સંપત્તિ જોઈને દાનત બગાડવી, કોઈની જમીન જોઈને દાનત બગાડવી અને પચાવી પાડવી.

જ્યારે પણ આ ત્રણમાંથી એક પણ જગ્યાએ માણસ દાનત બગાડે તો સમજવું કે હવે તેનો વહેલોમોડો વિનાશ થઈ જશે. રાજાએ ઋષિના ઘોડા ઉપર દાનત બગાડી. "જાઓ આપણી અશ્વશાળામાં બાંધી દો, હવે પાછા નથી આપવા. ઋષિ થઈને આવા ઘોડા રાખવાની શી જરૂર છે? આવા ઘોડા તો રાજદરબારમાં જ શોભે."

આ બાજુ ઋષિ વામદેવ વિચાર કરે છે કે હજી સુધી રાજા ઘોડા પાછા આપવા ન આવ્યો. શું થયું હશે! લેવડ-દેવડનો વ્યવહાર શુદ્ધ રાખનારની ક્રેડીટ જામતી હોય છે. જેની ક્રેડીટ જામે તે લાખ્ખો રૂપિયાની હેરફેર માત્ર ચિઠ્ઠીથી કરી શકતા હોય છે. ક્રેડીટ જમાવવી એ પણ જીવનસાધનાનું અંગ છે. ધન કરતાં પણ આબરૂ વધુ કામ કરતી હોય છે.

એક મહિના સુધી રાહ જોયા પછી વામદેવે પોતાના શિષ્ય આત્રેયને ઘોડાની ઉઘરાણી કરવા રાજા પાસે મોકલ્યો. રાજાએ તોછડાઈથી જવાબ આપ્યો કે આવા ઘોડાની તમારે શી જરૂર છે? ક્યાંય યુદ્ધ કરવા જવું છે? કોઈ સવારી કાઢવી છે? જાઓ ચાલ્યા જાઓ, ફરીથી આવતા નહિ. શિષ્ય પાછો ફર્યો અને ગુરુજીને બધી વાત કહી સંભળાવી. ઋષિ બહુ દુ:ખી થયા, પણ સાથેસાથે ક્રોધિત પણ થયા. અન્યાય સામે ક્રોધ થવો જ જોઈએ. જે અન્યાય—અત્યાચારને પણ મૂગા મોઢે સહન કરે છે કે સહન કરી લેવાનો ઉપદેશ આપે છે તે નમાલાપણાના પ્રચારકો છે. તે સ્વાધીનતા ભોગવવાના હક્કદાર નથી. નમાલાપણું ગુલામીનો પટ્ટો લખાવીને આવતું હોય છે.

ક્રુદ્ધ થયેલા ઋષિ વામદેવ રાજાની પાસે ગયા અને રાજાને ઘોડા પાછા આપી દેવા બહુ સમજાવ્યો, પણ રાજા માન્યો નહિ. રાજાએ તે બન્ને અશ્વોના બદલામાં બીજાં પશુઓ માગવા કહ્યું, પણ ઋષિ ન માન્યા. અંતે રાજાએ કહી દીધું કે "આ ઘોડા તો મારા જ છે. હું નહિ આપું. તમારાથી થાય તે કરી લો!" રાજાની નાગાઈ જોઈને ઋષિ ડઘાઈ ગયા. અરે, રાજા તો રક્ષકની જગ્યાએ ભક્ષક થઈ ગયો છે. હવે તેને પાઠ ભણાવવો જ જોઈએ. સમર્થ પુરુષ જ ન્યાય મેળવી શકે છે અથવા બદલો લઈ શકે છે. સામર્થ્યહીન હાયતોબા કરીને રહી જતો હોય છે. ઋષિ સમર્થ છે. તેમણે તરત જ ચાર ક્રૂર અને વીર પુરષોને બોલાવ્યા. ચારે પુરુષોએ મળીને રાજા ઉપર પ્રહાર કરી તેને મારી નાખ્યો. ઋષિ એટલે શક્તિહીન સાધુ નહિ, લોકોના ટુકડા ખાઈને માત્ર પરલોક સુધારવા નીકળેલો કોઈ અકિંચન ત્યાગી નહિ. ઋષિ એટલે સામર્થ્યનું બીજું નામ. તે ઘોડા રાખી શકે છે. શસ્ત્રો રાખી શકે છે. તે માળા ફેરવે છે અને તપ પણ કરે છે. પણ જરૂર પડે ત્યારે તલવાર પણ ફેરવી જાણે છે. તે સીધાખાઉ માત્ર બ્રાહ્મણ જ નથી. દુષ્ટ લોકોનું દલન કરનાર સવાયો ક્ષત્રિય પણ છે.

શલ રાજાના મૃત્યુ પછી ઇક્ષ્વાકુ વંશના ક્ષત્રિયોએ 'દલ' નામના તેના ભાઈનો રાજ્યાભિષેક કર્યો. વામદેવજી નવા રાજાની પાસે ગયા અને કહ્યું કે ઋષિઓનું ધન રાજાથી અપહરણ ન કરાય. મારા અશ્વો મને પાછા આપી દો. 'દલ' રાજા ક્રુદ્ધ થઈ ગયો. તેણે નોકરોને કહ્યું કે જલ્દીથી વિષવાળું તીર લઈ આવો જેથી હું આ બ્રાહ્મણને કાયમ માટે અહીં ઢાળી દઉં. નોકરો તીર લઈ આવ્યા. હવે શું થશે તેની ચિંતા સૌને થવા લાગી. ત્યાં તો રાજાએ તીર ચલાવી દીધું. "વિનાશકાળે વિપરીત બુદ્ધિ." ઋષિએ પોતાના પ્રભાવથી તીરને રાણીવાસ તરફ વાળી દીધું.

જ્યાં રાજાનો દશ વર્ષનો રાજકુમાર હતો તેની છાતીમાં પેસી ગયું. રાજકુમાર તરત જ મૃત્યુ પામ્યો. રાજા વધુ ઉશ્કેરાયો તેણે બીજું તીર મંગાવ્યું, પણ ઋષિએ તેને ધનુષ્ય ઉપર જ સીમિત કરી દીધું. તે ધનુષ્યની પ્રત્યંચા ન તો ખેંચી શકાતી હતી ન બાણ છોડી શકાતું હતું. રાજા હારી ગયો. પુત્રના મરણથી વ્યાકુળ થયેલી રાણી રાણીવાસમાંથી દોડતી આવી, પતિની દુર્દશા જોઈને ઋષિના ચરણોમાં ઢળી પડી. તે સંસ્કારી ઘરની કન્યા હતી. તે જાણતી હતી કે રાજા ચોર છે. પોતાનો પતિ છે તો શું થયું. કર્તવ્યભ્રષ્ટ પતિને પથ બતાવવાનો હોય, તેનો પક્ષ લેવાનો ન હોય. તેણે રાજાને કહ્યું કે બહુ થયું. હવે આ ઋષિને વધુ ના છંછેડો ક્ષમા માગો. તમે રક્ષક છો. રક્ષકમાંથી ભક્ષક થયા એટલે આવી દશા થઈ. ઋષિઓની સંપત્તિ ઉપર હાથ ન ઉપાડાય.” રાણી બોલી. રાજા પણ પરિસ્થિતિ સમજી ગયો. તેણે ક્ષમા માગી અને ફરીથી કોઈ ઋષિની સંપત્તિ ઉપર આંખ નહિ ઉપાડું તેવું વચન આપી બન્ને વામ્ય ઘોડા લાવીને ઋષિને સોંપી દીધા. ઋષિ પ્રસન્ન થયા. શાપ આપનાર ઋષિ આશીર્વાદ આપીને વિદાય થયા. તે જ્યારે પોતાના એક અશ્વ ઉપર બેસીને જઈ રહ્યા હતા ત્યારે મુખનું તેજ સૂર્ય જેવું ચમકી રહ્યું હતું. અમે નમાલા, ભીખમંગા બ્રાહ્મણો નથી પણ કંદમૂળ ખાઈને જીવતા તપસ્વી બ્રાહ્મણો છીએ તેવું સ્વાભિમાન ઝળકી રહ્યું હતું. લીધેલું સમય રહેતાં પાછું આપો. દાનત ન બગાડો.

(વનપર્વ 192મો અધ્યાય)

10-12-09

*

29. પતિવ્રતા કથા

ઘરનો મૂલાધાર સ્ત્રી છે. સ્ત્રી એટલે પત્ની. સ્ત્રી વિનાનું ઘર સ્મશાન જેવું હોય છે. એટલે સ્ત્રીને ગૃહિણી કહેવાય છે. પત્નીનો મૂલાધાર તેનો પતિ છે. જેમ સ્ત્રી વિનાનું ઘર સ્મશાન જેવું હોય છે તેવી રીતે પતિ વિનાની વિધવા સ્ત્રી મડદા જેવી હોય છે. તેની ચેતના તેનો પતિ છે. પતિનો મૂલાધાર 'રોજી' છે. રોજી વિનાનો પતિ ગમેતેટલો રૂપાળો હોય તોપણ ફિક્કો લાગે છે. ખરું તેજ તો રોજીનું જ હોય છે. રોજી અપાવવી તે મહાયજ્ઞ છે. કોઈ નિર્દોષની રોજી છીનવી લેવી તે મહાપાપ છે. પતિ અને પત્નીને જોડી રાખનારું પરમ વ્રત તે પતિવ્રતાપણું છે. માત્ર ડહાપણ કે માત્ર પ્રેમથી દામ્પત્ય જામતું નથી. પ્રેમનો ઊભરો હોય છે ક્યારે બેસી જાય તે કહેવાય નહિ. અને ડહાપણ સ્વાર્થસાપેક્ષ હોય છે. એટલે તેમાં પણ સ્થાયિત્વ નથી રહેતું. સ્થાયિત્વ લાવનારું તત્ત્વ વ્રત છે. એટલે જીવનના કોઈ મહાઆદર્શ સાથે સજ્જડ બંધાઈ જવું તે, એવું બંધાવું કે જલ્દી છૂટી ન જવાય તેવું. આ વ્રત જે સ્ત્રીમાં કૂટીકૂટીને દૃઢ રીતે દૃઢ થયું હોય તે સતી કહેવાય છે. આવી સતીઓની કથાથી હજારો સ્ત્રીઓને રાહ મળતો હોય છે. અહીં એવી જ એક કથા કહેવામાં આવે છે.

એક મહાન તપસ્વી કૌશિક નામનો બ્રાહ્મણ વનમાં એક વૃક્ષની નીચે બેઠો બેઠો તપસ્યા કરતો હતો. તેવામાં વૃક્ષની ડાળ ઉપર બેઠેલી એક પક્ષિણીએ વિષ્ટા કરી જે પેલા બ્રાહ્મણના માથા ઉપર પડી, સંધ્યા-વંદન, ધ્યાન-ધારણા કે તપસ્યા કરનારે એવી જગ્યાએ પોતાનું આસન લગાવવું જોઈએ જ્યાં આવા વિક્ષેપો ન આવે. જ્યાં ઘોંઘાટ ન થતો હોય, વાતાવરણની અનુકૂળતાથી તપસ્યામાં સરળતા થાય છે. વાતાવરણની પ્રતિકૂળતા હોય ત્યાં વિક્ષેપો ઘણા થાય તેથી તપસ્યામાં મન ઓછું લાગે.

પક્ષિણીની વિષ્ટા પોતાના માથા ઉપર પડવાથી બ્રાહ્મણને ક્રોધ ચડ્યો. તપસ્વીઓ ક્રોધી હોય છે. કારણ કે કામ-ક્રોધનું દમન કરીને તે બેઠા હોય છે. દમિત ક્રોધ ક્યારે ભડકી ઊઠે તે કહેવાય નહિ. દમન કરતાં શમન સારું. શમન સમજણથી આવતું હોય છે. બ્રાહ્મણે ક્રોધભરી દૃષ્ટિથી ઊંચે બેઠેલી પક્ષિણી તરફ જોયું. તરત જ પક્ષિણી પાંખો ફફડાવીને ધબ દઈને પૃથ્વી ઉપર પડી, તેના પ્રાણ ઊડી ગયા. બ્રાહ્મણને પોતાના તપનો પરચો મળી ગયો. તપની સિદ્ધિને જાળવવી કઠિન કામ છે. રાગ-દ્વેષવશ વારંવાર તેનો દુરુપયોગ કરવામાં આવે તો તપની સિદ્ધિ ક્ષીણ થઈ જાય છે. પક્ષિણીને મૃત્યુદંડ આપવો પડે તેટલો તેને મોટો તેનો અપરાધ ન હતો. પણ બ્રાહ્મણે તેને મારી નાખી અને તેને તેનું ગુમાન પણ ચડ્યું. કોઈ મોટો મીર મારીને ગુમાન થયું હોય તો કદાચ ઠીક કહેવાય પણ એક નિર્દોષ પક્ષિણીને મારીને બ્રાહ્મણને અહંકાર થઈ આવ્યો. તેની પાચનશક્તિ મંદ લાગે છે.

આ બ્રાહ્મણ ફરતો ફરતો એક બીજા બ્રાહ્મણના ત્યાં ભિક્ષા માટે પહોંચી ગયો. તેને જોઈને ઘરની સન્નારી પ્રસન્ન થઈ. મારે ઘેર અતિથિ ક્યાંથી? ધન્યભાગ્ય અમારાં કે અમારે ઘરે અતિથિ આવે. બ્રાહ્મણી સંસ્કારી અને પતિવ્રતા હતી. અતિથિદેવ માટે તે ભિક્ષાની વ્યવસ્થા કરતી હતી, તેવામાં તેનો પતિ આવી ચડ્યો. તે થાક્યો-પાક્યો અને ભૂખ્યો-તરસ્યો હતો. હવે બ્રાહ્મણી માટે ધર્મસંકટ આવી ગયું. પહેલાં કોની સેવા કરવી! મારા પતિ એ જ મારા પરમેશ્વર છે. મારા માટે સર્વોચ્ચ સ્થાન મારા પતિનું જ છે. પહેલાં મારો પતિ અને પછી બાકી બધું. કેટલીક સ્ત્રીઓ સવારથી અનેક મંદિરોમાં ફરતી રહે છે. "લે દેવ ચોખા" કરીને મંદિરે મંદિરે ચોખાની ઢગલીઓ

કરતી ફરે છે, પણ ચોખાની ગૂણ લાવી આપનાર પતિને સમયસર જમાડતી નથી. તેનો પતિ ભૂખ્યો જ નોકરી-ધંધે જાય છે. આવી સ્ત્રીઓ પતિધર્મની મહત્તા જાણતી નથી હોતી. તે પ્રભુપરાયણ તો કદાચ હોઈ શકે, પણ પતિપરાયણ ન હોઈ શકે. જે પતિપરાયણ ન હોય તે પૂરેપૂરું પતિસુખ પામી શકે નહિ. પરમેશ્વર તો કદાચ મૃત્યુ પછી કોઈ સ્વર્ગનું સુખ આપતો હશે, પણ પતિ તો મૃત્યુ પહેલાં જ આ લોકમાં સ્વર્ગથી પણ ઊંચું સુખ આપતો હોય છે. પતિ-પત્નીનું લાગણી અને કામનું સુખ સ્વર્ગથી પણ વધારે હોય છે. એટલે પતિવ્રતા સ્ત્રી માટે તો સર્વોચ્ચ સ્થાન પતિનું જ હોય છે. આવું વિચારીને પેલી પતિવ્રતા બ્રાહ્મણી પતિને જમાડવાના કાર્યમાં લાગી ગઈ. પતિના જમી રહ્યા પછી તેને પેલો બ્રાહ્મણ યાદ આવ્યો. તે જલદી જલદી દ્વાર ઉપર ગઈ અને જોયું તો પેલો કૌશિક બ્રાહ્મણ ક્રોધનો માર્યો ઊભો હતો. તે કઠોર અવાજમાં બોલ્યો કે "ઊભા રહો હું ભિક્ષા લાવું છું એવું કરીને તું ગઈ અને આટલી બધી વાર લગાડી દીધી." બ્રાહ્મણીએ ક્ષમા માગી અને પતિસેવાનું કારણ બતાવ્યું. "અતિથિ મહાન છે પણ પતિ તો તેથી પણ મહાન છે. પહેલાં પતિ અને પછી બાકી બધું." તેની વાત સાંભળીને બ્રાહ્મણ વધુ ગુસ્સે થયો. તે ડોળા ફાડી ફાડીને બ્રાહ્મણી સામે જોવા લાગ્યો. ત્યારે બ્રાહ્મણી બોલી, "તપસ્વી, હું કાંઈ પેલી પક્ષિણી નથી કે તમારી દૃષ્ટિથી બળીને ખાખ થઈ જાઉં, તમારી તપસ્યા કરતાં મારો પતિવ્રત ધર્મ ઘણો મહાન છે." તેની વાત સાંભળીને બ્રાહ્મણના મોતિયા મરી ગયા. "અરે, આ સામાન્ય સંસારી સ્ત્રી ક્યાંથી બધું જાણી ગઈ?" કેટલીક વાર આવી અણધારી હાર થતી હોય છે. બ્રાહ્મણ ઝૂકી પડ્યો. પોતાની ભૂલ તેને સમજાઈ. સિદ્ધિનો ખોટો અહંકાર પણ સમજાયો. તેણે કહ્યું કે "માતા, મને ધર્મ સમજાવો, હું તપ કરીને પણ માર્ગ ભૂલ્યો હતો. મને સાચો માર્ગ બતાવો." ભૂલ કરવી કે માર્ગ ભૂલવો તે કોઈ પાપ નથી. તે તો પ્રત્યેકના જીવનમાં થવાની સંભાવના રહેતી જ હોય છે. જે માર્ગે ચાલે છે તે માર્ગ ભૂલે છે. જે માર્ગે કદી ચાલતો જ નથી તે કદી માર્ગ ભૂલતો પણ નથી. ઘાંચીનો બળદ કદી પણ માર્ગ ભૂલતો નથી. તેને ભોમિયાની જરૂર જ નથી હોતી. તેને લાલ-લીલી-પીળી લાઇટો પાર કરવાની નથી હોતી. બસ આંખો મીંચીને ચાલ્યા જ કરવાનું હોય છે. ઘરેડના ચોકઠામાં બંધાયેલા લોકોની પણ આવી જ દશા હોય છે. ચાલી ચાલીને પણ તે હતા ત્યાં ને ત્યાં જ હોય છે. મુશ્કેલીઓ ચીલો ચાતરનારા, ઘરેડો તોડનારા, ચોકઠામાંથી મુક્ત થનારાઓને હોય છે. કારણ કે તે ક્રાન્તિ કરતા હોય છે.

બ્રાહ્મણને ભૂલનું ભાન થયું. તેની સ્વીકારોક્તિ જ તેની મહાનતા છે. બ્રાહ્મણીએ કહ્યું કે જા મિથિલાપુરીમાં એક ધર્મવ્યાધ નામનો કસાઈ રહે છે તેની પાસે જા તે તને ધર્મનાં બધાં રહસ્યો સમજાવશે. કસાઈ અને ધર્મનાં રહસ્યો સમજાવશે! કોઈ ઋષિ નહિ કોઈ મુનિ નહિ અને મને કસાઈની પાસે મોકલે છે! પણ ચમત્કારથી શ્રદ્ધા થઈ હોવાથી તે મિથિલાપુરી તરફ ચાલી નીકળ્યો.

(વનપર્વ 206મો અધ્યાય)
10-12-09

*

30. ધર્મવ્યાધની કથા

માનવજીવન ઉપર સૌથી વધુ પ્રભાવ ધર્મવ્યવસ્થા, રાજવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાનો પડતો હોય છે. આ ત્રણમાં રાજવ્યવસ્થા કાયમી નથી હોતી. રાજાની સાથે બદલાતી રહે છે. પણ ધર્મવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા જલદી બદલાતી નથી, તે લાંબો સમય ટકતી હોય છે. ભારતમાં વર્ણવ્યવસ્થાના કારણે વ્યક્તિને જન્મજાત મહાન અને જન્મજાત અધમ માનવામાં આવે છે. કેટલાક લોકો જન્મતાં જ પવિત્ર મનાય છે અને કેટલાક લોકો જન્મતાં જ અપવિત્ર-અછૂત મનાતા હોય છે. ઊંચ-નીચની વ્યાખ્યા પણ જન્મજાત થઈ જાય છે. કેટલાક વગરકારણે ઊંચા તો કેટલાક વગરકારણે નીચા થઈ જતા હોય છે. આના પરિણામે સમાજમાં સમતા અને ન્યાય ગોઠવાતો નથી. જ્યાં સમતા અને ન્યાય ન હોય ત્યાં એકતા પણ ન હોય અને જ્યાં એકતા ન હોય ત્યાં વિભાજન અને વિખવાદ હોય, વિખવાદ અને વિભાજન પ્રજાને દુર્બળ બનાવી ગુલામ થવા મજબૂર કરતાં હોય છે.

પશ્ચિમમાં વ્યક્તિ જન્મજાત અધમ કે અપવિત્ર નથી હોતી. તેથી તેને વિકસવાનો પૂરેપૂરો ચાન્સ મળતો હોય છે. આવી જ રીતે ત્યાં કોઈ કામને અધમ કે હલકું માનવામાં નથી આવતું, જેથી (પાપ સિવાય) માણસ ગમે તે કામ કરે તોપણ તેને શરમાવાનો કે હીનતાનો અનુભવ નથી થતો. આપણે કામને પણ ઊંચુ-નીચું માન્યું છે. વાળંદ, ધોબી, ખારવા, મજૂર, સફાઈ કરનાર વગેરે કામોને હલકાં માન્યાં છે તેથી આવાં કામ પ્રત્યે લોકો ઘૃણા કરે છે. અને બેકાર રહેવા છતાં આવાં કામ કરતાં નથી. વ્યક્તિ નીચો અને કામ પણ નીચું. આવા માણસની કેવી દશા થાય તે તો પોતે જ જાણે. નવાઈ તો જુઓ કે જે અકર્મણ્ય હોય, અનુત્પાદક હોય, પરોપજીવી હોય તેને લોકો સૌથી વધુ પવિત્ર અને પૂજ્ય માને છે. તેને જન્મતાં જ ઘણાબધા બૅનિફિટો મળી જાય છે. આવી વ્યવસ્થા એ સ્વસ્થ વ્યવસ્થા ન કહેવાય. એટલું સારું છે કે સમાંતર અહીં એક સન્તમાર્ગ પણ ચાલ્યો છે. જેમાં આવા ઊંચ-નીચના ભેદ વગેરે નથી અથવા ઘણા ઓછા છે. આમાં બધી ન્યાતજાતના લોકો ભક્તો થયા છે. સંતો થયા છે અને પ્રજાને પકડી રાખી છે. આવી જ એક કથા મહાભારતમાં આવે છે.

મિથ્યાભિમાની તપસ્વીનો અહંકાર એક પતિવ્રતા બ્રાહ્મણીએ ઉતાર્યો. મિથ્યા અહંકાર ઉતારનારનો આભાર માનવો જોઈએ. તેનાથી જીવનને સાચો માર્ગ મળે છે. અહંકાર અને સ્વમાન, મિથ્યાભિમાનથી ભિન્ન છે. કૌશિક તપસ્વીને ધર્મતત્ત્વ જાણવાની જિજ્ઞાસા થઈ. પતિવ્રતા બ્રાહ્મણીએ કહ્યું કે જા મિથિલાપુરીમાં ધર્મવ્યાધ નામનો કસાઈ તને સાચો ધર્મ શિખવાડશે. સાચો ધર્મ જાણવા માટે કૌશિક, મિથિલાપુરી પહોંચી ગયો અને શોધતો શોધતો ધર્મવ્યાધના ત્યાં પહોંચી ગયો.

ધર્મવ્યાધ માંસ વેચવાનો ધંધો કરે છે. ધંધા પ્રમાણે ઘર અને દુકાનનું આયોજન થતું હોય છે. ધર્મવ્યાધની ચારે તરફ જુદાં જુદાં પશુઓનું માંસ પડ્યું હતું. ઘરાકોને તે કાપી કાપીને તોળી આપતો હતો. કોઈ પણ શાકાહારી ધાર્મિક વ્યક્તિને આ દૃશ્ય જરાય ન ગમે. કદાચ ઊબકા આવે પણ જેણે સત્ય કે ધર્મ શોધવો હોય તેણે માત્ર બાહ્ય દૃશ્યોથી અનુકૂળ કે પ્રતિકૂળ પ્રભાવિત ન થવું જોઈએ. આભૂષણોમાં જડાયેલો કીમતી હીરો, જ્યારે ખાણમાંથી નીકળે છે ત્યારે પથ્થર જેવો જ હોય છે, ઝવેરી જ તેને ઓળખી શકે. પથરો સમજીને તેને ફેંકી દેનારા હીરાના અધિકારી ન થઈ શકે. આવી જ રીતે ધર્મ અને સત્ય પણ ઘણી વાર જ્યાં બહુ પ્રદર્શન

હોય ત્યાં ન હોય અને જ્યાં વિકૃત દર્શન હોય ત્યાં હોય.

વ્યાધના ઘરનું દૃશ્ય જોઈને કૌશિકને એક વાર તો ઘૃણા થઈ આવી. પણ પછી તેણે મન મનાવી લીધું. જેણે કાંઈક પ્રાપ્ત કરવું હોય તેણે મન મનાવતાં શીખવું જોઈએ. બધું જ પોતાના મન પ્રમાણે નથી હોતું. બીજાના મન પ્રમાણે પણ ઘણું હોય છે અને તે સ્વીકારીને જ આગળ વધી શકાય છે.

કૌશિક, ધર્મવ્યાધની સામે બેસી ગયો અને કહ્યું કે એક પતિવ્રતા બ્રાહ્મણીએ મને ધર્મતત્ત્વને સમજવા માટે તમારી પાસે મોકલ્યો છે. કૃપા કરીને મને ધર્મતત્ત્વ સમજાવો. નમ્રતા અને શરણાગતિ વિના શિષ્ય ન થવાય. જે શિષ્ય નથી થઈ શકતા તેમને ગુરુ નથી મળતા. કદાચ મળે તો તે કુગુરુ જ હોય. કુગુરુ જ્ઞાન ન આપે. કુમાર્ગ આપે. બદલામાં તન-મન અને ધનનું હરણ કરે. સદ્ગુરુ જ સાચું જ્ઞાન આપે. પણ તેના માટે પ્રથમ સુશિષ્ય થવાની જરૂર હોય છે. પ્રથમ તો ધર્મવ્યાધે પેલા કૌશિકને કહ્યું કે "હું તો પાપી વ્યાધ છું. કસાઈનું કામ કરું છું. મારા ઉપર તમને શ્રદ્ધા નહિ થાય, નફરત થશે. તેમ છતાં જો તમને શ્રદ્ધા થતી હોય તો બે શબ્દો પ્રભુપ્રેરણાથી કહું "મહા પુરુષો હંમેશાં પોતાને નાના કરીને ઓળખાવે છે. પામરો જ પોતાનાં બણગાં ફૂંકે છે કે પછી બણગાં ફૂંકાવનારા ભાડૂતી માણસો સાથે રાખે છે. કૌશિકને શ્રદ્ધા થઈ છે. તેથી તે નમ્રતાથી સન્મુખ નીચા આસને બેસી ગયો છે.

પછી તો ધર્મવ્યાધે વિસ્તારથી ધર્મચર્ચા કરી. જિજ્ઞાસુ માણસે મહાભારતનો આ અધ્યાય જરૂર વાંચવો જોઈએ. તેણે કહ્યું કે હું પોતે પશુની હિંસા નથી કરતો, પણ તૈયાર માંસ લાવીને વેચું છું. આ મારા બાપદાદાનો ધંધો છે તેથી હું કરું છું. કોઈ પણ ધંધો પ્રામાણિકતાથી શોભે છે. દૂધ વેચવાનો પવિત્ર ધંધો કરે અને પાણી ભેળવે તો તે ધર્મ ન કહેવાય કે ન પવિત્ર ધંધો કહેવાય. ધંધો ખરો-ખોટો નથી હોતો. પ્રામાણિકતા જ ખરી-ખોટી હોય છે. કાળા વ્યાજનો ધંધો કરનાર કોઈ શાહુકાર કરતાં, પ્રામાણિકતાથી કસાઈનો ધંધો કરનાર પણ મહાન છે. ધંધા પ્રત્યેની નફરત જો આપણા મનમાંથી નીકળી જાય તો ભારતનાં ઘણાં કષ્ટો દૂર થઈ જાય. ઘણી ખોટી મોટાઈ અને ઘણી છોટાઈ દૂર થાય.

ધર્મવ્યાધે પોતાનાં માતાપિતાને બતાવ્યાં જે શાંતિથી વૃદ્ધાવસ્થા પાર કરી રહ્યાં હતાં. તેમની સેવાશુશ્રૂષા કરીને ધર્મવ્યાધ તેમને ઠારતો હતો. વૃદ્ધોને ઠારવાં એ જ ખરો પિતૃધર્મ છે. એ જ ખરું પિતૃતર્પણ છે. જે લોકો માતા-પિતાને બાળે છે તે ગમેતેટલાં વ્રત-ઉપવાસ કરતાં હોય તોપણ વ્યર્થ છે. વ્યાધ કહે છે કે મારાં માતા-પિતાની સેવા કરવી, તેમની આજ્ઞા માનવી એ જ મારો અગ્નિહોત્ર છે, એ જ યજ્ઞ છે. એ જ તીર્થાટન છે, એ જ મારું વેદાધ્યયન છે." આવી રીતે કૌશિકને વ્યાધે ઉપદેશ આપ્યો. જ્યારે કૌશિકે વ્યાધ થવાનું કારણ પૂછ્યું ત્યારે વ્યાધે જણાવ્યું કે

ગયા જન્મમાં હું ઋષિકુમાર બ્રાહ્મણ હતો. વેદ-વેદાંગનું પૂરું અધ્યયન કર્યા પછી મેં ધનુર્વેદની પારંગતતા પ્રાપ્ત કરી, રાજાનો હું મિત્ર થઈ ગયો. એક વાર રાજાની સાથે હું પણ જંગલમાં ઘણે દૂર સુધી નીકળી ગયો. ત્યાં એક ઋષિનો આશ્રમ હતો તેની સમીપે રાજાએ ઘણાં પશુઓનો શિકાર કર્યો. મેં જોયું કે એક પશુ વૃક્ષોની ઝાડીમાં સંતાઈ રહ્યું છે. મેં મારું વિકરાળ બાણ તેને માર્યું, જ્યારે નજીક જઈને જોયું તો તે પશુ નહિ પણ કોઈ ઋષિ હતા. ઘાયલ થવાથી તે બહુ દુઃખી થતા હતા. મને મારી ભૂલ સમજાઈ. મને પણ ઘણું દુઃખ થયું. મેં વારંવાર ક્ષમા માગી, પણ તેમણે ક્રોધાવેશમાં મને શાપ આપી દીધો કે "જા, આવતા જન્મે તું વ્યાધ થજે!" મેં ઘણી

પ્રાર્થના કરી કે મારાથી અણજાણમાં ભૂલ થઈ ગઈ છે, મને ક્ષમા કરો, તો દયાળુ ઋષિએ કહ્યું કે "જા, તું વ્યાધ તો થઈશ પણ ધર્માત્મા થઈશ. તું મહાજ્ઞાની થઈશ." પેલા ઋષિએ શાપનું થોડું વારણ કર્યું. ઋષિઓ ક્રોધ તો કરે છે પણ ક્ષમા માગવાથી દયા પણ કરે છે. તેમનું બાણ ખેંચી કાઢીને મેં તેમને આશ્રમ પહોંચાડી દીધા. જ્યાં તેમણે પ્રાણ છોડી દીધા."

ધર્મવ્યાધ પાસેથી ઘણો ઉપદેશ ગ્રહણ કરીને કૌશિક નિરભિમાની થઈ ગયો અને શેષ જીવન ધન્ય કરવા ફરીથી તપ કરવા ચાલ્યો ગયો.

(મહાભારત વનપર્વ 216મો અધ્યાય)
11-12-09

*

31. સ્કન્દજન્મ

એક નગરમાં બે મહોલ્લા હતા. એકમાં દેવ રહે અને બીજામાં દાનવ રહે. બન્નેનાં જીવનધોરણો જુદાં જુદાં. દાનવ મહોલ્લો અપરાધીઓથી ભરેલો રહે. વાતવાતમાં લોકો લડી પડે. મારામારી કરે. બધા હલકા ધંધા આ મહોલ્લામાં થાય. કોઈ ભદ્ર પુરુષ તો આમાં રહી જ ન શકે. ધોળા દિવસે પણ મહોલ્લામાં જતાં લોકો ડરે. દૂરથી જ ચાલે. આ મહોલ્લાના કેટલાક દાનવો હંમેશાં દેવોને, દેવકન્યાઓને સતાવવા માટે તૈયાર જ બેઠા હોય. દેવો દુર્બળ હતા. પોતે પોતાનું રક્ષણ કરી શકતા નહિ. એટલે કોઈ અવતારની રાહ જોયા કરતા, પણ પોતે કદી બળવાન થવાના પ્રયત્નો ન કરતા. ભગવાન અવતાર લેશે અને પછી દાનવોનો સંહાર કરશે, સતયુગની સ્થાપના થશે અને આપણે સુખી થઈશું. એવી કલ્પનામાં રચ્યાપચ્યા રહેતા. દેવોના ગુરુઓ પણ તેમને અહિંસાનો ઉપદેશ આપતા, ધ્યાન-ધારણા કરવાનું કહેતા, લાંબા લાંબા ઉપવાસો—વ્રતો કરાવતા, મોટા મોટા યજ્ઞો કરાવતા પણ કોઈ બળવાન થવાનો ઉપદેશ ન આપતા. તેથી બધું કરીને પણ દેવો વધુ ને વધુ કમજોર થતા ગયા. જેના ધર્મગુરુઓ ગુમરાહ હોય તે પ્રજા ધર્મનું પાલન કરીને પણ વધુ ને વધુ કમજોર થતી જાય. કારણ કે ધર્મની જગ્યાએ તે ધર્માભાસને પકડી બેઠી હોય છે. એમ કહો કે ધર્મગુરુઓના દ્વારા તેમને ધર્માભાસનો ઉપદેશ અપાયો હોય છે. ખરો દોષ તો ધર્મગુરુઓનો જ કહેવાય. જેમણે લોકોને ગુમરાહ કર્યા.

એક વાર એવું બન્યું કે દેવોની બે કન્યાઓ જે રૂપજોબનથી મદમસ્ત હતી તે ભાન ભૂલીને દાનવોના મહોલ્લા તરફ ચાલી ગઈ. સંસ્કાર સ્વીકાર્યા પછી પત્નીને સાચવવી કઠિન કાર્ય થઈ જાય છે. કદાચ પત્નીને સાચવી શકો તો પછી જુવાન કન્યાઓને સાચવવી ઘણું કઠિન કામ થઈ પડતું હોય છે. જો પોતાના આશ્રિત સ્ત્રીવર્ગને સાચવી ન શકાય તો કોઈ પણ માણસ કદી પણ સુખી ન થઈ શકે. પેલી બે કન્યાઓને જોતાં જ શિકારીવૃત્તિથી રાહ જોઈને બેઠેલા દાનવો રાજી થઈ ઊઠ્યા. ઘણા દિવસે શિકાર હાથમાં આવ્યો છે તેવું માનીને તેમાંથી કેશી નામનો દાનવ ઊભો થયો. અને અનેક રીતે પેલી કન્યાઓને લલચાવવા-ફોસલાવવા લાગ્યો. પણ જ્યારે કોઈ ઉપાય સફળ ન રહ્યો ત્યારે તેણે પોતાનું અસલી રૂપ પ્રકટ કર્યું અને દાનવસેના નામની કન્યાનું અપહરણ કર્યું. દાનવસેના નામની કન્યાને પણ પછી ગમી ગયું. તે ત્યાં ગોઠવાઈ ગઈ. બધી કન્યાઓ એકસરખી નથી હોતી. વાસના પ્રકૃતિવાળી કન્યાઓને દાનવો વધુ ગમે. તે જાણતાં-અજાણતાં લક્ષ્મણરેખા પાર કરે. મર્યાદા પાર કરવાથી તે અસુરક્ષિત થઈ જાય. પછી તે દાનવોનો શિકાર થઈ જાય. દેવોની કન્યા ઉપાડી લાવવાથી દાનવોને બમણો વિજય મળે. એક તો તેમને ભોગ ભોગવવા કન્યા મળે. અને બીજું વિજય મેળવ્યાનો આનંદ મળે. કમજોર દેવો હાયહાય કરીને બેસી રહે.

પેલો કેશી નામનો દાનવ ફરી પાછો બીજી કન્યાની શોધમાં નીકળી પડ્યો. તેને દેવકન્યા દેખાઈ પણ ખરી. નજીક જઈને તેને બહુ લલચાવી પણ તે લલચાઈ નહિ. છેવટે તેનો ચોટલો પકડીને ઉપાડી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પોતાની બહેનની થયેલી દુર્ઘટનામાંથી બોધપાઠ ન લેવાનું આ પરિણામ હતું. સ્ત્રીઓએ હંમેશાં રક્ષિત જીવન જીવવું જોઈએ. એકલદોકલ ગમે ત્યાં ફરવા નીકળી પડાય નહિ. તેમના માટેની થોડીક લક્ષ્મણરેખાઓ હોય છે. જો તેનું પાલન કરાય તો કશો વાંધો ન આવે, પણ મુગ્ધાવસ્થા ભાન વિનાની હોય છે. એટલે ઘણી વાર તે અનર્થો સર્જી બેસતી હોય છે. કેશી નામનો દાનવ દેવકન્યાનો ચોટલો પકડીને ખેંચવા લાગ્યો. ત્યારે કસાઈના હાથમાંથી છૂટવા માટે જેમ ગાય ચીસો પાડે તેમ ચીસો પાડવા લાગી. "બચાવો બચાવો..."

બરાબર તે જ સમયે ત્યાંથી દેવોનો રાજા ઇન્દ્ર પસાર થઈ રહ્યો હતો, તેણે આ ચીસો સાંભળી, તેણે જોયું તો કેશી દાનવ દેવકન્યાને ખેંચી રહ્યો છે "ઊભો રહે... માટી થાજે" એવો પડકાર ફેંકીને ઇન્દ્ર સામે થયો. કેશીએ કન્યાને છોડીને ઇન્દ્ર સાથે સંઘર્ષ કરવા માંડ્યો. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. અંતે ઇન્દ્રે એવા જબરદસ્ત પ્રહાર કર્યા કે કેશી ભાગી છૂટ્યો. દાનવો, દુર્બળો ઉપર રોફ જમાવતા હોય છે, પણ જો કોઈ માથાનો મળે તો ઊભી પૂંછડીએ નાસતા હોય છે. દુનિયા બળવાનોની છે. દુર્બળોની નથી. કેશી તો ભાગી ગયો, પણ હવે આ કન્યાનું શું કરવું? તે બન્ને કન્યાઓ બ્રહ્માજીની હતી જેમાંથી એકને તો દાનવો ઉપાડી ગયા હતા. આ બીજી માંડ માંડ બચી હતી. દેવોનો સમાજ પાછો એવો કે કોઈ કન્યાને જરાજેટલું કલંક લાગે તો તેનો સ્વીકાર ન કરે. તેમની પાસે કલંક ધોવાનો સાબુ જ ન હતો. એટલે દેવકન્યાઓને ભગાડવી દાનવો માટે સરળ થઈ ગયું હતું. જરા જેટલું કલંક લગાડો અને પછી ભગાડી જાઓ. કારણ કે હવે દેવો જ તેનો સ્વીકાર નહિ કરે. આ દુર્બળતા વધારનારી સમાજવ્યવસ્થા હતી. હવે આ કન્યાનું શું કરવું? પ્રજાપતિ તો હવે તેને રાખશે નહિ. એટલા માટે જ તેની કોઈ વ્યવસ્થા કરવી પડશે. અપહૃત થયેલી કન્યાનો ઉદ્ધાર કરવો કઠિન કામ છે. કદાચ તમે તેનો ઉદ્ધાર કરો તોપણ પછીથી તેને ઠેકાણે પાડવી એ બહુ જ કઠિન કામ છે. ઇન્દ્રે તેને પૂછ્યું કે હવે તારી શી ઇચ્છા છે? તો તેણે કહ્યું કે "મારે એક અતિ બળવાન પુરુષ સાથે લગ્ન કરવાં છે. જે મારી રક્ષા કરી શકે" ઇન્દ્રે કહ્યું કે તું પ્રજાપતિની પુત્રી છે એટલે મારી માસીની દીકરી બહેન થઈ કહેવાય. દેવકન્યાને લઈને ઇન્દ્ર બ્રહ્માજી પાસે ગયો અને કહ્યું કે આ કન્યાને કોઈ અતિ વીર પુરુષ પતિ તરીકે જોઈએ છે. તમે પ્રદાન કરો. કેટલાક લોકો પાસે વર-કન્યાઓનું લિસ્ટ રહેતું હોય છે. તેમાં તપાસ કરવાથી અનુકૂળ પાત્ર મળી પણ રહે. બ્રહ્માજીએ કહ્યું કે આ કન્યાને જેવો પતિ જોઈએ છે તેવો અત્યારે કોઈ નથી, પણ હવે તેનો જન્મ થવાનો છે. તમે ધીરજ રાખો.

બ્રહ્માજીની પાસેથી ઇન્દ્ર પેલી કન્યાને લઈને વસિષ્ઠ વગેરે ઋષિઓના આશ્રમમાં ગયો. ત્યાં એક બહુ મોટો યજ્ઞ થઈ રહ્યો હતો. ઘણા દેવો સોમપાન કરવા માટે પધાર્યા હતા. અગ્નિદેવ પણ હવિષ્ય પહોંચાડવા આવ્યા હતા, કાર્ય પૂરું કરીને અગ્નિદેવ જ્યારે વિદાય થયા ત્યારે તેમની દૃષ્ટિ સપ્તઋષિઓની પત્નીઓ ઉપર પડી. બધા ઋષિઓ પત્નીઓવાળા હોય છે. ત્યાગી-બ્રહ્મચારી નથી હોતા, સાતે ઋષિપત્નીઓ કાં તો બેઠી હતી, કાં પછી આડી પડીને આરામ કરતી હતી, બધી જ રૂપરૂપનો અંબાર હતી. કુળવાન સ્ત્રીઓએ બને ત્યાં સુધી જાહેરમાં એવી રીતે ન બેસવું જોઈએ કે જેથી કામુક લોકો વિચલિત થઈ જાય. અગ્નિની દૃષ્ટિ પેલી સપ્તર્ષિની પત્નીઓ ઉપર પડી. તે વિચલિત થઈ ઊઠ્યો. ઘણા સમય સુધી અગ્નિ પેલી સ્ત્રીઓના રૂપને જોઈજોઈને પોતાની આંખો શેકતો રહ્યો. પરસ્ત્રીના રૂપને જ્યારે કોઈ પુરુષ બૂરી દૃષ્ટિથી જુએ છે ત્યારે તેની આંખો શેકાતી હોય છે. શેકાયેલી આંખો બરાબર જોઈ શકતી નથી. તેને બહેન-દીકરીનો ભેદ દેખાતો નથી. આ થયું દૃશ્ય એક તરફનું. બીજી તરફ પ્રજાપતિ દક્ષની પુત્રી સ્વાહા, અગ્નિદેવને પરણવા ક્યારનીય તલપાપડ થઈ રહી છે. પણ અગ્નિ તેને દાદ આપતો નથી. જેના ઉપર હક્ક નથી, જે હરામ છે તે મેળવવાની ચાહના છે અને જે સહજ પ્રાપ્ત અને હક્કનું છે તેને ત્યાગવાની પેરવી છે. આનું નામ તો દુનિયા છે. સ્વાહાને ખબર પડી કે અગ્નિ સપ્તર્ષિઓની પત્નીઓ ઉપર કામાંધ થઈ ચૂક્યો છે. એટલે સ્વાહાએ પણ સપ્તર્ષિઓની પત્નીનું રૂપ ધારણ કરી લીધું. કામાંધ વ્યક્તિઓ ધારેલો શિકાર પ્રાપ્ત ન કરી શકે તો જુદા જુદા વેશ કરીને પણ તેને પામવાના પ્રયત્નો કરતા હોય છે. તે શિકારને છેતરતા હોય છે.

સ્વાહાએ સપ્તર્ષિઓમાંથી એકની પત્નીનું રૂપ ધારણ કર્યું જે શિવા હતી. અને અગ્નિદેવની પાસે જઈ હાવભાવ કરીને અગ્નિને જીતી લીધો. અગ્નિ તો પહેલેથી જ શિવા (સપ્તર્ષિઓમાંથી

અંગીરાની પત્ની) ઉપર આસક્ત હતો. તેને તો જોઈતી વસ્તુ સામે ચાલીને મળી ગઈ. શિવાએ (મૂળ રૂપમાં સ્વાહાએ) અગ્નિના વીર્યને હાથમાં લઈ લીધું. વ્યભિચાર ભીરુ હોય છે. કાયર હોય છે. કારણ કે લોકમર્યાદાથી વિરુદ્ધ થતો હોય છે. સ્વાહાને બીક લાગી કે કદાચ પકડાઈ જઈશ તો એટલે ગરૂડ પક્ષીનું રૂપ ધારણ કરીને વન પાર થઈ ગઈ. અને શ્વેત પર્વત ઉપર પહોંચી ગઈ. ત્યાં તેણે એક કુંડ જોયો તેમાં પેલું શુક્ર નાખી દીધું. (આવું શક્ય બને કે નહિ, પણ કથા આવી છે) સ્વાહાએ સપ્તર્ષિઓની સાતે પત્નીઓનાં રૂપ ધારણ કરીને વારાફરતી અગ્નિથી સહવાસ કરવા માગ્યો હતો. પણ તે અરુન્ધતીનું ડુપ્લિકેટ રૂપ ધારણ ન કરી શકી. કારણ કે તેના પતિ વસિષ્ઠનો મહાપ્રભાવ હતો. એટલે છ પત્નીઓનાં ડુપ્લિકેટ રૂપ ધારણ કરીને તેણે છ વાર સહવાસ કર્યો હતો. પેલા કુંડમાં એક બાળક જન્મ્યો. જેને છ માથાં હતાં. તે જ બાળક આગળ જતાં સ્કન્દ કહેવાયો. એનું બીજું નામ કાર્તિકસ્વામી પણ છે. તેને છ માથાં હોવાનું કારણ સપ્તિર્ષિઓની છ પત્નીઓના ડુપ્લિકેટ રૂપથી જન્મ હોવાનું છે. જ્યારે સપ્તર્ષિઓને આ વાતની ખબર પડી ત્યારે તેમણે પોતપોતાની પત્નીઓનો ત્યાગ કરી દીધો. માત્ર અરુન્ધતીનો જ ત્યાગ ન કર્યો. કારણ કે તેનું ડુપ્લિકેટ રૂપ સ્વાહા ધારણ કરી શકી ન હતી. એકસાથે છ ઋષિઓનાં ઘર ભાંગ્યાં. એક સ્વાહા નામની કામુક સ્ત્રીએ તેમનાં રૂપ ધારણ કરીને પોતાની કામેચ્છા પૂરી કરી. અગ્નિ એમ જ સમજે છે કે મેં છ ઋષિપત્નીઓને ભોગવી છે. વનવાસીઓએ ઋષિપત્નીઓને નજરે જોઈ હતી તેથી તે પણ કહે છે કે આ બાળક (સ્કન્દ) ઋષિપત્નીઓથી થયેલો છે. લોકવાયકા મહાપ્રલય જેવી હોય છે. ભલે તે ખોટી હોય પણ ઘણાના જીવનમાં પ્રલય મચાવી દે. છ ઋષિઓએ છ પત્નીઓનો ત્યાગ કરી દીધો. બિચારી તદ્દન નિર્દોષ હોવા છતાં રઝળી પડી અને તે પણ કલંકની સાથે, વ્યભિચાર મહા અનર્થો સર્જે છે. છેવટે વિશ્વામિત્ર પોતે આવ્યા અને ઋષિઓને સમજાવ્યા કે તમારી પત્નીઓ નિર્દોષ છે. તેમનો સ્વીકાર કરી લો. પણ ઋષિઓ ન માન્યા. તેમણે તો સદંતર ત્યાગ કરી જ દીધો.

સ્કન્દ મહા બળવાન થઈને ચારે તરફ હાહાકાર મચાવવા લાગ્યો. દેવોએ ઇન્દ્રને પ્રાર્થના કરી કે ગમેતેમ કરીને સ્કન્દનો નાશ કરો નહિ તો તે અમારો નાશ કરી નાખશે. ઇન્દ્ર, સ્કન્દની સામે યુદ્ધે ચડ્યો પણ જીતી ન શક્યો. અંતે સમાધાન થયું. સ્કન્દે સૌ દેવોને સમજાવ્યું કે હું તો તમારી રક્ષા માટે પેદા થયો છું, મારાથી ડરો નહિ. સૌએ મળીને સ્કન્દને દેવસેનાના સેનાપતિ બનાવ્યા. પછી પેલી દેવસેના નામની કન્યા સ્કન્દને પરણાવી દીધી. હવે દેવસેના પોતાની ઇચ્છા પ્રમાણેનો પતિ પ્રાપ્ત કરી ધન્ય થઈ ગઈ. હવે તેને દાનવોનો ભય રહ્યો નહિ, દાનવો વચ્ચે જીવનારી પ્રત્યેક ભદ્ર મહિલા વીર પતિની કામના રાખતી હોય છે. જે તેની રક્ષા કરે. જે પતિ પોતાની પત્નીનું રક્ષણ ન કરી શકે તે 'પતિ' કહેવડાવવાને યોગ્ય ન કહેવાય. એટલે તો લગ્ન વખતે વરના હાથમાં તલવાર અપાય છે. તલવાર રક્ષણનું પ્રતીક છે. સ્કન્દે અસંખ્ય રાક્ષસોનો સંહાર કરી ઋષિમુનિઓને નિર્ભય કર્યા.

(મહાભારત વનપર્વ)
11-12-09

*

32. દુર્વાસાની તૃપ્તિ

પૂર્વ અને પશ્ચિમમાં એક પાયાનો ભેદ છે. એ લોકો બધું આયોજનપૂર્વક કામ કરતા હોય છે. આપણે આયોજન વિના જ જ્યારે જે ફાવે તે કરતા હોઈએ છીએ. દા.ત., તેમને કોઈના ત્યાં જવું હોય તો પ્રથમ ફોન કરે, રજા માગે અનુકૂળ સમય માગે અને પછી જ જાય. પ્રથમથી નિર્ધારિત સમય પૂરતા જ રોકાય, સામેવાળા વ્યક્તિને કોઈ અડચણ ન પડે તેની સભાનતા રાખે. અને પછી આભાર માનીને વિદાય થાય.

આપણે આવું નથી કરતા. મન ફાવે ત્યારે ગમે તે સમયે, ગમે તેના ત્યાં પહોંચી જઈએ છીએ. તેની અગવડનો જરાય વિચાર નથી કરતા, પેલાને ફરીથી રસોઈ કરવી પડે તો કરે, આપણે તો જમવાના જ છીએ. આ પ્રકારનું આયોજન વિનાનું વર્તન સામા પક્ષને કેટલું કષ્ટકર થાય છે તેની પરવા કરતા નથી. તેનો અણગમો આપણે જોઈ શકતા નથી. આપણે માત્ર આપણી સગવડોનો જ વિચાર કરીએ છીએ.

એક વાર એવું બન્યું કે પાંડવો વનમાં વિચરી રહ્યા હતા. ગરીબીનો પાર નહિ, આવકનું કોઈ સાધન નહિ, છ માણસોનો જીવનનિર્વાહ કરવાનો, જીવનમાં જેણે ગરીબાઈ જોઈ નથી તેને જીવનની કશી ખબર જ નથી. ઈશ્વરદર્શન કરતાં પણ જીવનદર્શનનું વધુ મહત્ત્વ છે. કેટલાક ઈશ્વર સાક્ષાત્કારનો દાવો કરનારા લોકોમાં માનવતા જોવા નથી મળતી. કારણ કે તેમણે કદાચ ઈશ્વરનાં દર્શન તો કર્યાં હશે પણ જીવનનાં દર્શન નહિ કર્યાં હોય. પૂર્વે કહ્યું તેમ જીવનનાં દર્શન ગરીબાઈ દ્વારા થતાં હોય છે. જેમતેમ કરીને પાંડવોએ બપોરનું ભોજન કર્યું. તેમને જમાડ્યા પછી દ્રૌપદી જમી. હવે કાંઈ જ વધ્યુ ન હતું, કશું પડ્યું પણ ન હતું. તેવામાં દુર્વાસા નામના મહાન તપસ્વી ઋષિ પોતાના મોટા શિષ્યસમુદાય સાથે આવી પહોંચ્યા. કદી પણ જમવાના સમયે કોઈના ત્યાં જવું નહિ, કદાચ જમવાની ઇચ્છા ન હોય તોપણ ન જવું. સામેના માણસને સંકોચ થાય. આગળપાછળ જવું, બને ત્યાં સુધી કોઈના ઘરમાં જમવાની ઇચ્છા ન રાખવી. થોડી તકલીફ ઉઠાવી લેવી. ચલાવી લેવું. બજારમાં જે મળે તેનાથી ચલાવી લેવું પણ સંકોચ વિનાના થઈને મોટું ટોળું લઈને જમવાના સમયે “માન ન માન મેં તેરા મહેમાન” બનવું નહિ.

દુર્વાસાને જોઈને યુધિષ્ઠિર ઊભા થઈ ગયા અને સામે ચાલીને સત્કાર કર્યો. “આવો, પધારો” આપણાથી કોઈ મોટા પુરુષ પધારે તો ઊભા થઈને સ્વાગત કરવું. બેસી ન રહેવું. યુધિષ્ઠિરે કહ્યું કે “મહારાજ, પાસે જ નદી છે, બધા સ્નાન કરીને આવી જાઓ… જમવાનું તૈયાર છે.” કહેતાં તો કહેવાઈ ગયું પણ જમવાનું ક્યાં તૈયાર હતું! અરે સીધું પણ ન હતું. રસોડાની સ્થિતિ જાણ્યા વિના કેટલાક પુરુષો મહેમાનોને જમવા બોલાવતા રહે છે. તે યોગ્ય નથી. પહેલાં અંદરખાને તપાસ તો કરો કે શું હાલત છે? આવા પુરુષો હોય ત્યાં પત્નીઓ ઘણી વાર ધર્મસંકટમાં મુકાઈ જતી હોય છે. બધા નદીએ નાહવા ગયા. આ બાજુ દ્રૌપદી ચિંતામાં પડી ગઈ. હવે શું કરવું? સ્નાન કરીને હમણાં બધા આવશે. હું તેમને શું પીરસીશ. દુર્વાસાનો ક્રોધ ઘણો. શાપ આપતાં વાર ન કરે. કપરી સ્થિતિમાં આપોઆપ ઈશ્વર યાદ આવે. “હે પ્રભો, મારી લાજ રાખજે. દ્રૌપદીએ પ્રાર્થના કરી. ઘરની લાજ સ્ત્રીઓના હાથમાં હોય છે. ઓચિંતાના શ્રીકૃષ્ણ આવી ગયા, આવતાં જ તેમણે કહ્યું કે “દ્રૌપદી બહુ ભૂખ લાગી છે. મારે કાંઈક ખાવું છે. કાંઈક આપ.”

ચાણક્યે લખ્યું છે કે “દરિદ્રકાળે પ્રિય દર્શન થાય તો અગ્નિ વિના શરીર બળ્યા કરે. પ્રિયને

ખવડાવવું શું? ઘરમાં તો કશું જ નથી. દ્રૌપદીની આંખોમાં ડબડબ આંસુ આવી ગયાં. શ્રીકૃષ્ણ સમજી ગયા. કહ્યું કે ચિંતા ન કર. જેમાં તેં રસોઈ બનાવી હોય તે વાસણ લઈ આવ." શ્રીકૃષ્ણે તે વાસણમાં જોયું તો શાકનો એક તંતુ ચોંટી રહ્યો હતો. ઝટ દઈને તેમણે એ તંતુ હાથમાં લઈને મોઢામાં મૂક્યો. શ્રીકૃષ્ણના જમવાથી ત્રણ લોકને તૃપ્તિ થઈ ગઈ. "જાઓ દુર્વાસાને શિષ્યો સહિત બોલાવી લાવો." નદીમાં સ્નાન કરતાં કરતાં સૌને તૃપ્તિના ઓડકાર આવવા લાગ્યા. હવે તો એક કોળિયો પણ ખવાશે નહિ, ઊલટી થઈ જશે. માટે અહીંથી જ સીધા ચાલી નીકળીએ, બધા બારોબાર વિદાય થઈ ગયા. દ્રૌપદીની લાજ રહી ગઈ.

શ્રીકૃષ્ણે દ્રૌપદીને કહ્યું, "જો, ગૃહસ્થના ઘરમાં ચોવીસે કલાક કાંઈ નું કાંઈ ખાવાનું રહેવું જ જોઈએ. ક્યારે કોણ આવી જાય તે કહેવાય નહિ. જેના ઘરમાં હંમેશાં કાંઈ ને કાંઈ (ભલે સૂકો રોટલો હોય) ખાવાનું હોય છે તેના ત્યાં અન્નપૂર્ણાનો અક્ષયવાસ રહે છે.

(વનપર્વ 263મો અધ્યાય)

11-12-09

*

33. દ્રૌપદીહરણ

સ્ત્રી પ્રાપ્ત કરવી કઠિન કામ છે, પણ પ્રાપ્ત કર્યા પછી તેનું રક્ષણ કરવું તે તો બહુ જ કઠિન કામ છે. રૂપાળી સ્ત્રી પતિ-પરિવારને શાંતિથી જીવવા નથી દેતી. તેના રક્ષક પ્રબળ હોય તો જ તે સચવાય છે.

એક વાર એવું બન્યું કે પાંડવો કામ્યક વનમાં વિચરી રહ્યા હતા. ત્યાં હિંસક પશુઓ વધી ગયાં હતાં તેથી સૌ દુ:ખી હતા. તેનું નિવારણ કરવા પાંચે પાંડવો જુદી જુદી દિશાઓમાં શિકાર કરવા નીકળી પડ્યા. આશ્રમમાં એકલી દ્રૌપદી જ રહી ગઈ. નીતિકાર કહે છે કે રૂપાળી સ્ત્રીને કદી એકલી મુકાય નહિ. અરે રૂપાળી ન હોય તોપણ સ્ત્રીને એકલી મુકાય નહિ. કામાંધ માણસ કશું જોતો નથી. તે ક્યારે શું કરી બેસે તે કહેવાય નહિ. બરાબર આ જ સમયે સિન્ધુ દેશનો રાજા જયદ્રથ ત્યાંથી પસાર થવા લાગ્યો. ઘરના ઉંબરા ઉપર બેઠેલી દ્રૌપદી ઉપર તેની દૃષ્ટિ પડી. સ્ત્રીએ ઉંબરા ઉપર નહિ; ઘરની અંદર બેસવું જોઈએ. દુષ્ટ લોકોની દૃષ્ટિથી પોતાને બચાવવી જોઈએ. જે બચે છે તેનું જ રક્ષણ થાય છે. અનાવશ્યક લોકોની નજરે ચડવું ન જોઈએ. માન્યું કે તમારી ભાવના નિર્દોષ છે. પણ લોકો નિર્દોષ નથી હોતા. જેણે લોકોમાં રહેવું હોય તેણે લોકાચારને માનવો જોઈએ. તેણે લોકાપવાદથી ડરવું જોઈએ, તેણે વિકૃત માણસોની દૃષ્ટિથી પણ બચવું જોઈએ.

જયદ્રથને લગ્ન કરવાં હતાં અને તે યોગ્ય કન્યાની શોધમાં નીકળ્યો હતો. પ્રથા એવી છે કે વર પોતે કન્યાની શોધમાં ન નીકળે. તેનો પરિવાર કન્યાને શોધે. અથવા પુરોહિત શોધે. આ તો રાજા પોતે કન્યાને શોધવા નીકળ્યો છે. દ્રૌપદીનું રૂપ જોઈને તે મુગ્ધ થઈ ગયો. તેણે રથ ઊભો કરી દીધો. પોતાના સાથીદાર કોટિલાસ્યને કહ્યું કે “જાઓ, તપાસ કરો. મારે આ જ કન્યાને પરણવું છે.” કોટિલાસ્ય રથથી ઊતરીને દ્રૌપદી તરફ ચાલ્યો. દ્રૌપદીએ ઊભા થઈને તેને પ્રણામ કર્યા. કોટિલાસ્યે દ્રૌપદીનો પરિચય પૂછ્યો અને તેના રૂપનાં ખૂબ વખાણ કર્યાં. સ્ત્રીની સૌથી મોટી કમજોરી પોતાનાં વખાણ સાંભળવાની હોય છે. લંપટ લોકો આ કમજોરીનો લાભ ઉઠાવે છે. તેના રૂપનાં વખાણ કરનારની તરફ સ્ત્રી ઢળવા લાગે છે. ખાસ કરીને જ્યારે તે શૃંગાર સજીને નીકળી હોય ત્યારે તો તે બે અપેક્ષાઓ રાખે છે. એક તો લોકો મને જુએ. અને બે મારા રૂપનાં વખાણ કરે. આમાં એક બીજું તત્ત્વ ત્યારે ભળતું હોય છે જ્યારે તેનો પતિ શુષ્ક હોય, નીરસ હોય. તે કદી વખાણ ન કરતો હોય. ન રૂપનાં, ન પોશાકનાં, ન રસોઈનાં, કદી કોઈ વખાણ જ નથી કરતો. આવો નીરસ પતિ પત્નીને રાજી રાખી શકતો નથી. એટલે તેને જ્યારે કોઈ વખાણ કરનારો પુરુષ મળે છે, ત્યારે તે ઢળવા માંડે છે અને ધન્યતા અનુભવે છે. એટલે કુશળ પુરુષોએ જો સ્ત્રીને સાચવવી હોય તો કદી નીરસ ન થવું. એટલે તો પુરુષને ‘રસિયા’ કહ્યા છે.

કોટિલાસ્યે દ્રૌપદીનાં રૂપનાં ખૂબ વખાણ કર્યાં. આમ સંસ્કૃતિ એવી છે કે પરપુરુષ, પરનારીના રૂપનાં વખાણ ન કરે. આ મર્યાદા છે. કારણ કે પતનનું આ પગથિયું છે. ડાહી અને પતિવ્રતા સ્ત્રી આવાં વખાણ પાછળનો હેતુ સમજી જાય છે. તે વખાણના પ્રભાવમાં એમ કહો કે જાળમાં નથી આવતી, પણ બધી સ્ત્રીઓ તો ડાહી નથી હોતી. મુગ્ધાવસ્થા અને ડહાપણ એકસાથે ન રહે. દ્રૌપદી સ્વસ્થ છે. મુગ્ધ નથી. પતિપ્રાપ્તિથી સ્ત્રી સ્વસ્થ થવા લાગે છે. તેની મુગ્ધાવસ્થા ઊતરવા લાગે છે. કારણ કે તેને પતિ મળી ગયો છે. પતિપ્રાપ્તિ વિનાની ઉંમરે આવેલી સ્ત્રી

મુગ્ધાવસ્થામાં રાચતી હોય છે. તેને સંભાળવી જરૂરી છે. દ્રૌપદી સ્વસ્થ છે અને પૂરી સ્વસ્થતાથી તેણે બધા પ્રશ્નોના ઉત્તર આપ્યા. તેણે કહ્યું કે પાંચ પાંડવો મારા પતિ છે અને તે શિકાર રમવા ગયા છે. મારા જેવી પરસ્ત્રી સાથે તમારા જેવા પરપુરુષે આવી રીતે વાત ન કરાય.

ખરેખર તો આવા સમયે દ્રૌપદીએ એવું ન કહેવું જોઈએ કે મારા પતિ દૂર શિકાર રમવા ગયા છે. તેણે પતિઓ નજીક છે તેવો દેખાવ કરવો જોઈએ. એકાદ વાર તેમને બોલાવવાનો દેખાવ પણ કરવો જોઈએ જેથી આવનાર તેને એકાકી ન સમજી લે. આને જીવનકળા કહેવાય. દુષ્ટો દ્વારા થનારા અનર્થોથી બચવા માટે આવી કળા આવડવી જરૂરી છે.

કોટિલાસ્ય, જયદ્રથ પાસે ગયો અને દ્રૌપદીનો પરિચય આપ્યો. જયદ્રથ તો કામજ્વરથી સંતપ્ત હતો. તે બોલ્યો, “તેને સાથે કેમ ન લેતા આવ્યા?” વ્યક્તિને કામનો તાવ ચડતો હોય છે. તેનાં ત્રણ સ્ટેજ છે. (1) કામેચ્છા, ઇચ્છા થવી, (2) કામલાલસા, ઇચ્છા વધુ પ્રબળ થાય ત્યારે લાલસા બને અને (3) લાલસા પૂરી ન થાય ત્યારે તાવ ચડે. જયદ્રથને તાવ ચઢ્યો છે. કામેચ્છા સૌને થાય. ઋષિમુનિ, બ્રહ્મચારી, વૃદ્ધ જ્ઞાની, ધ્યાની, તપસ્વી સૌને થાય. જે કોઈ બોલે કે મને કદી કામેચ્છા નથી થતી તે સરાસર અસત્ય બોલે છે. તેને સત્યવાદી ન કહેવાય. કામેચ્છા થવી એ કોઈ દોષ નથી. એ કુદરતી પ્રક્રિયા છે. તેને વિકૃત કરવી કે સદંતર દબાવવાનો પ્રયત્ન કરવો તે દોષ છે. તે લાંબો સમય દબાવાતી નથી. તે સીધા નહિ તો પછી આડા રસ્તે વળી જાય છે. જે હાનિકારક છે. કામલાલસા, કામનું વધુ ને વધુ ચિંતન કરવાથી તથા વિજાતીયનો સહવાસ કરવાથી થાય છે તથા વધે છે. જો મનને બીજા મહત્ત્વના ચિંતન તરફ વાળી શકાય તથા સંગ બદલી શકાય તો લાલસાથી બચી શકાય છે. ઈશ્વરસ્મરણ અને સત્કર્મોથી ભર્યું કર્મઠ જીવન તેનો રામબાણ ઉપાય છે. ઈશ્વરવિમુખ, કુસંગી અને નવરાધૂપ, લક્ષ્યહીન નિષ્ક્રિય જીવન જીવનારા આ દોષથી બચી શકતા નથી. ભલે તે યોગીનો વેશ પહેરતા હોય કે પછી યોગીરાજ કહેવડાવતા હોય.

કામજ્વર ઊભરો છે. તે સતત નથી રહેતો. વંટોળિયો છે. આવ્યો અને ગયો. પણ જ્યાં સુધી રહે ત્યાં સુધી તો ખેદાનમેદાન કરી નાખે. જયદ્રથને આવો કામતાવ ચડ્યો છે. તેનું પૂરું શરીર તપી ગયું છે. અંગેઅંગ બળી રહ્યું છે. કામનો તાવ હોય પણ પ્રેમનો તાવ ન હોય. બન્નેને એક માની લેવાની ભૂલ ન કરાય. પ્રેમમાં ધીરજ, સહનશક્તિ અને લાગણીઓ હોય છે. તેમાં કામનો આવેગ નહિ પણ લાગણીઓનો આવેગ હોય છે. તે વર્ષો સુધી અરે પૂરી જિંદગી રાહ જોઈ શકે છે. અને લક્ષ્ય પ્રાપ્ત ન થાય તો બલિદાન આપી શકે છે. કામ અને પ્રેમ બન્ને એકબીજાનાં પૂરક છે. સહાયક છે. પણ સાથે સાથે રક્ષક પણ છે. પ્રેમ વિનાનો એકલો કામ ભક્ષક થઈ શકે છે. કારણ કે તે માત્ર દેહભૂખ્યો જ હોય છે. જ્યારે પ્રેમ લાગણીભૂખ્યો હોય છે. લાગણીભૂખ, દેહભૂખને ઓછી કરી શકે છે. અરે, નિવારી પણ શકે છે. જયદ્રથને લાગણીઓ નથી, તેથી તેની કામભૂખ, તાવમાં બદલાઈ ગઈ છે.

તે સ્વયં દ્રૌપદીની પાસે ગયો અને દ્રૌપદીને સમજાવવા લાગ્યો કે પાંડવો તો હવે ભિખારી થઈ ગયા છે. હવે તેમની પાસે કશું જ નથી. તેમની સાથે રહેવાથી તારા કોઈ અરમાન પૂરા નહિ થાય માટે ચાલ મારી સાથે. ચાલ, હું તને સોનાના હીંચકે હીંચાવીશ. મારા ઐશ્વર્યનો પાર નથી. જે સ્ત્રીઓ અર્થપ્રધાન વૃત્તિવાળી હોય છે તે આવી વાતો સાંભળીને લલચાઈ જતી હોય છે. જો પતિ અર્થસામર્થ્ય વિનાનો હોય તો આવી સ્ત્રીઓ ઉડાઉ છેલબટાઉઓને શોધ્યા કરતી હોય છે તે કદી પતિવ્રતા ન થઈ શકે. પણ જે સ્ત્રી પ્રેમપ્રધાન હોય છે તેને અર્થલાલચ આકર્ષી નથી

શકતી. તેના માટે પતિપ્રેમ જ સર્વસ્વ છે. તે જ મક્કમ રહીને પતિવ્રતા થઈ શકતી હોય છે. આવી સ્ત્રી માટે કવિએ કહ્યું છે.

> "મેરુ રે ડગે જેનાં મન ના ડગે રે પાનબાઈ,
> મરને ભાંગી પડે ભરમાંડ…"

દ્રૌપદી આવી છે. તેણે જયદ્રથને ફટકારી દીધો અને કહ્યું કે "ચાલ્યો જા અહીંથી!" ભદ્રનારી હવે રણચંડી બની ગઈ હતી. તેણે કહ્યું "જયદ્રથ, તું તો મારો ભાઈ થાય. મારા ઉપર કુદૃષ્ટિ તારાથી ન કરાય!" ઘણા સંવાદ પછી જયદ્રથે વિચાર્યું કે હમણાં પાંડવો આવી જશે તો બધો ખેલ બગડી જશે. એટલે દ્રૌપદીની એકલતાનો તરત લાભ ઉઠાવવો જોઈએ. તેણે દ્રૌપદીને ઉપાડીને પોતાના રથમાં લઈ લીધી. અને રથ દોડાવી દીધા. શારીરિક બળથી સ્ત્રી પુરુષ આગળ અબળા છે. આ કુદરતી રચના છે. તે એટલા માટે કે તે પુરુષમાં ભળીને રહી શકે. પુરુષમાં ભળી ગયેલી સ્ત્રી પ્રબળા થઈ શકે છે. જો સ્ત્રી પુરુષ જેટલી જ શરીરબળવાળી હોત તો તે પુરુષમાં ભળી ન શકી હોત, તો દામ્પત્યની દુનિયા ન હોત. બન્ને સ્વતંત્ર રહીને એકાકીપણાનું દુ:ખ ભોગવતાં હોત. ભળી જવાથી ગુલામ નથી થવાતું. પણ એકાકીપણાથી છુટકારો મળે છે. સ્ત્રી હોય કે પુરુષ બન્નેને એકાકીપણું કોતરી ખાતું હોય છે. તેમાંથી મુક્ત થવા માટે જ પરમેશ્વરે નરનારીમાં સમર્પણ અને પ્રત્યાર્પણની ભાવના ભરી હોય છે. પુરુષ વિનાની એકાકી સ્ત્રી અબળા છે, એટલું જ નહિ તે અંદરથી ભાંગી પડેલી પણ થઈ જાય છે. સમર્થ પતિમાં ભળી ગયેલી સ્ત્રી પ્રબળા છે. તે એકાકીપણાથી મુક્ત હોય છે તેથી તે માઠા પ્રસંગોએ દુ:ખી તો થાય છે, પણ ભાંગી નથી પડતી. કારણ કે ઓથ આપનાર પુરુષનો ટેકો તેની બાજુમાં જ હોય છે. સમર્થ પુરુષની છાતી ઉપર માથું મૂકીને તે મન મૂકીને રડી લે એટલે બધી નિરાશા દૂર થઈ જાય. ફરી નવી તાજગી આવી જાય. એકાકી સ્ત્રી કોના ખભા ઉપર માથું મૂકીને રડે? એકલાંથી જીવન જિવાતું નથી તેથી તે ભાંગી પડે છે.

ધૂળના ગોટેગોટા ઉડાડતો જયદ્રથ પોતાની સેના સાથે ભાગી છૂટ્યો. પાંડવો આવી જવાનો તેને ડર છે. જેના પતિથી દુષ્ટો ડરે નહિ તે પતિ નથી, બાયલો છે.

ચારે તરફથી પાંડવો આવી ગયા. આશ્રમ ખાલી જોઈને તે ચિંતાતુર થઈ ગયા. ઘર તો સ્ત્રીથી ભરેલું લાગે. સ્ત્રી ન હોય તો ઘર ખાલી-ખાલી લાગે. "દ્રૌપદી, દ્રૌપદી" બૂમો પાડવા લાગ્યા. પણ દ્રૌપદી ક્યાં છે? પાંડવોને હંમેશાં કૌરવો ઉપર શક રહ્યા કરે છે. કૌરવો પાછળ પડી ગયા છે. તે ક્યારે ગુપ્ત કે પ્રગટ વાર કરે તે કહેવાય નહિ. જેની પાછળ કોઈ પ્રબળ શત્રુ પડી ગયો હોય તે નિશ્ચિંત ન રહી શકે.

નજીકથી ધાત્રેયિકા નામની સ્ત્રી આવી. તેણે બધા સમાચાર આપ્યા. જયદ્રથ દ્રૌપદીને હરી ગયો છે અને પેલા રસ્તે સેના સાથે જઈ રહ્યો છે. તેવું કહ્યું. "હવે તમે વાર ન કરો. જલદી પીછો કરો. દ્રૌપદી રોતી કકળતી જઈ રહી છે." ત્યારે સ્ત્રીઓનાં હરણ બહુ થતાં એવું લાગે છે. ત્યારની તુલનામાં આજે પરિસ્થિતિ બદલાઈ છે.

તરત જ પાંડવોએ પીછો કર્યો અને જોતજોતામાં જયદ્રથની સેનાને પકડી પાડી. જયદ્રથે જોયું કે ભીમ અને અર્જુન આવી પહોંચ્યા છે પણ કાંઈ વાંધો નહિ મારી પાસે તો વિશાળ સેના છે. હું પહોંચી વળીશ. ભારતનાં મોટા ભાગનાં યુદ્ધો સ્ત્રીઓ માટે થયેલાં છે. જેમાં બન્ને પક્ષોની બરબાદી સિવાય કશું નીકળ્યું નથી. અંગ્રેજોએ કદી કોઈ સ્ત્રી માટે યુદ્ધ કર્યું જાણ્યું નથી. રાજકીય અથવા ક્ષેત્રિય લક્ષ્યો માટે તે લડ્યા છે. તેથી તે વિશ્વ ઉપર રાજ કરી શક્યા હતા.

પાંડવો અને જયદ્રથની સેના વચ્ચે તુમુલ યુદ્ધ થયું. પાંડવોએ જયદ્રથની સેનાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો અને જયદ્રથને બંદી બનાવી લીધો. દ્રૌપદીને છોડાવી લીધી. આવા સમયે મહાન પરાક્રમી પતિ મેળવવા માટે દ્રૌપદીની છાતી ગજ ગજ ફુલાય તે સ્વાભાવિક છે.

બંદી હાલતમાં જયદ્રથને યુધિષ્ઠિર પાસે લાવવામાં આવ્યો. યુધિષ્ઠિરે તેને ક્ષમા આપી અને જયદ્રથ તપ કરવા વનમાં ચાલ્યો ગયો. કેટલો બધો બોધપાઠ છે આ કથામાં?

(મહાભારત વનપર્વ 215થી 220 અધ્યાય સુધી)

12-12-09

*

34. સત્યવાન-સાવિત્રી

કેટલીક કથાઓ અમર હોય છે. તેનાં પાત્રો અમર હોય છે. ભલે તે ઐતિહાસિક ન હોય, ભલે ને મિથ જ હોય પણ તેના દ્વારા હજારો માણસોને ઉચ્ચ જીવનની પ્રેરણા મળવાથી હજારોનાં જીવન ધન્ય ધન્ય થઈ ગયાં હોય છે. જે કથાઓ વ્યક્તિને શિખર તરફ લઈ જાય છે તે જ મહાન છે. તે જ અમર થાય છે. જે કથાઓ પતન તરફ લઈ જાય છે તે અમર નથી થતી તે ગમેતેટલી ભવ્ય હોય તોપણ ઝબકારો કરીને વિલીન થઈ જતી હોય છે. આવી જ એક કથા સત્યવાન-સાવિત્રીની છે. ચાલો તે કથાને માણીએ.

મદ્ર દેશના રાજા અશ્વપતિ હતા. (સહદેવ—નકુળની માતા માદ્રી આ જ દેશની હતી) તેને સંતાન ન હતું. સંતાન ન હોવાથી રાજા-રાણી બન્ને દુઃખી હતાં. જેમજેમ ઉંમર વધતી ગઈ તેમ તેમ દુઃખ પણ વધતું ગયું. દુઃખ રોગની માફક સાધ્ય અને અસાધ્ય હોય છે. સાધ્ય દુઃખો પ્રયત્નોથી મટતાં હોય છે. અસાધ્ય દુઃખો કાં તો સહન કરીને પૂરાં કરવાનાં હોય કાં પછી દુઆ મેળવીને પૂરાં કરવાં પડે. જે લોકો અસાધ્ય દુઃખોને સહન કરીને પૂરાં કરે છે તે જ્ઞાની અને શાણાં છે. જે દુઆ માટે ફાંફાં મારે છે તે ભક્ત છે. ભક્તને બુદ્ધિ અને પુરુષાર્થ કરતાં શ્રદ્ધાનું મોટું સંબલ હોય છે. શ્રદ્ધા અને પ્રેમનો માર્ગ શિખામણનો માર્ગ નથી, તે ઝંપલાવવાનો માર્ગ છે. કાં તો આ પાર કાં પછી પેલે પાર. ઇતિહાસ તેમનો જ હોય છે. રાજા-રાણીએ ઘણાં વર્ષો સુધી વ્રત-તપ કર્યાં તે મા સાવિત્રીની સાધના કરતાં હતાં, અઢાર વર્ષ તપ કર્યા પછી સાવિત્રીજી પ્રસન્ન થયાં. વ્રત-સાધના ઉતાવળિયાં માણસો ન કરી શકે. કદાચ કરે તો, પાર ન પાડી શકે. પાર તો તે જ પામે જે ધીરજ રાખે. સાવિત્રીએ વર માગવાનું કહ્યું. રાજાને તો પુત્ર જ જોઈતો હતો. તેણે કહ્યું કે “મને પુત્ર આપો હું વાંઝિયો છું. તેથી મને ત્રણ પીડા થયા કરે છે. એક તો, લોકો મને વાંઝિયો કહીને નિંદે છે. બીજું, મારે વારસદાર ન હોવાથી સંપત્તિ હસ્તગત કરવા કેટલાય લોકો તૈયાર થઈ ગયા છે. તે ષડ્યંત્રો કરે છે અને મારા મૃત્યુની રાહ જુએ છે. ત્રીજું, સંતાન ન હોવાથી મને લાડ લડાવી લાડ ઢોળવાનું નથી મળતું. મારાં લાડ મારા અંદર જ ઉત્પાત મચાવે છે. મને સંતાન આપો, હું બહુ જ દુઃખી છું.”

સાવિત્રીમાતાએ કહ્યું: બ્રહ્માજીએ કહ્યું છે કે તને પુત્ર તો નહિ મળે. હું તને પુત્રી આપું છું. એવી પુત્રી કે આજ સુધી કોઈના ત્યાં થઈ ન હોય. રૂપ-ગુણ તો ખરા જ, પણ તેનું તેજ એટલું પ્રચંડ હશે કે લોકો જોતા જ રહી જશે. વરદાન આપીને સાવિત્રીજી વિદાય થયાં. રાજા પણ પાછો નગર આવ્યો અને તે જ રાત્રે મોટી રાણીએ ગર્ભ ધારણ કર્યો. ગર્ભ ધારણ માત્રથી સૌ રાજી રાજી થઈ ગયાં. આશા સુખદાયી છે. હવે સંતાન થશે. સંસાર સુખદાયી છે, દુઃખદાયી પણ છે. પણ એ દુઃખો જ સુખનો અનુભવ કરાવે છે. એકલું સુખ ક્યાંય હોતું જ નથી. જો રાજારાણીને વાંઝિયાપણાનું દુઃખ ન હોત તો સંતાન થવાનું સુખ પણ ન હોત. જેના ઘરમાં ડઝનબંધ છોકરાં કુરકુરિયાંની માફક વલવલતાં હોય છે તેમને સંતાનજન્મનું કે ગર્ભ ધારણ કર્યાનું સુખ હોતું નથી. રાજા-મહારાજા અને સુખી શ્રીમંતોના ઘરે જલદી પારણાં બંધાતાં નથી, હીર ભરેલાં અને સોના-ચાંદીના પાયાવાળાં પારણાં ધૂળ ખાતાં હોય છે. જેના ઘરમાં ઝુલાવવાનું પારણું જ નથી હોતું, જે ઝાડની ડાળીએ કે પછી ગાડાની નીચે સામાન્ય પછેડી બાંધીને બાળકોને ઝુલાવે છે ત્યાં ઢગલાબંધ બાળકો થઈ જતાં હોય છે. પૂરા મહિને રાણીને પ્રસવ થયો અને કન્યારત્નની પ્રાપ્તિ થઈ. સૌ આનંદવિભોર થઈ ગયાં. “ચાલો પુત્ર નહિ તો પુત્રી તો ખરી ને.” જેને મન મનાવતાં આવડે તેને જ શાંતિ મળે. સાવિત્રીની કૃપાથી પુત્રી મળી હોવાથી તેનું નામ ‘સાવિત્રી’

રાખ્યું. પાછલી અવસ્થામાં સંતાન પ્રાપ્ત થાય તેનું વર્ષોનું ભેગું કરેલું લાડ ઊછળવા માંડે. જોતજોતામાં સાવિત્રી યુવાન થઈ ગઈ. સ્ત્રીની ખરી કથા યુવાનીથી શરૂ થતી હોય છે. તેનું માગું જ નથી આવતું. રાજાની દીકરી હોવા છતાં પણ કોઈ રાજકુમાર માટે તેનું માગું નથી આવતું. બીજું દુ:ખ શરૂ થયું. જે લોકો દુ:ખોથી ડરે છે તે લોકોએ સંસારમાં ન પડવું જોઈએ. પણ સંસારત્યાગીને સુખો મળી જતાં નથી. સંસારના પ્રશ્નો અલગ છે. ત્યાગીઓના પ્રશ્નો અલગ છે. ત્યાગીઓને જોઈને સંસારીઓ તેમને ધન્ય માને છે કે જુઓ આમને કોઈ દુ:ખ છે? ત્યાગીઓ પણ સંસારીઓને કહેતા રહે છે કે તમે બધા માયાના બંધનમાં પડ્યા છો. એટલે દુ:ખી છો. ખરું સુખ તો ત્યાગમાં છે. માટે દીક્ષા લઈ લો, પણ સંસારીઓને ખબર નથી કે પારકો રોટલો ખાનારા કદી સુખી ન હોય. હૂંફ અને ઓથ વિનાનું જીવન જીવનારાને એકાકીપણાનો બહુ મોટો પ્રશ્ન સતાવતો હોય છે. સામર્થ્ય વિનાના ત્યાગીઓ આહાર અને આશ્રય માટે ટળવળતા હોય છે. બધામાં તો સામર્થ્ય હોતું નથી. સામર્થ્યનો મોટો સંસાર તેમનો ભક્ત સમુદાય હોય છે. સંસાર તો તેમનો પણ હોય છે.

જ્યારે કોઈ માગું ન આવ્યું ત્યારે થાકીને રાજાએ સાવિત્રીને કહ્યું કે "બેટા તારું તેજ જોઈને કોઈ રાજકુમાર તને પરણવા તૈયાર થતો નથી એટલે હવે તું તારી જાતે વર શોધી લે."

કન્યાને પરણાવવી બહુ અઘરું કામ છે. પણ જે કન્યા બહુ ભણેલી કે વધુ સમર્થ હોય તેને પરણાવવી તો બહુ જ કઠિન થઈ જાય. કારણ કે તેનાથી ચઢિયાતો વર મળે ક્યાં?

સાવિત્રી વરને શોધવા નીકળી પડી.

શાસ્ત્રોએ કેટલાંક પાપ માન્યાં છે. જેમકે ઉંમરલાયક થવા છતાં પણ કન્યાને ન પરણાવનાર પાપી છે. જે પિતા કન્યાને પરણાવી શકતો ન હોય તેણે કન્યાને સ્વેચ્છાથી વર મેળવી લેવાની છૂટ આપવી જોઈએ.

જે પતિ ઋતુકાળમાં પણ પત્ની સાથે સમાગમ નથી કરતો તે પાપી છે. પતિ-પત્નીએ કદી પણ બ્રહ્મચર્યનું વ્રત ન લેવું જોઈએ. તેમાં પણ બેમાંથી કોઈ એકે બીજાની સ્વીકૃતિ વિના તો ન જ લેવાય. આવું વ્રત લેનાર અને આપનાર બન્ને પાપી છે. પતિ-પત્નીનો કામભોગ એ પાપ નથી. સંતાન માટે, આરોગ્ય માટે, લાંબા આયુષ્ય માટે અને માનસિક શાંતિ માટે તે હિતાવહ છે. હા, જરૂર છે સંયમની, બેફામ થવાની નહિ. આપણે ત્યાં સંયમ છે. નિગ્રહ નથી. જે લોકો નિગ્રહી થઈ જાય છે તેમની દુર્દશા થાય છે.

જે પુત્રો વૃદ્ધ માતાપિતાનો તિરસ્કાર કરે છે. તેમની સેવા નથી કરતા તે પાપી છે. (વનપર્વ, 293મો અધ્યાય)

સાવિત્રી તો તીર્થયાત્રાના બહાને વરને શોધવા નીકળી પડી. સ્ત્રીઓને શોધનારા પુરુષો અને પુરુષોને શોધનારી સ્ત્રીઓ અનેક બહાનાં કાઢીને નીકળી પડતાં હોય છે. તેમાં યાત્રા કરવી, સંઘમાં જોડાવું, મંદિરે જવું, કથા-કીર્તનમાં જવું, મેળામાં જવું આવાં બધાં અનેક નિમિત્તો હોઈ શકે છે. કથામાં આવનારા બધા શ્રોતા નથી હોતા. કોઈ કોઈ શોધકર્તા પણ હોય છે. તેમાં કોઈનો દોષ નથી. વિહ્વળ મન તૃપ્તિની ઝંખના માટે શોધ કરતું રહે છે.

સાવિત્રી બધી તીર્થયાત્રા કરીને પાછી આવી ગઈ. અને જે જે તીર્થો જોયાં હતાં તેનું વર્ણન કહી સંભળાવ્યું. રાજા અશ્વપતિએ પૂછ્યું કે "એ તો બધું ઠીક પણ તને પતિ મળ્યો કે નહિ?" સાવિત્રી બોલી, "હા, મને જોઈતો પતિ મળી ગયો છે. મેં તેનું વરણ કરી લીધું છે. હવે

આગળની વિધિ તમારે કરવાની છે. ખરી વિધિ તો મેં કરી લીધી છે."

અશ્વપતિએ જિજ્ઞાસા કરી કે "એવો કયો તારો પતિ છે?"

સાવિત્રીએ કહ્યું કે સાંભળો ત્યારે: શાલ્વ દેશના ધુમતસેન નામના રાજા છે, હવે તે આંધળા થઈ ગયા છે. તેમની અંધ અવસ્થાનો લાભ ઉઠાવીને પાડોશી રાજાએ આક્રમણ કરીને રાજ્ય પડાવી લીધું છે. તેમનો પુત્ર સત્યવાન ત્યારે બાળક હતો. પુત્રની અને પોતાની રક્ષા કરવા માટે રાજા-રાણી પુત્ર સાથે વનમાં ચાલ્યાં ગયાં. અત્યારે તેઓ એક તપોવનમાં રહે છે. મેં તે સત્યવાનનું પતિ તરીકે વરણ કરી લીધું છે. ભલે આજે તેમની પાસે રાજપાટ ન હોય પણ ખાનદાની તો છે, પત્નીને રાજપાટ સુખ નથી આપતું; પતિની ખાનદાની સુખ આપે છે. કારણ કે ખાનદાન પતિ કદી પત્નીનો ત્યાગ નથી કરતો. તેનું માન રાખે છે. તેનાં અરમાન પૂરાં કરે છે, તેનો ખોળો ભરે છે. તેનું રક્ષણ કરે છે, મારે આથી વધારે કાંઈ જોઈતું નથી." સાવિત્રી બોલી રહી હતી ત્યાં તો નારદ આવી પહોંચ્યા. નારદ સનાતન પાત્ર છે. બધે જ હોય. નારદ વિના કથા આગળ ચાલે જ નહિ. તે ગંભીર થઈ ગયા. પછી બોલ્યા, "રાજન, સાવિત્રીએ ઉતાવળ કરી લીધી છે. જે રાજકુમારનું તેણે વરણ કર્યું છે તેને લોકો 'સત્યવાન' કહે છે. કારણ કે તેના પિતા હંમેશાં સત્ય જ બોલે છે. આ સત્યવાનમાં ઘણા ગુણો છે પણ એક બહુ મોટો દોષ પણ છે." વર-કન્યાના ગુણદોષ જોયા વિના જ જે લગ્નો થાય છે તે અંધારા કૂવામાં ભૂસકો મારવા જેવાં હોય છે. નીવડ્યાં તો બેડો પાર અને ન નીવડ્યાં તો જીવન બરબાદ. નારદે કહ્યું કે "આ સત્યવાન હવે માત્ર એક જ વર્ષ સુધી જીવવાનો છે. પછી તરત જ તેનું મૃત્યુ થઈ જશે." નારદની વાત સાંભળીને સભામાં હાહાકાર થઈ ગયો. સૌને ભવિષ્યવેત્તાની સારી વાતો ગમે. એટલે જ્યોતિષીઓ સારી સારી ખરીખોટી વાતો સંભળાવતા હોય છે. સારી વાતોની જ દક્ષિણા હોય. પણ નારદે તો જે હતું તે સંભળાવી દીધું. ઈશ્વરની પ્રત્યેક રચનામાં દિવ્યતા જ દિવ્યતા છે. તેણે મૃત્યુ ઉપર પડદો નાખી દીધો છે તેથી તો લોકો આનંદથી જીવન જીવે છે. ફાંસીની સજાવાળો કેદી આનંદથી ન જીવી શકે. કારણ કે તેને મૃત્યુની તિથિની ખબર પડી ગઈ છે. બીજું લોકોને અંતર્યામી ન બનાવ્યા. તેથી તો આપણા સંબંધો પ્રેમથી ચાલે છે. જો એકબીજાની બધી વાતો જાણી જવાતી હોત તો કોઈ સંબંધ ટકી શક્યો ન હોત.

નારદ બોલ્યા, "રાજન, સાવિત્રીએ ભલે ઉતાવળ કરીને ભૂલ કરી દીધી હોય, પણ તમે આ ભૂલને સુધારી શકો છો. આ સગાઈને ફોક કરી શકો છો." ઘણા લોકો વાતવાતમાં સગાઈ ફોક કરી દેતા હોય છે. જો કોઈ મહત્ત્વનું કપટ થયું હોય તો જરૂર સંબંધ ફોક કરવો જોઈએ. પણ પૈસાની લેવડદેવડ કે બીજી સામાન્ય બાબતોમાં લોકો સંબંધ તોડી નાખે છે તે મહાન નથી હોતા. તેમના વચનની કિંમત નથી હોતી. તે ગમેતેટલા ધનવાન હોય તોપણ પામર જ છે. વચનની ટેક રાખનારા જ મહાન હોય છે. તેને જ 'રોયલબ્લડ' કહેવાય. વચન તોડતા રહે અને ધર્મ બદલતા રહે તેને રોયલબ્લડ ન કહેવાય. તેમના પાળિયા ન હોય. તેમનો ઇતિહાસ ન હોય. નારદજીની વાત સાંભળીને સાવિત્રી બોલી.

"ભાઈ-ભાઈ વચ્ચે સંપત્તિની વહેંચણી એક જ વાર થાય. વારંવાર નહિ.

દાતા દાનનું વચન એક વાર જ આપે તેને પૂરું કરે. વારંવાર ફેરબદલ ન કરે. કન્યા પણ પતિનું વરણ એક જ વાર કરે. વારંવાર નહિ. મેં મારા પતિનું વરણ કરી લીધું છે. તે જેવો હોય તેવો મારો પતિ થઈ ચૂક્યો છે. હવે હું તેમાંથી બદલાઈશ નહિ. પિતાજી, લગ્નની તૈયારી કરો. જીવનની શરૂઆતથી જ જે કન્યા એક જ—માત્ર એકમાં જ બંધાઈ ગઈ હોય તે જ પતિવ્રતા

બને. જે રોજ નવાનવા ખીલા શોધે તે સાવિત્રી ન થઈ શકે.

નારદજી વિદાય થયા. રાજા અશ્વપતિ સાવિત્રી તથા પરિવારને લઈને ધુમતસેનના આશ્રમમાં પહોંચી ગયા. અશ્વપતિને જોઈને ધુમતસેન બોલ્યા કે “તમારી કુંવરી રાજદરબારમાં રહેનારી છે અને અમે તો સામાન્ય આશ્રમવાસી છીએ. તે આ જીવનને કેવી રીતે સ્વીકારી શકશે. માટે તમે કોઈ બીજો વેવાઈ કરી લો.”

લગ્ન કરતાં પહેલાં પોતાના પક્ષની બધી સ્પષ્ટતા કરી દેવી યોગ્ય કહેવાય. પાછળથી કોઈ એમ ન કહે કે તમે અમને છેતર્યા. બધું સંતાડ્યું હતું. નિઃસ્પૃહ લોકોને કશું સંતાડવાનું નથી હોતું. માયાવી લોકો—હોય જુદું અને કહે જુદું. બતાવે જુદું. પાછળથી ફજેતા થાય.

અશ્વપતિએ કહ્યું કે ના, ના, તમે પણ મારા જેવા જ રાજા છો. અત્યારે તમારી પડતી દશા ચાલે છે તેથી શું થઈ ગયું. ચડતી-પડતી તો સૌને ભોગવવી પડતી હોય છે. તેથી ખાનદાની બદલાઈ જતી નથી. તમે મહાન છો. તમારો પુત્ર પણ મહાન છે. અમે અને અમારી કુંવરી બધું સમજી વિચારીને જ આવ્યાં છીએ. બસ લગ્નવિધિ શરૂ કરો. વાર ન કરો. સત્યવાન-સાવિત્રીના વિધિપૂર્વક વિવાહ સંસ્કાર થઈ ગયા. પછી અશ્વસેન પરિવાર સાથે વિદાય થયા. તેમના ગયા પછી સાવિત્રીએ બધા શણગાર ઉતારી દીધા. તેણે વલ્કલ વગેરે આશ્રમી વસ્ત્રો પહેરી લીધાં. જે કન્યાને સાસરા પક્ષમાં ભળતાં આવડે તે જ સફળ દામ્પત્ય પ્રાપ્ત કરી શકે. ભાષા, વેશભૂષા અને આચાર આ ત્રણને એકસરખાં કરી શકે તે જ સૌમાં ભળી શકે. જે એમ સમજીને આ ત્રણેને અલગ રાખે કે અમે કેવા શ્રેષ્ઠ છીએ, તે ભળી ન શકે. જે ભળી ન શકે તે જીતી ન શકે.

જીવન ઘરેડ પ્રમાણે જીવવા લાગ્યું. પણ સાવિત્રીને નારદની વાત ભુલાતી નથી. જોતજોતામાં વરસ પૂરું થવા આવ્યું. હવે ચાર જ દિવસ બાકી રહ્યા હતા. સાવિત્રીએ ત્રણ દિવસ વ્રત રાખ્યું. “મારા પતિને આંચ ન આવે.” આવી દૃઢ ભાવના તેને અનેક ઉપાયો કરવા પ્રેરણા આપતી હતી. હવે તો એક જ દિવસ બાકી રહી ગયો હતો. બસ આવતીકાલ, વાત પૂરી.

સૂર્યોદય થઈ ચૂક્યો હતો. આજે છેલ્લો દિવસ છે. સાવિત્રીએ આ વાત કોઈને પણ કરી ન હતી, તેથી સૌ અજાણ હતા. માત્ર સાવિત્રી જ જાણતી હતી. સત્યવાન હાથમાં કુહાડી લઈને વન તરફ જવા તૈયાર થયો એટલે સાવિત્રીએ કહ્યું કે હું પણ સાથે આવીશ. આજ તમને એકલા નહિ છોડું. બન્ને વનમાં દૂર સુધી ગયાં. સત્યવાન સૂકાં લાકડાં કાપવા લાગ્યો. ત્યાં તો તેને હૃદયમાં પીડા થવા લાગી. તે કુહાડી છોડીને ઢળી પડ્યો. સાવિત્રી દોડતી આવી અને પતિના માથાને પોતાના ખોળામાં મૂકીને—તેને થયું કે નક્કી નારદજીવાળી ક્ષણ આવી ગઈ છે—માથું મૂકવાની બે જ જગ્યાઓ છે. એક માતાનો ખોળો અને બીજું પત્નીનો ખોળો. બન્ને ખોળા પ્રેમથી છલકાતા હોય છે. એકમાં માતૃપ્રેમ અને બીજામાં પતિવ્રતા પત્નીપ્રેમ. બન્ને મહાન છે. જેણે નથી માતાનો ખોળો જોયો કે નથી પતિવ્રતા પત્નીનો ખોળો જોયો તેનાથી મોટો કોઈ બીજો અભાગિયો નથી. બન્ને ખોળા પવિત્ર છે અને અમૃતભર્યા છે. સત્યવાનની તબિયત વધુ ને વધુ બગડવા લાગી. એવામાં સાવિત્રીએ જોયું કે એક શ્યામવર્ણની ભવ્ય આકૃતિ દેખાવા લાગી. તે બોલી, “આપ કોણ છો?” “હું યમરાજ છું અને સત્યવાનને લેવા આવ્યો છું. તેનું જીવન પૂરું થઈ ગયું છે.” યમરાજે સત્યવાનના શરીરમાંથી જીવાત્માને ખેંચી લીધો. શરીર મડદું થઈ ગયું.

જીવાત્માને લઈને યમરાજ ચાલતા થયા, પણ સાવિત્રીએ તરત જ તેમનો પીછો પકડ્યો. યમરાજે તેને ઘણી રોકી પણ તે ન રોકાણી. પાછળ ને પાછળ વિલાપ કરતી ચાલવા લાગી.

"જ્યાં મારો પતિ ત્યાં હું, હું તેમના વિના રહી શકું તેમ નથી. જીવી શકું તેમ નથી એટલે મને પણ સાથે લઈ જાઓ."

સાવિત્રીની સાચી પતિભક્તિ જોઈને યમરાજ પીગળી ગયા. તેમણે સત્યવાનના જીવાત્મા સિવાય જે માગવું હોય તે માગી લેવા વરદાન આપ્યું. સાવિત્રીએ પોતાના આંધળા સસરાની આંખો અને હરાઈ ગયેલું રાજપાટ માગ્યું. યમરાજે તથાસ્તુ કહ્યું. યમરાજ આગળ ચાલ્યા. સાવિત્રી ક્યાં પીછો છોડવાની હતી. એક પછી એક તેણે ચાર વર માગ્યા. છેવટમાં તેણે કહ્યું કે "મને પુત્ર આપો" યમરાજે તથાસ્તુ કહ્યું. એટલે સાવિત્રી ખડખડાટ હસી પડી. બોલી કે પિતા વિના પુત્ર થશે કેવી રીતે?" યમરાજ પકડાઈ ગયા. તેમણે સત્યવાનના જીવાત્માને પેલા મૃત શરીરમાં પાછો છોડી દીધો. તે સજીવન થઈ ગયો. એક પતિવ્રતા સાધ્વી સતી સ્ત્રી શું ન કરી શકે? યમરાજની પાસેથી પણ પતિને પાછો લાવી શકે છે. એવી આ કથા સાંભળીને હજારો સ્ત્રીઓને સાવિત્રી જેવી થવાની પ્રેરણા મળી હશે. કથા એ છે જે સત-પ્રેરણા આપે. શિખર ઉપર ચઢવાની, પતનની ખીણમાં પડવાની નહિ. સત્યવાન-સાવિત્રી અમર છે. કથા અમર છે.

12-12-09



35. કીચકવધ

આપત્તિ-વિપત્તિ અને સંપત્તિ વારાફરતી જીવનમાં આવતાં રહે છે. ત્રણેમાં સંપત્તિ આવવાનો કોઈ ભરોસો નહિ. આવે પણ ખરી અને ન પણ આવે. પાંડવો બાર વર્ષથી વન-વનમાં રઝળી રહ્યા છે. એક દિવસ જુગાર રમવાની ભૂલે આ દશા કરી છે. તેમને બાર વર્ષ પૂરાં થઈ ગયાં છે. હવે તેરમું વર્ષ ગુપ્ત રીતે વિતાવવાનું છે. જો પકડાઈ ગયાં તો ફરી પાછાં બાર વર્ષનો વનવાસ ભોગવવો પડે. તેથી તેરમું વર્ષ ક્યાં વિતાવવું તેનો વિચાર કરવા લાગ્યા. દુર્યોધન પાછળ પડ્યો છે. તેના હાથ ન પહોંચે એવી કોઈ જગ્યા તે શોધી રહ્યા છે. તેમના ધ્યાનમાં વિરાટનગર આવ્યું. અનેક વનોને પાર કરીને જેમતેમ કરીને વિરાટનગરની સીમમાં પહોંચી ગયા. હવે પ્રશ્ન એ હતો કે પાંડવોના નામે તો ગુપ્ત રહેવાશે નહિ. બીજું પાંચે ભાઈઓ હંમેશાં શસ્ત્રધારી રહેતા હતા. શસ્ત્ર વિનાનો માણસ વિષ વિનાના સર્પ જેવો છે. તેને કોઈ પણ પકડી શકે છે અને પજવી શકે છે. ભલે ને તે ગમેતેટલો અહિંસાવાદી કેમ ન હોય, તેમાં પણ જેની સાથે જુવાન પત્ની હોય તેણે તો હંમેશાં શસ્ત્રધારી થઈને જ રહેવું જોઈએ. દુનિયા સજ્જનતાથી નથી ચાલતી, શક્તિથી ચાલે છે. જે શક્તિશાળી હશે તે જ સંચાલક થશે. જે શક્તિહીન હશે તે વેઠ કરતા થઈ જશે. પાંડવો વિચાર કરે છે કે વિરાટનગર તો આવી ગયું પણ જો અમારે ગુપ્ત રહેવું હોય તો આ શસ્ત્રો ક્યાંક સંતાડી દેવાં પડે. લોકો શસ્ત્રસહિત જોશે તો પકડાઈ જવાશે. તેમની દૃષ્ટિ એક સમડાના વૃક્ષ ઉપર પડી. લ્યો, આ વૃક્ષની ઘનઘોર ઘટાઓમાં શસ્ત્ર સંતાડી દઈએ. પાંચે ભાઈઓએ પોતપોતાનાં શસ્ત્રો તે શાલ્મલી વૃક્ષ ઉપર બખોલમાં સંતાડી દીધાં અને બરાબર નિશાની રાખી.

હવે તે નગર ભણી ચાલ્યા. આ એક વર્ષ બહુ જ ચિંતાજનક હતું, તેથી તેમણે મા દુર્ગાને પ્રાર્થના કરી. જ્યારે તમને આપોઆપ પ્રાર્થના સૂઝે તો સમજવું કે કલ્યાણ થશે. જ્યારે પ્રયત્ન કરવા છતાં પણ પ્રાર્થના ન સૂઝે તો સમજવું કે અનિષ્ટ થશે. યુધિષ્ઠિરે લાંબી પ્રાર્થના કરી અને તેને લાગ્યું કે માતા દુર્ગા અમારી સાથે છે. જરૂર બેડો પાર થશે.

યુધિષ્ઠિર રાજાની સભામાં પહોંચી ગયા. રાજા તેમનું વ્યક્તિત્વ જોઈને પ્રભાવિત થયા. વ્યક્તિનો આકાર, રૂપ-રંગ, બોલચાલ, વેશભૂષા વગેરે મળીને તેની છાપ ઊભી કરે છે. રાજાને લાગ્યું કે છે કોઈ મહાપુરુષ, પણ કફોડી હાલતમાં આવી પડ્યા છે. જ્યારે તમારે કોઈ મોટા પુરુષને મળવા જવું હોય તો વિનય-વિવેકપૂર્વક જવું. વિવેક ચૂકવો નહિ. તમારું સદ્વર્તન મિત્ર બનીને તમારી પેરવી કરશે. યુધિષ્ઠિરે કહ્યું, “હું બ્રાહ્મણ છું અને મારું સર્વસ્વ લૂંટાઈ ગયું છે. નોકરીની આશાએ અહીં આવ્યો છું.” ધર્મરાજ બીજી વાર બ્રાહ્મણ થયા છે. પહેલી વાર દ્રૌપદીના સ્વયંવર વખતે પણ તે બધા ભાઈઓ બ્રાહ્મણ થઈને પ્રજાપતિના ત્યાં ઊતર્યા હતા. હવે વિરાટરાજના ત્યાં ફરી પાછા બ્રાહ્મણ થઈ રહ્યા છે. સત્યવાદી યુધિષ્ઠિર અસત્ય તો નથી બોલ્યા ને? પ્રાણરક્ષા માટે કેટલીક વાર આવું નાટક કરવું જરૂરી હશે. યુધિષ્ઠિરે પોતાનું નામ ‘કંક’ રાખ્યું. રાજાએ તેમને આશ્રય આપ્યો. આશ્રયદાતા મહાન હોય છે તેમાં પણ જે નિરાશ્રિત છે તેને આશ્રય આપવો એ મહાન પુણ્યનું કાર્ય છે. કેટલીક વાર એવું બને કે જેને તમે શરણ આપો તે પોતાની સાથે કોઈ ઉપાધિ લઈને આવ્યો હોય, જેનાં પરિણામ તમારે ભોગવવાં પડે. પણ આવા વિચારો વાણિયા કરે, વાણિયા જલદીથી કોઈને આશ્રય ન આપે. તેમાં પણ ઉપાધિવાળાથી તો દૂર જ રહે. તે હંમેશાં સ્વરક્ષા અને સ્વહિતનું ડહાપણ ધરાવતા હોય છે. આશ્રય તો પરાક્રમી અને દયાળુ હોય તે જ આપે. યુધિષ્ઠિર જેને હવે કંક કહીશું તે ગોઠવાઈ

ગયા. જીવનમાં ગોઠવાઈ જવું જ મહત્ત્વની વસ્તુ છે. જે લોકો ક્યાંય ગોઠવાઈ શકતા નથી તે સુખી નથી હોતા. પતિ-પત્ની પણ એકબીજા સાથે ગોઠવાય તો જ સુખી થાય. જેનો સારો સ્વભાવ હોય છે તે જ ગોઠવાઈ શકે છે. ખરાબ સ્વભાવવાળા ગોઠવાઈ શકતા નથી. તેથી દુ:ખી થાય છે.

હવે વિશાળકાય ભીમ આવ્યો. તેણે પોતાનું નામ 'વલ્લભ' રાખ્યું છે. અને ધંધો રસોઇયાનો છે. રાજાએ તેને પાકશાળામાં રાખી લીધો. હવે તેને રોજ નવાં નવાં વ્યંજન બનાવવાનાં રહેશે.

હવે દ્રૌપદીનો વારો આવ્યો. પુરુષ ગમે ત્યાં ભટકે અને ગમે ત્યાં રહે તો ચાલે, પણ સ્ત્રી ન ભટકી શકે, ન ગમે ત્યાં રહી શકે. દ્રૌપદી સ્ત્રી છે. વળી રૂપાળી છે. તે રાણી પાસે ગઈ અને પોતાનું નામ "સૈરન્ધ્રી" બતાવ્યું. રાણી તેનાથી પ્રભાવિત થઈ અને તેને દાસીઓની ઉપરી મુખ્ય દાસી તરીકે નોકરીમાં રાખી લીધી. તેણે કહ્યું કે હું સત્યભામાની તથા દ્રૌપદીની સેવા કરી ચૂકી છું. હવે આપની સેવાનો મોકો મને આપો."

રાણી સુદેષ્ણા વિચાર કરે છે કે આટલી બધી રૂપાળી સ્ત્રી ક્યાંક મારા પતિ રાજાને ફસાવી તો નહિ દે. હું પોતે જ પોતાના પગ ઉપર કુહાડો તો નથી મારી રહીને! ભદ્ર મહિલાઓએ પોતાના ઘરમાં રૂપાળી કામવાળી ન રાખવી. અને ભદ્ર ચારિત્ર્યવાન પુરુષોએ કાર્યાલયોમાં કોઈ રૂપાળી સ્ત્રીને કામે ન રાખવી. ક્યારે શું થઈ જાય તે કહી શકાય નહિ. કશું ન થાય તોપણ લોકોને તો વાતો કરવાનો મોકો મળી જશે. આમેય રૂપાળી સ્ત્રી માટે તેનું રૂપ જ શત્રુ થઈ જતું હોય છે. ભદ્ર લોકો તેનાથી દૂર રહે છે. તેને રાખતા નથી અને અભદ્ર લોકો પાસે તેની સુરક્ષા નથી હોતી. ભદ્રને ભદ્ર મળે તો સદ્ભાગ્ય કહેવાય. અનાથ ભદ્ર સ્ત્રીઓ માટે સુરક્ષા એ પ્રથમ પ્રશ્ન છે. જે સુરક્ષા સાથે સમજૂતી કરી શકે છે તે ગમે ત્યાં રહી શકે છે. સૈરન્ધ્રીએ ખાતરી આપી કે મારા વ્યવહારથી કોઈને કશી હાનિ થશે નહિ. ખાતરી આપું છું. દુનિયા વિશ્વાસે ચાલતી હોય છે. સૈરન્ધ્રી પણ રાણીવાસમાં દાસીઓની ઉપરી તરીકે ગોઠવાઈ ગઈ.

પછી વારો આવ્યો સહદેવનો, સહદેવ ગૌશાળામાં ગોઠવાઈ ગયા અને નકુલ અશ્વપાળ થઈ ગયો. પણ હજી અર્જુન બાકી હતો. તેને અપ્સરાનો શાપ હતો તેથી તે ક્લિબ (હીજડા)ના રૂપમાં હતો. તેને રાજકન્યાઓને ગીત-સંગીત શિખવાડવાના કામમાં લગાવી દીધો. આ રીતે છએ છ જણાં ગોઠવાઈ ગયાં. ભલે દાસ-દાસી થવું પડ્યું તોપણ બધાં સુખમાં દિવસો વ્યતીત કરવા લાગ્યાં. જીવન છે કોઈ વાર રાજા-રાણી તો કોઈ વાર શેઠ-શેઠાણી તો કોઈ વાર નોકર-નોકરાણી અને કોઈ વાર ભિખારી-ભિખારણ પણ થવું પડે. જીવન એક લાંબું નાટક છે. ક્યારે કોને કયું પાત્ર ભજવવું પડે તે કહેવાય નહિ. જુઓ પાંડવો અત્યારે દાસ-દાસી થઈ ગયાં છે. પણ ચાલો તોય સુખી તો છે ને? પણ નાના દુ:ખો તેમનો પીછો છોડતાં નથી. દશ મહિના તો તેમણે વિતાવી દીધા છે બસ, હવે બે જ મહિના બાકી છે. હમણાં વીતી જશે તેવી આશાએ સૌ જીવી રહ્યાં છે.

એક વાર રાજાના સેનાપતિ કીચકની દૃષ્ટિ દ્રૌપદી ઉપર પડી. તેનું રૂપ-યૌવન જોઈને તે મોહિત થઈ ગયો. રૂપાળી સ્ત્રીઓ જ્યાં નોકરી કરતી હોય છે ત્યાં ભદ્ર માણસોથી પણ ભય રહેતો હોય છે. માણસ ગમેતેટલો ભદ્ર હોય, પણ કામ કદી ભદ્ર હોતો નથી. તે ક્યારે ભાન ભુલાવે તે કહી શકાય નહિ. તો પછી જ્યાં અભદ્ર માણસો રહેતા હોય ત્યાં તો નોકરી થાય જ કેવી રીતે?

કીચક સેનાપતિ છે પણ લંપટ છે. તેની નજર દાસીઓ ઉપર ફર્યા કરતી હોય છે. દાસીઓમાંથી કયું ફૂલ સૂંઘવા લાયક છે તે શોધ્યા કરે છે. કેટલાંક ફૂલો ગમે તેની માળા થવા તૈયાર હોય છે.

તેમાં પણ સેનાપતિ જેવા ઉચ્ચ પદે બેઠેલી વ્યક્તિ મળે તો તો ધન્યતા અનુભવાય. જ્યાં ઘણી અપરિણીત સ્ત્રીઓ રહેતી હોય ત્યાં છાનીછપની પણ થોડીક તો કામકથા ચાલતી જ હોય. ભલેને ગમેતેટલાં કઠોર નિયંત્રણો કેમ ન મૂક્યાં હોય, પણ જ્યાં અપરિણીત સ્ત્રીઓની સાથે તેવા જ પુરુષો પણ નોકર-ચાકર થઈને રહેતા હોય ત્યાં તો પછી કહેવું જ શું? એક આખી દુનિયા જ બની જતી હોય છે. ઉપરના માણસે આંખ આડા કાન જ કરવા પડે. આ કુદરતી પ્રક્રિયા છે. તેને સંતાડી તો શકાય, પણ રોકી ન શકાય. એટલે પૃથ્વી પર જેટલી રામકથા નથી ચાલતી તેટલી કામકથાઓ ચાલ્યા કરતી હોય છે. પશ્ચિમમાં ખુલ્લેઆમ અને આપણે ત્યાં પડદા પાછળ એની એ જ કથાઓ ચાલતી રહે છે. જ્યાં સેંકડો વર્ષોથી આવાં સ્ત્રી-પુરુષોને પથ્થરોથી મારી નાખવાની પ્રથા છે. ત્યાં પણ આવી કામકથાઓ સદંતર બંધ કરી શકાઈ નથી.

કીચકે ઘણાં ફૂલ સૂંઘ્યાં છે અને સૂંઘી સૂંઘીને ફેંકી દીધાં છે. જેને નવી નવી વાનગીઓ ખાવાની ગમતી હોય તેને તૃપ્તિ ન હોય, તે રોજ નવી નવી વીશીઓ ખોળ્યા કરતો હોય છે. તૃપ્તિ તો ઘરની થાળીથી જ મળતી હોય છે. માત્ર ઘરની થાળીમાં જ તૃપ્તિ હોય છે. ભલે ને સૂકું-લૂખું જ ભોજન કેમ ન હોય.”

કીચક દ્રૌપદીની પાછળ પડી ગયો. નોકરી કરનારી ભદ્ર મહિલાઓને બેધારી તલવાર ઉપર ચાલવાનું હોય. એક તરફ તો પોતાની નોકરીનાં કામો કરવાં અને બીજી તરફ પોતાની જાતને બચાવવી. કામો કરવા કરતાં પણ બીજું કામ વધુ કઠિન હોય છે. નોકરીની ગરજથી તેને સતામણીને સહન કરવી પડતી હોય છે. તેની સહનવૃત્તિને લંપટ પુરુષ કાં તો મૌન સ્વીકાર માની લે છે અથવા કમજોરી માની લે છે. તે આગળ વધતો જાય છે. નોકરી કરનારી ભદ્ર મહિલાઓને આખો દિવસ કેટલીયે વાર કુદૃષ્ટિનો શિકાર થવું પડતું હોય છે. અરે, કેટલીક વાર તો કુસ્પર્શનો પણ શિકાર થવું પડતું હોય છે. જો આર્થિક મજબૂરી ન હોય તો ભદ્ર પુરુષોએ પોતાના સ્ત્રીવર્ગને અભદ્ર લોકો વચ્ચે નોકરી કરવા ન મોકલવી જોઈએ.

દ્રૌપદી, કીચકની કુદાનતને પરખી ગઈ છે. પણ શું કરે? પોતે દાસી છે અને પેલો સેનાપતિ છે. કીચકે સર્વપ્રથમ પોતાની બહેન મહારાણીને હાથ ઉપર લીધી. કારણ કે ઘણા પ્રયત્નો પછી પણ દ્રૌપદી નમતું જોખતી ન હતી. આજ સુધીની દાસીઓ કરતાં આ કાંઈક જુદી જ નીકળી. પણ કીચક હાર માને તેવો ન હતો. તેણે રાણીને સમજાવી અને પોતાના પક્ષમાં કરી લીધી. હવે તે દ્રૌપદીને મેળવવા તલપાપડ થયો હતો. બહેન સુદેષ્ણાએ તેને એક રસ્તો બતાવ્યો. “કોઈ વારતહેવાર આવે ત્યારે તારા ઘરમાંથી કોઈ વસ્તુ લાવવા હું તેને મોકલીશ. ત્યારે તું તારા મનોરથ પૂરા કરવાનો પ્રયત્ન કરજે.”

યોજના પ્રમાણે એક દિવસ રાણીએ દ્રૌપદીને કીચકના ઘરમાંથી કોઈ વસ્તુ લઈ આવવા કહેલું. પણ દ્રૌપદીએ કહ્યું કે “મને ત્યાં જતાં ડર લાગે છે માટે બીજી કોઈ દાસીને મોકલવા કૃપા કરો” કોઈ ભદ્ર મહિલાને કોઈ લંપટ પુરુષની ચુંગાલમાં ફસાવવા જ્યારે કોઈ મહિલા જ હાથો બને છે, ત્યારે ભદ્ર મહિલા માટે બચવું કઠિન થઈ જાય છે. નારી, નારીનું રક્ષણ કરે તેની જગ્યાએ નારી જ નારીના ભક્ષણમાં ભાગ ભજવે તો તે નારી માટે કલંક કહેવાય.

ઇચ્છા ન હોવા છતાં માલકીનની આજ્ઞાને માનીને દ્રૌપદીને કીચકના ઘરે જવું પડ્યું. નોકરીનું બીજું નામ લાચારી છે. પણ દ્રૌપદી મનમાં ને મનમાં ઇષ્ટદેવનું સ્મરણ કરતી ગઈ. જ્યારે કોઈ સહાયક બાકી ન રહે ત્યારે ઇષ્ટદેવ જ ખરા સમયે સહાયક થઈ જાય છે.—હા, ભક્તિ સાચી હોય તો.

દ્રૌપદીને જોઈને કીચક તો રાજી થઈ ગયો. “હવે જોઉં છું ક્યાં જાય છે, આજ તો ધાર્યું કરીને જ છોડું” તેના દુષ્ટ મનોરથો જાગી ઊઠ્યા. પ્રથમ તો તેણે દ્રૌપદીને બહુ લલચાવી પણ જ્યારે તે તૈયાર ન થઈ તો તેણે તેને પકડવાનો પ્રયત્ન કર્યો. દ્રૌપદી ભાગી, પણ તેની સાડી કીચકના હાથમાં આવી ગઈ. કીચકે તેને જોરથી પકડવા પ્રયત્ન કર્યો પણ દ્રૌપદીમાં એટલી શક્તિ આવી ગઈ કે તેણે જોરથી ધક્કો મારીને કીચકને પછાડી દીધો. જે સ્ત્રી ઉપર બળાત્કાર થતો હોય છે તે ભયની મારી ચૂપચાપ આધીન થઈ જાય છે ત્યારે તે પૂરેપૂરી અબળા થઈ જાય છે. નરાધમો તેને ઇચ્છા પ્રમાણે ચૂંથી નાખે છે. વારંવાર ચૂંથે છે અને પછી કાં તો છોડી દે છે કાં પછી મારી નાખે છે. આવી ચૂંથાઈ ગયેલી સ્ત્રી કદાચ જીવતી રહી જાય તોપણ તે મરેલી કરતાં વધુ મરેલી થઈને જીવે છે.

બળાત્કારનો ભોગ બનનારી બીજી સ્ત્રી ભયની મારી ચૂપચાપ આધીન નથી થઈ જતી, તે સામનો કરે છે. સંઘર્ષ કરે છે. પુરુષની કમજોર જગ્યાને તે જાણે છે. તે જોરથી ગુપ્તાંગ ઉપર લાત મારે કે પછી નાક કરડી ખાય તો ગમેતેવો બળાત્કારી રાડ પોકારી ઊઠે. જરૂર છે હિંમત અને આવડતની. જો તેણે કરાટે શીખ્યા હોય કે પછી મરચાં જેવા પદાર્થનો ઉપયોગ કરતાં આવડે તો તે અબળાની જગ્યાએ પ્રબળા થઈ શકે છે. બધો આધાર, સંસ્કાર અને ઘડતર ઉપર રહે છે. બીકણ લોકોનાં છોકરાં પણ બીકણ જ નીકળતાં હોય છે. દ્રૌપદી લાચાર છે, પણ બહાદુર છે. કીચકને જમીન ઉપર પટકીને તે ઘરબહાર દોડી ગઈ. આવી સ્થિતિ હોય ત્યારે સ્ત્રીએ જાહેર સ્થળોએ આવી જવું જોઈએ. તે દોડતી દોડતી રાજાની સભામાં પહોંચી ગઈ. પેલો કામાતુર કીચક પણ તેને પકડવા પાછળ દોડ્યો.

દ્રૌપદીએ રાજાને બધી વાત કહી સંભળાવી. પણ રાજા દુર્બળ છે. કીચક બળવાન છે. વળી રાજાનો સાળો છે. કોઈ રાજાએ કદી પણ પોતાના સાળાને કોઈ મહત્ત્વના પદ ઉપર બેસાડવો નહિ. સાલો શબ્દ ગાળ કેમ બની ગયો? કદી વિચાર કર્યો. બનેવી, ભાઈ, કાકા, મામા વગેરે કોઈ શબ્દ ગાળ નથી બન્યો. માત્ર સાલો શબ્દ જ ગાળ બની ગયો છે. જે પોતાની બહેનના જોરે જીવે તે સાલો કહેવાય. જે પોતાની બહેનના જોરે રોફ જમાવે તે સાલો કહેવાય. જે પોતાની બહેનના પ્રભાવથી લોકોને ડરાવે—ધમકાવે તે સાલો કહેવાય. રાજાએ દ્રૌપદીનો પક્ષ ન લીધો. પછી દ્રૌપદીએ સભાજનોને પ્રાર્થના કરી, સભાજનો વાતને સમજી શક્યા. તેમણે દ્રૌપદીની વાત સાચી માની તેનો પક્ષ લીધો. યુધિષ્ઠિરે દ્રૌપદીને રાણીના મહેલમાં પાછા ચાલ્યા જવા સમજાવી. પતિની આજ્ઞા માનીને તે પાછી મહેલમાં જતી રહી. સભા વચ્ચે આ બીજી વાર તેનું અપમાન થયું હતું. જાણે કશી જ ખબર ન હોય તેમ રાણી સુદેષ્ણાએ દ્રૌપદીના રુદનનું કારણ પૂછ્યું. દ્રૌપદી જાણે છે કે આ ષડ્યંત્રમાં રાણી પણ ભળી છે. તેરતેર વર્ષ થયાં હજી તેણે માથું ઓળ્યું નથી, તેના વાળ છૂટા જ છે. દુ:શાસનના ઊકળતા લોહીમાં ધોયા પછી જ માથું ઓળીશ તેવી તેની પ્રતિજ્ઞા હજી પૂરી નથી થઈ. ત્યાં આજે ફરીથી એવી જ ઘટના ઘટી ગઈ. તેણે અન્ન-જળનો ત્યાગ કરી દીધો. તેના મનમાં વેરની હોળી ભડભડ બળી રહી છે. કોણ શાંત કરશે આ હોળીને! તેની નજર ભીમ ઉપર પડી. ખરા સમયે ભીમ જ કામમાં આવે છે. ખરા સમયે કામમાં આવે એવો એક માણસ રાખવો જોઈએ. સ્ત્રીઓ જ્યારે પોતે પહોંચી નથી શકતી હોતી ત્યારે પુરુષને કામ કરવા ચઢાવે છે. મોટા ભાગના કજિયા સ્ત્રીઓની ચઢવણીથી થતા હોય છે. સ્ત્રીઓમાં આ શક્તિ મહાપ્રબળ હોય છે. એટલે કુશળ માણસો સાહેબ કરતાં સાહેબાણીઓથી વધુ ડરતા હોય છે. જોકે ઘણી વાર તે સાચી ઉશ્કેરણી કરતી હોય છે. દ્રૌપદીએ ભીમને બરાબર ઉશ્કેર્યો. નમાલો પતિ પણ પત્નીનું અપમાન સહન કરી શકતો નથી.

ભીમ અને દ્રૌપદીએ મળીને એક યોજના બનાવી. કામલોલુપ માણસને કોઈ પણ જાળમાં ફસાવવો સરળ કામ હોય છે. યોજના પ્રમાણે ભીમ દ્રૌપદીનું રૂપ ધારણ કરીને પલંગમાં ઓઢીને સૂઈ જાય અને કીચક તેને મળવા આવે. દ્રૌપદી સમજીને કીચક ભેટવા માટે તૂટી પડ્યો. પછી તો ભીમસેન ઊભો થઈ ગયો, અને પૂરા જોરથી પ્રહાર કરીને કીચકને મારી નાખ્યો. પ્રત્યેક ભદ્ર મહિલા પરાક્રમી પુરુષને ચાહે છે, કારણ કે ખરા સમયે તે જ તેના સન્માનની રક્ષા કરે છે. અપમાન કરનારનો બદલો લઈ આપે છે. બદલો લીધા વિના શાંત થતી નથી. બદલો ન લેનારા કે ન લઈ શકનારાઓનું ફરી ફરીથી અપમાન થતું રહે છે. પણ એક વાર સજ્જડ બદલો લીધો હોય તો તેની સાત પેઢી સુધી કોઈ નામ નથી લેતું. ભીમે દ્રૌપદીનો બદલો લીધો. કીચક માર્યો ગયો. જે શાંતિ ધ્યાન-ધારણા-સમાધિથી ન થાય તે બદલો લેવાથી થઈ ગઈ. ઉચ્ચ આદર્શોના કારણે જે લોકો બદલો લેવાનું માંડી વાળે છે તે ખરેખર તો આદર્શવાદી નહિ પણ કમજોર હોય છે. પોતાની કમજોરીને ઢાંકવા માટે તેઓ આદર્શોનો અંચળો ઓઢી લેતા હોય છે. બદલો કોનો ન લેવાય! જે નિર્દોષ હોય, જેને પોતાની ભૂલનો પસ્તાવો થતો હોય, જે ભવિષ્યમાં સારો મિત્ર થઈ શકે તેવો હોય. બાકી તો રૂઢ અપરાધીઓનો અને તેમાં પણ સ્ત્રી અપરાધીઓનો તો બદલો લેવો જ જોઈએ.

કીચકને ઉપકીચકોનું પીઠબળ છે. કેટલાક અપરાધીઓ એવા હોય કે તે ખોટા હોય તોપણ તેમને બચાવવા મોટું ટોળું ચઢી આવે. આવું ટોળું અપરાધીઓનું મનોબળ વધારતું હોય છે. પરાક્રમી રાજા આવા ટોળાને અપરાધીઓ જેટલી જ સજા કરે, ધાક બેસાડે જેથી ભવિષ્યમાં સખણા રહે. એક સો પાંચ ઉપકીચકો ચઢી આવ્યા. એટલે ભીમસેને બધાને યમસદન મોકલી દીધા. આ બધાએ દ્રૌપદીને કીચકના શબ સાથે બાંધી હતી અને તે તેને જીવતી જ ચિતામાં બાળવા માગતા હતા. દ્રૌપદીનાં બંધન કાપીને ભીમે તેને મુક્ત કરી દીધી. તે ઊછળીને ભીમને ભેટી પડી. તમે જ મારા સાચા પતિ છો. “જે પરણે તે પતિ નહિ, પણ જે રક્ષા કરે તે પતિ.” તે દિવસે સ્મશાનમાં 106 મડદાં બળ્યાં. ભીમ, મૃત્યુથી ઓછો દંડ આપતો નથી.

દ્રૌપદીને રાજા-રાણી કોઈએ ન્યાય ન આપ્યો. કોઈએ રક્ષા ન કરી. સૌએ પોતપોતાની રક્ષા જાતે કરવાની હોય છે.

(મહાભારત વિરાટપર્વ 65મો અધ્યાય)
13-12-09

*

36. ઉત્તરાવિવાહ

વ્યક્તિની ઊંચાઈ તેનાં જીવનમૂલ્યોથી થતી હોય છે. જેનાં જીવનમૂલ્યો દિવ્ય અને ભવ્ય હોય છે. તે આજ નહિ તો કાલે મહત્તા પ્રાપ્ત કરતાં જ હોય છે. તે મહાન જ હોય છે. ફરક માત્ર સમજનારાઓનો હોય છે. જો તેમને સમજનારા મહાન હોય છે તો તેમને વહેલી મહત્તા મળતી હોય છે, પણ જો સમજનારા મહાન નથી હોતા તો વિદેશીઓ દ્વારા તેમને મહત્તા મળ્યા પછી પેલા મૂર્ખાઓ મહત્તા આપતા હોય છે.

એક વર્ષ સુધી ગુપ્ત રીતે પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી વિરાટ રાજાના ત્યાં નોકર-ચાકર, દાસ-દાસી થઈને સંતાઈને રહ્યાં. પણ દુર્યોધનના ગુપ્તચરોએ તેમને શોધી કાઢ્યાં. તેથી મોટી સેના સાથે દુર્યોધન ચઢી આવ્યો. ભયંકર યુદ્ધ થયું. તેમાં વિરાટરાજના કુમારનું સારથિપણું બૃહન્નલા (અર્જુને) કર્યું. પાંચે પાંડવો યુદ્ધે ચઢ્યા. અને વિરાટ દેશને બચાવી લીધો. કૌરવોની મોટી સેનાને હરાવી દીધી. વિજય મેળવીને સૌ વિરાટનગર પાછાં ફર્યાં. હવે વર્ષ પૂરું થઈ ગયું હતું, તેથી ગુપ્ત રહેવાની જરૂર ન હતી. સૌએ વિરાટનરેશને પોતાનો સાચો પરિચય આપ્યો. આ બધા પાંડવો છે અને આ દ્રૌપદી છે એવું જાણીને તેમને આનંદ અને શોક થયો, અરેરે, આ લોકો પાસેથી અમે આવાં કામ કરાવ્યાં! અને આ દ્રૌપદી (સૈરન્ધ્રી)ને તો કીચકે કેટલી સંતાપી, તોપણ અમે તેનો પક્ષ ન લીધો. અમે બહુ ખોટું કર્યું. રાણી સુદેષ્ણા તો દ્રૌપદી સામે આંખ મેળવી શકતી નથી.

ત્યાં તો વિરાટરાજે અર્જુનને કહ્યું કે "મારી પુત્રી ઉત્તરા હવે ઉંમરલાયક થઈ ગઈ છે, મારી ઇચ્છા છે કે તમે તેનું પાણિગ્રહણ કરો. તમારા જેવા વીરને પુત્રી આપીને હું કૃતકૃત્ય થઈશ."

અર્જુને કહ્યું કે "ના, ના, એવું ન થઈ શકે. કારણ કે એક વર્ષ સુધી તેણે મારી પાસે નૃત્ય-સંગીત શીખ્યું છે. હું તેનો આચાર્ય અને તે મારી શિષ્યા રહી છે. તે મને વારંવાર બાબા બાબા કહેતી હતી. આચાર્ય પિતા બરાબર અને શિષ્યા પુત્રી બરાબર કહેવાય. એટલે અમારો સંબંધ બાપ-દીકરી જેવો થયો કહેવાય. તે મને બાપ જેવી દૃષ્ટિથી અને હું તેને દીકરી જેવી દૃષ્ટિથી જોતાં હતાં. જે લોકોએ વિશ્વાસપૂર્વક પોતાના સ્ત્રીવર્ગને ખાસ કરીને બહેન-દીકરીઓને ભણવા, ટ્યૂશન કરવા કે યાત્રા કરવા મોકલી હોય તેની સાથે વિશ્વાસઘાત ન કરાય. વિશ્વાસઘાત મહાપાપ છે. સ્ત્રીવર્ગ લાગણીશીલ હોય છે. લાગણીના ઊભરામાં કદાચ તે ઢળી પડે તોપણ તેને રોકીને સ્વસ્થ કરવાનો હોય. તેનો ગેરલાભ ન ઉઠાવાય. એટલે મારાથી તો ઉત્તરા સાથે લગ્ન કરી શકાય નહિ." અર્જુન બોલ્યો.

પશ્ચિમમાં સભામાં સ્ત્રીઓનું સંબોધન લેડીઝ તરીકે થાય છે. અર્થાત્ 'ભદ્ર મહિલા' તરીકે, આપણે ત્યાં 'ભાઈઓ અને બહેનો' તરીકે સંબોધન કરે છે. ગુજરાતમાં તો પત્નીના નામ પાછળ પણ બેન શબ્દ લગાવીને બોલાવે છે. જેમકે સાધનાબેન, કંચનબેન વગેરે. બેન કહેવું તો સરળ હોય છે પણ પછી જો બેન તરીકેનો વ્યવહાર ન કરાય તો ઘણી વાર મુશ્કેલ થઈ જાય છે. વ્યવહારમાં વર્ષો સુધી જેને બેન કહીને સંબોધી હોય તે ક્યારે પત્ની કે પત્ની જેવી થઈ જાય તે કહેવાય નહિ. એટલે પશ્ચિમી પદ્ધતિ ઠીક કહેવાય. મહિલાને ભદ્રમહિલા અને પુરુષને ભદ્રપુરુષ જ (જૅન્ટલમૅન) જ કહેવું યોગ્ય લાગે છે. મહારાષ્ટ્રમાં સ્ત્રી-પુરુષના નામ આગળ ભાઈ કે બેન શબ્દ લગાડતા નથી તે સારું છે, ઉત્તરભારતમાં માનવાચી નામ બનાવવું હોય તો ઇંદિરાજી કહે છે. જી લગાવવાથી માનવાચી શબ્દ થઈ જાય છે. આપણે 'બેન' લગાવીએ

છીએ અને પછી કોઈ વાર તેની સાથે બેનનો વ્યવહાર નથી પણ કરતા, આ રિવાજ બદલવા જેવો લાગે છે.

વિરાટરાજ, અર્જુનનો જવાબ સાંભળીને ચકિત થઈ ગયા. આ માણસનું મોરલ કેટલું બધું ઊંચું છે? બધું મળવું સરળ છે પણ ઊંચા મોરલવાળો માણસ મળવો બહુ દુર્લભ છે. વિરાટરાજનું દુ:ખ જોઈને અર્જુને એક વચગાળાનો રસ્તો કાઢ્યો. “તમારી પુત્રી ઉત્તરાને હું પુત્રવધૂ બનાવી શકું. મારે અભિમન્યુ નામનો દીકરો છે. જે હવે ઉંમરલાયક થયો છે. તેની સાથે ઉત્તરાને પરણાવી શકાય.” રાજાને વાત ગમી. બન્ને પક્ષોને પણ વાત ગમી. ત્યારે અભિમન્યુ આનર્ત (ઉત્તર ગુજરાત) દેશમાં રહેતો હતો. વાયુવેગી અશ્વો દ્વારા તેને બોલાવ્યો અને કેટકેટલાં સગાંવ્હાલાંને બોલાવ્યાં, ખૂબ ધૂમધામથી ઉત્તરા-અભિમન્યુનાં લગ્ન થઈ ગયાં. વનવાસ પૂરો થયો. દુ:ખના દિવસો પૂરા થયા. અમાવાસ્યાના અંધકાર પછી સૂર્યોદય થયો. જીવન આવું તો હોય છે.

(મહાભારત વિરાટપર્વ 72મો અધ્યાય)

13-12-09

*

37. નહુષવધ

શક્તિ કદી પણ નશા વિનાની નથી હોતી. શક્તિ હોવા છતાં પણ નશો ન ચઢે તેને સંત કહેવાય. બધી શક્તિઓમાં સૌથી વધુ નશો ચઢાવનારી શક્તિ 'રાજસત્તા' છે. બીજી શક્તિઓમાં વ્યક્તિ પોતાનો અનર્થ કરી શકે છે, પણ બીજાનો વધુ મોટો અનર્થ કરી શકતો નથી. પણ જો તેની પાસે રાજસત્તા હોય અને નશો ચઢ્યો હોય તો તે હજારોનો અનર્થ કરી શકે છે. શક્તિ મેળવવી એ સાધના છે. શક્તિ વિનાનો માણસ મડદા બરાબર છે. પણ શક્તિ મેળવ્યા પછી નશામુક્ત રહેવું એ અધ્યાત્મ છે. નશો કરે છે માટે શક્તિ મેળવવી જ નથી આવી વિચારધારા વ્યક્તિ તથા પ્રજાને દુર્બળ બનાવે છે. સાધના કરીને ભરપૂર શક્તિ મેળવવી જોઈએ. પણ તેનો નશો ન ચઢે તેવી બીજી આધ્યાત્મિક સાધના પણ કરવી જોઈએ.

બન્યું એવું કે વૃત્રાસુર નામના રાક્ષસે ચારે તરફ હાહાકાર મચાવી દીધો હતો. તેના ત્રાસથી પૂરી પ્રજા ત્રાહિમામ્ પોકારતી હતી. ઇન્દ્ર વહારે ચઢ્યો. જ્યારે પણ આવો અત્યાચાર થતો હોય છે ત્યારે કોઈ ને કોઈ વહારે ચઢનારો નીકળી આવે છે. ઇન્દ્રે વૃત્રાસુરને મારી નાખ્યો. પણ તેથી ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગી. ભલે આપણે કહેવા ખાતર કહીએ કે બધા જીવો સરખા છે, પણ વ્યવહારમાં તેવું નથી હોતું. કીડી મારવી અને હાથીને મારવો સરખું નથી હોતું. માખી મારવી અને કોઈ ઋષિ-મુનિ-સંત કે રાજાને મારવો તેને એકસરખું ન કહેવાય. તે સમયમાં બ્રહ્મહત્યા મહાપાપ હતું. તેનાથી લોકો ડરી ઊઠતા. ઇન્દ્ર પણ ડરી ગયો. 'મારાથી બ્રહ્મહત્યા થઈ ગઈ. હવે શું થશે?' તે ડરનો માર્યો સ્વર્ગ છોડીને અન્યત્ર ચાલ્યો ગયો. સ્વર્ગની રાજગાદી સૂની પડી ગઈ. પ્રજાનું ધારણ રાજા કરે છે. રાજા ન હોય તો પ્રજા અરાજકતાનો શિકાર થઈને નષ્ટ થઈ જાય. ઇન્દ્રના ન હોવાથી દેવતા—ઋષિમુનિઓ સૌ કોઈ દુ:ખી દુ:ખી થઈ ગયા. પ્રજા માટે સૌથી મોટું રાજસુખ છે. જો બળવાન પરાક્રમી પ્રજાવત્સલ રાજા હોય તો તે પ્રથમ સુખ સુરક્ષાનું આપે છે. અન્ન-વસ્ત્ર અને મકાન એ પછીની વાત છે. તે ન હોય કે ઓછાં હોય તોપણ ચાલે. પણ રક્ષા જ ન હોય તો ન ચાલે. મારે તેની તલવાર થઈ ગઈ. મહત્ત્વનાં પદોમાં એકદમ ખાલીપણું ન આવી જાય તે માટે પ્રધાનમંત્રી, મંત્રીઓ, યુવરાજ, સેનાપતિ વગેરે પદો હોય છે. જે જરૂર પડે ત્યારે ભરી દેતા હોય છે. તેમાં પરસ્પરમાં ઝઘડા ન થાય તેટલા માટે બંધારણની સ્પષ્ટતા જરૂરી હોય છે. જેમની પાસે બંધારણની કે વસિયતનામાની કશી સ્પષ્ટતા નથી હોતી તેમના ઓચિંતાના અવસાનથી ગાઢ અંધકાર છવાઈ જતો હોય છે. ઇન્દ્રના ચાલ્યા જવાથી સ્વર્ગમાં પણ આવું જ થયું. ત્યારે બધા દેવો-ઋષિઓ વગેરેએ મળીને નક્કી કર્યું કે પૃથ્વી ઉપરથી કોઈ પરમ ધર્માત્મા રાજા હોય તેને લઈ આવો અને ઇન્દ્રની ખાલી ગાદીએ બેસાડી દો. શોધતાં શોધતાં તેમને નહુષ નામનો રાજા મળી ગયો. નહુષ મહાપ્રતાપી અને ધર્માત્મા હતો તેથી તેને સ્વર્ગમાં લાવીને ઇન્દ્રની ગાદીએ બેસાડી દીધો. હાશ, હવે શાંતિ થઈ. રાજા વિના રાજ્ય ન ચાલે. નહુષે બધો રાજકારોબાર સંભાળી લીધો. પણ થોડા જ સમયમાં તેને રાજસત્તાનો નશો ચઢવા લાગ્યો. જે ભાન ભુલાવે તેને નશો કહેવાય. તે ભાન ભૂલીને કામભોગમાં રચ્યોપચ્યો રહેવા લાગ્યો. સંયમી વ્યક્તિ જ રાજ ચલાવી શકે. સંયમ વિનાનો મહાભોગી વ્યક્તિ સ્ત્રીઓમાંથી ઊંચો જ ન આવે. તેને રાજ ચલાવવાનો સમય જ ન મળે. બધી સત્તા મંત્રીઓના હાથમાં જતી રહે. અતિભોગીને એક તરફ સમય ન હોય તો બીજી તરફ કર્તવ્યમાં રુચિ પણ ન રહે. તે ભલો ને તેની રાણીઓ ભલી. નહુષનું પણ આવું થઈ ગયું. ફરીથી સ્વર્ગમાં અવ્યવસ્થા ઊભી થઈ ગઈ. નહુષને રોજેરોજ નવી નવી અપ્સરાઓ જોઈએ, જે

તેને મળી રહેતી, પણ તેથી તેનું મન વધુ ચંચળ અને વધુ કામી થઈ ગયું. એક વાર તેની દૃષ્ટિ ઇન્દ્રાણી ઉપર પડી. પતિના ચાલ્યા જવાથી તે દુ:ખી હતી. પત્નીને પડતી મૂકીને જે પતિઓ ચાલ્યા જતા હોય છે, તે ઘરમાં અશાંતિ, પીડા, લાચારી મૂકીને જતા હોય છે. આવી જ રીતે જે સ્ત્રી પતિ—બાળકોને પડતાં મૂકીને ચાલી જતી હોય છે તે પણ ઘરમાં પીડા જ પીડા મૂકીને જતી હોય છે. માણસને બે કરોડરજ્જુઓ હોય છે એક હાડકાંના મણકાની બનેલી હોય છે, જેનાથી શરીર સીધું—ટટ્ટાર રહે છે. પણ તેની બાજુમાં જ એક બીજી કરોડરજ્જુ પણ હોય છે. જે સૌ કોઈને દેખાતી નથી. તે કરોડરજ્જુને 'ઈગો' કહેવાય છે. જેનો ઈગો પ્રબળ હોય તેને નમતાં કે ઝૂકતાં આવડે નહિ, તે તૂટી જાય પણ વળે નહિ. આવા ઈગોવાળા માણસોના સંબંધ સ્થાયી નથી રહી શકતા. ક્યારે તૂટી જાય તે કહેવાય નહિ.

ઇન્દ્ર તો ચાલ્યો ગયો. પણ હવે ઇન્દ્રાણીનું શું? પતિ વિનાની પત્ની અનાથ થઈ જાય, અબળા થઈ જાય. તેના ઉપર આખા ગામનો ડોળો ભમતો રહે. તેનો પક્ષ લેનાર કે હૂંફ આપનાર કોઈ નથી. દુષ્ટ લોકોને આવો જ શિકાર ગમતો હોય છે. નહુષે હઠ પકડી કે ગમેતેમ કરીને ઇન્દ્રાણીને મારી સેવામાં હાજર કરો. ડાહ્યા લોકોએ તેને બહુ સમજાવ્યો કે આવું ન કરાય. પાપ લાગે. તે પરાઈ સ્ત્રી છે વગેરે, પણ સત્તા આગળ શાણપણ ન ચાલે.

ઇન્દ્રાણી બૃહસ્પતિ ઋષિની શરણમાં ગઈ. શાણા વ્યક્તિએ એક શરણ-સ્થળ રાખવું જોઈએ. કદાચ કોઈ વાર આપત્તિ આવે તો તેનું શરણું લઈ શકાય. બૃહસ્પતિ સમર્થ ઋષિ છે, તેમણે ઇંદ્રાણીની વાત સાંભળી. તેની રક્ષા કરવાનું વચન આપ્યું. જે વચનનો પાકો માણસ હોય તે જ મહાપુરુષ થઈ શકે. જેના વચનનો કશો વિશ્વાસ ન થાય તે મહાપુરુષનો વેશ તો ધારણ કરી શકે પણ વાસ્તવિક મહાપુરુષ ન થઈ શકે.

બીજી તરફ ઇન્દ્ર થયેલો નહુષ દેવો ઉપર કોપ્યો. "ગમેતેમ કરીને ઇન્દ્રાણીને મારી પાસે લઈ આવો." બધા દેવો ગભરાયા હવે શું થાય! બધા દેવો બૃહસ્પતિ પાસે ગયા અને પ્રાર્થના કરી કે "નહુષના ક્રોધનો પાર નથી. ગમેતેમ કરીને આપ ઇન્દ્રાણીને નહુષ પાસે મોકલી આપો." ઘણા લોકો સત્તાધીશોની બધી અપેક્ષાઓ પૂરી કરીને પોતાનો સ્વાર્થ સાધી લેતા હોય છે. એમ કહો કે આવો વાસનાભૂખ્યો સત્તાધીશ તો તેમનું રમકડું થઈ જતું હોય છે. તેની કમજોરીમાં જ પોતાની સિદ્ધિ પ્રાપ્ત કરી લેતા હોય છે. પણ બૃહસ્પતિ ઋષિ છે. બ્રાહ્મણ છે. તેમણે કહ્યું કે "હું બ્રાહ્મણ છું અને કદી પણ આવું પાપકર્મ નહિ કરું." કેટલીક વાર જ્ઞાતિનું ગૌરવ વ્યક્તિને પતનથી બચાવે છે.

બૃહસ્પતિએ વિચાર કર્યો કે સત્તા આગળ માત્ર બળ જ કામ નહિ કરે. થોડી યુક્તિઓ કરવી પડશે. તેમણે ઇન્દ્રાણીને સમજાવી અને કહ્યું કે તું નહુષ પાસે જા અને યુક્તિ-પ્રયુક્તિથી થોડો સમય માગી લે. તે સમયમાં આપણે કાંઈક કરીશું." ઇન્દ્રાણી નહુષ પાસે ગઈ અને યુક્તિ-પ્રયુક્તિથી, હાવભાવથી નહુષને રાજી કરીને થોડો સમય માગી આવી. હવે જલ્દીથી કામ પૂરું કરવાનું હતું. તેમણે બધા દેવોને ભેગા કરી ચારે તરફ મોકલ્યા અને કહ્યું કે "ઇન્દ્રને શોધી કાઢો."

દેવતાઓ ચારે દિશામાં ફરી વળ્યા પણ ક્યાંય ઇન્દ્ર ન મળ્યો. કોઈ પતિવ્રતા સ્ત્રીનો પતિ ખોવાયો હોય કે ચાલ્યો ગયો હોય તો તેને શોધવામાં સજ્જનોએ લાગી જવું જોઈએ. ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગી હતી, બ્રહ્મહત્યા પાપ તો છે જ, કલંક પણ છે. ઘણી વાર કલંક ન સહન થવાથી પણ લોકો ભાગી જતા હોય છે. તેવા લોકોને કલંકમુક્ત કરવાનું કાર્ય કરવું જોઈએ.

કલંક લગાડનાર કરતાં કલંકથી મુક્ત કરનાર ઘણો મહાન છે.

અંતે વિષ્ણુ ભગવાન અને બધા દેવોએ મળીને એક મહાન યજ્ઞ કર્યો. જે બ્રહ્મહત્યાથી મુક્ત કરાવે. યજ્ઞ તો એક કર્મકાંડી આયોજન છે. તે નિમિત્તે બધા ભેગા થાય અને તિરસ્કૃત વ્યક્તિનો સ્વીકાર થઈ જાય. બધાની લાગણીને વાળી શકાય. રાજા માટે લોકમાન્યતા બહુ મહત્ત્વની વસ્તુ છે. સૌએ મળીને ઇન્દ્રને શોધી કાઢ્યો. તેને કહ્યું કે "તમારી બ્રહ્મહત્યાનું નિરાકરણ થઈ ગયું છે. હવે તમે પ્રગટ થાઓ અને નહુષને મારી નાખો, જેથી લોકો સુખી થાય." ઘણી વાર લોકોને સુખી કરવા અથવા કહો કે દુ:ખમુક્ત કરવા આવા ગુંડાઓની હિંસા કરવી એ પણ પુણ્ય જ છે. જે લોકો આવા ગુંડાઓની હિંસાનું પણ સમર્થન કરી શકતા નથી અને અહિંસાના નામે તેમનું રક્ષણ કે સમર્થન કરે છે તે પ્રજાને દુ:ખી કરવાના ભાગીદાર થાય છે.

ઇન્દ્રે કહ્યું કે "કોઈના મારવાથી વ્યક્તિ મરતો નથી. કદાચ તે મરે તો પાછળ બીજા દશ પેદા થઈ જાય છે. વ્યક્તિને પોતાનાં પાપ જ મારી નાખતાં હોય છે. તેને હજી થોડાં વધારે પાપ કરવા દો. પછી જુઓ તેનું શું થાય છે?"

નહુષ વધુ ને વધુ બેફામ થતો ગયો. સત્તાની શક્તિનો તેને પૂરેપૂરો નશો ચઢ્યો હતો. તેને સમજાવનાર કોઈ ન હતું. તેની સમીપમાં કોઈ જઈ ન શકતું એટલો ક્રોધી થઈ ગયો હતો. તેણે એક ફતવો બહાર પાડ્યો. "બધા ઋષિમુનિઓને મારી પાલખી ઉપાડવાના કામમાં લગાડી દો." ચારે તરફથી બધા ઋષિમુનિઓને પકડીપકડીને ધક્કા મારીને કર્મચારીઓ લઈ આવ્યા અને નહુષની પાલખી ઉપાડવાના કામમાં લગાવી દીધા. વ્યક્તિનું જ્યારે ઘોર પતન અને વિનાશ થવાનો હોય છે ત્યારે તે સતી અને સંતોને અપમાનિત કરીને પજવતો હોય છે. ક્રાન્તિની ચિનગારી કાં તો સ્ત્રીમાંથી પ્રગટતી હોય છે કાં પછી કોઈ સંતમાંથી પ્રગટતી હોય છે. અસહ્ય અત્યાચારો જ અત્યાચારીની ઘોર ખોદતા હોય છે. બૃહસ્પતિને લાગ્યું કે હવે બરાબર મોકો આવ્યો છે. તેમણે અગસ્ત્યઋષિને આગળ કરીને નહુષનો વધ કરાવી નાખ્યો. દેવો બધા રાજી રાજી થઈ ગયા. હાશ, ગામમાંથી કાંટો ગયો. ફરી પાછા મૂળ ઇન્દ્રને લાવીને ગાદી ઉપર બેસાડી દીધા. ઇન્દ્ર અને ઇન્દ્રાણી હતાં તેવાં જ પદાસીન થઈ ગયાં.

આ કથાના ચાર બોધપાઠ છે: (1) કલંક લાગે અને ભાગી જવું પડે તેવું કામ કરવું નહિ. લોકપ્રતિષ્ઠામાં જ જીવન હોય છે. (2) મહત્ત્વનું પદ ઓચિંતાનું છોડી દેવું નહિ. પૂરી વ્યવસ્થા કરીને પછી જ છોડવું. (3) મહત્ત્વના પદ ઉપર ગમેતેવા માણસને બેસાડવો નહિ. દેવોએ જ નહુષને રાજા બનાવ્યો હતો, અને (4) કદાચ કોઈ અયોગ્ય વ્યક્તિને મહત્ત્વના પદ ઉપર બેસાડી દીધો હોય તો, તેના અત્યાચારોનો સામનો કરી તેને ઉઠાડી દેવો. આ જ જીવનસાધના છે.

(ઉદ્યોગપર્વ, 15થી 18 અધ્યાય)
14-12-09

*

38. શ્રીકૃષ્ણની મંત્રણા

ઘટનાઓ બે રીતે ઘટતી હોય છે: એક તો આવેશમાં અને બીજી વિચારપૂર્વક. સૌને કામક્રોધાદિનો આવેશ આવતો હોય છે, આ આવેશમાં વ્યક્તિ ખરુંખોટું કરી બેસતો હોય છે. આ આવેશોને જડમૂળમાંથી કાઢી શકાય નહિ, કાઢવા સારા પણ નહિ; કારણ કે તે ઊર્જા છે. આવેશો હોય જ નહિ તો માણસ નમાલો થઈ જાય. એટલે જે લોકો આ આવેશોને જડમૂળમાંથી કાઢી નાખવાની વાત કરે છે, તે જ્ઞાની નથી, વાસ્તવિક નથી. પણ આ આવેશો ઉપર નિયંત્રણ કરી શકાય. નિયંત્રણ કરી શકે તે જ સંયમી કહેવાય, તે જ મહાપુરુષ કહેવાય. માનો કે તમને કામનો આવેશ આવ્યો છે. મર્દ હોય તેને આવેશ આવે જ. નામર્દ હોય તેને વિલોમ આવેશ આવે. પણ આવે ખરો. આ આવેશમાં વ્યક્તિ વહી ગયો તો તે પામર છે. પણ તે વહ્યો નથી, મજબૂતાઈથી ઊભો રહ્યો તો તે મહાપુરુષ છે. પોતાની ઇચ્છા અને હિતની દૃષ્ટિએ તે તેનો ઉપયોગ કરે છે તો તે યોગી છે, સંયમી છે. મહાપુરુષ છે.

આવી જ રીતે તમને ક્રોધનો આવેશ આવ્યો. આવવો જ જોઈએ. મડદાંને જ ક્રોધ ન હોય. પણ તમે ક્રોધના આવેશમાં અનર્થ કરી બેઠા. આ હાનિકર ક્રોધ થયો. પણ તમે ક્રોધને નિયંત્રિત કરી શક્યા, દબાવી શક્યા, રોકી શક્યા તો તમે સંયમી છો. મહાપુરુષ છો. કેટલાક પ્રસંગોએ ક્રોધ કરવો જરૂરી હોય છે. તેવા સમયે પણ તમે ઠંડા હિમ જેવા બેસી રહ્યા તો તમે નમાલા છો. સંયમનો અર્થ કામક્રોધ વગેરે આવે જ નહિ તેવો નહિ, પણ આવે અને ખોટો આવે તો તેનું નિયંત્રણ કરી શકાય તો તેને સંયમ કહેવાય. માનો કે તમારી પત્નીને જોઈને તમને કામાવેશ આવે તો તે આવવો જ જોઈએ. જો ન આવે તો તમે કોડીના થઈ જાઓ. પત્નીને ખોઈ બેસો. આવો આવેશ જરૂરી છે. પણ પરસ્ત્રીને જોઈને તમને કામાવેશ ચઢી આવે તો તેને રોકવો જરૂરી છે. નહિ રોકો તો મહાઅનર્થ થઈ જશે. જો આ સમયે કામાવેશને રોકી શકતા હો તો તમે સંયમી છો. મહાપુરુષ છો. પરસ્ત્રી કે પરપુરુષને જોઈને આવનારો આવેશ રોકાવો જ જોઈએ. તેમાં સૌથી મોટી સહાયક પોતાની પત્ની બની શકે છે. અથવા પોતાનો પતિ બની શકે છે. જેને પોતાની પત્નીમાં (કે પતિમાં) પૂર્ણ સંતોષ હોય તેને પરસ્ત્રી જોઈને આવેશ આવે નહિ, કદાચ આવે તો તેને રોકી શકવાની ક્ષમતા પણ આવે. આ ક્ષમતા પેલી પત્ની આપે. (અથવા પતિ આપે) પણ જેને પત્ની કે પતિ જ ન હોય, કદાચ હોય તો સંતોષ ન હોય તેના આવેશને રોકવો કઠિન થઈ જાય. યાદ રહે—સંયમ માત્ર સ્વબળથી નથી આવતો. સંયમ તો પત્નીના દ્વારા પતિને અને પતિના દ્વારા પત્નીને મળતો હોય છે. એકાકીને નહિ. કદાચ શારીરિક મળે પણ માનસિક તો ન જ મળે. આવી બધી પ્રવૃત્તિઓ આવેશથી થતી હોય છે અને દુનિયા ચાલતી હોય છે.

પણ પૂર્વ કહ્યું તેમ બીજી પ્રવૃત્તિ સમજી વિચારીને થતી હોય છે. યુદ્ધ એક એવી જ પ્રવૃત્તિ છે. ધીંગાણું તો ઓચિંતાનું થાય પણ યુદ્ધ ઓચિંતાનું ન થાય. કૌરવ અને પાંડવોની વચ્ચે વર્ષોથી જે ગજગ્રાહ ચાલ્યા કરતો હતો તેનો એક ભાગ બાર વર્ષ વન અને એક વર્ષ ગુપ્તવાસ કાઢીને પાંડવોએ આપ્યો. પણ તે પછી કોઈ પણ હિસાબે દુર્યોધન પાંડવોને કશું પણ પાછું આપવા તૈયાર ન થયો. હવે છેવટની એક વિષ્ટિ (વિચારણા) કરી લેવી જરૂરી હતી. શ્રીકૃષ્ણ રાજદૂત પણ છે. તેમણે સૌના મનના ભાવ જાણવાનો પ્રયત્ન કર્યો. રાજદૂતે પોતાના પક્ષના મહત્ત્વના લોકોના અભિપ્રાયો જાણ્યા પછી જ મંત્રણાનો દોર શરૂ કરવો જોઈએ. જો મહત્ત્વના માણસોનાં વલણ જાણ્યા વિના જ મંત્રણા કરવા જાય, અરે કોઈ સંધિ કરે તો પાછળથી સૌને સ્વીકારાવવું કઠિન થઈ જાય. શ્રીકૃષ્ણે જોયું કે યુધિષ્ઠિર સિવાયના બધા જ યુદ્ધ કરી લેવાના

પક્ષમાં હતા. તેમાં પણ દ્રૌપદી તો એકદમ મક્કમ હતી. તેણે તેરતેર વર્ષથી વાળમાં તેલ નાખ્યું નથી. સુગરીના માળા જેવા તેના વાળ થઈ ગયા છે. દ્રૌપદીએ કૃષ્ણને પોતાની પ્રતિજ્ઞા યાદ કરાવી. "જ્યાં સુધી દુ:શાસનના લોહીમાં મારા વાળ નહિ ધોઉં ત્યાં સુધી તેમાં તેલ નાખીશ નહિ અને ઓળીશ નહિ" જે લોકો પ્રતિજ્ઞાનાં મક્કમ હોય છે તેમનો જ ઇતિહાસ હોય છે. જે સમાધાનવાદી હોય છે તેમનો ઇતિહાસ નથી હોતો. તે શત્રુપક્ષની શરતે શાંતિથી રોટલો ખાઈ શકતાં હોય છે. દ્રૌપદી હજી પણ પોતાનું અપમાન ભૂલી નથી. તે ન ભુલાય એટલા માટે તો તેણે વાળ ઓળ્યા નથી. શ્રીકૃષ્ણે તેને આશ્વાસન આપ્યું. "તું ચિંતા ન કર. તારા વાળની મને પૂરેપૂરી ચિંતા છે. તારી પ્રતિજ્ઞા પૂરી થશે જ." એક માત્ર યુધિષ્ઠિર એવા છે જે યુદ્ધ નહિ પણ સંધિ કરીને શાંતિ ચાહે છે.

બધાનાં વલણ જાણીને—સમજીને શ્રીકૃષ્ણ મંત્રણા માટે ચાલ્યા. તેમણે પોતાના આગમનની સૂચના ધૃતરાષ્ટ્રને મોકલી. ધૃતરાષ્ટ્ર સામે આવ્યા અને શ્રીકૃષ્ણનું સ્વાગત કર્યું. ધૃતરાષ્ટ્રે વિચાર કર્યો કે શ્રીકૃષ્ણનો ઉતારો દુ:શાસનના મહેલમાં રાખવો. દુ:શાસનનો મહેલ દુર્યોધન કરતાં પણ વધુ ભવ્ય છે. ધૃતરાષ્ટ્રે આખું નગર શણગાર્યું. ધજાપતાકા લગાવ્યાં ચારે તરફ ભવ્ય વાતાવરણ બનાવી દીધું.

કુશળ રાજાએ મંત્રણા કરવા આવનાર દૂતનું મન જીતી લેવું જોઈએ. જો દૂતનું મન જીતી લેવાય તો ઘણો ફાયદો પોતાના પક્ષે મેળવી શકાય છે. શ્રીકૃષ્ણની સાથે મંત્રણા કરતાં પહેલાં સભા ભરીને કૌરવોએ પરસ્પરમાં મંત્રણા કરવા માંડી. ભીષ્મ વગેરે યુદ્ધ કરવાના વિરોધી હતા. સંધિ કરી લો. લઈ-દઈને સમાધાન કરો. પાંડવો આપણા ભાઈઓ છે તેવું સમજાવ્યું. વિદુરે પણ યુદ્ધ નહિ કરવાનો મત આપ્યો. પણ ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન જરાય નમવા તૈયાર ન થયા.

શ્રીકૃષ્ણ, દુર્યોધનના મહેલે ગયા. દુર્યોધને ખૂબ સ્વાગત કર્યું. તથા ચા-નાસ્તો વગેરે પદાર્થો પેશ કર્યા, પણ શ્રીકૃષ્ણે કશું સ્વીકાર્યું નહિ, તેમણે કહ્યું કે "હું રાજદૂત છું. જ્યાં સુધી મારું કર્તવ્ય પૂરું ન થાય ત્યાં સુધી મારાથી અન્નપાણી લેવાય નહિ એવો નિયમ છે." રાજદૂત જ નહિ કર્તવ્યપરાયણ સરકારી અધિકારીએ પણ ગમે તેના ત્યાં જમવા બેસાય નહિ, કારણ કે જેનું અન્ન પેટમાં પડ્યું હોય તેની તરફ નમતું જોખવું જ પડે. ન્યાય અને કર્તવ્ય બજાવનારે પરાન્ન ત્યજવું જ જોઈએ. ગમેત્યારે ગમેતેને ત્યાં જમવા તૈયાર રહેનાર ન્યાય અને કર્તવ્યનું પાલન ન કરી શકે. પેટને વશમાં રાખનાર જ સિદ્ધાંતવાદી થઈ શકતો હોય છે.

શ્રીકૃષ્ણ, વ્યવહાર પૂરો કરીને વિદુરના ત્યાં ગયા. વિદુર અને વિદુરપત્ની શ્રીકૃષ્ણની તીવ્ર આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે. સંબંધો પાંચ પ્રકારના હોય છે. (1) વ્યાપારિક સંબંધ, (2) વ્યાવહારિક સંબંધ, (3) શારીરિક સંબંધ, (4) ગુણાત્મક સંબંધ અને (5) આત્મીયસંબંધ.

1. વ્યાપારી લોકો ગ્રાહકો સાથે પોતાના હિત માટે સંબંધ રાખે છે. હસે છે. ચા-પાણી કરાવે છે. પણ એ બધું માત્ર વ્યાપાર કરવા માટે જ કરે છે. વ્યાપારિક સંબંધમાં ક્રેડિટનું સર્વોચ્ચ મહત્ત્વ હોય છે. જો ક્રેડિટ જામી તો કરોડોની લેવડદેવડ મૌલિક રીતે થતી હોય છે. સાચી દાનતથી પણ વ્યાપાર થતો હોય છે અને ખોટી દાનતથી પણ વ્યાપાર થતો હોય છે. સાચી દાનતવાળો વ્યાપાર પેઢી દરપેઢી ચાલે છે. જ્યારે ખોટી દાનતવાળો વ્યાપાર ટૂંક સમયમાં જ કડવાશ ઘોળીને બંધ થઈ જતો હોય છે. આવા કડવા અનુભવો થનારના મનમાં વેપારીઓ લુચ્ચા હોય છે તેવો ભાવ ઘર કરી જાય છે.

(2) વ્યાવહારિક સંબંધ સગાં-સંબંધીઓ સાથે થતો હોય છે. સંસાર, સંબંધોથી ચાલતો હોય

છે. જેને બધા વ્યાવહારિક સંબંધો નિભાવતાં આવડે તે સંસારને જીતી શકતો હોય છે. પતિ-પત્ની, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, માતા-પિતા, સાસુ-સસરા, વેવાઈ-વેવાઈ વગેરે બધા સંબંધોને વ્યાવહારિક સંબંધ કહેવાય છે. ઇચ્છા ન હોય તોપણ આવકાર આપવો પડે. ઇચ્છા ન હોય તોપણ જમવા બોલાવવા પડે અને જમાડવા પડે. જો વ્યવહાર ન કરો તો વ્યવહાર બગડી જાય. વ્યવહાર બગડી જાય તો પોતાના પ્રસંગો બગડી જાય. પોતાના પ્રસંગો જ તમારી સફળતા-નિષ્ફળતાનું માપ કાઢી આપતા હોય છે. સમાધિયોગ કરતાં પણ વ્યવહારયોગ કઠિન છે. જેનો વ્યવહારયોગ સિદ્ધ થાય તે જ મહાયોગી કહેવાય. ત્યાગ-વૈરાગ્યનો અર્થ વ્યવહાર બગાડી નાખવો એવો નથી. વ્યવહાર બગાડીને ત્યાગી-વૈરાગી પણ દુઃખી થાય.

(3) ત્રીજો સંબંધ શારીરિક હોય છે—ખાસ કરીને કામાચાર માટે જે સંબંધ સ્થાપિત થતો હોય છે તે શારીરિક—જો તે માત્ર શરીર પૂરતો જ હોય તો તે સ્થાયી કે વિશ્વાસપાત્ર નથી હોતો. પતિ-પત્ની હોય કે બીજું કોઈ હોય. દેહભૂખ મટાડવા પૂરતો જ તે સંબંધ, વીશીમાં જમનાર જેવો જ હોય છે. જમ્યા કે પછી વિદાય. હવે કાંઈ લેવાદેવા નહિ. દુનિયામાં દેહ વેચાય છે અને દેહ ખરીદાય છે. બન્ને તરફની ગરજથી આ સોદા થતા હોય છે. જીવનભર જેણે દેહ વેચ્યા કર્યો છે, તેને લાગણીના સુખનો ભાગ્યે જ અનુભવ હોય છે. પણ આવો સંબંધ જ્યારે કોઈ પતિ-પત્નીમાં થઈ જતો હોય છે ત્યારે તે મહાદુઃખદાયી થઈ જતો હોય છે. તેમાં પણ એક તરફ લાગણી હોય અને બીજી તરફ લાગણીહીનતા હોય—ભલેને તેને વીતરાગ જેવું રૂપાળું નામ આપી દેવાય કે આધ્યાત્મિક નામ અપાય—ત્યારે એકનું જીવન મહાપીડા ભોગવતું બરબાદ થઈ જતું હોય છે.

(4) ચોથો સંબંધ ગુણાધારિત હોય છે. ગુણપ્રેમી વ્યક્તિ ગુણીને શોધતી રહે છે. ધનપ્રેમી વ્યક્તિ ધનવાનને અને વ્યસનપ્રેમી વ્યક્તિ વ્યસનીને શોધતી ફરે છે. જ્યારે કોઈ ગુણપ્રેમીને કોઈ ગુણવાન વ્યક્તિ મળે છે ત્યારે તે આપોઆપ ખેંચાઈ જાય છે. તેને ગુણાકર્ષણ કહેવાય છે. ગુણોના કારણે થયેલો સંબંધ ઉત્તમ અને વધુ સ્થાયી થતો હોય છે.

(5) પાંચમો સંબંધ આત્મીય કહેવાય છે. બન્ને આત્માઓ એકબીજામાં ઓતપ્રોત થઈ જાય. એવા ઓતપ્રોત થઈ જાય કે જુદા કરવા માગો તોપણ જુદા ન કરાય. ન થાય. આત્મીય સંબંધ અત્યંત દુર્લભ હોય છે. જેમના બે આત્મા મળી ગયા હોય તેમને જુદા કરવાના પ્રયત્નો ન કરાય. કદાચ કોઈ કરે તો પાપ લાગે. શ્રીકૃષ્ણનો અને વિદુર-વિદુરપત્નીનો સંબંધ ગુણાધારિત છે. બન્ને ગુણવાન છે એટલે બન્નેનો મેળ સારો જામે છે. શ્રીકૃષ્ણનું દિવ્ય સ્વાગત થયું. એટલું જ નહિ શ્રીકૃષ્ણ વિદુરના ત્યાં મન મૂકીને પેટ ભરીને જમ્યા પણ ખરા. પછી સભામાં ગયા. સભામાં દુર્યોધને શ્રીકૃષ્ણને મેણું માર્યું. તમે ભીષ્મ-દ્રોણનું ઘર છોડ્યું, મારું ઘર છોડ્યું અને એક શૂદ્ર (વિદુર)ના ત્યાં જમવા બેસી ગયા. તમને શરમ ન આવી? શ્રીકૃષ્ણે જે જવાબ આપ્યો છે તે સૌએ યાદ રાખવા જેવો છે. “જે ભગવાનનું ભજન કરે છે, તે કદી શૂદ્ર હોતા નથી. શૂદ્ર તો તેને કહેવાય જે ઈશ્વરથી વિમુખ હોય. મારા માટે તો વિદુર પરમ બ્રાહ્મણ છે.” વગેરે.

છેવટમાં શ્રીકૃષ્ણે કહ્યું કે “દુર્યોધન, મન જોઈને મહેમાન થવાય, મહેલ જોઈને નહિ. વિદુરનું અને મારું મન મળી ગયેલું છે એટલે હું તેમનો મહેમાન થયો. તારો મહેલ તો ભવ્ય છે, પણ આપણાં મન મળેલાં નથી એટલે મારાથી તમારે ત્યાં ઉતારો કરાય નહિ.

સભામાં ઘણી ચર્ચા થઈ પણ કોઈ સમાધાન થયું નહિ. છેવટે શ્રીકૃષ્ણે પાંડવોની તરફથી કૌરવોને યુદ્ધનું આમંત્રણ આપી દીધું અને સડસડાટ સભાની બહાર નીકળી ગયા. અત્યારે

તેમનું લલાટ કોઈ પ્રતાપી યુદ્ધનેતા જેવું ચમકી રહ્યું હતું. કાલે કોઈ એમ ન કહે કે કશી વાતચીત કર્યા વિના જ શ્રીકૃષ્ણે યુદ્ધ છેડી દીધું હતું.

15-12-09

*

39. માધવી કન્યાની કથા

મહાભારતમાં વિચિત્ર-વિચિત્ર કથાઓ છે. કેટલીક તો માન્યામાં ન આવે તેવી પણ છે. કદાચ તે મિથ પણ હોય. આવી જ એક કથાનું નિરૂપણ અહીં થઈ રહ્યું છે.

વિશ્વામિત્ર ઋષિની પાસે ગાલવ નામના ઋષિ વિદ્યાધ્યયન કરે છે. પ્રાચીનકાળમાં ગુરુ-શિષ્યને જોડનારું તત્ત્વ વિદ્યા હતું. વિદ્યાતત્ત્વ વિનાનું ગુરુશિષ્યપણું હાસ્યાસ્પદ થઈ જાય છે. માત્ર કંઠી બાંધી દેવાથી કે કાન ફૂંકી દેવાથી જે ગુરુ-શિષ્યપણું આવે છે તે રેતીમાંથી તેલ કાઢવાની પ્રક્રિયા જેવું વ્યર્થ છે. આવા ગુરુશિષ્યપણાથી શિષ્યોનું કશું જ ભલું થતું નથી, ઊલટાનું તે ખાડામાં પડે છે. પણ વિશ્વામિત્ર અને ગાલવનું ગુરુશિષ્યપણું તો સાચું હતું. વિદ્યા પૂરી થયા પછી ગુરુએ ગાલવને ઘરે જવા આદેશ દીધો. આશ્રિત વિદ્યાર્થીઓને ફોસલાવી પટાવીને કદી ત્યાગી બનાવી દેવાય નહિ, આ પાપ કહેવાય. ત્યારે ત્યાગી-સાધુ બનાવવાની પ્રક્રિયા જ ન હતી. ઋષિ બનાવવાની પ્રક્રિયા હતી. ઋષિઓ ગૃહસ્થાશ્રમી હતા. અને પગભર રહીને ગુરુકુલો ચલાવતા હતા. ગાલવને લાગ્યું કે ગુરુદક્ષિણા આપ્યા વિના મારાથી જવાય નહિ, કૃતઘ્ન થઈ જવાય. ઉપકાર કરનારને કાંઈ ને કાંઈ આપીને જ જવાય. ખાલી હાથે જનારો લુખ્ખો કહેવાય. પાપ લાગે. એટલે તેણે વિશ્વામિત્રને કહ્યું કે "તમને શું ગુરુદક્ષિણા આપું?" ખરેખર તો આવું પુછાય નહિ. શ્રદ્ધા-ભક્તિથી પોતાની શક્તિ પ્રમાણે જે મળે તે ચૂપચાપ આપવું જોઈએ. પણ કેટલાક લોકો પ્રદર્શનપ્રેમી હોય છે. બધાની વચ્ચે તેમને દેખાડો કરવો ગમતો હોય છે. ગાલવે વારંવાર વિશ્વામિત્રને કહ્યું કે "બોલો, શું દક્ષિણા આપું?" તેના વારંવાર આવું પૂછવાથી વિશ્વામિત્ર ચિડાયા. ઋષિમુનિ પણ માણસ હોય છે. કામક્રોધ વગેરેની કમજોરી તેમનામાં પણ હોય છે. તે પ્રગટ કરી દે છે, આપણે તેને સંતાડીએ છીએ; આટલો ફરક છે. ઉગ્ર થયેલા વિશ્વામિત્રે કહ્યું કે "જા, મારા માટે આઠ સો સફેદ ઘોડા લઈ આવ. જેના કાનનો એક ભાગ કાળો હોય અને બીજો સફેદ હોય."

ગાલવ તો ચિંતામાં પડી ગયો. આવા આઠ સો ઘોડા લાવવા ક્યાંથી? પણ તે નિરાશ ન થયો. તે પગપાળો જ નીકળી પડ્યો. ગરુડને દયા આવી. તરત જ તેણે કહ્યું કે પગે ચાલીને તું કેટલે સુધી જઈ શકીશ! તેના કરતાં મારી પીઠ ઉપર બેસી જા, હું તને પૂરું વિશ્વ બતાવી દઉં. જ્યારે તમે કોઈ અસંભવ ભગીરથ કાર્યની જવાબદારી લો છો ત્યારે તમે ન ધારેલી સહાયતા તમને મળી રહે છે. હા, ધીરજ, ઉત્સાહ અને પુરુષાર્થ દૃઢ હોવો જોઈએ.

ગાલવઋષિ તો ગરુડની પીઠ ઉપર બેસી ગયા અને ચારે દિશાઓ ખૂંદી વળ્યા, પણ ક્યાંય આવો ઘોડો જોવા ન મળ્યો. હવે શું કરવું? ગરુડનો વેગ એટલો પ્રબળ હતો કે ગાલવઋષિ ભયભીત થઈ ગયા. "અરે, ધીમે ઊડો, પાછળ બધું વિનષ્ટ થઈ જાય છે. પણ ગરુડ ક્યાં માને? ચારે દિશાઓ ખૂંદી વળ્યા પણ ક્યાંય અશ્વો ન મળ્યા. થાકીને સમુદ્રની નજીક એક ઋષભ નામનો પર્વત હતો ત્યાં બન્ને આરામ કરવા ઊતર્યા. યોગાનુયોગ ત્યાં એક આશ્રમ હતો જેમાં શાંડિલી નામની એક તપસ્વિની રહેતી હતી. ત્યાં બન્ને ગયા. શાંડિલી તપસ્વિનીએ બન્નેને બેસવા તથા આરામ કરવા કહ્યું. થાક્યાપાક્યા બન્ને સૂઈ ગયા. જ્યારે જાગ્યા ત્યારે ગરુડે જોયું કે તેની પાંખો ગુમ હતી. અર્થાત્ તે પાંખો વિનાનો થઈ ગયો હતો. ગરુડ ચિંતામાં પડી ગયો. હવે શું થશે? પક્ષીઓનું જીવન તો તેની પાંખો હોય છે. તે સમજી ગયો કે મારી ક્યાંક કોઈ ભૂલ થઈ હશે. તપોભૂમિ અને શાસનભૂમિમાં સાવધાનપૂર્વક જ માણસે જવું જોઈએ તથા રહેવું

જોઈએ. ગરુડે શાંડિલીને બહુ પ્રાર્થના-આજીજી કરી ત્યારે તે બોલી કે "તેં મારી નિંદા કરી હતી. હું નિંદા સહન કરી શકતી નથી. એટલે મેં તારી પાંખો લઈ લીધી છે. હું સ્ત્રી છું અને સ્ત્રીઓમાં નિંદા સહન કરવાની ક્ષમતા નથી હોતી. તે નિંદા કરી તો શકે છે, પણ સહી નથી શકતી."

કેટલીક વાસ્તવિકતા હોય છે. નિંદા સહન કરે તે જ સંત થઈ શકે. તપ કરે તે તપસ્વી થાય. કદાચ તે કામ સરળ છે. પણ નિંદા સહન કરે તે સંત થાય. તે કામ બહુ અઘરું છે. જે શ્લાઘાપ્રેમી હોય છે તે નિંદા સહન કરી શકતા નથી. સ્ત્રીઓ શ્લાઘાપ્રેમી હોય છે. તેમનાં સાચાં કે ખોટાં વખાણ કરો તો ખુશ ખુશ થઈ જાય. પણ જો ટીકા કરો તો સાચી હોય તોપણ સહન ન કરી શકે. ગરુડ બહુ પગે લાગ્યો અને હવે પછી કદી પણ સ્ત્રીઓની નિંદા નહિ કરવાની પ્રતિજ્ઞા કરી. શાંડિલી પ્રસન્ન થઈ અને હતી તેના કરતાં વધુ સારી પાંખો આવી ગઈ. ફરી પાછા બન્ને ઊડ્યા અને રાજર્ષિ યયાતિના ત્યાં પહોંચી ગયા.

વ્યક્તિ જ્યારે કોઈ મહાન લક્ષ્ય પ્રાપ્ત કરવા નીકળે છે ત્યારે તે આપોઆપ પુરુષાર્થી થઈ જાય છે. તેની બધી શક્તિઓ ખીલી ઊઠે છે અને કામે લાગી જાય છે. જે લોકો મહાન લક્ષ્ય વિનાનું તુચ્છ જીવન જીવે છે, તે આપોઆપ પુરુષાર્થહીન નિષ્ક્રિય બની જતા હોય છે. તેમનામાં ઘણી શક્તિઓ હોય તોપણ તે કામ નથી લાગતી કારણ કે તેની જરૂર જ નથી પડતી. ત્યાગ અને અધ્યાત્મના નામે લોકોને તુચ્છ જીવન જીવતા કરી દેવાય છે. જે ટુકડા રોટલાથી સંતોષ પામીને નિર્માલ્ય જેવા થઈ જતા હોય છે. જીવન તો તેને મળતું હોય છે જે પડકાર ઝીલી શકે. પડકારથી ભાગે અને તેને શાંતિ તો કદાચ મળે પણ તે સ્મશાનશાંતિ જ હોય. જે લોકોના પ્રશ્નો ન ઉકેલે, સંઘર્ષથી ભાગે તે શાંતિ સ્મશાનશાંતિ કહેવાય. લોકહિત માટેની અશાંતિ પણ શાંતિ કરતાં વધુ કલ્યાણકારી કહેવાય.

ગાલવઋષિએ યયાતિને બધી વાત કરી. ગુરુદક્ષિણામાં 800 જાતવાન ઘોડા જોઈએ છે. તે માટે અમે રખડી-ભટકી રહ્યા છીએ વગેરે. યયાતિ પ્રસન્ન થયો. યાચના કરવા નીકળેલા માણસે દાતાને પ્રસન્ન કરવાની રીત જાણવી જોઈએ. જો એવી રીત આવડે તો તે મોટું દાન પ્રાપ્ત કરી શકે છે. પ્રસન્ન થયેલો દાતા જ ઉદારતા બતાવતો હોય છે. જે લોકો અવિવેકી અને અકડુ સ્વભાવના હોય છે તે સારા કાર્યકર્તા થઈ શકતા નથી. મન મારીને ભક્તિ કરાય એવી જ રીતે મન મારીને કાર્યકર્તા થવાય. ગાલવઋષિની વાત સાંભળીને યયાતિ બોલ્યો, "મારી પાસે તેવા અશ્વો તો નથી પણ મારી પાસે મારી એક કન્યા છે તે હું તમને આપું છું. આ કન્યાના દ્વારા તમે રાજર્ષિઓ પાસેથી અશ્વો પ્રાપ્ત કરી શકશો.

ગરુડ અને ગાલવ બન્ને પેલી કન્યાને લઈને વિદાય થઈ ગયા. એક રાજ્યમાં ઇક્ષ્વાકુકુળના હર્યશ્વ નામના રાજા રાજ્ય કરતા હતા, તેમની પાસે ગયા અને બધી વાત કરી, છેવટમાં કહ્યું કે અમારી પાસે એક કન્યા છે. જેનો ક્યાંય જોટો નથી. આ કન્યામાં મહાન પુત્રોની ઉત્પત્તિ થઈ શકે છે. જે ત્રણે લોકોમાં નામ કરે. જે લોકો માત્ર વિષયભોગ માટે લગ્ન કરે છે તેમણે માત્ર કન્યાનું રૂપ જોવું. જે લોકો ઘરકામ કરાવવા માટે લગ્ન કરે છે તેમણે કન્યાનું મજબૂત શરીર જોવું. જે લોકો વ્યાપાર-ધંધો કરાવીને ધન કમાવા માટે લગ્ન કરે છે તેમણે કન્યાની આવડત જોવી. તે દુકાન ચલાવી શકે તેમ છે કે કેમ? તે નોકરી કરી શકે તેમ છે કે કેમ, પણ જે લોકો મહાન સંતાન પેદા કરવા લગ્ન કરે છે તેમણે કન્યાની મહત્તા જોવી. ઉત્તમ કન્યા અને ઉત્તમ વરના દ્વારા મહાન સંતાન પ્રાપ્ત કરી શકાય; જેમ ગાય, અશ્વ, શ્વાન વગેરેમાં થતું હોય છે.

ઉત્તમ કન્યાનાં આટલાં શારીરિક લક્ષણો છે:

(1) તેનાં છ અંગો ઊંચાં હોવાં જોઈએ બે નિતંબ, બે સ્તનો, એક લલાટ અને એક નાસિકા, આ છ અંગો ઊંચાં હોવાં જોઈએ. જેનાં આ છએ અંગો નીચાં કે બેસી ગયેલાં હોય તે ઉત્તમ કન્યા ન થઈ શકે.

(2) પાંચ અંગો પાતળાં હોવાં જોઈએ (2) આંગળીઓનાં ટેરવાં, (2) વાળ, (3) રોમ, (4) નખ અને (5) ચામડી. આ પાંચે અંગો પાતળાં સારાં. જો આ જાડાં હોય તો તે કન્યા ઉત્તમ ન થઈ શકે.

(3) ત્રણ અંગો ગંભીર હોવાં જોઈએ. (1) સ્વર (2) મન અને (3) નાભિ. આ ત્રણે ગંભીર જોઈએ. કર્કશ, તીણો, ઘોઘરો સ્વર હોય, બહુ ચંચળ મન હોય અને નાભિ ઊંચી હોય તો તે કન્યા સારી ન કહેવાય.

(4) પાંચ અંગો લાલ રંગનાં હોવાં જોઈએ. (1) હથેળીઓ (2) પગના પંજા (3+4) બન્ને આંખો તથા (5) નખ આ અંગો લાલ હોવાં જોઈએ. જેની હથેળીઓ ફિક્કી હોય, પગ પણ પીળા પડી ગયા હોય આંખો નિસ્તેજ હોય અને નખ કાળા દેખાતા હોય તે કન્યા ઉત્તમ ન કહેવાય. આ લક્ષણો પુરુષો માટે પણ છે.

રાજા હર્યશ્વ પેલી કન્યાને જોતો જ રહી ગયો. તે કન્યામાં આ બધાં લક્ષણો હતાં. આંખ મીંચીને ગમેતેવી કન્યા લાવવી નહિ, જોઈ તપાસીને પછી જ કન્યા લાવવી. કન્યા લાવવાનું સર્વોચ્ચ લક્ષ્ય તો ઉત્તમ સંતાન પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ. કુરકુરિયાંનો ઢગલો પેદા કરીને સંતાનોમાંથી સંતાપો જ મેળવાતા હોય છે. માટે એક જ પુત્ર ઘણો થઈ ગયો, પણ તે બત્રીસલક્ષણો હોવો જોઈએ. રાજાએ કહ્યું કે “ઋષિ, આ કન્યા મને બહુ જ પસંદ છે. મારે જેવું સંતાન જોઈએ છે તે આ જ કન્યા આપી શકે તેમ છે. એટલે હું આની સાથે લગ્ન કરવા તૈયાર છું. પણ મારી પાસે આઠ સો ઘોડા નથી. માત્ર બસો જ છે. તમે એમ કરો કે માત્ર એક સંતાન પેદા કરવા માટે મને આ કન્યા આપો. હું તમને બસો ઘોડા આપીશ.”

કન્યાએ ગાલવઋષિને સમજાવ્યા કે તમે ચિંતા ન કરો, મને વરદાન છે કે પ્રત્યેક પ્રસૂતિ પછી હું ફરીથી કન્યા થઈ જઈશ. એટલે તમે આ હર્યશ્વને એક પુત્ર માટે મને આપો. ગાલવે તેમ જ કર્યું. રાજાને તે કન્યાથી ‘વસુમના’ નામનો પ્રસિદ્ધ પુત્ર થયો. પ્રત્યેક સ્ત્રી પ્રસૂતિ પછી પોતાનું યૌવન ગુમાવી બેસે છે. પેટ લટકી પડે. કરચલીઓ પડે. અને શરીર ઢીલું થઈ જાય. યૌવન વિનાનું શરીર આકર્ષણ વિનાનું થઈ જાય. જેનામાં આકર્ષણ જ ન રહ્યું હોય તેનામાં લઘુતાગ્રંથિ આવી જાય. તે બીજી સ્ત્રીઓનાં ગઠીલાં યૌવનભર્યાં શરીર જોઈ જોઈને દુ:ખી થયા કરે. બે-ત્રણ બાળકો થતાં થતાં તો તે ઘરડી દેખાવા લાગે. આથી તેને ભારે પીડા થાય. પ્રસૂતિની પીડા કરતાં પણ યૌવન ખોઈ બેસવાની પીડા ઘણી વધારે હોય છે. એટલે તો કેટલીક સ્ત્રીઓ પ્રસૂતિને ટાળે છે. આવી સ્ત્રીઓ કદાચ થોડો વધુ સમય યૌવન તો ટકાવી શકે છે, પણ વાત્સલ્યનું ઝરણું સૂકવી નાખીને યૌવન સાચવે છે. પણ કેટલીક સ્ત્રીઓ પ્રસૂતિ પછી પણ વધુ નવયૌવન પ્રાપ્ત કરી લેતી હોય છે. કુદરતી વ્યવસ્થા સર્જક હોય છે. વિનાશક નથી હોતી. કદાચ માધવી કન્યા પણ એવી જ છે. જે પ્રસૂતિ પછી ફરી પાછું કૌમાર્ય પ્રાપ્ત કરી લે છે. કેટલીક સ્ત્રીઓ ઘણી મોટી ઉંમર સુધી પણ યુવાન દેખાતી હોય છે. માધવી તેમાંની છે. રાજાએ બસો ઘોડા આપ્યા, જે થાપણ તરીકે રાજા પાસે મૂકીને માધવી કન્યાને લઈને ગાલવઋષિ ચાલતા થયા.

હવે તે દિવોદાસ નામના રાજા પાસે ગયા. ત્યાં પણ બસો ઘોડા જ હતા. રાજા દિવોદાસે, માધવીમાં ‘પ્રતર્દન’ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો.

પછી તે ઉશીનર નામના રાજા પાસે ગયા. ઉશીનરે પણ ‘શિબિ’ નામનો વિખ્યાત પુત્ર ઉત્પન્ન કર્યો. આમ છસ્સો ઘોડા તથા કન્યા લઈને ગાલવઋષિ વિશ્વામિત્રની પાસે આવ્યા. તેમણે વિશ્વામિત્રને છસ્સો ઘોડા તથા માધવીકન્યા અર્પણ કરી. વિશ્વામિત્ર પ્રસન્ન થઈ ગયા. ગુરુદક્ષિણા પૂરી થઈ ગઈ. વિશ્વામિત્ર ઋષિએ માધવીકન્યામાં ‘અષ્ટક’ નામના મહાન પુત્રને ઉત્પન્ન કર્યો. પછી ગાલવે માધવીકન્યાને યયાતિ રાજાને પાછી સોંપી દીધી. માધવી પણ શેષ જીવન વનમાં તપસ્યા કરવા ચાલી ગઈ.

કથા જરા વિચિત્ર લાગે તેવી છે. પણ આજે જે અમેરિકામાં થઈ રહ્યું છે તે પ્રાચીન ભારતમાં પણ થતું હતું તેમ કહી શકાય. “એક ભવમાં બે ભવ ન કરાય” તેવું મૂલ્ય પાછળથી આવ્યું લાગે છે. પ્રાચીનકાળમાં સ્ત્રીઓ ત્યક્તા કે વિધવા થઈને પુનર્લગ્નો કરી શકતી અને માનસન્માનપૂર્વક સમાજમાં રહી શકતી તેવું આ દૃષ્ટાંત છે. રૂપવતી અને ગુણવતી સ્ત્રીએ મહાન સંતાન પ્રદાન કરવું એ તેનું મહાન પ્રદાન કહેવાય. ગાંડા બાવળો વધી જાય તેના કરતાં આંબા વધારવા રાષ્ટ્ર માટે વધુ હિતકારી કહેવાય. આંબાઓ બ્રહ્મચારી થઈ જશે તો ગાંડા બાવળ વધી જશે. આથી મોટું રાષ્ટ્રને કયું નુકસાન હોય? જો ગાંડા બાવળ ન વધારવા હોય તો આંબા વધારો. સર્જક બનો. કાલ્પનિક લક્ષ્ય અને ખોટા આદર્શો દ્વારા પોતાનું નિકંદન ન કાઢો. તમને મોક્ષ તો દેખાય છે પણ શું તમને રાષ્ટ્ર નથી દેખાતું? રાષ્ટ્રનું ભવિષ્ય અંધકારમય બનાવીને મોક્ષ મેળવવા કરતાં રાષ્ટ્રને સમર્પિત થઈ જવું વધુ ઉત્તમ છે. માધવીએ ચાર વાર છૂટાછેડા લઈને ચાર રાજાઓ દ્વારા ચાર મહાન પુત્રો પેદા કર્યા. છતાં પણ તે અનિંદિત રહી, તો તે સમયનો સમાજ કેટલો ઉદાર હશે? આપણે પણ આવું કરવું જોઈએ તેવું કથન નથી, પણ કદાચ ક્યાંક આવું થયું હોય તો ઉદારતાથી તેને સ્વીકારી લેવું જોઈએ તેવું કથન છે. સમાજમાં કેટલીયે માધવીઓ હશે. જે સ્વીકૃતિની અપેક્ષા રાખે છે.

16-12-09

*

40. વિદુલાની કથા

કોઈ પણ રાષ્ટ્રને મહાન બનાવવું હોય તો સર્વપ્રથમ પ્રજાને મહાન બનાવવી જોઈએ. પ્રજાની જેવી કક્ષા હશે તેવું જ રાષ્ટ્ર થશે. પ્રજાની કક્ષા બે રીતે થતી હોય છે. (1) આનુવંશિકતાથી અને (2) ઘડતરથી. આનુવંશિકતા બહુ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જો તમારું કુળ (જીન) ઉત્તમ હોય તો તેને સાચવવું જોઈએ. તેની વૃદ્ધિ કરવી જોઈએ. તેને ક્ષીણ કરવું હિતાવહ ન કહેવાય. ઉત્તમ જીન રાષ્ટ્રની સર્વોચ્ચ મૂડી કહેવાય.

પ્રજાનું ઘડતર બે રીતે થતું હોય છે. (1) વિચારોના દ્વારા અને (2) આચારોના દ્વારા. પ્રજાને પરંપરાગત વિચારો (દર્શન) કેવા મળ્યા છે? વિચારોમાંથી આચારો ઘડાતા હોય છે. વીરતાવર્ધક અને પોષક વિચારો સૌથી ઉત્તમ કહી શકાય અને કાયરતાવર્ધક કે પોષક વિચારો સૌથી અધમ કહેવાય. પ્રજામાં હીન વિચારો સીધેસીધા સ્થાપિત કરી શકાતા નથી. “તમે કાયર બનો કાયર બનો” એવું સીધેસીધું ન કહી શકાય, કહો તો કોઈ માને પણ નહિ. પણ તમે લોકોને વારંવાર “અહિંસાવાદી બનો, ચુસ્ત અહિંસાવાદી બનો” તેવા વિચાર આપ્યા કરો તો પ્રજા કાયર થઈ જાય. અહિંસાવાદીઓના ક્યાંય પાળિયા જોવા ભાગ્યે જ મળશે. કદાચ તે મરશે ખરા, પણ કતલખાનાનાં ઘેટાં-બકરાં જેમ મરશે. લડતાં-ઝઝૂમતાં, શત્રુઓનાં માથાં વધેરતાં ભાગ્યે જ મરશે. તેમની ખંભીઓ ન હોય, બહુ બહુ તો સમાધિઓ હોય. જે મોક્ષે જવાની પ્રેરણા આપે. રાષ્ટ્ર માટે શહીદ થઈ જવાની પ્રેરણા ન આપે. ચુસ્ત અહિંસાવાદની સીધી અસર શસ્ત્રત્યાગમાં પરિણમે. શસ્ત્રત્યાગી શસ્ત્રધારી આગળ રાંક થઈ જાય. જેમ વાઘ પાસે હરણું થઈ જાય. જે રાષ્ટ્ર હરણાંથી ઊભરાતું હોય તે આઝાદી ન ભોગવી શકે. હરણાંને વળી આઝાદી કેવી! જે ગુરુઓ લોકોમાં હરણાં થવાના વિચારો ફેલાવે છે તે આડકતરી રીતે રાષ્ટ્રને ગુલામ થવાનો પાયો ખોદે છે. જો વિચારો જ કાયરતાપોષક હોય તો આચારો પણ તેવા જ થવાના. કાયરો કદી સામી છાતીએ લડી શકતા નથી. તેથી તેમની લડાઈમાં અને વ્યવહારમાં પણ પાછળથી ઘા કરવાનું તત્ત્વ વધુ રહેવાનું. તેથી લોકોમાં તેમની વિશ્વસનીયતા ઘણી ઓછી થઈ જવાની. તે વચન માટે પ્રાણ આપનારી પ્રજા નહિ પણ પ્રાણ માટે વચન બદલનારી પ્રજા થઈ જશે. પ્રાણ તો બહુ મોટી વસ્તુ થઈ કહેવાય. અરે, સામાન્ય કોડી માટે પણ વચન બદલતાં વાર નહિ કરે. સાર એ થયો કે રાષ્ટ્રને મહાન બનાવવું હોય તો પ્રજાને મહાન બનાવો. પ્રજાને મહાન બનાવવી હોય તો સર્વપ્રથમ તેને વીર બનાવો. વીરતાભર્યા વિચાર આપો. વીરતાભર્યા વિચારો માતાના ખોળામાંથી મળતા હોય છે. એટલે માતાઓને વીર બનાવો. બાકીનું બધું માતાઓ કરી આપશે.

મહાભારતમાં આવી જ એક કથા આવે છે. વિદુલા નામની એક મહાન ક્ષત્રિયાણી માતાને એક પુત્ર છે. જેને યુદ્ધ કરવા સિન્ધુરાજની સામે સિન્ધુદેશમાં મોકલ્યો છે. ત્યાં યુદ્ધમાં ભારે ભીંસ પડતાં તે યુદ્ધ છોડીને ભાગીને પાછો વતન આવી ગયો છે. ઘરે આવીને ચૂપચાપ ઓરડામાં જઈને ઓઢીને સૂઈ ગયો છે. યુદ્ધ, શરીર નથી લડતું; ઝનૂન લડે છે. જેને ઝનૂન ચઢતું નથી તે ભીમ જેવો કદાવર હોય તોપણ યુદ્ધ ન કરી શકે. કારણ કે યુદ્ધ ઝનૂન કરે છે. જે બહુ ગણતરીબાજ ડાહ્યા માણસો હોય તે યુદ્ધ ન કરી શકે. કારણ કે તેમનામાં ઝનૂન નથી હોતું. ડહાપણ અને ઝનૂનને ભેગાં રાખવાં કઠિન કામ છે. સેનાપતિ મંત્રી ડાહ્યો હોવો જોઈએ પણ યોદ્ધાઓ ઝનૂની હોવા જોઈએ. ઝનૂનને નિયંત્રિત કરે તે સેનાપતિ.

જ્યારે માતા વિદુલાને ખબર પડી કે પોતાનો પુત્ર યુદ્ધમાંથી ભાગીને પાછો આવ્યો છે અને તે ચૂપચાપ મોઢું સંતાડીને સૂતો છે, ત્યારે તેને બહુ દુ:ખ થયું. મારા પુત્રે મારી કૂખ લજવી. સ્ત્રીની કૂખ પૂજાય છે. જો તેમાંથી કોઈ ભગતસિંહ જન્મે તો. ઘણી માતાઓ પોતે જ પોતાના પુત્રને યુદ્ધમાં જવા દેતી નથી. ઘણી પત્નીઓ પણ પોતાના પતિને યુદ્ધમાં જવા દેતી નથી. કદાચ ગયા હોય તો પાછા આવી જવાના પત્રો લખ્યા કરે છે. અને કદાચ કોઈ ભાગીને આવી જાય તો રાજી રાજી થઈ જાય છે. આવી માતાઓ અમર સર્જન ન કરી શકે. તે કુરકુરિયાં જ પેદા કરે. કુરકુરિયાંથી રાષ્ટ્ર બળવાન ન બને. સિંહથી બળવાન બને. પણ સિંહો તો સિંહણો જ પેદા કરે, કૂતરીઓ પેદા ન કરે. કન્યાઓને સિંહણ બનાવો. કરાટે શિખવાડો, કટાર ધારણ કરાવો. વિચારો બદલાવો. આપોઆપ આચારો બદલાઈ જશે.

વિદુલાએ પુત્રની પાસે જઈને તેને ખૂબ ધિક્કાર્યો: “તારા કરતાં તો મારી કૂખે પથરો પેદા થયો હોત તો સારું થાત.” વગેરે કડવી વાતો કહીને તેને જગાડ્યો. પુત્ર જાગ્યો. તેને ફરી પાછો યુદ્ધમાં મોકલ્યો. જ્યાં તે ખૂબ લડ્યો અને વિજયી થયો.

પ્રજા સૌથી વધુ શું ઉત્પન્ન કરે છે? 1. સાધુઓ? 2. સૈનિકો? 3. વૈજ્ઞાનિકો? 4. વ્યાપારીઓ? 5. મજૂરો? 6. ગુંડાઓ? 7. ખેડૂતો? 8. સાહિત્યકાર-લેખકો? શું વધારે ઉત્પન્ન કરે છે? તેના આધારે ગમે તેનું વ્યક્તિત્વ અને ભવિષ્ય ભાખી શકો.

જ્યાં હજારો નહિ લાખ્ખો સાધુઓ ઉત્પન્ન થતા હશે ત્યાં આ લોક નહિ પરલોકની બહુ વાતો થતી હશે. પરલોક સુધરે કે ન સુધરે પણ આ લોકની ઉપેક્ષા કરવાથી આ લોક તો જરૂર બગડશે. હજારો ઉત્તમ જીનવાળાં નર-નારીઓને ત્યાગી બનાવીને પરલોક સુધારવાના કામમાં લગાડી દેવાશે. જેના પરિણામે ઉત્તમ જીન વધતું અટકી જશે. હવે બાવળ અને બોરડી જ વધશે. વનનાં વન થઈ જશે. લ્યો, ખાવ હવે કાંટા, પહેલી જરૂર છે આંબા વધારવાની. તેને ઘટાડીને બાવળ-બોરડી વધારીને દેશ મહાન ન થઈ શકે.

(મહાભારત ઉધોગપર્વ 130થી 136 અધ્યાય)

16-12-09

*

41. અમ્બાકથા

જીવનનાં મૂલ્યો અને સંસ્કૃતિ સનાતન નથી હોતાં. દેશ-કાળ પ્રમાણે તે બદલાતાં રહે છે. આજનાં મૂલ્યોના ગજથી તમે પ્રાચીન મૂલ્યોને માપવા માગો તો માપી શકાય નહિ. તે સમયમાં લગ્નના આઠ પ્રકાર હતા, તેમાંનો એક પ્રકાર હતો કન્યાનું અપહરણ કરવાનો. કન્યાની રાજીખુશીથી અથવા વગર રાજીએ પણ અપહરણ કરીને લગ્ન કરી લેવાતાં. આવી જ એક કથા મહાભારતમાં આવે છે.

શાન્તનુ રાજાના અવસાન પછી ભીષ્મે પોતાના ભાઈ ચિત્રાંગદને ગાદી પર બેસાડ્યો. પોતે તો કદી પર બેસશે નહિ તેવું વચન મત્સ્યગંધાના પિતાને આપ્યું હોવાથી પોતે ગાદી પર બેસવા તૈયાર ન હતા. થોડા જ સમયમાં ચિત્રાંગદનું પણ અવસાન થઈ જવાથી પછી નાના ભાઈ વિચિત્રવીર્યને ગાદીએ બેસાડ્યો. હવે પ્રશ્ન હતો વિચિત્રવીર્યને પરણાવવાનો. આપણે ત્યાં છોકરા-છોકરીને પરણાવવાની ચિંતા માતા-પિતા કે વડીલો કરતાં હોય છે. પશ્ચિમમાં તેઓ જાતે જ લગ્નવ્યવસ્થા કરી લેતાં હોય છે. કદાચ તેથી તેમના લગ્નમાં સ્થાયિત્વ ઓછું રહે છે. આપણે ત્યાં લગ્નમાં પતિ-પત્નીનું જ માત્ર બંધન નથી રહેતું પણ વડીલોનું, સમાજનું અને ધર્મનું પણ બંધન રહે છે. એટલે જલદી છૂટતું કે તૂટતું નથી. પશ્ચિમમાં માત્ર પતિ-પત્નીનું જ બંધન રહે છે. જેથી જલદી તૂટી શકે છે. વિચિત્રવીર્યને પરણાવવાની જવાબદારી હવે ભીષ્મની હતી. તેઓ વડીલ હતા. પાછી કન્યા પોતાના કુળને યોગ્ય જોઈએ. પ્રાચીનકાળમાં કન્યાની યોગ્યતામાં વર-કન્યાની ઊંચાઈ, વર્ણ, ઉંમર, ભણતર, સ્વભાવ વગેરે ખાસ જોવાતું નહિ. વધુ પડતું બન્ને ઘરો-પરિવારો અને કુળનો મેળ જોવાતો. જો આ મેળ પડી જાય તો વર-કન્યામાં ભલે ને કુમેળ થતો હોય તોપણ લગ્ન થઈ જતાં. લગ્નમાં વર-કન્યાની ચોઈસનું કશું જ મહત્ત્વ ન રહેતું. માત્ર વડીલોની ચોઈસનું જ મહત્ત્વ રહેતું. અને વડીલોની ચોઈસ એકબીજાનાં ઘર અને કુળ જોવા પૂરતી રહેતી.

તે સમયે કાશીરાજની ત્રણ કન્યાઓનો સ્વયંવર રચાયો હતો. સ્વયંવરમાં કન્યા વરને પસંદ કરતી, પણ તે પણ અજાણ્યા રાજકુમારોમાંથી નક્કી થતું. એટલે આંધળું તીર હતું. અંબા, અંબિકા અને અંબાલિકા એમ ત્રણ સગી બહેનો પોતપોતાના વર પસંદ કરવા ઊભી હતી. રાજકુમારો હેકડેઠઠ ભરાયા હતા. ત્યારે બહુ પત્નિત્વનો રિવાજ હતો. ઘણા રાજકુમારો ઘણી વાર પરણેલા હતા. સ્વયંવરની તૈયારી ચાલતી હતી, ત્યાં ભીષ્મ મારતા રથે આવી પહોંચ્યા અને ત્રણે કન્યાઓને ઉપાડીને રથમાં નાખીને બધા રાજાઓને યુદ્ધ માટે લલકારવા લાગ્યા. “આવી જાઓ, જેને કન્યા જોઈતી હોય, તે મારી સાથે યુદ્ધ કરો!” ભયંકર યુદ્ધ થયું પણ ખરું, પણ ભીષ્મે સૌને હરાવી દીધા અને રથ લઈને હસ્તિનાપુર પહોંચી ગયા. સત્યવતી રાજી થયાં. વરની માનું આ ત્રીજું અરમાન કહેવાય. પહેલું પતિ મેળવવું, બીજું પુત્ર મેળવવો અને ત્રીજું પુત્રવધૂ મેળવવી—એમ ત્રણ અરમાન સ્ત્રીઓને હોય છે. જે એક પછી એક ઊઠતાં હોય છે. જો આ અરમાનો પૂરાં ન થાય તો સ્ત્રી દુ:ખી થતી હોય છે. વિચિત્રવીર્ય સાથે લગ્નની વિધિની તૈયારી થવા લાગી. ત્યાં તો મોટી કન્યા અંબા ભીષ્મની પાસે જઈને બોલી કે હું તો પરણેલી છું. મેં મનોમન શાલ્વરાજનું વરણ કર્યું છે. તેમણે પણ મારો સ્વીકાર કર્યો છે. એટલે હવે પરણેલીને ફરીથી પરણાવાય નહિ. મને મુક્ત કરો.”

ઘણી વાર પ્રેમલગ્ન અને વિધિલગ્ન એમ બે લગ્નો થતાં હોય છે. વર-કન્યા બન્ને મળે અને પ્રેમમાં

પડે. આ પ્રેમલગ્ન કહેવાય. પછી સૌ વડીલોની વચ્ચે વિધિપૂર્વક લગ્ન થાય તેને વિધિલગ્ન કહેવાય. કેટલાંકને પ્રેમલગ્ન હોય જ નહિ, કારણ કે પ્રેમ થયો જ નથી માત્ર વિધિલગ્ન જ થાય. તે પછી પ્રેમ પ્રગટે, કદાચ ન પણ પ્રગટે. પછી તો પડ્યું પનારું પાર પાડવાનું રહે. કેટલીક વાર એવું પણ બને કે પ્રેમ બીજાની સાથે અને લગ્ન બીજાની સાથે થાય. અનિચ્છાએ દબાણથી પાત્રો બદલાઈ જાય. લાંબા ગાળે ભ્રમ જાગે. બધાં દુઃખી થાય. કારણ કે આપણે ત્યાં ઘણું છુપાવવાનું રહે છે. પ્રગટ થતાં જ પડદો ઊંચકાઈ જાય અને પ્રલય આવી જાય. પશ્ચિમમાં આવું નથી થતું. ત્યાં ખાસ છુપાવવાનું રહેતું નથી. બધું ખુલ્લું છે. ખુલ્લું છે એટલે વધુમાં વધુ સત્ય બોલી શકાય છે. આપણે નથી બોલી શકતા. બોલ્યા તો મર્યા સમજો. તેથી આપણા ધાર્મિક મહાપુરુષોનાં જીવનચરિત્રો નર્યાં જૂઠાણાંથી ભરેલાં રહે છે.

હવે શું થાય? જીવનનું બીજું મૂલ્ય આવ્યું. “આવી પરણેલી સ્ત્રીને ફરીથી પરણાય નહિ.” ભીષ્મે, બ્રાહ્મણોની સુરક્ષા વચ્ચે અંબાને શાલ્વરાજ પાસે જવા વિદાય કરી. બાકીની બન્નેને વિચિત્રવીર્ય સાથે પરણાવી દીધી.

અંબા જ્યારે શાલ્વને ત્યાં પહોંચી અને બધી વાત કરી ત્યારે શાલ્વે તેનો સ્વીકાર કરવાની ચોખ્ખી ના પાડી દીધી. “હવે તું મારા કામની નહિ” સ્ત્રી બહુ જલદી માથા પર ચઢી જતી હોય છે. અને બહુ જલદી પગ નીચે છૂંદાઈ પણ જતી હોય છે. પ્રેમ હોય તો માથા પર અને પ્રેમ ઊતરી જાય કે તૂટી જાય તો પગની ધૂળ થઈ જાય. એટલે વડીલોની સ્વીકૃતિથી પહેલાં લગ્ન અને પછી પ્રેમ કરવો વધુ સુરક્ષિત થઈ જાય. અંબાએ ઘણી પ્રાર્થના કરી કે હું અખંડ છું. મારી સાથે કાંઈ જ થયું નથી. મારો સ્વીકાર કરો. હું ક્યાં જઈશ! હવે પગ મૂકવાની મારા માટે કોઈ જગ્યા નથી. તમે જ મારું સર્વસ્વ છો.” વગેરે... પણ શાલ્વ ન પીગળ્યો.

કન્યાનો પ્રેમી બે પ્રકારનો હોય છે. એક તો બહુ મોટો આબરૂદાર ખાનદાન પુરુષ અને બીજો ઊતરતી કક્ષાનો આબરૂ વિનાનો પુરુષ. ખરેખર તો ભારતમાં આબરૂદાર માણસ પ્રેમ કરી જ ન શકે. કારણ કે પ્રેમને અને વ્યભિચારને લોકો સરખાં જ માને છે. જે ઘૃણા વ્યભિચારી પ્રત્યે થાય છે તે જ ઘૃણા પ્રેમી પ્રત્યે પણ થાય છે. એટલે આબરૂદાર માણસ પ્રેમ કરવાનું સાહસ ન કરી શકે. કોઈને પણ કલંકિત થવાનું ન ગમે. કદાચ કોઈ રડ્યોખડ્યો પ્રેમમાં પડે તો તેને બ્લૅકમેઇલ કરનારા નીકળી પડે. મીડિયાવાળાને તો આવો મસાલો મળે એટલે પૈસા જ પૈસા મળી રહે. તે આવું જ શોધતા ફરતા હોય છે. સ્ત્રી-પુરુષમાં જે વધુ આબરૂદાર હોય તેનું વધુ શોષણ થાય. પ્રેમનો દુશ્મન આબરૂ બની જાય છે. આબરૂની મોટી કાયરતા હોય છે. તે ક્યારે કોઈ કોડભરી કન્યાને રખડાવી દે તે કાંઈ કહી શકાય નહિ. “કન્યા જાય તો જાય, પણ આબરૂ ન જવી જોઈએ.” આવું તેનું બીકણ વલણ હોય છે. જેમાં કન્યાએ જ સહન કરવાનું થતું હોય છે. આવા પુરુષનો છેલ્લી ઘડી સુધી પૂરો વિશ્વાસ ન કરાય. ક્યારે તે પલટી ખાય તે કહેવાય નહિ. તેને મન કન્યા કરતાં આબરૂનું વધારે મહત્ત્વ હોય છે.

બીજી તરફ આબરૂ વિનાનો પ્રેમી હોય તો તે જેટલો મરણિયો થઈ શકે તેટલો પેલો ન થઈ શકે. મરણિયો થઈને પણ કોઈના બાપની પરવા કર્યા વિના તે અંતિમ પગલાં ભરી શકે છે. પણ તેની ક્વૉલિટી ઉત્તમ નથી હોતી. પ્રેમલગ્ન થઈ ગયા પછી તેના વ્યવહારથી કન્યા ત્રાસવા લાગે છે. અને પસ્તાવા લાગે છે. એટલે સારું તો એ કહેવાય કે વડીલોના માર્ગદર્શન નીચે લગ્ન કરીને પછી પ્રેમ કરાય.

શાલ્વરાજાએ કોઈ પણ રીતે અંબાનો સ્વીકાર ન કર્યો. હવે જવું ક્યાં? ભારતમાં આલીશાન

મંદિરો છે, મઠો છે, આશ્રમો છે, પણ તેમાં આબરૂ- બીકણો રહે છે. કોઈ તરછોડાયેલી સ્ત્રીને જગ્યા આપી શકતા નથી. આપે તો લોકો જ ચૂંટી ખાય. આપણું અધ્યાત્મ આબરૂબીકણ છે. તેનામાં કોઈ ત્યક્તાને સહારો આપવાની હિંમત નથી હોતી. "લોકો શું કહેશે?"નો ભય અને ચિંતા તેને લોકો કરતાં વધુ રહે છે. હવે પશ્ચિમની દેખાદેખી વનિતાઘરો, બાપનું ઘર, માનું ઘર જેવી સંસ્થાઓ થવા લાગી છે. જે સારું થયું છે.

અંતે અંબા, શાલ્વના મહેલમાંથી નીકળી ગઈ. હવે ક્યાં જવું? સ્ત્રીને પગ મૂકવાની ત્રણ જગ્યાઓ હોય છે. કાં સાસરું કાં પછી પિયર. જો બન્ને ન હોય તો પછી કૂવો. કેટલા કૂવા ગોઝારા થયા?

અંબા એક તપસ્વીઓના આશ્રમે પહોંચી ગઈ. તેમણે તેને રાત્રિવાસો આપ્યો. પુરુષ એકલો ગમે ત્યાં રખડી-ભટકી શકે. તેને લૂંટાઈ જવાનું કશું નથી. તેને કલંક લાગવાનું પણ કશું નથી. પણ સ્ત્રી એકલી રખડી-ભટકી ન શકે. તેની પાસે લૂંટાઈ જવાનું છે. એક વાર લૂંટાઈ જાય પછી તે કોડીની થઈ જાય. ઘણી વાર તો લૂંટાઈ ગયા પછી પણ "નથી લૂંટાઈ" તેવો દેખાવ કરવો પડે. કોડીની થઈ જવા કરતાં જે થયું તેને ચૂપચાપ સહન કરી લેવું સારું, એવું ગણિત કામ કરતું હોય છે. તે સાચું બોલી શકતી નથી. સત્ય તેનો વિનાશ કરનારું થઈ શકે છે.

અંબાએ આખી રાત તપસ્વીઓના આશ્રમમાં વિતાવી. ત્યાં તેણે અનેક તાપસીઓને જોઈ. તેને થયું કે હવે મારા જીવનમાં કશું રહ્યું નથી. તેના કરતાં લાવ ને સાધ્વી થઈ જાઉં. હવે જીવન ઉમંગભર્યા કોડથી જીવવાનું નથી રહ્યું. તે દુનિયા તો ભાંગીને ભુક્કો થઈ ગઈ છે. હવે તો જીવનના ઢસરડા જ કરવાના બાકી રહ્યા છે. અહીં આશ્રમમાં તે ઢસડી શકાય તેમ છે. માટે સાધ્વી જ થઈ જવા દે." મોટા ભાગનાં સાધુ-સાધ્વીઓ પરિસ્થિતિનાં માર્યાં આ રસ્તે વળતાં હોય છે. ચાલો સારું છે. આ રસ્તો પણ ન હોત તો ક્યાં જાત? કેટલું મોટું આશ્રયસ્થાન છે. અને કેટલીક વાર આવાં પરિસ્થિતિનાં જ મારેલાં યોગ્ય વાતાવરણ મળવાથી મહાન પણ થઈ શકે છે. ઘણાં થયાં છે. અંબાને આખી રાત ઊંઘ ન આવી. હવે શું કરવું? ક્યાં જવું?

સવારે બધાં તપસ્વીઓ ભેગાં થઈને તેને ઘેરી વળ્યાં. કેટલાંક અનુકૂળ બોલે તો કેટલાંક પ્રતિકૂળ બોલે. કોઈ વળી ઠઠ્ઠામશ્કરી કરે. કોઈને દયા આવે. કોઈને ઘૃણા થાય. આપત્તિ વખતે લોકોની પ્રતિક્રિયાનાં બાણ કાળજું વીંધી નાખે તેવાં છૂટતાં હોય છે. દુનિયામાં સૌથી મોટો વર્ગ શિખામણ આપનારાનો હોય છે. અને સૌથી નાનો વર્ગ આશ્વાસન આપીને બળ્યા ઉપર મલમ લગાડનારનો હોય છે.

એવામાં રાજર્ષિ હોત્રવાહન આવી ચઢ્યા. હોત્રવાહન અંબાની માતાના પિતા થાય એટલે અંબાના નાના થયા કહેવાય. તેમણે તથા સૌએ તેને પિતાના ત્યાં જવાનો આગ્રહ કર્યો. ત્યાં જ તારી સુરક્ષા છે તેવું સમજાવ્યું.

અંબાના મનમાં બે આગ ધધકી રહી છે. એક તો પોતાના પ્રેમી શાલ્વરાજાએ વગરવાંકે તેનો ત્યાગ કરી દીધો તે. અને બીજી પોતાની આવી દુર્દશા કરનાર ભીષ્મના પ્રત્યે બદલો લેવાની આગ ધધકી રહી છે. બદલો લઈશ તો જ મને શાંતિ થશે. તે બળી રહી છે. બદલો લેવાનો ઉપાય શોધી રહી છે. ઘોર અન્યાયનો બદલો ન લેનાર નમાલો માણસ છે. તે અન્યાયને ઉત્તેજન આપે છે. શક્તિ ન હોય તો ધગધગતી સગડીને છાતીમાં રાખીને સમય વિતાવે, સમયની રાહ જુએ. વહેલોમોડો સમય આવવાનો જ છે. હા, જો તે શક્તિશાળી હોય અને સામેનો માણસ ક્ષમાને પાત્ર હોય તો જરૂર ક્ષમા આપે. પણ પાત્ર હોય તો જ.

અકૃતવ્રણ, અંબાને લઈને પરશુરામજી પાસે ગયા. બધું સાંભળીને પરશુરામ ભીષ્મ ઉપર કુપિત થઈ ગયા. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. છેવટે ગંગાજી વચ્ચે પડ્યાં અને સમાધાન કરાવ્યું.

અંબાએ ઘોર તપ કર્યું જેથી મહાદેવજી પ્રસન્ન થયા. તથા તેને વરદાન આપ્યું. અંબાએ ચિતા જલાવીને પોતાને અગ્નિને હવાલે કરી દીધી. બીજા જન્મે તે દ્રુપદરાજાને ત્યાં કન્યારૂપમાં જન્મી તેનું નામ શિખંડી પડ્યું. અને છેવટે એ શિખંડીના હાથે ભીષ્મજીનો વધ થયો. કથા પ્રસિદ્ધ છે.

બોધપાઠ એટલો જ લેવાનો છે કે અંબા બધી રીતે નિર્દોષ હોવા છતાં, તેનો સ્વીકાર ન તો શાલ્વ રાજાએ કર્યો ન ભીષ્મે કર્યો. ન બીજા કોઈએ કર્યો. તેને જીવતાંજીવત અગ્નિસ્નાન કરવું પડ્યું. કેટલીક વાર નિર્દોષ માણસોની પણ આવી દુર્દશા થતી હોય છે.

(મહાભારત ઉદ્યોગપર્વ 187મો અધ્યાય)

16-12-09

*

42. સોનાનો રાજકુમાર

પહેલાં પ્રાપ્તિ કે પહેલાં યોગ્યતા. આ બે મહત્ત્વના પ્રશ્ન છે. ઘણી વાર લોકો યોગ્યતા વિના જ ઘણી કીમતી વસ્તુ પ્રાપ્ત કરી લે છે અથવા તો માગી લે છે, પણ તેને પચાવવાની યોગ્યતા તેમની પાસે નથી હોતી તેથી તે પ્રાપ્તિ જ તેમના વિનાશમાં કારણ બની જાય છે. એટલે પહેલાં વસ્તુ નહિ, વસ્તુને પચાવવાની યોગ્યતા હોવી જરૂરી છે.

રાજા સૃંજયને બે મિત્રો હતા—એક પર્વત અને બીજો નારદ. બન્ને ઋષિકુમારો આનંદપૂર્વક રહેતા હતા. તેવામાં એક દિવસ એક કન્યા ત્યાં આવી ચઢી. તેનું રૂપ અને યૌવન છલોછલ હતું. તેથી આકર્ષાઈને મહર્ષિ પર્વતે કહ્યું કે "આ કન્યા મને પ્રાપ્ત થાઓ. હું એને પત્ની બનાવવા માગું છું." બીજી તરફ નારદને પણ તેવી જ ઇચ્છા થઈ. બન્ને ઋષિઓ પેલી કન્યાને પોતપોતાની પત્ની બનાવવા માગતા હતા. બન્ને લડી પડ્યા. સ્ત્રીનું એક રૂપ મોહિની પણ છે. અથવા કહો કે તેનું મુખ્ય રૂપ જ મોહિની છે. તેને જોતાં જ લોકો મોહિત થઈ જાય. તેમાં ઋષિમુનિઓ પણ આવી જાય. સ્ત્રી જ્યારે મોહિની રૂપ ધારણ કરે ત્યારે ડુબાડનારી થઈ જાય પણ એ જ સ્ત્રી જ્યારે દુર્ગા રૂપ ધારણ કરે ત્યારે મારનારી થઈ જાય. બન્ને ઋષિઓએ એકબીજાને શાપ આપ્યો કે "તું સ્વર્ગ નહિ જઈ શકે" મોહિત પુરુષ જ્યારે પોતાનો મોહ પૂરો કરવા કોઈ સ્ત્રીને પામવા પ્રયત્નો કરતો હોય ત્યારે વચ્ચે જે આડો આવે તેના ઉપર તેને તીવ્ર ક્રોધ આવે જ. એટલે શાણા પુરુષને આવા પ્રસંગે આડા ન થવું.

રાજા સૃંજયને પુત્ર ન હતો તેથી દુ:ખી હતો. તેણે બ્રાહ્મણોને ખૂબ ભક્તિભાવથી જમાડી સારી એવી દક્ષિણા આપી પ્રસન્ન કર્યા. પોતાને ઘેર પ્રસંગ હોય અને લોકોને આમંત્રણ આપીને બોલાવ્યા હોય તો તેમને યોગ્ય આદરસત્કાર કરીને રાખવા અને પૂર્ણ સંતુષ્ટ કરીને વિદાય કરવા. વિદાય થતાં તેમનું મન કચવાય નહિ તેનું ધ્યાન રાખવું. ઘણા લોકો વિદાય બગાડી દેતા હોય છે. જેથી આવનારા અસંતુષ્ટ થઈને કચવાતે મને વિદાય થતા હોય છે. આ યોગ્ય ન કહેવાય.

રાજાના વ્યવહારથી અને ઉદારતાથી બ્રાહ્મણો ખુશ થયા. તેમણે રાજાને આશીર્વાદ આપ્યો કે "તારી જે ઇચ્છા હોય તે માગી લે" રાજા સૃંજયે માગ્યું કે "મને એવો પુત્ર આપો કે જેનાં મળ-મૂત્ર-લીંટ-પરસેવો વગેરે બધું જ સોનાનું થઈ જાય." મુનિએ તથાસ્તુ કહ્યું. પછી તો પુત્રનું બધું જ સુવર્ણમય થવા લાગ્યું. તે રડે તો તેનાં આંસુ પણ સોનાનાં જ આવે. રાજાના ઘરમાં તો સોનું જ સોનું થઈ ગયું. પોતાના પુત્રનું બધું જ સોનું થવા લાગ્યું. મળ-મૂત્ર બધું જ સોનું. સોનામાંથી ગંધ નીકળતી હોય છે. જો સોનાને બરાબર છુપાવતાં ન આવડે તો દૂર દૂર સુધી તેની ગંધ પ્રસરે છે. સોનાની ગંધ લૂંટારાઓને આવી ગઈ. કારણ કે રાજાએ મહેલમાં પલંગ-ખુરશી, વાસણ-કુસણ બધું જ સોનાનું બનાવી દીધું હતું. એક રાત્રે ચોરો મહેલમાં ઘૂસી ગયા. તેમણે પેલા રાજકુમારનું જ હરણ કરી લીધું. અને આમાં જ બધું સોનું ભર્યું છે તેમ સમજીને તેને મારી નાખ્યો. તેના ટુકડા કરીને જોયું તો ક્યાંય સોનું ન હતું. છેવટે એ બધા અંદર અંદર લડી મર્યા.

સોનું પેદા કરનાર પુત્રની હત્યાથી રાજા સૃંજયને ઘણો આઘાત લાગ્યો. નારદજી આવ્યા અને વૈરાગ્યનો ઉપદેશ આપ્યો. સોનું પ્રાપ્ત કરવાથી માણસ સુખી નથી થતો. રક્ષા કરતાં અને પચાવતાં ન આવડે તો તે મહાદુ:ખનું કારણ પણ બની શકે છે.

16-12-09

*

43. વૃદ્ધ કન્યા

સ્ત્રીઓ માટે લગ્ન કરવાના છ કાળ છે. (1) રજોદર્શનથી દશ વર્ષ સુધી એટલે કે 15થી 25 વર્ષ સુધીનો કાળ સુવર્ણકાળ છે. પછી 25થી 30 વર્ષ સુધીનો કાળ રજતકાળ છે, 35થી 45 સુધીનો કાંસ્યકાળ છે અને 45થી 55 સુધીનો તામ્રકાળ છે. પંચાવનથી પાંસઠ સુધીનો પિત્તળકાળ છે અને તે પછીનો લોહકાળ છે. ઈશ્વરીય વ્યવસ્થાનું એક સમયપત્રક ચાલે છે. માત્ર મનુષ્યો માટે જ નહિ જીવજંતુ માત્ર માટે. બધાં જ પ્રાણીઓ કુદરતી વ્યવસ્થાને અનુસરીને જીવન જીવે છે. માત્ર માણસ જ તેમાં વિક્ષેપ કરે છે. માત્ર માણસો જ બાળલગ્નો કરે છે. પશુ-પક્ષીઓ નથી કરતાં. પશુ-પક્ષીઓને પોતાની કન્યાઓ બળાત્કારીઓથી સાચવવી નથી પડતી. તે આપોઆપ સચવાય છે. માણસ તો બે વર્ષની બાળકી પર પણ બળાત્કાર કરી બેસે છે. બે વર્ષની બાળકી કે નાનો બાળક પણ માનવીય દુનિયામાં સુરક્ષિત નથી. તેમ છતાં માણસ કોઈને ગાળ દે છે ત્યારે કહે છે કે કેવો “ઢોર જેવો છે?”, “પાશવી બળાત્કાર કર્યો” વગેરે. માણસ જો ઢોર જેવો થાય તો બધી બાળકીઓ, સ્ત્રીઓ, કિશોરો સુરક્ષિત થઈ જાય. પશુઓ તો કદી બળાત્કાર કરતાં જ નથી. તેમ છતાં ભયંકર બળાત્કારને પાશવી બળાત્કાર કહીને માણસ ઉલ્લેખ કરે છે. ખરેખર તો “ક્રૂર માનવીય બળાત્કાર” શબ્દ વાપરવો જોઈએ. જે જીવનપદ્ધતિ કુદરતી વ્યવસ્થાની સાથે ચાલતી હોય છે તે વધુ ઉત્તમ કહી શકાય. જે જીવનવ્યવસ્થા કુદરતથી જેટલી દૂર ખસતી જાય છે તેટલી જ તે નિમ્ન કક્ષાની થતી જાય છે.

એક સમય એવો હતો કે જ્યારે ધાવણાં બાળકોનાં લગ્નો થઈ જતાં. બાર-તેર વર્ષે તો કન્યાનું આણું થઈ જતું. અને ચૌદ વર્ષે તો તે મા બની જતી. બાળલગ્નોનાં અનિષ્ટો આપણે જોયાં અને સુધારો શરૂ કર્યો. લગ્નની ઉંમર વધવા લાગી. 18 અને 21 કાયદેસર થઈ ગઈ. આપણે છોકરા-છોકરીને એકસમાન માનવાનું આંદોલન ચલાવીએ છીએ. તેમ છતાં લગ્ન માટેની બન્નેની ઉંમર કાયદાની દૃષ્ટિએ પણ કેમ સરખી નથી રાખી? કાયદાએ ઓછામાં ઓછી ઉંમર તો નક્કી કરી છે, પણ વધુમાં વધુ ઉંમર નક્કી નથી કરી. 18-21 પછી ગમે ત્યારે લગ્ન કરી શકાય. એવું માની લેવાયું છે. પણ જેમ બાળલગ્નોની માઠી અસર થાય છે તેમ અતિ પ્રૌઢ ઉંમરની પણ માઠી અસર થાય છે તે વાત સ્વીકારવાની બાકી રહી ગઈ છે.

મહાભારતમાં એક વૃદ્ધ કન્યાની વાત આવે છે. બલરામજી તીર્થયાત્રા કરતા કરતા એક એવા તીર્થમાં પહોંચ્યા જ્યાં એક વૃદ્ધ કન્યા રહેતી હતી. તે ઋષિ કુણિર્ગર્ગની પુત્રી હતી.

માણસે શક્ય હોય તો એક વાર બને તેટલી તીર્થયાત્રા જરૂર કરવી જોઈએ. તીર્થો અને દેશાટન કરવાથી માણસની બુદ્ધિ ખીલે છે. કુણિર્ગર્ગ પોતાની કન્યાને જોઈને પ્રસન્ન થઈ ગયા. કન્યાને લક્ષ્મી માનવામાં આવે છે. પુત્રોને ‘નારાયણ’ માનવામાં નથી આવતા. લોકો કહે છે કે “મારે ત્યાં લક્ષ્મી જન્મી; કોઈ કહેતું નથી કે મારે ત્યાં નારાયણ જન્મ્યો.” તેમ છતાં આપણે ત્યાં ભેદભાવ થાય જ છે. કન્યાને જન્મ આપીને ઋષિ તો થોડા જ સમયમાં દેવલોક પધારી ગયા. ભારતમાં માતા-પિતા વિનાનાં અનાથ બાળકો માટે ધર્મ તરફથી કોઈ વ્યવસ્થા ન હતી. રાજા અને સમાજ તરફથી પણ કોઈ વ્યવસ્થા ન હતી. લગભગ બધા ધર્મો પોતપોતાનાં મંદિરો, ધર્મસ્થાનો ઉપર સોના-ચાંદીના ઢગલા કરે છે, પણ અનાથ બાળકો કે અનાથ વૃદ્ધો માટે કોઈ કશી વ્યવસ્થા કરતું ન હતું. તેથી સમૃદ્ધ મંદિરો હોવા છતાં અને છપ્પન ભોગો થતા હોવા છતાં અનાથ અને વૃદ્ધો માટે લાચારી સિવાય કશી વ્યવસ્થા ન હતી. કારણ કે ધર્મનું મુખ્ય અંગ

'માનવતા' હજી ખૂલ્યું ન હતું. આ અંગ લઈને ખ્રિસ્તીધર્મ તે પૂર્વનાં કર્મોમાં માનતો ન હતો, તેથી દુ:ખનું કારણ પૂર્વનાં કર્મો છે તેવું માનતો નહિ, તેના કારણે તે લોકોનાં દુ:ખો દૂર કરવા કામે લાગ્યો. તેણે દવાખાનાં ખોલ્યાં, શાળાઓ ખોલી, અનાથાશ્રમો ખોલ્યા. અનેક પ્રકારની માનવતાવાદી પ્રવૃત્તિઓ પોતાના ધર્મ સાથે વણી લીધી. તેનાં સારાં ફળ તેને મળવા લાગ્યાં. વિશ્વભરમાં અને ભારતમાં સવિશેષ જે તિરસ્કૃત—હડધૂત થયેલો વર્ગ હતો તે ખ્રિસ્તીધર્મ તરફ વળ્યો. વર્ષો સુધી આપણને ભાન જ ન થયું કે આ ધર્માંતરણથી આપણું ભવિષ્ય જ અંધકારમય થઈ જવાનું છે. મોડે મોડે ભાન થવા લાગ્યું. આત્મશ્લાઘી વ્યક્તિ અને સમાજને પોતાના દોષો દેખાતા નથી. કદાચ કોઈ બતાવે તો સ્વીકારાતા નથી. આત્મશ્લાઘાના નશામાં તે ચકચૂર રહ્યા કરે છે. મોડે મોડે પણ આપણને ભાન થયું. ખરેખર તો મતનું રાજકારણ ન હોત તો કદાચ હજી પણ ભાન ન થાત. મતોએ ભાન કરાવ્યું કે આ હડધૂત લોકોના મતોથી જ રાજ કરી શકાશે. તે જે તરફ ઢળશે તે તરફ સત્તા હશે. આપણે કામે લાગ્યા. મોટું કામ ધર્માંતરણ કરાવનારાઓને ગાળો દેવાનું ઉપાડ્યું. પણ નાના કામ તરીકે તેમના જેવી જ માનવતાની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી. સારું થયું. સાચી દિશા તો સૂઝી.

લોકોનો અનુભવ હોય છે કે અનાથ બાળક કરતાં અનાથ બાળકીનો ઉછેર વધુ કપરો હોય છે. તેમાં પણ માતા વિનાની બાળકીનો ઉછેર પિતા કરી શકતો નથી. કોઈ વાર કામવાસના પણ તેને દગો દઈ દે છે. માણસ ખરાબ નથી હોતો; રૂંધાયેલી વાસના તેને ખરાબ કરે છે. તેમાં પણ જો તેવો પિતા બીજાં લગ્ન કરી બેસે તો સાવકી માતા બાળકોની દુશ્મન બની જાય તો કાંઈ કહેવાય નહિ. ટૂંકમાં અનાથ બાળકી બધી રીતે દુ:ખી દુ:ખી થઈ જતી હોય છે. જ્યારે પિતા કુણિર્ગર્ગ જીવતા હતા ત્યારે તેમણે તેના વિવાહ કરવાનો પ્રયત્ન કર્યો. પણ કન્યા કોઈ વરને પસંદ કરતી નહિ. "આ નહિ, આ નહિ, આ આવો છે, આ તેવો છે" એવી ખોડો બતાવીને તે અનેક મુરતિયાઓને નાપાસ કરતી રહી. તેથી તે કુંવારી રહી ગઈ. કેટલીક કન્યાઓ પૂરા વિશ્વના બધા મુરતિયાઓને પોતાના માટે અયોગ્ય માનતી હોય છે. તે ગુરુતાગ્રંથિથી પીડાતી હોય છે. નાપાસ કરવામાં તેની ઉંમર વીતતી જાય છે. તે કદી પોતાની જાત તરફ નથી જોતી કે હું કેવી છું. તેની દશા પેલા ઊંટ જેવી થાય છે. જે બધાં પશુઓના વાંક જોયા કરતો હતો પણ પોતાનાં અઢારે વાંકાં છે તે જોતો ન હતો. આ કન્યાનું પણ આવું જ થયું. જે કન્યાને પોતાના પતિ પ્રત્યે અહોભાવ ન થાય બલકે ખોડો દેખાય અને હીનભાવ થાય તે કન્યા પતિમાં ભળી ન શકે. જે ભળે નહિ તેનું દામ્પત્ય જામે નહિ. દામ્પત્ય જામ્યા વિના સંસારસુખ મળે નહિ. તે દુ:ખી જ થાય.

મુરતિયાઓને નાપાસ કરતાં કરતાં તે થાકી ગઈ અને પછી એક આશ્રમ બનાવીને રહેવા લાગી. પતિસુખ વિનાની સ્ત્રી જલદી વૃદ્ધ થઈ જતી હોય છે. કારણ કે જીવનનું સર્વોચ્ચ ટોનિક પ્રેમ છે તેનાથી તે વંચિત રહી જતી હોય છે. એકાકીપણું જીવનની ઊધઈ છે. તે અંદરથી ને અંદરથી માણસને ખોતરી ખાય છે. એકાકી પુરુષ કરતાં એકાકી સ્ત્રીને વધુ ખાલીપણું સતાવે છે. કારણ કે સ્ત્રી લાગણીપ્રધાન હોય છે. તેને હૃદયનું ખાલીપણું સતાવે છે. જો પૃથ્વી ઉપર સ્ત્રીઓને સુખી કરવી હોય તો તેમને ખાલીપણાથી મુક્ત કરો. પણ હા, તેમને અતિરેક કરતાં પણ અટકાવો. એક મ્યાનમાં એક જ તલવાર રહે. બે કે ઘણી તલવારો ન રખાય. એવી છૂટ ન હોય કે પછી મ્યાન એક અને તલવારો ઘણી. મ્યાનને જ કાપી નાખશે. બન્ને તરફનો વિચાર કરીને સમાજવ્યવસ્થા કરી શકાય.

કોઈ પુરુષ પસંદ ન પડવાથી પતિ વિનાની રહી ગયેલી પેલી કન્યા આશ્રમ બાંધીને રહેવા લાગી

ને તપસ્યા કરવા લાગી. લગ્નવંચિત માણસોનાં મન તપસ્યા તરફ વળવાં કઠિન હોય છે. તપસ્યા એ કુદરતી આવશ્યકતા નથી. સ્ત્રી-પુરુષનો સહવાસ એ કુદરતી આવશ્યકતા છે. એટલે ગમેતેટલું રોકો તોપણ મન ફરી ફરીને કુદરતના માર્ગે ચાલવા મથતું રહે છે. તેમ છતાં ગમેતેમ કરીને પેલી કન્યા જીવન જીવતી રહી. આવી એકાકી કન્યાની પાછલી જિંદગી બહુ ખાલીપણામાં વીતે છે. ખાલીપો તેને ખાઈ જાય છે. સંયુક્ત પરિવારમાં ભલે અનેક માણસો હોય પણ આવો ખાલીપો માત્ર ને માત્ર પતિના દ્વારા જ ભરાય છે. બીજા કોઈના દ્વારા નહિ. પતિ વિનાની સ્ત્રી અને પત્ની વિનાનો પુરુષ દિવસે કામ કરે અને રાત્રે રોવે. તેનાં ધ્રુસકાં કોઈ ન સાંભળે. તેનાં આંસુ કોઈ ન લૂછે. તેની લાગણીવેદના અને કામવેદના કોઈ ન જાણે. સુહાગણો તેના ઉપર ડોગવોચ રાખ્યા કરે. હમદર્દી ન રાખે.

પેલી કન્યા બહુ વહેલી વૃદ્ધ થઈ ગઈ. ખાવાનું અનાજ તો હતું પણ લાગણી અને કામનું ટોનિક ન હતું. હવે તો તેનાથી એક ડગલું પણ ચલાતું ન હતું. “મારું કોઈ નહિ, મારું કોઈ નહિ”ની પીડા સતત ભોગવતી હતી. દેહત્યાગ કરવાનો સમય નજીક આવી ગયો. સંયુક્ત કુટુંબની દાદીમા જ્યારે દેહત્યાગ કરતી હોય ત્યારે તેના ખાટલાની ચારે તરફ પરિવારની ઠઠ જામી હોય, બધાં બા બા કરતાં હોય. વાતાવરણ ભર્યું ભર્યું લાગે. આ વૃદ્ધ કન્યા જ્યારે દેહત્યાગ કરવા લાગી ત્યારે પાસે કોઈ ન હતું. “તમે કોઈનાં ન થાઓ તો કોઈ તમારું ન થાય” તે કોઈની થઈ નહિ એટલે હવે તેનું કોઈ નથી. પણ નારદજી આવી પહોંચ્યા. નારદજી અમર પાત્ર છે. કથાવસ્તુને આગળ લંબાવવા નારદજી આવી જ જાય. તેમણે પેલી કન્યાને કહ્યું, “તેં લગ્ન કર્યાં નથી એટલે તારો પરલોક સુધરશે નહિ. પરલોક સુધારવા માટે લગ્ન કરવાં અનિવાર્ય છે. તેં લગ્ન ન કરીને આ લોક તો બગાડ્યો. હવે પરલોક પણ બગાડીશ.” આમ તો આ વૃદ્ધ કન્યા ક્યારનીયે પરણવા તૈયાર હતી, પણ હવે તેની સાથે કોણ પરણે? તે હવે વૃદ્ધ ડોશી થઈ ગઈ હતી. (હા, મન ડોશી થયું ન હતું.) તેના બધા ઉજ્જ્વળ કાળ વીતી ગયા હતા. છેવટે નારદજીએ ઋષિઓની સભા ભરી અને જાહેરાત કરી કે “જે કોઈ ઋષિ આ કન્યા સાથે પરણશે તેને આ કન્યા પોતાનું અડધું તપ આપશે.” બધા ઋષિઓ હસવા લાગ્યા. કોણ આ ડોકરીનો હાથ પકડશે? પણ ત્યાં તો ગાલવઋષિનો પુત્ર શૃંગવાન ઊભો થયો. તેણે કન્યાનો પ્રસ્તાવ માન્ય રાખ્યો. પણ તેણે શરત રાખી કે પરણ્યા પછી તારે મારી સાથે એક રાત્રિ રહેવું પડશે. શરત મંજૂર થઈ ગઈ. બન્નેનાં લગ્ન થઈ ગયાં. શરત પ્રમાણે તે એક રાત પોતાના પતિ શૃંગવાન પાસે ગઈ. તેણે સોળે શણગાર સજ્યા હતા. એક રાત્રિ તો રોજ રાત્રિમાં બદલાઈ ગઈ. થોડા જ સમયમાં તેની વૃદ્ધાવસ્થા યુવાવસ્થામાં બદલાઈ ગઈ. તેણે કહ્યું કે પતિ, માત્ર અન્ન-વસ્ત્ર જ નથી આપતો તે પત્નીને યુવાવસ્થા પણ આપે છે. કારણ કે કુદરતે તેને બધાં ટોનિકો આપ્યાં છે. નારદે કહ્યું કે “હવે તારો પરલોક સુધરી જશે. ચાલ આવવું હોય તો” કન્યાએ કહ્યું કે “ના, ના, હમણાં મારે ઉતાવળ નથી. પરલોકમાં જે મળવાનું છે તેનાથી વધારે મને આ લોકમાં જ મારા પતિએ આપ્યું છે. મને તો આ લોક જ સારો લાગે છે.”

(મહાભારત શલ્યપર્વ—ગદાપર્વ 52મો અધ્યાય)

17-12-09

*

44. અશ્વત્થામાનો બદલો

વેર ન હોત તો કોઈ કથા લાંબી ન ચાલત. પણ વેરને અથાણા જેવું બનાવી દીધું. જેમ જૂનું થાય તેમ વધુ પાકું થાય. વેર કદી ઝેર વિનાનું હોતું નથી. ઝેર વિનાનું હોય તો પ્રભાવહીન થઈ જાય. બધાં જ વેર ખોટાં હોય છે તેવું ન કહી શકાય. જલિયાંવાલા બાગમાં ડાયરે જે ગોળીબાર કર્યો અને સેંકડો નિર્દોષ માણસોને મારી નાખ્યાં તેનું વેર ન રાખ્યું હોત તો ડાયરની હત્યા ન થઈ હોત. તો અંગ્રેજો ઢીલા ન પડત. સીતાજીનું હરણ કરનાર રાવણ પ્રત્યે જો શ્રીરામે વેર ન રાખ્યું હોત અને વીતરાગ થઈ ગયા હોત તો સીતાજીની પુન:પ્રાપ્તિ ન થાત અને રાવણને દંડ ન મળત. ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચનાર અને ખેંચાવનાર દુ:શાસન અને દુર્યોધન પ્રત્યે જો દ્રૌપદીએ વેર ન રાખ્યું હોત અને કેશ છૂટા મૂકવાની પ્રતિજ્ઞા ન લીધી હોત અને વીતરાગ થઈ હોત તો હજારો દ્રૌપદીઓના વાળ ખેંચાતા રહ્યા હોત. પૂરા વ્રજનાં બાળકોની હત્યા કરાવી નાખનાર અને પોતાના છ-છ ભાઈઓની હત્યા કરાવી નાખનાર કંસ પ્રત્યે જો કૃષ્ણે વેર ન રાખ્યું હોત અને વીતરાગ થઈ ગયા હોત તો કંસ- વધ ન થાત. તો હજીયે કેટલાંય બાળકોની હત્યા થયા કરત. બધાં વેરોનું સમર્થન ન કરાય પણ સંપૂર્ણ વેરત્યાગ કરીને વીતરાગ થઈ જવાનું પણ સમર્થન ન કરાય. અમુક વેરો રાખવાં જરૂરી છે. જો ન રાખો તો આસુરી રાજ થઈ જાય, પછી તો હત્યાઓ જ હત્યાઓ થવા લાગે. એટલે અમુક વેર અને બદલો લેવાની વૃત્તિ જરૂરી છે. કયું વેર રાખવું અને કયું ન રાખવું એ વિવેકને આધીન છે. પણ સૌને એકછત્ર વીતરાગ થઈ જવાનો ઉપદેશ આપવો તે તો અન્યાય અત્યાચારની સામે શરણાગતિ સ્વીકારવા બરાબર છે. કદાચ એટલે જ આપણે બદલો ન લેનારી, પલાયનવાદી ઠંડી પ્રજા બન્યા હોઈશું! જેવો ઉપદેશ તેવો આચાર, જેવો આચાર તેવાં પરિણામ.

મહાભારતના યુદ્ધમાં પૂરો કૌરવપક્ષ સાફ થઈ ગયો. માત્ર ત્રણ જણ જ બચ્યા: (1) અશ્વત્થામા (2) કૃપાચાર્ય અને (3) કૃતવર્મા. આ ત્રણે જીવ બચાવવા ભાગ્યા. જો પાંડવો પાછળ પડશે તો જાનથી મારી નાખશે. આવો ભય તેમને ઊભા રહેવા દેતો ન હતો. ચાલચાલ કરતાં એક ભયંકર વન આવ્યું તેમાં પ્રવેશ કર્યો. પ્રાચીન કાળમાં વનો સંતાવાની સારી જગ્યા હતી. ત્રણે જણા વનમાં પેસી ગયા. હવે તો તે થાકીને ચકનાચૂર થઈ ગયા હતા. નજીક જ એક મોટો વડલો જોયો. તેમને રાહત થઈ. હાશ, છાયા મળશે. ત્યાં જ રાત રોકાશું. જીવનમાં પણ કેટલાક માણસો વડલા જેવા હોય છે. તે હજારોને છાયા આપતા હોય છે. હજારોને આશ્રય આપનાર એકાકી ત્યાગી કરતાં ઘણો મહાન છે. આશ્રયદાતા જીવનદાતા બનતો હોય છે. કોરો ત્યાગી પોતે જ ઓશિયાળો થઈને આશ્રય શોધતો હોય છે. તેથી તો તેનો વાંઝિયો ત્યાગ આ લોક નહિ, પરલોકની કાલ્પનિક વાતોથી મનોરંજન કરતો હોય છે.

ત્રણે મહારથીઓ વડ નીચે પહોંચીને બધું ઠીકઠાક કરીને સૂવાની તૈયારી કરવા લાગ્યા. હવે સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. જોતજોતામાં અંધારું ઘેરાઈ ગયું અને પેલા વડલા ઉપર ચારે દિશાઓથી પક્ષીઓ આવી આવીને બેસી ગયાં. બેસતાં પહેલાં તે બધાં પરસ્પરમાં ખૂબ લડ્યાં. સૌને પોતપોતાની ડાળી ઉપર જ બેસવું હતું. જે એકબીજાએ પડાવી લીધી હતી. અનિશ્ચિત મિલકત ઝઘડો કરાવે છે, તેથી બધું નિશ્ચિત કરી દેવાય છે. એકાદ કલાક સુધી ઝઘડા કરીને પછી “જેને જે મળ્યું તે ખરું.” એવું વિચારીને બધાં જંપી ગયાં.

વેરની આગમાં બળતા અશ્વત્થામાને ઊંઘ આવતી નથી. તેણે જોયું કે એક નિશાચર પક્ષી ઉલ્લૂ

એકદમ આવી ચઢ્યું અને વડ ઉપર આરામથી જંપી ગયેલાં પક્ષીઓ ઉપર તૂટી પડ્યું. જોતજોતામાં તેણે ઘણાં પક્ષીઓને મારી નાખ્યાં. અશ્વત્થામા જોતો જ રહી ગયો. તેને પ્રેરણા મળી. શત્રુઓ ઉપર ઓચિંતાના તૂટી પડો. અને જોતજોતામાં મરાય તેટલાને મારી નાખો. તેણે પોતાના બન્ને સાથીદારોને જગાડ્યા તથા પાંડવો ઉપર આ ઉલ્લૂ પક્ષીની માફક ઓચિંતાના તૂટી પડી બદલો વાળવાનું કહ્યું. અશ્વત્થામા બદલો લેવાની બાબતમાં મક્કમ છે. પણ કૃપાચાર્ય પ્રારબ્ધવાદી છે. તે ધીરજ રાખીને જે થવાનું હોય તે થવા દેવા સૂચવે છે. કદાચ યુદ્ધ કરવું જ હોય તો કાલે સવારે યુદ્ધ કરીશું તેવું જણાવ્યું. પણ અશ્વત્થામા તો અત્યારે ને અત્યારે રાત્રે હુમલો કરી દેવાનું સૂચવે છે. અશ્વત્થામા, પિતૃવધનો બદલો લેવા માટે ઉતાવળા થયા છે. અંતે ત્રણે જણા પાંડવોના શિબિર તરફ જવા ચાલી નીકળ્યા. શિબિરના દ્વાર ઉપર પહોંચીને જેમતેમ કરીને ત્રણે જણા અંદર ઘૂસી ગયા. જે મહત્ત્વપૂર્ણ માણસો હોય તેનું રક્ષણ સાવધાની અને પૂરી તકેદારીથી કરવું જોઈએ. તેમાં જરા પણ બાંધછોડ ન કરાય. પણ અહીં કાંઈક કચાશ હશે એટલે પેલા ત્રણે શિબિરમાં પેસી ગયા. અશ્વત્થામા સર્વપ્રથમ ધૃષ્ટદ્યુમ્નના તંબૂમાં ગયો અને સૂતેલા રાજાને પગની ઠોકર મારીને જગાડ્યો. તે તેના ઉપર ચઢી બેઠો અને જોરજોરથી પ્રહાર કરવા લાગ્યો. ધૃષ્ટદ્યુમ્ન સાવધાન થાય તેના પહેલાં તેને અધમૂઓ કરી નાખ્યો. પછી તેના ગુપ્તાંગ ઉપર લાતો મારીમારીને તેને મારી નાખ્યો. ધૃષ્ટદ્યુમ્નની ચીસો સાંભળીને બધાં જાગી ઊઠ્યાં. કોઈ ભૂત કે રાક્ષસ છે તેવું માનીને બધાં ભાગવા લાગ્યાં.

અશ્વત્થામા ત્યાંથી ઉત્તમૌજાના તંબૂમાં ગયો અને તેને પણ ક્રૂરતાથી મારી નાખ્યો. એટલામાં યુધામન્યુ આવી પહોંચ્યો. તેણે અશ્વત્થામાની છાતીમાં ગદા મારી તોપણ અશ્વત્થામાએ ઉત્તમૌજાને ભયંકર રીતે રિબાવીને મારી નાખ્યો. અંધારાનો લાભ લઈને અશ્વત્થામાએ કેટલાય યોદ્ધાઓ અને સેનાપતિઓને મારી નાખ્યા.

કૃપાચાર્ય અને કૃતવર્માએ શિબિરમાં ચારે તરફથી અગ્નિ લગાવી દીધો. ચારે તરફ હાહાકાર મચાવીને ત્રણે જણા મળીને અંતિમ શ્વાસ લઈ રહેલા દુર્યોધન પાસે ગયા અને બધી વાત સંભળાવી. જેથી દુર્યોધન બહુ જ પ્રસન્ન થયો અને તેણે પ્રાણ છોડી દીધા.

ઉલ્લૂ પાસેથી પ્રેરણા લઈને અશ્વત્થામાએ જે અંધકારમાં હુમલો કર્યો તથા ભારે વિનાશ કર્યો તેમાંથી ઘણા બોધપાઠ લેવાના છે. મને લાગે છે કે આ તે સમયની આતંકવાદી પદ્ધતિ હતી. પાંડવ શિબિર એમ સમજતું હતું કે હવે તો કૌરવો હારી ગયા અને મરી ગયા છે. હવે કશું થવાનું નથી. તેથી પૂરી સાવધાની વિનાના હતા. પણ અગ્નિ લગાડવા માટે એક માણસ પણ પર્યાપ્ત થઈ જાય. આવી જ રીતે સૂતેલા માણસો ઉપર હુમલો કરવા માટે થોડા માણસો પણ ઘણા કહેવાય. શિબિરવાળાએ વધુ સાવધાન રહેવાની જરૂર હતી.

17-12-09

*

45. મૃત્યુકથા

જીવન મધુર છે, સુંદર છે, દુર્લભ છે. પણ તેની સમાપ્તિ એટલે કે મૃત્યુ બહુ દુઃખદાયી છે. મરવું કોઈને પણ ગમતું નથી. જે લોકો દુઃખી છે તેમને પણ મરવું ગમતું નથી તો પછી જે બહુ જ સુખી હોય છે તેમને તો મરવું ગમે જ શાનું? સંસારમાં સૌથી મોટું સુખ 'પ્રેમસુખ' છે. જેને એ પ્રાપ્ત થયું હોય તે તો સ્વર્ગ અને મોક્ષને પણ લાત મારી દે. જેણે જીવનમાં પ્રેમસુખ જોયું જ નથી તેનું જીવન સંસારની દૃષ્ટિએ એળે ગયું કહેવાય. ભલેને તે યોગી કે યોગીરાજ કે બ્રહ્મજ્ઞાની કે આત્મજ્ઞાની પોતાની જાતને લેખતો હોય. આ તો માત્ર લખાણ જ છે. જો જો તેને સાચું માની લેતા. પ્રેમ એ જ સૃષ્ટિ ઉપરનું અમૃત છે. તેનો વિરોધ કરનારી જીવનપદ્ધતિ ગમેતેટલી પૂજ્ય અને ઊંચી હોય તોપણ તે બિચારી છે. પ્રેમની સીમા માત્ર સ્ત્રી-પુરુષ સુધી જ સીમિત નથી. તે છેક પરમાત્મા સુધી ફેલાયેલી છે. પ્રેમને અને મોહને એક ન માની લેવાય. મોહનું રિફાઈન થયેલું રૂપ તે પ્રેમ છે. મોહનો નાશ નહિ, મોહનું નવું રિફાઈન કરેલું રૂપ જેમાંથી સ્વાર્થનો બધો કચરો બાળી નાખવામાં આવ્યો હોય અને માત્ર "તું હી તું જ" રહી ગયું હોય તે પ્રેમ છે. પણ તે સર્વસુલભ નથી. "હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો ને" જેને વિશુદ્ધ પ્રેમ મળ્યો તેને જીવનનું સાચું અમૃત મળ્યું. પણ મૃત્યુ તો કોઈને પણ છોડતું નથી. પ્રેમ માણસને જીવતાં પણ શિખવાડે છે અને મરતાં પણ શિખવાડે છે. મોહ મોત બગાડે છે. બસ મોહને રિફાઈન કરો એ જ ખરી સાધના છે. મોહ ઊર્જા છે તેનું મોઢું ફેરવી નાખો તો તે ઊર્જા પ્રેમ થઈને પરમ કલ્યાણકારી થઈ જઈ શકે છે. પ્રેમી મરતો નથી, શહીદ થાય છે, બલિદાન આપે છે. શહીદી અમર થઈ જાય છે. પણ મૃત્યુ! મૃત્યુ તેને મારતું નથી, તે મૃત્યુને મારે છે. આ જ મૃત્યુવિજય કહેવાય છે.

મહાભારતમાં એક સરસ મૃત્યુકથા છે. એક બ્રાહ્મણ ફરતાં ફરતાં વનમાં જઈ ચઢ્યો. અને ભૂલો પડ્યો. કેમે કરીને રસ્તો ન મળે. હવે શું કરવું? હાંફળો-ફાંફળો આડેધડ જઈ રહ્યો હતો ત્યાં ધડામ દઈને કૂવામાં પડ્યો. કૂવા ઉપર વેલી અને ડાળખાં ફરી વળ્યાં હતાં તેથી તે દેખાતાં ન હતાં. પણ તેના વજનથી તે નીચે ઊતરી ગયો, તેના હાથમાં એક વૃક્ષની ડાળ આવી ગઈ. જે કૂવાની દીવાલમાં ઊગ્યું હતું. તેની ડાળ પેલા બ્રાહ્મણના હાથમાં આવી ગઈ. તે લટકી રહ્યો. તેની નજર કૂવાના કાંઠા તરફ ગઈ તો તેણે જોયું કે એક મદોન્મત્ત હાથી પોતાની સૂંઢ લાંબી કરીને તેને પકડવાનો પ્રયત્ન કરે છે. સૂંઢ થોડી જ દૂર રહી જાય છે. પછી નીચે જોયું તો ત્યાં એક ભયંકર મગર ઘણા દિવસનો ભૂખ્યો મોઢું ફાડીને પેલાના પડવાની રાહ જોઈ રહ્યો છે. ઉપર પણ મૃત્યુ અને નીચે પણ મૃત્યુ. વાત ઓછી હોય તેમ એક દરમાંથી એક કાળો ઉંદર નીકળ્યો. અને વૃક્ષની ડાળને કોતરવા લાગ્યો. થોડી વાર પછી તે કાળો ઉંદર દરમાં જતો રહ્યો અને સફેદ ઉંદર નીકળ્યો. તે પણ ડાળીને કોતરવા લાગ્યો. હવે તો ડાળી કપાવા લાગી. જરૂર તે કપાઈ જવાની અને પછી પેલો બ્રાહ્મણ મગરના મોઢામાં પડીને મોતનો કોળિયો થઈ જશે. બ્રાહ્મણના દુઃખ અને ચિંતાનો પાર ન રહ્યો. ત્યાં તો તેના મોઢામાં મધનું ગળ્યું ગળ્યું ટીપું પડ્યું, તે ચાટવા લાગ્યો. તેને આનંદ આવવા લાગ્યો. થોડી થોડી વારે ટીપું પડતું રહે અને આનંદ આવતો રહે. વચ્ચે વચ્ચે પેલો મગર અને હાથી દેખાય પણ મધના ટીપાથી દુઃખ ઓછું થઈ જાય.

મહાભારતકાર કહે છે કે સંસારનું છેવટનું રૂપ આવું જ છે. સંસાર એક કૂવો છે. જીવાત્મા તેમાં પડે છે. કોઈ પણ જીવાત્મા પોતાની ઇચ્છા પ્રમાણેના ઘરમાં જન્મ લઈ શકતો નથી. જ્યાં જન્મ મળે ત્યાં જીવવાનું. બધાને સરખી અનુકૂળતા-પ્રતિકૂળતા નથી મળતી. પેલી વૃક્ષની ડાળી એ

જીવાદોરી છે. તેને પકડીને જીવાત્મા જીવે છે. ઉપરનો હાથી એ ભય છે. કોઈ પણ જીવન ભય વિનાનું નથી હોતું. જેમ જેમ માણસ મોટો થતો જાય તેમ તેમ તેનો ભય પણ મોટો થતો જાય. નીચેનો મગર એ કાળ છે. મૃત્યુ છે. એક ને એક દિવસ તેના જડબામાં જીવાત્મા પડવાનો જ છે. પેલા બે કાળા-ધોળા ઉંદરો તે દિવસ-રાત છે. તે જીવનની દોરીને—વૃક્ષની ડાળીને કાપે છે. મધનાં ટીપાં એ સંસારનાં સુખો છે. આ સુખોમાં જીવાત્મા મગરને, હાથીને, ઉંદરોને બધાને ભૂલી જાય છે અને પોતે અમર હોય તેમ બેફામ વ્યવહાર કરતો રહે છે. પછી એક ક્ષણે ઓચિંતાની ડાળ કપાઈ જવાથી પેલા મગરના મોઢામાં પડે છે અને કામ તમામ થઈ જાય છે. બસ કથા પૂરી થઈ ગઈ.

આપણા સૌની આ જ કથા છે. નીચે મૃત્યુ ને માથે ભયને જોનારને વૈરાગ્ય થાય છે. જેથી તે બેફામ થતો નથી.

(મહાભારત સ્ત્રીપર્વ દશમો અધ્યાય)

17-12-09

*

46. યુધિષ્ઠિરની સંન્યાસ ઇચ્છા

બહુ પ્રાચીન કાળથી ભારતમાં જીવનની ત્રણ ધારાઓ કામ કરી રહી છે: 1. પરલોકવાદી, 2. આ લોકવાદી અને 3. ઉભયલોકવાદી.

પરલોકવાદી ધારામાં સ્વર્ગ અને મોક્ષ આવે છે. એવું લાગે છે કે બહુ પહેલાં માત્ર સ્વર્ગ જ હતું. મોક્ષ ન હતો. પણ પછી પાછળથી નિર્વાણ અથવા મોક્ષનો ઉમેરો થયો છે. તેનું મુખ્ય કારણ દુ:ખવાદ છે. કેટલાક લોકો સંસારને માત્ર દુ:ખમય જ માને છે. જેમાં અહીંનાં સર્વોચ્ચ સુખોને પણ દુ:ખો જ માનવામાં આવ્યાં છે. સંસારમાં ક્યાંય સુખ છે જ નહિ તેવી ધારણા દૃઢ કરાવીને સંસાર છોડાવીને પરલોકને સુધારી મોક્ષ મેળવવાની વાત કરવામાં આવે છે. સ્વર્ગમાં પણ સુખો જ છે. તેથી તે પણ દુ:ખ રૂપ જ છે. કારણ કે સ્વર્ગમાં અપ્સરાઓ તથા પદાર્થોનાં સુખો છે, તે તો અહીં પણ હતાં જ. તેનો તો ત્યાગ કરવાનો છે. તેના ત્યાગથી જ મોક્ષ મળી શકે છે. મોક્ષમાં સુખ-દુ:ખ બન્ને નથી. માત્ર સ્વસ્વરૂપની સ્થિતિ છે. આનંદરૂપ છે. તે અખંડ અને શાશ્વત છે. આવું બધું મોક્ષ માટે કહેવાયું છે. તેની પ્રાપ્તિ માત્ર ને માત્ર સંસારત્યાગથી જ થાય છે. ગુરુલોકો વધુમાં વધુ સ્ત્રી-પુરુષોને સંસારત્યાગી બનાવવાનો ઉપદેશ આપતા રહે છે. જેથી ઘણાં મોટાં મોટાં ટોળાં મોક્ષમાર્ગી ત્યાગીઓનાં વિચરતાં રહે છે. બ્રાહ્મણો, બ્રહ્મભોજનનો મહિમા વધારે છે જેથી બ્રહ્મભોજન તરફ દાતાવર્ગ વળી જાય. ત્યાગીઓ, ત્યાગીઓના ભોજન-ભિક્ષાની મહત્તા બતાવે છે જેથી બધાં ત્યાગી ટોળાંઓને રોટી-કપડાં વગેરે મળતાં રહે. ચારે તરફથી સતત ત્યાગનો જ ઉપદેશ સાંભળવાથી ઘણા લોકો ઘરબાર, પત્ની બાળકો, વ્યાપાર-ધંધો વગેરે છોડીને ત્યાગી થઈ જવા તરફ વળી ગયા હતા. આ લોકો પણ ટોળાં મોટાં કરવાનો ઉપદેશ આપતા ફરતા રહેતા. ભારતમાં એક બહુ મોટો વળાંક આવવાની શરૂઆત થઈ ચૂકી હતી. પહેલાં પ્રજાનો સર્વોચ્ચ ભાગ ઋષિઓ હતા. જે ત્યાગી નહિ કર્તવ્યપરાયણ હતા. તેમને પત્નીઓ રહેતી. પુત્ર-પુત્રીઓ રહેતાં. ગુરુકુળો રહેતાં, ભણતા-ભણાવતા અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે પુરુષાર્થનું સંતુલન રાખીને જીવન જીવતા અને લોકોને પણ તેવું જ જીવન જીવવાનો ઉપદેશ આપતા. પણ માત્ર ધર્મ અને મોક્ષને જ મહત્ત્વ આપનાર ત્યાગમાર્ગનો પ્રભાવ વધવા લાગ્યો ત્યારે ઘણા લોકો એ માર્ગ તરફ પણ વળવા લાગ્યા. મહારાજા યુધિષ્ઠિર પણ આ માર્ગમાં ઝડપાઈ ગયા. યુધિષ્ઠિરે સૌને ભેગા કરીને કહી દીધું કે મારે હવે ત્યાગી થઈ જવું છે. મારે આ રાજપાટ વગેરે કાંઈ જોઈતું નથી. તેથી તમે બધા સંભાળો અને મને આત્માનું કલ્યાણ કરવા અને મોક્ષમાર્ગે આગળ વધવા રજા આપો.

યુધિષ્ઠિરના નિર્ણયથી પાંડવો ઉપર વીજળી તૂટી પડી. આખી જિંદગી દુ:ખો ભોગવ્યા પછી માંડ હવે સુખના દિવસો આવ્યા છે તેવા સમયે યુધિષ્ઠિરને વૈરાગ્ય ચઢવો અને ગૃહત્યાગનો વિચાર કરવો એ આઘાતજનક ઘટના હતી. ભારતમાં સંયુક્તજીવન જિવાય છે. સંયુક્તજીવનમાં એકના સુખ-દુ:ખની અસર બાકીના સૌ ઉપર પડતી હોય છે. એટલે જો યુધિષ્ઠિર ગૃહત્યાગ કરે તો તેની અસર પણ સૌના ઉપર પડવાની જ. તેમાં પણ પતિના વ્યવહારની પત્ની ઉપર અને પત્નીના વ્યવહારની પતિ તથા સંતાનો ઉપર પડતી જ હોય છે. એટલે જે કોઈ નિર્ણય લેવાય તે સૌનો વિચાર કરીને જ લેવાય. માત્ર પોતાના આત્માનો જ વિચાર કરીને સૌને રોતાંકકળતાં મૂકી દેવાં કે અનાથ બનાવી દેવાં તે યોગ્ય ન કહેવાય. તે કર્તવ્યપરાયણતા ન કહેવાય.

કોઈ સામાન્ય માણસને સમજાવી શકાય પણ યુધિષ્ઠિર જેવા સમજુ માણસને કોણ શું સમજાવે? તોપણ અર્જુન આગળ આવ્યો. તેણે સમજાવવાનો પ્રયત્ન કર્યો. "મહારાજ, પ્રાચીનકાળમાં મહારાજા વિદેહ જનકે પણ આવો નિર્ણય કર્યો હતો. તે પણ મોક્ષ મેળવવા ગૃહત્યાગ કરીને ભિક્ષાવૃત્તિથી જીવન જીવવા માગતા હતા ત્યારે તેમની રાણીએ જે સંવાદ કર્યો હતો તેનો સાર હું તમને સંભળાવું છું. સારું થયું કે જનક અને તમે પણ પરિવારની રજા લઈને ગૃહત્યાગ કરવા તત્પર થયા છો, બાકી કેટલાક પરિવારની રજા લીધા વિના જ, ચૂપચાપ ગૃહત્યાગ કરી ગયા હતા તેમને સમજાવવાનો કોઈને મોકો જ ન મળ્યો. વૈરાગ્ય ઊભરો છે. તે સ્થાયીભાવ નથી હોતો. પ્રસંગવશ ચઢે અને ઊતરે છે. જેમ કામ-ક્રોધ પણ ચઢતા અને ઊતરતા હોય છે. જીવનના સ્થાયી નિર્ણયો ઊભરામાં ન લેવાય. જનકની રાણીએ જનકને કહ્યું કે "કર્તવ્યો છોડીને, આશ્રિતોનો ભાર ફેંકીને ઘરમાંથી ભાગી જવું એ કાયરતા છે. કોઈ બસનો ડ્રાઇવર ચાલુ બસે સ્ટિયરિંગ છોડીને બસમાંથી કૂદી પડે તો બસનું શું થાય? તમારા ચાલ્યા જવાથી રાજ્યનું શું થશે? અમારું શું થશે? કદી વિચાર કર્યો છે? જે લોકો માત્ર પોતાના આત્માનો અને મોક્ષનો જ વિચાર કરે છે અને પત્ની-બાળકો કે બીજી જવાબદારીઓનો વિચાર નથી કરતા તે સ્વાર્થી છે. મહાસ્વાર્થી છે, પથભ્રષ્ટ છે. તે કદી આત્માનું કલ્યાણ ન કરી શકે. તે કદી મોક્ષ ન પામી શકે. જો મોક્ષ હોય તો ઘરમાં રહીને કર્તવ્યો બજાવતાં બજાવતાં જ મોક્ષ મળે. ભીખના રોટલા ખાઈને ભગવાન ન મળે. અત્યાર સુધી તમે તમારા પોતાના જ રોટલા ખાતા હતા. હવે તમે લોકોના આંગણે ઘર ઘર ભટકીને ભિક્ષા માગીને પેટ ભરતા થશો. ભીખ માગવી એ મૃત્યુથી પણ વધુ દુઃખદાયી છે. આવો ત્યાગ તમને લાચાર બનાવી દેશે. સ્વમાની વ્યક્તિએ પારકા રોટલા ખાઈને પેટ ભરવાની આજીવિકા ન સ્વીકારવી જોઈએ. જે હજારોનો આધાર હોય તેણે એક જ ઝટકે બધાને નિરાધાર બનાવી ન દેવાય. તમે જે મોક્ષ માટે ત્યાગી થઈ રહ્યા છો તે મોક્ષ શંકાસ્પદ વસ્તુ છે, છે કે નહિ તેની કશી ખાતરી નથી. કદાચ ન પણ હોય. ન હોય તો આ પૂરું આયોજન વ્યર્થ જ કર્યું કહેવાય. ધર્મપત્નીનો ત્યાગ પાપ છે. તમે પાપકર્મા થઈ રહ્યા છો. કેટલા લોકોના નિસાસા લઈ રહ્યા છો? અત્યારે જે ઘણાબધા ત્યાગીઓ નગરની શેરીઓમાં ફરી રહ્યા છે, તેમાં કેટલાક મુંડનવાળા, કેટલાક કાષાય વસ્ત્રવાળા કેટલાક જાતજાતના વેશધારી વગેરે બધા પેટ ભરવા રખડી રહ્યા છે. કામ કરવું સારું ન લાગ્યું તેથી આ બધા આળસુ—પ્રમાદી માણસો ત્યાગી થઈને પેટ ભરી રહ્યા છે. આ મથમુંડા જેવા થવા કરતાં ઘરમાં રહીને જવાબદારીઓ અદા કરતાં કરતાં જીવન જીવવું વધુ કલ્યાણકારી છે. આ રીતે ઘણા વિસ્તારથી રાણીએ જનકને સમજાવ્યો. જનક તો જ્ઞાની હતો તેણે ગૃહત્યાગનો વિચાર છોડી દીધો. તે ઘરમાં રહ્યો અને જવાબદારીઓ અદા કરતાં કરતાં પૂરું જીવન જીવ્યો. જનક વિદેહી કહેવાયો. માટે તમે પણ ત્યાગી થવાનો વિચાર છોડી દો અને કર્તવ્યપરાયણ જીવન જીવો. આપણે સૌ જીવનભર સાથે રહ્યા છીએ. જીવશું તો હવે પણ સાથે જ જીવશું. અને મરશું તોપણ સાથે જ મરશું." અર્જુને યુધિષ્ઠિરને ઘણી દલીલો આપીને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

એટલામાં મુનિ દેવસ્થાન ત્યાં આવી પહોંચ્યા. સંયુક્ત સંસારી જીવનમાં અવારનવાર એકબીજાને સમજાવવાના પ્રસંગો આવતા જ હોય છે. સમજાવનારા કેવા મળ્યા હોય છે તેના આધારે જીવનનાં ઉદ્ધાર-પતન થતાં હોય છે. મહર્ષિ દેવસ્થાન કર્મકાંડી બ્રાહ્મણ છે. હોમહવન કરતા રહે છે. તેમણે યજ્ઞો કરીને કલ્યાણ કરવાના માર્ગ ઉપર ભાર મૂક્યો. બધું કલ્યાણ યજ્ઞોના દ્વારા જ થતું હોય છે. માટે યજ્ઞો કરો તેવો ઉપદેશ આપ્યો.

કેટલીક વાર લાંબો સમય કુંવારા રહેનાર માણસને પૈણ ચઢતું હોય છે. ત્યારે તે ભાન ભૂલીને

પરણવા માટે ફાંફાં મારતો હોય છે. તેવી જ રીતે કેટલીક વાર કોઈ પ્રસંગની અસરથી ગૃહત્યાગ કરીને ભાગી છૂટવાનું પણ ગાંડપણ ચઢતું હોય છે. આવા સમયે કોઈ યોગ્ય હિતકારી વ્યક્તિ મળી રહે તો તેનો ઊભરો શમાવીને તેને રોકે છે. કદાચ જીવન બચી જાય છે. ફરી પાછા અર્જુને મોટાભાઈને સમજાવવાનો પ્રયત્ન કર્યો. યુધિષ્ઠિરને સ્વજનોના વિનાશનો આઘાત લાગ્યો છે. “આટલી બધી હત્યાઓ કરીને શું મેળવ્યું? આવું રાજ્ય મારે ન જોઈએ.” તેવી વૃત્તિ તેને જંપવા દેતી નથી. બાહ્ય યુદ્ધ કરતાં પોતાની જ મનોવૃત્તિઓ સાથે યુદ્ધ કરવું બહુ કઠિન હોય છે. તેવામાં મહર્ષિ વ્યાસજી આવી ચઢ્યા. તેમણે યુધિષ્ઠિરને સમજાવ્યા અને કહ્યું કે ડુંગરા તો દૂરથી રળિયામણા લાગે. ત્યાગીઓનાં જીવન પણ દૂરથી જ સારાં લાગે. નજીકથી જોનારને ખબર પડે કે જેટલું ત્યાગનું પ્રદર્શન થાય છે તેટલું અંદરથી દર્શન નથી હોતું. ઊભરો ઊતરી જતાં જ બધી ત્યાગેલી વસ્તુઓની ઇચ્છા થાય છે. તેને મેળવવા ઢોંગ—પાખંડ કરવાં પડે છે. સંસારી કરતાં ત્યાગીઓ વધુ પૈસાની પાછળ પડ્યા હોય છે. માટે ત્યાગી થઈને નહિ કર્તવ્યનિષ્ઠ જવાબદાર માણસ થઈને જીવન જીવો.” વ્યાસજીની વાત યુધિષ્ઠિરના ગળે ઊતરી અને તેમણે વિચાર બદલી નાખ્યો.

(મહાભારત શાન્તિપર્વ 22મો અધ્યાય)
18-12-09



47. શંખ અને લિખિત

ભારતમાં એક સમય એવો આવ્યો કે લોકોને ગૃહત્યાગ તરફ વાળી દીધા. સામાન્ય માણસથી માંડીને રાજા-મહારાજા, ક્ષત્રિયો, ખેડૂતો, કારીગરો સૌને દીક્ષા લઈ લો, દીક્ષા લઈ લો, આત્માનું કલ્યાણ કરી લો તેવા ઉપદેશ અપાવા લાગ્યા. પ્રજાનો બુદ્ધિશાળી વર્ગ તે તરફ વળવા લાગ્યો. પ્રજાનો બુદ્ધિશાળી વર્ગ જ પ્રજાનું ભવિષ્ય બનતો હોય છે. તે જે તરફ વળે તે તરફ પ્રજાનું ભવિષ્ય વળી જતું હોય છે. બુદ્ધિશાળી વર્ગને વળાંક આપનારું તત્ત્વ વિચારો છે. પ્રત્યેક સમયે એક મુખ્ય વિચારધારા પ્રચલિત થતી હોય છે. તે તરફ લોકો વળતા હોય છે. કોઈ વાર યજ્ઞો તરફ, કોઈ વાર તપસ્યા તરફ, કોઈ વાર ભોગો તરફ, કોઈ વાર યુદ્ધો તરફ, કોઈ વાર ભોગવિલાસ અને મોજશોખો તરફ, કોઈ વાર ચરખા તરફ, કોઈ વાર મિસાઈલ અને કમ્પ્યુટર તરફ. કોઈ વાર દીક્ષા તરફ આમ પ્રજાનો બુદ્ધિશાળી વર્ગ જુદી જુદી દિશા તરફ વળતો રહેતો હોય છે. બુદ્ધિશાળીઓની પાછળ સામાન્ય પ્રજા ચાલતી હોય છે. દિશા પ્રમાણે પરિણામ મળતાં હોય છે. તે સમયે દીક્ષા લેવાની હવા જોર ઉપર હતી. બીજા તો ઠીક પણ રાજાઓ, ક્ષત્રિયો, યોદ્ધાઓ, ઉત્પાદક ખેડૂતો વગેરે દીક્ષા લઈને ત્યાગી જીવન જીવતા થઈ જાય તો રાષ્ટ્ર કમજોર બને. બહુ માઠાં પરિણામ આવે. દેશનું યુવાધન આવી રીતે નિષ્ક્રિય થઈને પથભ્રષ્ટ થઈ જાય તો મહાઅનર્થ થઈ જાય. યુવાનોને બાવા બનાવવાના ન હોય, યોદ્ધા બનાવવાના હોય. વિજ્ઞાની બનાવવાના હોય. જે દેશની ચારે તરફ દુશ્મનો ટાંપી રહ્યા હોય. જે દેશની અંદર આતંકવાદીઓ ધડાકા કરી રહ્યા હોય ત્યારે યુવાધનને ત્યાગ-દીક્ષા તરફ વાળીને નિષ્ક્રિય કરી નાખવાનું ન હોય. જેમ પ્રાચીન કાળમાં યુવાનિયાઓ ધીંગાણે ચઢતા અને ગામની આબરૂ સાચવવા પાળિયા થઈ જતા તેમ વર્તમાનમાં પણ યુવાધનને આતંકવાદીઓના ધીંગાણા તરફ વાળવાના હોય. બાવા થવા કરતાં પાળિયા થવું સારું. બાવા થઈને ફૂલે પૂજાવું તેના કરતાં સીમા ઉપર ગોળીઓ ખાવી સારી. ગોળીઓ ખાનારો હજારોનો રક્ષક છે. તેના થકી દેશ આઝાદ છે, તેના થકી ધર્મનું અસ્તિત્વ છે. તેના થકી બહેન-દીકરીઓ સલામત છે. તેણે ખાધેલી એક એક ગોળી અમર પુષ્પો છે. અને તેણે દુશ્મનોના કાળજામાં મારેલી એક એક ગોળી રાષ્ટ્રની અને પ્રજાની મજબૂતાઈના ખીલા સમાન છે. યુવાનો તો સીમા ઉપર દુશ્મનો સામે ગોળીઓની રમઝટ મચાવતા શોભે. તેમને મંદિરોના ટોકરા ખખડાવતા ન કરી દેવાય. ટોકરા વગાડનારા ટોકરાની રક્ષા નથી કરી શકતા. તેમનું ધ્યાન ભગવાન તરફ નહિ ભેટ તરફ વધારે હોય છે. યુવાધનને બરબાદ ન કરો. તેમને ભેટ તરફ નહિ, ભારત તરફ વાળો, દિશા બદલો, ત્યાગદીક્ષા નહિ, વીરદીક્ષા આપો. અહિંસા પરમો ધર્મ પછી; પહેલાં વીરતા પરમો ધર્મ આચરી બતાવો. પછી આપોઆપ અહિંસા આવી જશે. અહિંસા તો વીરતાની પાછળ પાછળ ચાલતી હોય છે. વીરતા વિનાની અહિંસા, નમાલી થઈ જતી હોય છે.

ચાલો ત્યારે મહાભારતની એક કથા કરીએ. બે સગા ભાઈઓ છે. બાહુદા નદીના કિનારે બન્ને ભાઈઓએ નજીકનજીક આશ્રમો બનાવ્યા અને રહેવા લાગ્યા. બને ત્યાં સુધી ભાઈઓએ નજીકનજીક રહેવું. ભાઈ ભુજા છે. આપત્તિના સમયે તે ઢાલ થશે. અને જીવન છે તો આપત્તિ તો આવવાની જ છે. પણ નજીકનજીક રહેતાં આવડવું જોઈએ. ખાસ કરીને સ્ત્રીવર્ગ ડાહ્યો અને ઉદાર હોવો જોઈએ. મૂર્ખ સ્ત્રીઓ પહેલાં પાડોશીઓને દુશ્મન બનાવે છે. પછી અશાંતિના સંતાપમાં બળતી રહે છે અને બાળતી રહે છે. બન્ને ભાઈઓનાં નામ છે શંખ અને લિખિત. એક આશ્રમજીવન પણ હોય છે.

ઘરનાં આઠ રૂપ હોય છે: 1. કસાઈઘર, 2. સોદાઘર, 3. વિદ્યાઘર, 4. અન્નપૂર્ણાઘર, 5. ખટપટઘર, 6. વ્યસનઘર,7. દરિદ્રઘર, 8. આશ્રમઘર.

1. કેટલાંક ઘર કતલખાના જેવાં હોય છે. ત્યાં હત્યાઓ થતી હોય છે કે હત્યાઓના વિચારો થતા હોય છે.

2. કેટલાંક ઘર સોદાઘર હોય છે. ત્યાં ચીજવસ્તુઓથી માંડીને માણસો સુધીના સોદા થતા હોય છે.

3. કેટલાંક ઘર વિદ્યાઘર હોય છે. ત્યાં પઠન-પાઠન થતું રહે છે.

4. કેટલાંક ઘર અન્નપૂર્ણાઘર હોય છે. ત્યાં રસોડું ચાલતું જ હોય છે. આવો અને જમો એ જ પ્રવૃત્તિ.

5. કેટલાંક ઘર ખટપટઘર હોય છે. અહીં દુનિયાભરની ખટપટો ચાલ્યા કરતી હોય છે. ખટપટો અને અશાંતિ બન્ને સગી બહેનો થાય. ખટપટો હોય ત્યાં અશાંતિ હોય જ.

6. કેટલાંક વ્યસનઘર હોય છે. ત્યાં છાંટોપાણી, ગાંજો, ચરસના ધુમાડા ચાલતા જ હોય.

7. કેટલાંક દરિદ્રઘર હોય છે. ઉદ્યમહીનતા અને ભૂખમરો ત્યાં પલાંઠી વાળીને બેઠાં હોય છે.

8. કેટલાંક આશ્રમઘર હોય છે. જ્યાં વિદ્યાધ્યયન, લેખનપ્રવૃત્તિ, પરમાર્થપ્રવૃત્તિ, લોકહિતની પ્રવૃત્તિઓ અને શાંતિ અનુભવાય છે. સદ્‌ગૃહસ્થો પણ આશ્રમઘર બનાવી શકે છે. ઋષિ અને ઋષિપત્ની મળીને આશ્રમઘર ચલાવતાં હોય છે. એકલો ઋષિ નહિ. એકલી ઋષિપત્ની પણ નહિ. બન્ને મળીને આશ્રમઘર ચલાવે છે. અહીં સંયમ તો છે પણ નિગ્રહ નથી. અહીં સ્ત્રી પ્રત્યેની એલર્જી નથી. પત્ની પતનનું કારણ નથી. જીવનસાધનાનું સર્વોચ્ચ સહાયક તત્ત્વ છે. તેનું મોઢું જોઈને વાસના ભડકી ઊઠતી નથી. પણ ભડકેલી વાસના શાંત થઈ જાય તેવું તે પવિત્ર છે. વાસના ભડકાવનાર સ્ત્રી છે તો તેને શાંત કરનાર પણ સ્ત્રી જ છે. સ્ત્રીથી ભાગેલા માણસની પાછળ વાસના ચંપલ કાઢીને દોડતી હોય છે. તેથી ઋષિ, સ્ત્રીથી ભાગતા નથી, તેનો સ્વીકાર કરે છે. તેની પૂર્ણ સહાયતાથી જ તે ઋષિ થઈ શકે છે. બાવા થવા કરતાં ઋષિ થવું સારું છે. એક પરાશ્રિત અને રક્ષિત જીવન જીવે છે. બીજો સ્વાશ્રિત અને સુરક્ષિત જીવન જીવે છે. એક જીવનભર વાસનાના ત્રાસથી ત્રાહિમામ પોકારતો રહે છે. બીજો તે જ વાસનાને ઊર્જા બનાવી સર્જન કરે છે. લોકોને કણાદ, કપિલ, ગૌતમ આપે છે.

આવા બે ઋષિઓ શંખ અને લિખિત નદીકિનારે આશ્રમ બનાવીને રહે છે. એક વાર લિખિત પોતાના ભાઈ શંખના આશ્રમમાં કોઈ કામ માટે ગયા. શંખે પોતાના આશ્રમમાં ઘણાં ફળવૃક્ષો વાવ્યાં હતાં. બને ત્યાં સુધી આશ્રમોમાં ફળ-ફૂલનાં વૃક્ષો ન વાવવાં જોઈએ. કારણ કે ત્યાં અનેક પ્રકારનાં અનેક લોકોની આવજા થાય. બધાં સરખાં ન હોય. કોઈ ફળ-ફૂલ તોડે તો દુ:ખ થાય, ઝઘડો પણ થાય. એટલે માત્ર છાયાવૃક્ષો જ વાવવાં જોઈએ. કદાચ વાવવાં જ હોય તો વાડબંધી જગ્યામાં વાવવાં. લિખિત શંખના આશ્રમમાં ફરતો હતો ત્યાં તેની દૃષ્ટિ નીચે પડેલી એક તાજી અને પાકી કેરી ઉપર પડી. કેરી જોતાં જ તરત જ તેને પોતાનો વહાલો પુત્ર યાદ આવી ગયો. વહાલા માણસને યાદ કરવું નથી પડતું. તે તો યાદ રહે જ છે. તેને વીસરવું કઠિન હોય છે. લિખિતે પેલું ફળ પોતાના વહાલા બાળક માટે ઉપાડી લીધું. જેને સિદ્ધાંતવાદી થવું હોય તેણે પોતાના પ્રત્યે અને પોતાના પરિવાર પ્રત્યે કઠોર થવું પડે. કઠોર ન થઈ શકનારા

લાંબો સમય સિદ્ધાંતવાદી રહી શકતા નથી. પુત્ર-પરિવાર પ્રત્યેનો મોહ તેમને ઢીલા પાડી દેતો હોય છે. એક વાર તો લિખિતને થયું કે આ ફળ મારું ન કહેવાય. મારાથી ન લેવાય પણ તરત જ દલીલ આવી. આ તો જમીન ઉપર પડેલું છે. મારા ભાઈનું વૃક્ષ છે. નાના છોકરા માટે એકાદ તો લેવાય. તેમાં કાંઈ પાપ ન લાગે. દલીલો બધી તરફની હોય છે. તે ફળ લઈ ગયો. વ્હાલા છોકરાને તે ખોળામાં બેસાડીને ખવડાવ્યું. પછી ભાન થયું. અરે, મેં પાપ કર્યું. બહુ પસ્તાવો થયો. શંખ પાસે જઈને ક્ષમા માગી પણ તેને સંતોષ ન થયો. હું પાપી છું. હું પાપી છું. એવી પાપભીરુતા તેને સંતાપ દેવા માંડી. સજ્જનોને જ પાપનો સંતાપ થતો હોય છે. દુર્જનોને ગૌરવ થતું હોય છે. છેવટે તે રાજા પાસે ગયો અને પોતાને સજા કરવા વિનંતી કરી. રાજાએ પણ ક્ષમા આપી, પણ તેથી તેને સંતોષ ન થયો. લિખિતે રાજાને કહ્યું કે તમારું કામ દંડ દેવાનું છે. દંડ દેવાથી જ રાજવ્યવસ્થા ચાલતી હોય છે. ક્ષમા આપવી એ અમારું કામ છે. મને સજા કરો, સજા કરો. છેવટે રાજાએ તેના બન્ને હાથ કપાવી નાખ્યા. આવા હાથ કપાયેલા થોડાક માણસો બજારમાં ફરતા હોય તો અપરાધીઓને પ્રેરણા મળે કે ચોરીનું શું પરિણામ આવશે.

મહાભારતકાર કથાને સુખદ રૂપ આપે છે. પશ્ચાત્તાપ કરીને પોતાની જાતે જ સજા માગનાર પ્રત્યે ભગવાન પ્રસન્ન થયા અને તેના બન્ને હાથ હતા તેવા ને તેવા થઈ ગયા. સગા ભાઈની પણ વસ્તુ પૂછ્યા વિના લેવાય નહિ. લો તો ચોરી કહેવાય. આ બોધપાઠ લેવા જેવો ખરો.

(મહાભારત શાંતિપર્વ 23મો અધ્યાય)

18-12-09

*

48. અન્તર્યામી કથા

ચિંતનશીલ માણસે બને તેટલો વિચાર ઈશ્વરીય રચનાનો કરવો જોઈએ. ઈશ્વરીય રચનાના બે ભાગ છે. 1. સૃષ્ટિરચના અને 2. માનવરચના. આપણે માનવરચનાના એક ભાગની વાત કરવી છે. માનો કે પ્રત્યેક માનવની અંદર કયા કયા વિચારો ચાલે છે તેની ખબર પ્રત્યેકને પડી જાય તો શું થાય? કેટલી ભયંકર કલ્પના છે? અન્તર્યામી કદી સુખી ન હોય. માત્ર ઈશ્વર જ અન્તર્યામી થઈને નિર્લેપ રહી શકે. આપણે એકબીજાના અંતરને નથી જાણતા એટલે જ એકબીજાને સારા લાગીએ છીએ. અને આબરૂદાર થઈને રહીએ છીએ. જો એકબીજાના આંતરિક વિચારો જાણતા થઈ જઈએ તો એકબીજા પ્રત્યે થૂ થૂ કરતા થઈ જઈએ.

નારદ અને પર્વત નામના બે ઋષિઓ વિચારણા કરતા ફરતા હતા. માણસે બને તેટલું ભ્રમણ યુવાવસ્થામાં કરી લેવું જોઈએ. ધન કમાવું અને ભોગો ભોગવવાની વય પણ યુવાવસ્થા જ છે. જેની યુવાવસ્થા આ ત્રણેમાંથી એકેની પ્રાપ્તિ વિના આળસ, પ્રમાદ, ઊંઘ અને બેસી રહેવામાં વીતે છે તે જીવન હારી જાય છે. જીવન ખોઈ બેસે છે.

બન્ને ભ્રમણ કરતાં કરતાં ગાઢ મિત્રો બની ગયા. ગાઢ મિત્રો તેને કહેવાય જે એકબીજાથી કશું છુપાવે નહિ. આગળ અને પાછળ એકસરખો વ્યવહાર રાખે. જ્યાં સુધી પૂર્ણ વિશ્વાસ ન જામે ત્યાં સુધી પૂરેપૂરું ખુલ્લાપણું ન આવે. ગાઢ મિત્રો થયા પછી અને પૂરેપૂરું ખુલ્લાપણું પ્રાપ્ત કર્યા પછી કદી પણ એકબીજાના દુશ્મન ન થવાય. કદાચ થવાય તો મહા અનર્થકારી થઈ જવાય. આ બન્ને મિત્રોએ શરત કરી કે "આપણે આપણા વિચારો છુપાવવા નહિ. જે હોય તે એકબીજાને કહી દેવા. મન એવું વિચિત્ર છે કે આખો દિવસ કદી નવરું રહેતું જ નથી. તે કરવાના અને ન કરવાના બધા વિચારો કરતું રહે છે. કલ્પના પણ ન કરાય તેવા વિચારો કરતું રહે છે. તેમાં સૌથી વધુ છુપાવવા જેવા વિચારો કામસંબંધી હોય છે. ઉંમરલાયક થતાં જ તેને કામવિકારના વિચારો આવવા લાગે છે. જેણે કામ ભોગવ્યો નથી તે, જેણે ભોગવ્યો છે તે, જેણે અનેક પ્રકારે મન મૂકીને કામ ભોગવ્યો છે તે, જેના કામ ભોગો છૂટી ગયા છે કે અધૂરા રહી ગયા છે તે બધા જ કામચિંતનમાં રત રહ્યા કરે છે. સ્ત્રી-પુરુષોને જેટલું કામચિંતન થાય છે તેટલું બીજું કોઈ ચિંતન નથી થતું. વળી આ ચિંતન ન કરવું હોય તોપણ થયા કરે છે. આમાં ઉંમરનો કશો અપવાદ નથી. યુવાનથી માંડીને છેક મરણપથારીએ પડેલા વૃદ્ધને પણ આ કામચિંતન છોડતું નથી. મન ગમે ત્યારે ગમે તેની બાબતમાં આવું ચિંતન કરતું રહે છે. કોઈ વાર સગી બહેન કે સગી મા કે સગા ભાઈ કે બાપ વિશે પણ થોડી ક્ષણો માટે આવું ચિંતન કરી બેસે તો નવાઈ નહિ, તેને કશી લગામ નથી. સ્ત્રીઓ માટે સૌથી મોટી લગામ 'શરમ' છે. શરમ વિનાની સ્ત્રીઓ બે-લગામ થઈ જતી હોય છે. બ્રેક વિનાની ગાડીની જે દશા થાય તે લજ્જાહીન સ્ત્રીની થતી હોય છે. પુરુષની લગામ સ્ત્રી છે. જ્યાં સુધી સ્ત્રી-પુરુષને હાવભાવ દ્વારા આકર્ષે નહિ ત્યાં સુધી પુરુષ માપમાં રહે છે. હાવભાવ વગેરે કરીને સ્ત્રી-પુરુષના માપને તોડાવે છે. હાવભાવ વિના પણ જે પુરુષો મર્યાદાબહારનું વર્તન કરતા હોય છે તે નીચ પ્રકૃતિના હોય છે. જો તેમના ઉપર સમાજ કે શાસનનું નિયંત્રણ ન હોય તો તેઓ મહાઅનર્થો પેદા કરતા હોય છે. તેમનું દમન કરવું જરૂરી હોય છે. તે શુંભ-નિશુંભ કે મહિષાસુર જેવા છે. કોઈ ચંડી—અંબિકા, લોહીના ખપ્પરવાળી જ તેમનું દમન કરીને શાંતિ સ્થાપિત કરી શકતી હોય છે. જ્યાં આવી દુર્ગાઓ પેદા નથી થતી ત્યાંની સ્ત્રીઓ અબળા થઈને ચૂંથાતી રહે છે અને તેમના પુરુષો લાચાર થઈને બધું સહન કર્યા કરે છે. પાપીઓ તો મહાપાપી છે જ, પણ તેમનાં પાપોને નીચું માથું

કરીને સહન કરનાર સ્વીકારી લેનાર પણ પાપી છે.

હા, તો નારદ અને પર્વત બન્ને મિત્ર ઋષિઓ વિચરણ કરતા કરતા શ્વેત પુત્ર રાજા સૃંજયના ત્યાં પહોંચી ગયા. રાજાએ બન્નેનું સ્વાગત કર્યું અને બન્નેને નિવાસસ્થાન આપ્યું. બન્નેની સેવા કરવા માટે રાજાએ પોતાની એકની એક રૂપાળી દીકરીને નિયુક્ત કરી. રાજકુમારી આ બન્નેની સેવા કરવા લાગી.

ડાહ્યા માણસોએ કદી પણ પોતાના સ્ત્રીવર્ગને ગમે તેવા પવિત્ર દેખાતા અતિથિની સેવામાં નિયુક્ત કરવો નહિ. માણસ પવિત્ર હોય છે પણ કામ પવિત્ર નથી હોતો. તેમાં પણ બ્રહ્મચારીઓથી તો સ્ત્રીવર્ગને દૂર જ રાખવો. રોકાયેલો કામ ક્યારે જાગી ઊઠે તે કહેવાય નહિ. તેમાં માણસનો દોષ નથી. પરિસ્થિતિનો દોષ છે. પેલી રાજકુમારી બન્ને ઋષિઓની સેવા કરતી હતી, તેવામાં નારદજીના મનમાં તેના પ્રત્યે કામવાસના જાગી. પણ તેમણે તેને દબાવી રાખી. પ્રગટ ન થવા દીધી. આ વાતની ખબર પેલા પર્વતને પડી ગઈ. કામવાસના લસણથી પણ બહુ તીવ્ર ગંધાય છે. તેની ગંધ સામેના માણસ સુધી તો પહોંચે છે. અરે, આજુબાજુનાં માણસો સુધી પણ તે પહોંચી જાય છે. પર્વતે નારદને કહ્યું કે “નારદ, તમે આપણી શરતનો ભંગ કર્યો. કેટલા દિવસોથી તમારા મનમાં રાજકુમારીના વિચારો ચાલ્યા કરે છે છતાં તમે મને બતાવતા નથી.” નારદ શરમાઈ ગયા. તેમણે સ્વીકાર કર્યો પણ આવા વિચારો કેવી રીતે ભાણાને બતાવાય! (પર્વત નારદનો ભાણો પણ થાય છે. બન્ને મામા-ભાણેજ છે.) પર્વત નારાજ થઈ ગયો અને તેણે શાપ આપ્યો કે “જાઓ, આ કુમારી સાથે લગ્ન કરતાં જ તમારો ચહેરો વાનરનો થઈ જશે.” નારદે પણ સામો શાપ આપ્યો કે “જા, તને સ્વર્ગની પ્રાપ્તિ નહિ થાય” બન્નેના સંબંધ બગડી ગયા. મર્યાદામાં રહેવાથી જ સંબંધો સચવાતા હોય છે. બન્ને જુદા પડી ગયા અને જુદી જુદી દિશાઓમાં ચાલી નીકળ્યા.

પછી તો નારદજીએ પેલી રાજકુમારી સાથે લગ્ન કરી લીધાં. જેવી વિધિ પૂરી થઈ કે તરત જ નારદજીનું મોઢું વાંદરાનું થઈ ગયું. કુમારી ચમકી. પણ તેણે તે રૂપ સ્વીકારી લીધું. જે લોકો માત્ર રૂપને જ પરણે છે તે આંધળા હોય છે. કોઢના દાગ દેખાતાં જ ભાગવા લાગે છે. વિશ્વસનીય નથી હોતા. કુંવરી નારદને પરણી હતી. રૂપને નહિ, તેણે વાનરમુખી નારદને સ્વીકારી લીધા. સ્ત્રીને પુરુષ પાસેથી સ્વીકારવાની ત્રણ વસ્તુઓ હોય છે. 1. રૂપ, 2. પૌરુષ અને 3. પ્રેમ. જેની પાસે આ ત્રણે હોય તે સર્વોત્તમ પતિ થઈ શકે. આ ત્રણે હોવા છતાં પણ જે સ્ત્રી પરપુરુષને શોધતી ફરે તે કુલટા કહેવાય. તે સર્વાધિક નીચ કહેવાય. પણ આ ત્રણેમાં ઉત્તરોત્તર વધુ મહત્ત્વનું હોય છે. અર્થાત્ રૂપ કરતાં પૌરુષ અને પૌરુષ કરતાં પ્રેમ વધુ મહત્ત્વનાં હોય છે. આ ત્રણેમાંથી એક પણ ન હોય તો સ્ત્રી જીવતા દોજખમાં શેકાવા માટે જ પરણી કહેવાય.

રાજકુમારીએ વાનરમુખા નારદને સ્વીકારી લીધા. પૂરા પતિભાવથી તે સાથે રહીને સેવા કરવા લાગી.

એક વાર એવું બન્યું કે નારદ અને પર્વત બન્ને મળી ગયા. બન્નેને પોતાના ક્રોધ ઉપર પસ્તાવો થયો. જૂની મિત્રતા જોતજોતામાં શત્રુતામાં બદલાઈ ગઈ. તેની પીડા થવા લાગી. મિત્રોમાંથી શત્રુ થયેલા લોકો પણ જો જાતવાન હોય તો વહેલોમોડો પસ્તાવો થાય અને એ જ પસ્તાવો બન્નેને પાછા એક પણ કરે. બન્ને એકબીજાના ખભા ઉપર માથું મૂકીને ખૂબ રડ્યા. પછી બન્નેએ પોતપોતાનો શાપ પાછો વાળી લીધો. એ તો સારું છે કે અત્યારે આવો શાપ આપવાની

આપણામાં ક્ષમતા નથી, નહિ તો ખબર નહિ આપણે કેટલા અનર્થો કરી મૂકત.

નારદજી તો હતા તેવા ને તેવા રૂપાળા થઈ ગયા. રૂપ બતાવવાની જગ્યા સ્ત્રી માટે પતિ અને પતિ માટે પત્ની હોય છે. આ સિવાય પણ રૂપ બતાવવાની કોઈ જગ્યા હોય તો સમજવું કે રામાયણ થશે. નારદને જોતાં જ પેલી રાજકુમારી ભાગવા માંડી. આ કોઈ પરપુરુષ છે તેવું તેણે માની લીધું. મારા પતિ તો આવા રૂપાળા ન હતા. આ ક્યાંથી આવ્યા? રાજકુમારી તો જીવ લઈને નાઠી અને નારદજી તેને સમજાવવા પાછળ દોડ્યા. “ઊભી રહે, ઊભી રહે.” પણ કોણ ઊભું રહે! છેવટે પર્વત આવ્યો અને તેણે રાજકુમારીને બધી વાત કરી ભ્રમ ભાંગ્યો. નારદ અને રાજકુમારી ફરી પાછાં એક થયાં. બન્ને ઋષિઓએ કહ્યું કે “અમને કદી અન્તર્યામી ન બનાવીશ. અજ્ઞાની જ સારા, પડદો જ સારો, પડદો છે ત્યાં સુધી જ રૂપાળા છીએ. પડદો ખસતાં જ બધા વાનરમુખા થઈ જશે.”

(મહાભારત શાંતિપર્વ 30મો અધ્યાય)

18-12-09

*

49. કૃતઘ્ન ગૌતમ

બધા માણસોમાં સૌથી શ્રેષ્ઠ માણસ કયો? અને બધા માણસોમાં સૌથી નીચ માણસ કયો? આવા બે પ્રશ્નોના ઉત્તરમાં ધર્મનો સાર આવી જાય છે. મારી દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ માણસ એ છે જે ભૂખ્યાનું પેટ ઠારે છે. અને નીચ માણસ તે છે જે કૃતઘ્ન છે. દગાબાજ છે. વિશ્વાસઘાતી છે. જે પીઠ પાછળ ઘા કરનારો છે. આવી જ એક કથાનું વર્ણન અહીં કરવાનું છે.

એક બ્રાહ્મણ હતો. માત્ર કહેવા ખાતર જ તે બ્રાહ્મણ હતો. તેનામાં બ્રાહ્મણના કોઈ ગુણ ન હતા. તે કશું ભણ્યો જ ન હતો. તેથી ભિક્ષાવૃત્તિના દ્વારા જીવનનિર્વાહ કરતો હતો. સક્ષમ માણસે બને ત્યાં સુધી ભિક્ષાવૃત્તિ ન કરવી જોઈએ. મફતનું ખાવાની ટેવ પાડનારનો કદી વિકાસ થતો નથી. જેણે જીવનનો વિકાસ કરવો હોય તેણે મહેનતનો રોટલો ખાવો. સમજણપૂર્વકની ભરપૂર મહેનત કરનારનો અંતે વિજય થતો હોય છે. જે રોજીથી હારી જાય છે તે જીવન હારી જાય છે. મહેનત કરનાર માટે ચારે તરફ રોજીઓ જ રોજીઓ છે. પણ ભિક્ષુકો મહેનત નથી કરી શકતા. કામચોરી અને પ્રમાદ તેમની સાથે જડાઈ ગયેલી વસ્તુઓ હોય છે. તેમનો ઉદ્ધાર કરવો હોય તો સર્વપ્રથમ તેમનો સ્વભાવ સુધારવો પડે.

પેલો બ્રાહ્મણ જેનું નામ ગૌતમ હતું. તે એક ગામમાં ભિક્ષા માટે ગયો. ગામ ડાકુઓનું હતું. પ્રત્યેક ગામની એક મથરાવટી હોય છે. કેટલાંક શાહુકારોનાં ગામો હોય છે તો કેટલાંક ચોરોનાં પણ હોય છે. કેટલાંક વિદ્વાનોનાં હોય છે તો કેટલાંક નિરક્ષરોનાં પણ હોય છે. સ્થાયી નિવાસ કરનારે સુગ્રામમાં રહેવું. કુગ્રામમાં મફત મકાન મળે તોપણ ન રહેવું. પણ ભિક્ષાલોભી પેલા ગામમાં ગયો અને ડાકુરાજના ત્યાં ભિક્ષા માગી. તેણે ગૌતમને એક મકાન આપ્યું. બધી સામગ્રી આપી અને સેવા કરવા પોતાની જ્ઞાતિની એક કન્યા પણ આપી. ગૌતમ ઘણાં વર્ષો સુધી ત્યાં રહ્યો. સંગ અને અન્ન બન્નેનો પ્રભાવ તેના ઉપર પડ્યો. તે બદલાઈ ગયો. હવે તો તે પણ શિકારી થઈ ગયો. ડાકુની સાથે તે પણ વનમાં શિકાર કરવા જતો. પશુ-પક્ષીઓને મારતો. વટેમાર્ગુઓને લૂંટતો અર્થાત્ તે પણ પેલા જેવો જ ડાકુ થઈ ગયો. જીવનમાં સૌથી મોટો પ્રભાવ સંગ અને અન્નનો પડતો હોય છે. કુસંગથી બચનાર અને કુઅન્નથી બચનાર માણસ પોતાને બચાવી શકતો હોય છે.

એક વાર તે જ ગામમાં એક બીજો બ્રાહ્મણ આવી ચઢ્યો. તે જ્ઞાની અને પવિત્ર હતો. જે પાપ નથી કરતો તે પવિત્ર છે. જે પુણ્ય કરે છે તે પણ પવિત્ર છે. જે હરામનું નથી ખાતો તે પવિત્ર છે, જે હક્કનું જ ખાય છે તે પણ પવિત્ર છે. હક્કનો જ રોટલો ખાનારો ચીંથરેહાલ હોય તોપણ હરામનું ખાનારા રેશમી પોશાકવાળા કરતાં ઘણો મહાન છે. મહાનતા વસ્ત્રોથી નહિ; કર્મોથી આવતી હોય છે. જ્યાં કર્મો પૂજાતાં હોય છે ત્યાં જ સાચી શ્રેષ્ઠતા નીખરતી હોય છે. જ્યાં માત્ર વેશ, વર્ણ કે બાહ્યાચાર પૂજાતો હોય છે ત્યાં સાચી શ્રેષ્ઠતા નથી હોતી. જેનામાં સાચી શ્રેષ્ઠતા હોય તેને જ શ્રેષ્ઠી કહેવાય. લુચ્ચાઈથી ખદબદતા માણસોને શ્રેષ્ઠી ન કહેવાય.

પેલો વિદ્વાન બ્રાહ્મણ શોધતો શોધતો પેલા ડાકુ બ્રાહ્મણના ત્યાં આવી ગયો. ત્યારે ડાકુ ગૌતમ ઘરમાં ન હતો, પણ થોડા જ સમયમાં તે આવી ગયો. તેના દેદાર જોઈને પેલો વિદ્વાન બ્રાહ્મણ હેબતાઈ ગયો. તેના હાથમાં મરેલાં પશુ-પક્ષીઓ હતાં. ધનુષ્યબાણ હતાં. અરે, આ શું? બ્રાહ્મણ આવો હોય? મોટા ભાગે બાહ્ય દેખાવ પણ તમારા અંદરનાં તત્ત્વોને પ્રગટ કરતો હોય છે. ભદ્ર પુરુષો હંમેશાં બાહ્ય દેખાવ પણ યથાયોગ્ય રાખતા હોય છે. એટલે તો જ્યારે વ્યક્તિ

બહાર જવા નીકળે છે ત્યારે સારો પોશાક પહેરીને નીકળે છે. પોતાના મિત્રની આવી દશા જોઈને પેલા વિદ્વાનને આઘાત લાગ્યો. “અરે, તું આવો થઈ ગયો? તારું કુળ-ગોત્ર કેવું હતું? તને આ જરાય છાજે નહિ. તું આ જગ્યા છોડી દે,” વિદ્વાન બ્રાહ્મણના સમજાવવાથી પેલો ડાકુ બ્રાહ્મણ સમજી ગયો અને રાતવાસો કરીને આવતી કાલે આપણે બન્ને અહીંથી સાથે જ વિદાય થઈ જઈશું તેવું કહ્યું.

વિદ્વાન બ્રાહ્મણ રાત રહ્યો તો ખરો, પણ તેણે પેલાનું અન્ન તો ન ખાધું, જળ પણ ગ્રહણ ન કર્યું. પવિત્ર રહેનારે પેટ સાચવવું જોઈએ. તેમાં હરામનું અન્ન ન પડે તેની કાળજી રાખવાની. જેણે પેટ સાચવ્યું તેણે ધર્મ સાચવ્યો. પેટ સાચવવાનો અર્થ કોઈ આભડછેટ ન કરે. વ્યક્તિ, વ્યક્તિથી અભડાતો નથી, વ્યક્તિ માત્ર કુકર્મોથી જ અભડાય છે. જેણે કર્મો સાચવ્યાં તેણે જીવન સાચવ્યું. કર્મો સુસંગથી સચવાતાં હોય છે અને કુસંગથી બગડતાં હોય છે.

બીજા દિવસે સવારે વિદ્વાન બ્રાહ્મણ તો ચાલતો થયો પછી પેલો ગૌતમ પણ સમુદ્ર તરફ ચાલી નીકળ્યો. રસ્તામાં તેણે જોયું કે વ્યાપારીઓનો એક સંઘ જઈ રહ્યો છે. ગૌતમ તેમાં ભળી ગયો. એવામાં એક મદચઢેલો હાથી આવી ચઢ્યો અને તેણે ઘણા વ્યાપારીઓને મારી નાખ્યા. આ હડબડીમાં ગૌતમ છૂટો પડી ગયો. તે વનમાં એકલો ઘૂમવા લાગ્યો. હારીથાકીને તે એક મોટા વૃક્ષની નીચે સૂઈ ગયો. રાત્રી પડી ગઈ. એવામાં ત્યાં એક મોટું પક્ષી આવી ચઢ્યું. પક્ષીઓ પણ રાત પડે એટલે પોતપોતાના માળા હોય ત્યાં પહોંચી જાય. સાંજ પડે ઢોરું પણ ખીલે બંધાઈ જાય. સાંજ પડે, રાત્રી પડે પણ જે માણસ ઘરે નથી પહોંચતો તે પશુ-પક્ષી કરતાં પણ ઊતરતો છે. માળામાં રહેલા, ખીલે બંધાયેલા અને ઘરે પહોંચેલા માણસનું રાત્રિદેવો રક્ષણ કરે છે. બાકીનાનું રાત્રિરાક્ષસો અપહરણ કરે છે. રાત્રિદેવો તેમનું રક્ષણ કરી શકતા નથી.

પેલું પક્ષી બીજું કોઈ નહિ “નાડીજંઘ” નામનો દેવ હતો. તે પક્ષીને જોઈને ગૌતમને નવાઈ લાગી. પેલા પક્ષીએ તેનું સ્વાગત કર્યું અને કહ્યું કે “આવો, ખુશીથી અહીં રહો, વર્ષોથી આ વૃક્ષ મારું ઘર છે. તમે મારા અતિથિ છો એટલે તમે પણ રાત્રિરોકાણ કરો!” પક્ષી બકોનો રાજા હતો તેથી નજીકની નદીમાંથી થોડાં જળચરો લાવીને ગૌતમને આપ્યાં અને તૃપ્ત કર્યો. આંગણે આવેલા અતિથિને શક્તિ પ્રમાણે જમાડવો જોઈએ તેવી આપણી સંસ્કૃતિ છે. પછી તો બન્ને વાતે ચઢ્યા. ગૌતમ ધન કમાવા માટે નીકળ્યો છે તેવી વાત જાણીને પક્ષીએ કહ્યું કે “ધનની પ્રાપ્તિ ચાર રીતે થતી હોય છે.

1. બાપદાદાની સંપત્તિથી,

2. પ્રારબ્ધથી

3. પુરુષાર્થથી અને

4. મિત્રોના સહયોગથી…

હું તારો મિત્ર થયો છું. એટલે તને પુષ્કળ ધન પ્રાપ્ત થાય તેવું કરીશ. તું ચિંતા ન કર.” પક્ષી બોલ્યું. ધનેચ્છુક માણસે દેશાટન કરવું અને મિત્રો બનાવવા. ઉદારતાથી મિત્રો બનતા હોય છે. કંજૂસને કોઈ મિત્ર નથી હોતો. સ્વાર્થી અને કંજૂસ એકાકી હોય છે.

સવારે ગૌતમ વિદાય થયો. પેલા પક્ષીએ તેને કહ્યું કે “ત્રણેક કોસ દૂર એક વિરૂપાક્ષ નામનો રાક્ષસ રહે છે. તે મારો મિત્ર છે. તે તને ઘણી મદદ કરશે.” પરિચય ખાણ છે. જેમ ધરોને એક

પછી એક ગાંઠો હોય છે, તેમ પરિચયમાંથી નવા નવા પરિચયોની ગાંઠો ફૂટતી હોય છે. પક્ષીના પરિચયમાંથી વિરૂપાક્ષનો પરિચય થયો. ગૌતમ વિરૂપાક્ષની નગરીમાં પહોંચી ગયો. મિત્રની ચિઠ્ઠીના કારણે તેનું ભવ્ય સ્વાગત થયું. વિરુપાક્ષનું ઐશ્વર્ય જોઇને ગૌતમ તો છક થઈ ગયો. રાક્ષસરાજ વિરૂપાક્ષે ગૌતમને ગોત્ર વગેરે સંબંધી પ્રશ્નો પૂછ્યા પણ અભણ ગૌતમને કશો જવાબ આવડ્યો નહિ, પહેલાં બ્રાહ્મણોમાં એવો રિવાજ હતો કે પોતાનું ગોત્ર, વેદ, પ્રવર, શાખા વગેરેનું જ્ઞાન પ્રત્યેકને હોવું જોઈએ, પૂછવાથી બધા સ્પષ્ટ ઉત્તરો આપવામાં આવે તો જ ખાતરી થાય કે તે ખરો બ્રાહ્મણ છે. વિરૂપાક્ષ સમજી ગયો કે આ ખરો બ્રાહ્મણ નથી તોપણ મિત્રે મોકલ્યો છે તો ચલાવી લેવો પડશે.

બીજા દિવસે વિરૂપાક્ષના ત્યાં મોટા બ્રહ્મભોજનનું આયોજન હતું. હજારો બ્રાહ્મણો પીતામ્બરો ધારણ કરીને જમવા આવ્યા. તેમાં ગૌતમ પણ બેસી ગયો. વિરૂપાક્ષે બધાને ખૂબ મોટી દક્ષિણાઓ આપી. ગૌતમને પણ આપી. આટલું ધન ગૌતમે કદી જોયું ન હતું. તે તો રાજીરાજી થઈ ગયો. ભોજન કરીને બધા વિદાય થયા. ગૌતમ પણ પાછો પેલા વૃક્ષ નીચે પેલા પક્ષીરાજના ત્યાં આવી ગયો. પક્ષીએ ફરીથી તેનું સ્વાગત કર્યું. અને સાંજે પેટ ભરીને જમાડ્યો.

સજ્જનોની ખાસિયત હોય છે તે જેનું જમે તેને આશીર્વાદ આપે. તેની આંતરડીમાંથી નીકળે “ભલું થાવ, ભલું થાવ” પણ દુર્જનો જ્યાં જમ્યા હોય ત્યાં કેમ બધું પડાવી લેવાય તેનો વિચાર કરે. જો જમાડનારો ગરીબ હોય તો નિંદા કરે. શું ખવડાવ્યું! કાંઈ નહિ. અને જો સારી રીતે જમાડ્યો હોય તો વિચાર કરે “હેં, આટલું બધું ક્યાંથી લાવ્યો? નક્કી બે નંબરના પૈસા હશે.” તે કદી સારો પક્ષ તો લેવાનો જ નહિ, તેને તો દૂર જ રાખવો જોઈએ. જમ્યા પછી સૂતો સૂતો ગૌતમ વિચારે છે કે હજી મારે ઘણું દૂર જવાનું છે. વજન ઊંચકવાનું પણ વધી ગયું છે. રસ્તામાં ભૂખ લાગશે તો હું શું ખાઈશ! વિચાર કરતાં કરતાં તેને સૂઝ્યું કે આ પક્ષીરાજને મારીને તેનું માંસ લઈ લઉં તો રસ્તામાં કામ આવે તેવું છે. જરા વિચાર કરો, આ પક્ષીરાજે તેને આશ્રય આપ્યો હતો, તેણે જ વિરૂપાક્ષ પાસે મોકલીને ધન અપાવ્યું છે. ફરી પાછો તેણે જ આશ્રય આપ્યો છે. તેણે તો ઉપકાર જ ઉપકાર કર્યા છે. પણ ગૌતમ પોતાના માર્ગભોજન માટે તેની હત્યા કરી નાખવા માગે છે. કેટલો કૃતઘ્ન કહેવાય? આથી વધારે બીજી નીચતા કઈ હોઈ શકે?

ગૌતમે ખરેખર પાસે જ સૂતેલા પક્ષીરાજની હત્યા કરી નાખી અને તેનું માંસ બાંધીને ચાલતો થયો. હાશ, રસ્તામાં ખાવાના કામમાં આવશે. બીજી તરફ વિરૂપાક્ષને ચિંતા થવા લાગી, બે દિવસથી તેનો મિત્ર પક્ષીરાજ દેખાણો ન હતો. તે તપાસ કરવા નીકળી પડ્યો. વૃક્ષ ઉપર તેના માળામાં તેની પાંખો વગેરે જોઈને તેને ખ્યાલ આવી ગયો કે નક્કી પેલા ગૌતમે જ કાંઈક કર્યું લાગે છે. તે પાછળ પડી ગયો અને ગૌતમને પકડી પાડ્યો. તેના થેલામાં પોતાના મિત્ર પક્ષીરાજનું ધડ હતું. યુદ્ધ કરીને તેણે ગૌતમને મારી નાખ્યો. મિત્રનો બદલો લીધો. મરેલા ગૌતમનું માંસ ખાઈ જવા બધા રાક્ષસોને કહ્યું પણ રાક્ષસોએ કહ્યું કે ના, ના, આવા વિશ્વાસઘાતી કૃતઘ્ન માણસનું માંસ ખાવું પણ ઠીક નહિ. સૌએ તેનો ત્યાગ કરી દીધો. છેવટે તેનો અગ્નિદાહ કરી દીધો.

(મહાભારત શાંતિપર્વ, 173મો અધ્યાય)
19-12-09

*

50. તુલાધાર વૈશ્ય

ઘણી વાર મોટા મોટા તપસ્વીઓ, તપ કરીને પણ સંત નથી થઈ શકતા. તપ કરવું અલગ વસ્તુ છે અને સંત થવું અલગ વસ્તુ છે. આવું જ મહાપંડિતો, મહાયોગીઓ, મહાકર્મકાંડીઓ વગેરેનું પણ છે. આ બધું હોય તોપણ સંતપણું ન હોય. સંતપણાનો મૂલાધાર ઘમંડ અથવા અહંકાર વિનાનું જીવન છે. આ બધું હોય અને સાથે સાથે તેનો ભરપૂર અહંકાર પણ હોય તો સંતપણાનો વિકાસ ન થાય. સંતપણું તો "હું કાંઈ જ નથી"માંથી પ્રગટતું હોય છે. અને તપસ્યા વગેરે "હું કાંઈક છું, મારા બરાબર કોઈ નથી" આવી વૃત્તિથી પ્રગટતું હોય છે.

મહાભારતમાં એક જાજલિ નામના તપસ્વીની કથા આવે છે. એ જાજલિ નામના બ્રાહ્મણે વનમાં રહીને ઘોર તપસ્યા કરી. કોઈ પણ તપ શક્તિ પેદા કરતું હોય છે. શક્તિથી માણસનો અહંભાવ વધતો હોય છે. શક્તિ હોવા છતાં પણ અહંભાવ ન વધે તો તેને સંત કહેવાય. શક્તિહીન હોય તે સંત ન થઈ શકે તે ભિખારી થઈ જાય, ઘરઘર ભટકતો ભીખ માગતો સંત ન કહેવાય. ભિખારીને અને સંતને એક સમજનાર પથ્થર અને હીરાને એક સમજે છે. જાજલિને અહંકાર થયો કે "અહા, મારા જેવું તપ આજ સુધી કોઈએ કર્યું નથી. હું મહાતપસ્વી છું." શક્તિ અને સદ્ગુણો હોય પણ નમ્રતા—દીનતા ન હોય તો પતન થઈ શકે છે. તેના અહંભાવને જોઈને આકાશવાણી થઈ. "અરે જાજલિ, તું શાનો અહંભાવ કરે છે. જા, કાશીમાં એક તુલાધાર નામનો વૈશ્ય રહે છે. તેનાં દર્શન કર. તે વ્યાપાર કરે છે, પણ તારા કરતાં ઘણો મોટો તપસ્વી છે." જેણે અહંભાવથી મુક્ત રહેવું હોય તેણે પોતાનાથી મોટા માણસોનાં દર્શન કરવાં. દર્શનથી આપોઆપ તુલના થઈ જાય. આની તુલનામાં હું કાંઈ નથી એવો ભાવ જાગે તો પેલી વ્યક્તિ પ્રત્યે અહોભાવ થાય અને પોતાની પ્રત્યે નમ્રભાવ જાગે. આ દર્શનથી વ્યક્તિનું કલ્યાણ થાય. તુલાધારની શ્રેષ્ઠતા સાંભળીને જાજલિનો ચહેરો ઊતરી ગયો. જે બીજાનાં ખાસ કરીને સહધર્મીનાં વખાણ સાંભળીને નારાજ થઈ જાય તે સંત ન હોય. સહધર્મીનાં વખાણ સાંભળીને જેનો ચહેરો ખીલી ઊઠે તેને સંત કહેવાય.

જાજલિ તો કાશી પહોંચી ગયો અને તુલાધારનાં દર્શન પણ કર્યાં. યુધિષ્ઠિર-ભીષ્મ સંવાદ કરી રહ્યા છે. યુધિષ્ઠિર ભીષ્મને પૂછે છે કે "જાજલિએ એવાં તે કેવાં તપ કર્યાં હતાં કે તે આટલી બધી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શક્યો હતો તે વાત મને કહો."

ભીષ્મજીએ જાજલિની ઘોર તિતિક્ષાપૂર્વકના તપની વાત કરી. તે જમીન ઉપર સૂઈ જતો, ટાઢ સહન કરતો, તડકો સહન કરતો, ઉઘાડા પગે વિચરતો, ભોજનના કઠોર નિયમોનું પાલન કરતો, એકાકી રહેતો, ને ચેષ્ટાહીન થઈને દિવસો સુધી ઠૂંઠાની માફક ઊભો જ રહેતો. જેને લોકો "ખડેશ્વરી" કહેતા. તેને ઠૂંઠું સમજીને એક પક્ષીએ તેની જટામાં પોતાનો માળો બાંધી દીધો. જાજલિ સ્નાન કે દાતણ કરતો નહિ તેથી પક્ષીના જોડાને તે ઠૂંઠું જ છે તેવો નિશ્ચય થઈ ગયો. બન્ને પક્ષીઓ તેની જટામાં રહેતાં અને સમાગમ પણ કરતાં. બ્રહ્મચારી જાજલિ આ બધું અનુભવ કરતો. પણ પક્ષીઓનો તિરસ્કાર કરીને તેમને ઉડાડી મૂકતો નહિ. નકારાત્મક સંયમ ઘૃણા અને ભયપૂર્વકનો હોય છે. તે પશુપક્ષીઓના સમાગમને તો ઠીક તેમની નિર્દોષ ક્રીડાને પણ જોઈ શકતો નથી. પણ સકારાત્મક સંયમમાં ઘૃણા કે ભય હોતો નથી. તે બધું સહજભાવે જોઈ શકે છે. પચાવી શકે છે. આ કુદરતસહજ પ્રક્રિયા છે. જેમ ખાવું-પીવું, મળવિસર્જન કરવો વગેરે કુદરતી પ્રક્રિયા છે, તેમ સમાગમ પણ કુદરતી પ્રક્રિયા છે. તેમાં ઘૃણા કે ભય કરવાનું કોઈ

કારણ નથી. તેવું કરનારાં પણ કુદરત પ્રેરિત જીવન જીવે છે. તે પણ જીવનનો એક ભાગ જ છે. તેનાથી વંશવૃદ્ધિ છે. તેનાથી જીવન છે. તે ન હોય તો જીવન નથી તેવું માને છે. જાજલિના માથામાં ઈંડાં થયાં અને પછી બચ્ચાં પણ થયાં. એટલું જ નહિ મોટાં થઈને ઊડી પણ ગયાં. પણ જાજલિ અચળ રહ્યો. ધીરે ધીરે તેનો અહંભાવ વધતો ગયો. "છે કોઈ મારા જેવો તપસ્વી" આવો ભાવ થવા લાગ્યો. કાર્યની સિદ્ધિને પચાવે તેને કાર્યકર્તા કહેવાય. ન પચાવી શકે તો તે કાર્યહર્તા થઈ જાય.

જાજલિ તો કાશી પહોંચી ગયો. તેણે જોયું કે તુલાધાર વૈશ્ય મારા જેવું તપ નથી કરતો, તે તો વ્યાપાર કરે છે. સંસારમાં પૂરેપૂરો રચ્યોપચ્યો ગળાડૂબ ડૂબેલો છે. જાજલિ પાસે વ્યક્તિને માપવાનો પોતાનો ગજ હતો. પોતાના ગજથી દુનિયાને માપનારા દુનિયાને ન્યાય નથી કરી શકતા. જે બીજાને ન્યાય નથી કરી શકતા તે પોતાને પણ ન્યાય નથી કરી શકતા. ન્યાય પામવા માટે ન્યાય આપવો જરૂરી છે. જાજલિને તુલાધારમાં તુચ્છપણું દેખાયું. "આ તો કાંઈ જ નથી, તુચ્છ છે. આનાં તો વળી દર્શન હોય?" આવો તુચ્છભાવ થઈ ગયો. અહોભાવ વિના સત્સંગ ન થાય. કદાચ થાય તો તે ચર્ચા થાય. કદાચ વિખવાદ થાય. તેમ છતાં જાજલિએ હવે આવ્યા જ છીએ તો થોડીક વાતો કરી લઈએ એમ સમજીને તુલાધાર સાથે વાતો કરવા માંડી. તુલાધાર વ્યાપાર કરતાં કરતાં જાજલિના મનોભાવ જાણીને ચર્ચા કરવા લાગ્યો.

"હે બ્રાહ્મણ, હું વણિક છું. વ્યાપાર કરું છું. પાપ નથી કરતો. સાચો વ્યાપાર કરું છું. કોઈને છેતરતો નથી. મારી કમાણીનો રોટલો ખાઉં છું. કોઈનો આશ્રિત નથી. પણ બીજા ઘણાને રોટલો ખવડાવું છું. બને તેટલો પરમાર્થ કરું છું. પ્રભુભજન કરું છું. મારે બાળબચ્ચાં છે. બધાંની સાથે કર્તવ્ય બજાવું છું. બધાંનો ત્યાગ કરતો નથી. ઘૃણા કરતો નથી. તે મારો પોષક છે, અને હું તેમનો પોષક છું. અમે બધાં હળીમળીને લાગણીભર્યું જીવન જીવીએ છીએ. અમે કદી પણ કોઈ પણ વીતરાગ થવાનો ડોળ કરતાં નથી. શુદ્ધ લાગણી જ અમારું જીવન છે. તેથી જીવન ભર્યું ભર્યું લાગે છે. ઘર જ અમારા માટે વન છે. ઘર અને પરિવાર નૌકા છે. બંધન નથી. નૌકાથી અમે બધાં તરીએ છીએ. આપના જેવા જ્ઞાની તપસ્વીઓની સેવા-શુશ્રૂષા કરીએ છીએ. અમને જીવનથી સંતોષ છે. અમે કશા ચમત્કાર કરતા નથી. કશી સિદ્ધિઓની ખબર નથી. મોટી સિદ્ધિ સ્વાવલંબી લીલુંછમ લાગણીભર્યું જીવન છે. અમારું ઘર જ અમારું સ્વર્ગ છે. અમારે ઘર છોડવાની જરૂર નથી. ઘર તો તે છોડે જેનું ઘર નરક થઈ ગયું હોય. અમારે તો ઘરમાં જ સ્વર્ગ છે. અમને સંતોષ છે. એટલે પૂરેપૂરાં સુખી છીએ. અને દુ:ખથી દૂર ભાગ્યાં નથી. દુ:ખ પણ પ્રભુપ્રસાદી છે તેવું સમજીને તેનો સ્વીકાર કરીએ છીએ. આવો, પધારો, તપસ્વી અમારાં આંગણાં પવિત્ર કરો. આપને વંદન છે."

તુલાધાર વૈશ્યની વાતો સાંભળીને જાજલિનો અહંભાવ ઊતરી ગયો. નમ્રતાનો અહં ઉપર આ વિજય હતો. જાજલિને પોતાની ભૂલ સમજાઈ. ઘરમાં રહીને, નોકરી, ધંધો કરીને પણ તપસ્યા કરી શકાય છે. આ જ સાચું જીવન છે. આ જ સાચી દિશા છે. તેવું તેને સમજાયું.

26-12-09

*

51. સુલભાની કથા

ગૃહત્યાગ દીક્ષા ત્રણ રીતે થાય છે: (1) બાળદીક્ષા, (2) યુવાદીક્ષા અને (3) વૃદ્ધદીક્ષા. આ ત્રણ દીક્ષાઓના પણ ફરી પાછા ત્રણ ભેદ છે. (1) તીવ્ર વૈરાગ્યથી (2) પરિસ્થિતિવશ અને (3) વૈરાગ્ય અને પરિસ્થિતિવશ. મોક્ષના ઉદયની સાથે ગૃહત્યાગ દીક્ષાનો પણ ઉદય થયો. પહેલાં સ્વર્ગ-નરક તો હતું પણ મોક્ષ-નિર્વાણ ન હતું. સ્વર્ગ તો ગૃહસ્થને પણ મળી શકે. પણ મોક્ષ તો માત્ર ને માત્ર ગૃહત્યાગીઓને જ મળી શકે તેવી દૃઢ ધારણા થઈ. તેથી ગૃહત્યાગી થવા તરફ લોકો વળ્યા, બહુ પ્રાચીન કાળમાં માત્ર 75 વર્ષ પછી જ ગૃહત્યાગી-સંન્યાસી થવાની પ્રક્રિયા હતી. પણ પછી પરિવર્તન આવ્યું લાગે છે. પછી યુવાદીક્ષા અને પછી બાળદીક્ષાનું પ્રચલન થયું લાગે છે. ગૃહત્યાગ વિના મોક્ષ મળે જ નહિ, આ ધારણા દૃઢ થવાથી ગૃહત્યાગનો આદર્શ વધી ગયો. પૂર્વે કહ્યું તેમ આવો ત્યાગ વૈરાગ્યથી જ થઈ શકે પણ વૈરાગ્ય કેમ થાય? કારણ શું? તેનાં ત્રણ કારણો મુખ્ય છે. 1. સંસાર દુ:ખમય જ છે. ક્યાંય સુખ નથી. 2. સંસાર અનિત્ય છે અને 3. સંસારના સંબંધો સ્વાર્થી અને દગાબાજ છે. જેને છેલ્લું કારણ દગાબાજીનો તીવ્ર અનુભવ થાય તેને આઘાત લાગે અને તેથી તે સંસાર છોડી દે. જેમ કે ભર્તૃહરિ વગેરે. જે વૃદ્ધાવસ્થામાં ગૃહત્યાગ કરનાર છે તેની ચર્ચા કરવાની નથી. પણ જે બાળદીક્ષા અને યુવાદીક્ષાના દ્વારા ગૃહત્યાગ કરે છે તેની ચર્ચા કરીશું. આ ગૃહત્યાગ વૈરાગ્યથી થયો છે? કે પછી પરિસ્થિતિવશ થયો છે? બાળકને વૈરાગ્ય થવાનું કારણ શું હોઈ શકે? હજી તો તેને સંસારના કડવા-મીઠા કશા જ અનુભવ થયા નથી. યુવાત્યાગી માટે પણ આવો જ પ્રશ્ન છે. તેને વૈરાગ્ય થયો છે? કે પછી પરિસ્થિતિવશ ગૃહત્યાગી થયો છે? જે લોકો પરિસ્થિતિવશ ગૃહત્યાગી થાય છે તે દયાને પાત્ર છે. ઘૃણાને પાત્ર નથી. નોકરી-ધંધાનો અભાવ, દેવું થઈ જવું, સ્વાર્થ અને દગાબાજીનો કડવો અનુભવ, ખાવાપીવાની તકલીફ વગેરે અનેક કારણોથી પરિસ્થિતિવશ લોકો ગૃહત્યાગ કરવા મજબૂર થતા હોય છે. પણ જે સાચા વૈરાગ્યથી ગૃહત્યાગ કરતા હોય છે તેમને એ ખબર નથી હોતી કે વૈરાગ્ય એ સ્થાયીભાવ નથી. અર્થાત્ એક વાર વૈરાગ્ય ચઢે એટલે જીવનભર ચઢેલો જ રહે તેવું નથી. તેમાં ચઢ-ઊતર, વધ-ઘટ થયા કરતી હોય છે. આજે તીવ્ર વૈરાગ્ય હોય અને કાલે ઓછો થઈ જાય કે ઊતરી પણ જાય. આ કુદરતી પ્રક્રિયા છે. વૈરાગ્ય ઊતરી ન જાય તેટલા માટે તેવી વ્યક્તિને કઠોર નિયમોમાં જકડી લેવામાં આવે છે. જેથી વૈરાગ્ય ઊતરી પણ જાય તોપણ કઠોર નિયમોથી તેનું માળખું તો સલામત રહે. લોકો માળખું જોતા હોય છે. અંદરના આત્માને જોતા નથી હોતા. માળખું જોઈને બધા નિર્ણયો થતા હોય છે. ગૃહત્યાગી પણ માળખાને સાચવવામાં પૂરેપૂરી શક્તિ લગાવી દે છે. તેને તેનું વળતર મળતું રહે છે. પણ અંતરની સ્થિતિ વૈરાગ્યશૂન્ય પણ થઈ જતી હોય છે. જેને લોકોથી સંતાડી શકાય છે. વૈરાગ્યહીન થઈ જવું તે કોઈ દોષ નથી. આ કુદરતી વ્યવસ્થા છે. કારણ કે ગુણો બધા જ ચઢઊતર કરતા રહે છે. વૈરાગ્ય ઊતરી ગયો હોવા છતાં પણ તેનો દેખાવ કરવો એ દોષ છે. પણ તેમાં સમાજ તથા ધર્મ દોષી છે. સમાજ અને ધર્મે વૈરાગ્યને સ્થાયી માનીને તેમાં સ્થાયી ભાવ મૂક્યો છે. તેની અલ્પકાલિકતા સ્વીકારાતી નથી. બાળદીક્ષા અને યુવાદીક્ષાવાળાને કુદરતી વ્યવસ્થા પ્રમાણે કામના આવેગો અને લાગણીઓની તીવ્ર અપેક્ષાઓ થયા કરતી હોય છે. આ કુદરતી ક્રમ છે. કુદરતી વ્યવસ્થાનો નાશ ન કરી શકાય. તેને થોડો સમય દબાવી શકાય. કાયમી દબાણ ન કરી શકાય. અમુક સમય પછી તેને કામભૂખ અને લાગણીભૂખની પીડા સતાવવા લાગે જ. તેને છુપાવી શકાય, થોડી રોકી પણ શકાય પણ પછી કાયમી રીતે તેને નાબૂદ ન કરી શકાય. તેમાં પણ બાળદીક્ષા અને યુવાદીક્ષા લીધી તે સ્ત્રીઓ

માટે તો આ બન્ને ભૂખોને સદંતર રોકવી અત્યંત કઠિન થઈ જતી હોય છે.

મહાભારતમાં આવી જ એક કથા સંન્યાસિની સુલભાની છે. સુલભા ભરયુવાનીમાં ગૃહત્યાગી સંન્યાસિની થઈ છે. તે વિદુષી પણ છે. તે ભ્રમણ કરે છે. તેનાં પ્રવચનોથી લોકો અંજાઈ જાય છે. ત્યાગ-પ્રધાન અને સંસારની અસારતા બતાવતાં તેનાં પ્રવચનો લોકોને ગૃહત્યાગી થવા પ્રેરણા આપે છે. પણ તેની યુવાની તેની શારીરિક ભૂખને જગાડી મૂકે છે. એક તરફ ડહાપણ છે તો બીજી તરફ કુદરતી આવેગો છે. આવેગો પ્રચંડ અને પ્રબળ છે. ડહાપણ રાંક છે. મને કોઈ મારે યોગ્ય પુરુષ મળે તો સારું. પોતાને યોગ્ય પુરુષની ઇચ્છા કરવી તે અર્ધસભાનતા છે પણ મને ગમેતેવો પણ પુરુષ મળે તેવી કામેચ્છા તદ્દન બેભાનપણું છે. કામ અને લાગણીઓની તીવ્રતા સ્ત્રીને બેભાન બનાવે છે. બેભાન થયા પછીના નિર્ણયો બુદ્ધિના નહિ, આવેગોના હોય છે. સુલભાએ જોયું કે મારે લાયક એક પુરુષ છે તેનું નામ જનક છે. તે રાજા છે, પણ મહાજ્ઞાની છે, હું વિદુષી છું અને તે જ્ઞાની છે. અમારો મેળ સારો જામશે. સુલભા ભ્રમણ કરીકરીને થાકી છે. અકુદરતી માર્ગ થકવી દેનારો હોય છે. થાક તો કુદરતી માર્ગે પણ લાગે છે, પણ આ માર્ગે થાક ઉતારનારાં તત્ત્વો પણ હોય છે. જે થાકેલાને પાછી તાજગી આપી દે છે. આ તત્ત્વ છે લાગણી. લાગણી અમૃત છે. જે ગમે તેવા થાકને પણ ઉતારી દેતી હોય છે. અકુદરતી માર્ગ લાગણીહીન હોવાથી થાક ઊતરવાનું નિમિત્ત નથી મળતું. આ માર્ગે માત્ર આત્મબળ જ કામ કરે છે. જે કાયમ ટકતું નથી.

સુલભા જનકને ત્યાં પહોંચી ગઈ. તે ભિક્ષાનું બહાનું કરીને રાજાને ત્યાં ગઈ.

> "ભૈક્ષ્યચર્યાપદેશેન દદર્શ મિથિલેશ્વરમ્"

રાજાને તેનું શરીરસૌષ્ઠવ અને સુકુમારતા જોઈને આશ્ચર્ય થયું. તેનો સત્કાર કર્યો. ભિક્ષાટન કરનારાંને લોકોના ઘરમાં બેધડક જવાનું નિમિત્ત મળી રહેતું હોય છે. રાજાએ તેને સારી રીતે જમાડી. પછી રાજા અને સુલભા વચ્ચે ધાર્મિક સત્સંગ થયો. સુલભાએ પોતાનાં નેત્રો દ્વારા રાજાનાં નેત્રોને બાંધી લીધાં.

> "નેત્રાભ્યાં નેત્રયોરસ્ય રશ્મીન્ સંયમ્ય રશ્મિભિ:"

આજે પણ કેટલાક પંથોની બહેનો એકાંતમાં સાધક પુરુષનાં નેત્રો સાથે નેત્રો મેળવીને સાધના કરાવે છે. રાજા જનકે સુલભાના ભાવને સમજીને પોતાનાં છત્ર વગેરે રાજચિહ્નો દૂર કર્યાં તથા સુલભાએ પણ ત્રિદંડ વગેરે દૂર કર્યાં.

> "છત્રાદિષુ વિમુક્તસ્ય મુક્તાયાશ્ચ ત્રિદંડકે"

રાજા જનકે પોતાનો પરિચય વિસ્તારથી આપ્યો અને કહ્યું કે હું પંચશિખાચાર્યનો શિષ્ય છું. અત્યારે મારી સ્થિતિ વિદેહી જેવી છે. કોઈ એક તરફના હાથ ઉપર ચંદનનો લેપ કરે અને બીજી તરફ વાંસલો લઈને મારો બીજો હાથ છોલે તોપણ મારે માટે સરખું જ છે. મને દેહાધ્યાસ રહ્યો નથી તેથી લોકો મને જનક વિદેહી કહે છે. રાજાએ તો પોતાનો પરિચય આપતાં આપતાં સંન્યાસની નિંદા પણ કરી નાખી.

> કાષાયધારણં મૌંડ્યં ત્રિવિષ્ટબ્ધં કમંડલમ્।
> ભિંગાન્યુત્પથભૂતાનિ ન મોક્ષાયેતિ મે મતિ:॥47॥

કાષાયવસ્ત્રો પહેરવાં, માથું મુંડાવવું, ત્રિદંડ ધારણ કરવો, આ બધાં સંન્યાસનાં બાહ્ય લક્ષણો છે તેથી મોક્ષ મળતો નથી તેવી મારી મતિ છે.

રાજાએ કહ્યું કે “તમારું સુકુમાર શરીર, સૌંદર્ય મનોહર શરીર અને યુવાવસ્થા આ બધાની સાથે યોગનો મેળ કેવી રીતે જામ્યો તે મને સમજાતું નથી. તોપણ તમારી યોગશક્તિથી હું જરૂર પ્રભાવિત થયો છું. તમે કયા હેતુથી મારા હૃદયમાં પેસી ગયાં છો?

ત્વં પ્રવિષ્ટા હૃદયં મમ॥58॥

તમે બ્રાહ્મણ છો અને હું ક્ષત્રિય છું. એટલે આ રીતે વર્ણસંકરતાનો દોષ ઉત્પન્ન ન કરશો.

“મા કૃથા વર્ણસંકરમ્”

તમે મોક્ષમાર્ગી ચતુર્થાશ્રમી છો અને હું તો ગૃહસ્થાશ્રમી છું. આ રીતે આશ્રમસંકર થવું પણ યોગ્ય નથી. તમે સગોત્રસંકર નામનો ત્રીજો દોષ પણ ઉત્પન્ન કરી રહ્યાં છો.

જો તમારે પતિ હોય તો મારી સાથેનો ચોથો દોષ પણ થઈ રહ્યો છે. તમે મારો સ્પર્શ ન કરો. રાજાએ અનેક તિરસ્કારભર્યાં વાક્યો બોલીને સુલભાનો તિરસ્કાર કર્યો. તોપણ સુલભા જરા પણ વિચલિત ન થઈ. મુગ્ધા સ્ત્રીને પાછી વાળવી ઘણી કઠિન હોય છે. તે આંખ મીંચીને કૂવામાં પણ પડવા તૈયાર થઈ જાય તો નવાઈ નહિ.

રાજાનાં તિરસ્કારભર્યાં વાક્યો સાંભળ્યા પછી સુલભાએ અત્યંત વિદ્વત્તાપૂર્ણ ઉત્તરો આપ્યા, કારણ કે તે વિદુષી છે. આત્મભાવથી તેણે કહ્યું કે હું શરીર નથી. આત્મા છું. તમે મને શરીરભાવથી કેમ જુઓ છો? આત્મભાવથી જુઓ. શરીરની દૃષ્ટિએ તમે ચક્રવર્તી રાજા છો, પણ તેમાં તમે એક નગરમાં એક મહેલમાં, અરે એક ઓરડામાં અને તેમાં રાખેલા એક પલંગમાં જ સૂઓ છો. પલંગ પણ અડધો તો રાણીની પાસે હોય છે, એટલે અડધા પલંગ ઉપર જ તમારો અધિકાર રહે છે. આ રીતે તમે તો બહુ જ થોડી વસ્તુના સ્વામી છો. મેં તમારામાં પ્રવેશ કર્યો છે તેમાં કોઈ અપરાધ કર્યો નથી. સંન્યાસીઓ એકાંતમાં વાસ કરે છે. મેં પણ જોયું કે તમારું હૃદય શૂન્ય છે. ત્યાં એકાંત છે. કોઈ નથી એટલે મેં તેમાં વાસ કર્યો છે. તમે સ્પર્શની વાત કરો છો પણ આત્મભાવથી જુઓ મેં સ્પર્શ કર્યો જ નથી. ન હાથોથી, ન ભુજાઓથી, ન પગથી, ન જાંઘથી અને ન તો શરીરના બીજા કોઈ અંગથી મેં તમારો સ્પર્શ કર્યો છે. દેહભાવથી મુક્ત થઈને આત્મભાવથી જોશો તો કોઈ સ્પર્શ થયો જ નથી. આવી ભરી સભામાં સ્ત્રી-પુરુષના સંયોગની વાત તો કરાય જ નહિ, કારણ કે તમે ઊંચ કુળના રાજા છો.

જેમ કમળના પત્ર ઉપર પડેલું જળ તેનો સ્પર્શ નથી કરતું. તેવી જ રીતે પૂરી અનાસક્તિથી હું તમારામાં નિવાસ કરીશ. આવી રીતે આત્મભાવથી કોઈ સ્પર્શ ન હોવા છતાં પણ જો તમે દેહભાવથી મારો સ્પર્શ અનુભવતા હો તો મારે કહેવું જોઈએ કે તમારા ગુરુએ હજી તમને પૂરેપૂરું જ્ઞાન આપ્યું નથી. જીવનમુક્ત પુરુષ તો દેહાધ્યાસથી મુક્ત થઈને આત્મભાવમાં રમણ કરતો હોય છે. હું અને તમે બન્ને અલગ છીએ જ નહિ, એક જ આત્મા છે. પછી વર્ણસંકરતા થાય જ કેવી રીતે?

મને તમે બ્રાહ્મણ માનો છો પણ તેવું નથી. ખરેખર હું તો ક્ષત્રિય છું. પ્રધાન નામના રાજર્ષિના ઘરમાં મારો જન્મ થયો છે. મને મારે યોગ્ય પતિ ન મળ્યો તેથી મેં દીક્ષા લઈ લીધી છે. યોગ્ય પતિ વિના અયોગ્યની સાથે લગ્ન કરીને જીવવું તેના કરતાં દીક્ષા લઈ લેવી સારી. લગ્નજીવનમાં એક વિડંબના પણ થતી હોય છે. બધી કન્યાઓને મનગમતો પતિ મળતો હોતો નથી. જેમનાં બાળલગ્ન થઈ જતાં હોય છે, તેમને તો “પડ્યું પનારું પાર પાડ્યે છૂટકો” પ્રમાણે કજોડું થયું હોય તોપણ પાર પાડ્યે જ છૂટકો થતો હોય છે. કજોડાંવાળું લગ્નજીવન નરક કરતાં પણ ભૂંડું

હોય છે. પણ જે કન્યાઓ યુવાન થઈ હોય અને વરની પસંદગીનો અધિકાર મળ્યો હોય તે શા માટે કજોડું કરે? ઘણા પ્રયત્નો પછી પણ યોગ્ય વર ન મળે તો દીક્ષા લેવાનો જ રસ્તો બાકી રહી જાય છે. આને પરિસ્થિતિવશ લીધેલી યુવાદીક્ષા કહેવાય. આવી દીક્ષાથી સ્ત્રીને જીવન જીવવાનો એક માનપૂર્વકનો આધાર અને આશ્રય મળી રહેતો હોય છે. પણ હા, તેની પાયાની આવશ્યકતાઓ તેથી પૂરી થઈ જતી નથી. પ્રસંગ મળતાં જ તે જાગી ઊઠે છે. સુલભાનું કહેવું છે કે આપણે બન્ને ક્ષત્રિય છીએ તેથી વર્ણસંકરતાનો દોષ ન કહેવાય.

"સંન્યાસીનું ઘર નથી હોતું. તે નગરમાં કોઈ ખાલી પડેલા ઘરમાં રાતવાસો કરે છે, આવી જ રીતે તમારા શરીરમાં હું આજની રાત રહીશ અને કાલે સવારે ચાલી જઈશ."

સુલભાની વિદ્વત્તા, આત્મજ્ઞાનપૂર્ણ અધ્યાત્મવાતો સાંભળીને રાજા ચૂપ થઈ ગયો. સુલભાની કથા પૂરી થઈ ગઈ. પણ ના પૂરી ના થઈ કહેવાય. હજી તો ઘણી વાત બાકી છે. માનો કે તે કાલે સવારે ચાલી જશે પણ પછી શું? તેને રોજ રોજ નવાં નવાં ઘરો શોધવાનાં? એવું ન બને કે તે એક સ્થાયી ઘર વસાવી લે. આવું શક્ય છે. આત્માની કાલ્પનિક મોટી મોટી વાતો કરવાથી જીવનના પાયાના પ્રશ્નો ઉકેલાતા નથી. જીવન તો વાસ્તવિકતા છે. તેનો ઉકેલ વાસ્તવિકતાના ધોરણે જ થઈ શકે. બધી સંન્યાસિનીઓ સુલભા નથી હોતી તેમ છતાં ઘણી સુલભાઓ પણ હોય જ છે. બાળદીક્ષા કે પરિસ્થિતિવશ લીધેલી યુવાદીક્ષાના કારણે ઘણી સ્ત્રીઓને સુલભા જેવું જીવવું પડતું હોય છે. તે હકીકતને લોકો સમજે અને સ્વીકારે તો પ્રશ્નો ઉકેલી શકાય.

આ કથા સુલભા જેવી સ્ત્રીવર્ગને લક્ષ્ય કરીને રચાયેલી છે. પણ તેવા વિલોમ પુરુષવર્ગમાં પણ આવું હોય જ છે. તેમાં પણ ઘણા પરિસ્થિતિવશ દીક્ષા લઈને વૈરાગ્ય ઊતરી જવાથી જીવનભર ગૂંગળાતા હોય છે. એવું કહેવું કે "તો પછી તેમણે પાછા ફરી જવું જોઈએ" એ વાત કહેવી સરળ છે. આચરવી સરલ નથી હોતી. દીક્ષાની સાથે વ્યક્તિની પ્રતિષ્ઠા સંકળાયેલી હોય છે. માત્ર પોતાની જ નહિ. પોતાના પરિવારની પણ ઇજ્જત-આબરૂ સંકળાયેલી હોય છે. પાછા વળવાથી હાહાકાર થઈ જતો હોય છે. બીજો પ્રશ્ન સ્વીકૃતિનો હોય છે. આવી કન્યાનો કોણ સ્વીકાર કરે? ત્રીજો પ્રશ્ન આજીવિકાનો પણ હોય છે. ક્યાં રહેવું, શું કમાવું, શું ખાવું? આવાબધા ઘણા પ્રશ્નો મૂંઝવતા હોય છે. એટલે ઘણી સુલભાઓ ઇચ્છે તોપણ કૂંડાળા બહાર નીકળી ન શકે. કોઈ બહાદુર હોય અને બધાનો સામનો કરવા તૈયાર થાય તો જ કૂંડાળામાંથી બહાર નીકળી શકાય. પણ તેને કોઈ મર્દનો સાથ જોઈએ. બધા પુરુષો મર્દ નથી હોતા.

એવું થઈ શકે કે સુલભા જેવી ગૃહત્યાગી સાધ્વીઓ અને તેના જેવા જ ગૃહત્યાગી પુરુષો માટે એક આશ્રયસ્થાન બનાવાય, જ્યાં રહીને આવાં ગૃહત્યાગીઓ યોગ્ય પાત્રો મેળવીને સહજ જીવન જીવી શકે. આને પણ ધર્મકાર્ય જ કહેવાય. કોઈ ભડપુરુષ પ્રયોગ કરે ત્યારે ખરું.

(મહાભારત શાંતિપર્વ, મોક્ષધર્મ 320મો અધ્યાય)

26-12-09

*

52. ગૌતમી

એક બહુ જૂનો વિવાદ ચાલ્યો આવે છે. જે કાંઈ કર્મ થાય છે, તે કોણ કરે છે? કોણ કરાવે છે? કોણ ફળ ભોગવે છે? વગેરે. સૌ કોઈ પોતપોતાને ગમતી વાત કરે છે. દૃઢ સિદ્ધાંત કે દૃઢ નિર્ણય થઈ શકતો નથી. મહાભારતમાં આવી જ એક કથા આવે છે.

ગૌતમી નામની એક વૃદ્ધ બ્રાહ્મણીને એકનો એક પુત્ર છે. એક તો સ્ત્રી, પાછી વિધવા, પાછી વૃદ્ધા એટલે સર્વ રીતે અનાથ-અબળા. તેનો એકમાત્ર આધાર તેનો એકનો એક પુત્ર. તેના આધારે તે જીવન જીવે. આવી અબળા વિધવાને પુત્રવિહોણી બનાવી દેવી તેને મહાપાપ કહેવાય. કેટલાક શિષ્યૈષણાવાળા ગુરુલોકો આવી વિધવાના એકના એક પુત્રને દીક્ષા આપી સાધુ બનાવી દેતા હોય છે. આ મહાપાપ કહેવાય. આવી દીક્ષાના દ્વારા તેમને બે લાભ દેખાતા હોય છે. એક તો તેમને શિષ્ય મળે અને બીજો લાભ પેલી વિધવાની સંપત્તિ મળે. એક રીતે તો તેમણે વિધવાનું નખ્ખોદ કાઢવાનું મહાપાપ જ કર્યું કહેવાય. કદાચ વૈરાગ્યના ઊભરાવશ આવો કોઈ પુત્ર દીક્ષા લેવા આવે તોપણ તેને સમજાવી-બુઝાવીને ઘરે પાછો મોકલવાનો હોય. જેથી માની સેવા કરે. માનું વૃદ્ધત્વ એકાકી ન થઈ જાય. નિરાધાર ન થઈ જાય. આ ધર્મ છે. કોઈ અબળાનો આધાર, કોઈ વિધવાની હૂંફ, કોઈ અનાથની ઓથ પડાવી લેવી તે પાપ જ કહેવાય. બન્યું એવું કે ગૌતમીનો એકનો એક દીકરો વનમાંથી આવી રહ્યો હતો, તેવામાં તેનો પગ એક સર્પના ઉપર પડી ગયો. સર્પ દબાયો. તેણે ઝડપ કરીને પેલા પગ ઉપર ડંખ માર્યો. ગૌતમીપુત્ર પટકાઈ પડ્યો અને જોતજોતામાં તેના પ્રાણ ઊડી ગયા. પુત્રનું મડદું જોઈને ગૌતમી કલ્પાંત કરવા લાગી. “મારો પુત્ર, મારો પુત્ર” કરીને તે જોરજોરથી ચીસો પાડવા લાગી. લોકોનું ટોળું ભેગું થઈ ગયું. તેવામાં એક પારધિ પેલા સર્પને પકડીને ગૌતમી પાસે આવ્યો અને બોલ્યો કે “ગૌતમી! જો આ નીચ સર્પે જ ડંખ મારીને તારા પુત્રને મારી નાખ્યો છે. હું તેને પકડી લાવ્યો છું. હવે હું તેની હત્યા કરી નાખીશ. જેથી તને શાંતિ મળે.”

પારધિની વાત સાંભળીને ગૌતમી શાંત થઈ ગઈ અને બોલી કે “ના, ના, તેને મારશો નહિ. જે બનવાનું હતું તે બની ગયું. તેને મારી નાખવાથી હવે મારો પુત્ર જીવિત થવાનો નથી. માટે તેને મારશો નહિ.” સજ્જન પુરુષોમાં જન્મજાત ગુણો વસતા હોય છે. તેમાંનો એક ગુણ ‘ક્ષમા’ છે. પોતાના વ્યક્તિગત અપરાધીને ક્ષમા આપવી, બદલો લેવાની વૃત્તિ ન રાખવી, આ તેમનો સહજ ગુણ હોય છે. ગૌતમી અને પારધિ વચ્ચે ઘણો વિવાદ થયો.

તેમના લાંબા વિવાદને સાંભળીને સર્પને વાચા થાય છે. “અરે, મારો દોષ નથી. મને શા માટે મારી નાખવા માગો છો? મેં તો મૃત્યુના આદેશ પ્રમાણે જ કામ કર્યું હતું. તેનું જીવન પૂરું થયું હતું તેથી મૃત્યુએ મને નિમિત્ત બનાવ્યો છે. દોષ તો મૃત્યુનો છે. મારો નથી.”

આ વખતે મૃત્યુ પણ હાજર થઈ ગયું. તેણે કહ્યું કે “ના, ના, દોષ મારો નથી, મને કાળની આજ્ઞા થઈ હતી એટલે દોષ તો કાળનો છે. બધું જ કાળને આધીન છે. તેથી દોષ તો કાળનો છે.” દોષનો ટોપલો કાળ ઉપર ઢોળાયો એટલે કાળ હાજર થયો. તેણે કહ્યું કે:

“ના, ના, મારો દોષ નથી, દોષ તો બાળકના કર્મનો છે. જેનાં જેવાં કર્મ હોય તેવાં તે ભરે. તેથી તેનાં કર્મોનો જ દોષ ગણાય. અમે તો બધાં નિમિત્તમાત્ર જ છીએ.”

ફરી પાછો પ્રશ્ન થયો કે કર્મ ખરાં પણ તે અત્યારનાં કે પૂર્વનાં? અત્યારનાં જ કર્મો દોષી

કહેવાય. તેણે સર્પ ઉપર પગ મૂક્યો તે દોષ કહેવાય. સર્પ સમજ્યો કે આ માણસ મને મારી નાખવા માગે છે. એટલે તેણે વળતો પ્રહાર કર્યો. જો પેલા બાળકે સર્પ ઉપર પગ ન મૂક્યો હોત તો સર્પ કદી ડંખ દેવાનો ન હતો. એટલે દોષ તો વર્તમાન કર્મનો જ કહેવાય. લોકોએ સાવધાનીથી ચાલવું જોઈએ. બને ત્યાં સુધી જીવ-જંતુઓને બચાવવાં જોઈએ. પોતાની બેદરકારીનું આ પરિણામ કહેવાય. માટે દોષ તો પોતાનાં કર્મો અર્થાત્ પોતાનો જ કહેવાય.

ઘણી રોકકળ કરીને ગૌતમીએ પેલા સર્પને પારધિ પાસેથી છોડાવીને વનમાં છૂટો મુકાવી દીધો. સૌને જીવવાનો અધિકાર છે. સર્પને કરડવાનો શોખ નથી હોતો. આપણે ભૂલ કરીએ છીએ તેના ઉપર પગ મૂકીએ છીએ પછી પેલો કરડે છે. માટે સાવધાનીથી ચાલો. બત્તી રાખો, હોલબૂટ પહેરો વગેરે ઉપાયો કરો તો સર્પદંશથી બચી શકાશે.

ગૌતમીની ક્ષમાકથાથી સૌ પ્રસન્ન થયાં. સૌ વિદાય થયાં. સર્પને છોડી મૂક્યો. વાત પૂરી થઇ.

(મહાભારત અનુશાસન પર્વ પહેલો અધ્યાય)

26-12-09

*

53. પુરુષ-સ્ત્રીઃ રતિસુખ

કથા એને કહેવાય જે જીવનના બધા પ્રશ્નોની છણાવટ કરે અને ઉકેલ કરે. માત્ર પરલોકની કે મોક્ષની કથાઓ એ કથાઓ નથી, એ કલ્પનાઓ છે. જેમાં જીવનના કોઈ પણ પ્રશ્નની છણાવટ નથી હોતી, ઉકેલ પણ નથી હોતો. આવી કથાઓ એ મડદાકથાઓ કહેવાય. હું આત્મા છું. આત્મા છું. એવું લાખ વાર અરે કરોડ વાર બોલવાથી શું થવાનું હતું? કશું જ નહિ. તેથી કોઈ પ્રશ્નનો ઉકેલ તો હોતો નથી. તેથી તો લોકો પ્રશ્નોથી દૂર ભાગે છે. જે પ્રશ્નોથી ગમેતેવા રૂપાળા બહાના નીચે દૂર ભાગે છે તે જીવનથી ભાગનારા પલાયનવાદી છે. તેમનું જીવન વ્યર્થ થઈ જતું હોય છે. ભલે તેઓ પોતાને આત્મજ્ઞાની કે બ્રહ્મજ્ઞાની જ કેમ ન માનતા હોય. જીવનના મહત્ત્વના પ્રશ્નોમાં એક પ્રશ્ન કામવિષયક છે. કામ ઊર્જા છે. જેનામાં આ ઊર્જા જેટલા વધુ પ્રમાણમાં હશે તે તેટલા પ્રમાણમાં મહાન કાર્યો કરનારો થશે. જેનામાં આ ઊર્જા હશે જ નહિ તે કદી પણ મહાપુરુષ ન થઈ શકે. કામ તો જળના ધોધ જેવો છે. તેમાંથી હજારો મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી શકાય છે. જો નહેરો દ્વારા ખેતરો સુધી જળને પહોંચાડવામાં આવે તો હજારો ટન અનાજ પેદા કરી શકાય છે. જરૂર છે આ પ્રચંડ ધોધનું નિયંત્રણ અને આયોજન કરવાનું. આ ધોધને સૂકવી નાખવાથી વ્યક્તિ ઊર્જાહીન થઈ જાય છે. જે કશા કામનો નથી રહેતો. કેટલાક નકારાત્મક ચિંતનવાળા પુરુષો કામ રૂપી ઊર્જાને સૂકવી નાખવા ઘોર તપો, વ્રતો, ઉપવાસો કરવાનું કહેતા હોય છે. તેથી ઊર્જા તો સુકાય છે પણ વ્યક્તિ પણ ઇચ્છાહીન, શક્તિહીન થઈને મડદા જેવો થઈ જાય છે. આવાં સુકાઈ ગયેલાં હાડપિંજરો, સાંસારિક સુખો ભોગવી શકતાં નથી, અને બીજાને ભોગવાવી પણ શકતાં નથી. તે તો માત્ર કાલ્પનિક પરલોક તરફ જ તાક્યા કરતાં હોય છે. આ લોક બગાડીને તે પરલોક સુધારવા નીકળ્યા હોય છે. મહાભારતમાં આ લોક સુધારીને પછી પરલોક સુધારવાની વાત છે. કારણ કે ઋષિમાર્ગમાં કામનું પણ પૂરેપૂરું મહત્ત્વ છે. યુધિષ્ઠિર, મરણપથારીએ પડેલા ભીષ્મને પ્રશ્ન પૂછે છેઃ

સ્ત્રીપુંસયોઃ સમ્પ્રયોગે સ્પર્શઃ કસ્યાધિકો ભવેત્॥

અર્થાત્ જ્યારે સ્ત્રી અને પુરુષ પરસ્પરમાં સમાગમ કરે છે ત્યારે બન્નેમાંથી સમાગમનું સુખ કોને વધુ પ્રાપ્ત થાય છે તે કહો.

અહીં એક વસ્તુ ધ્યાન આપવા જેવી છે. ભીષ્મ બાળબ્રહ્મચારી છે. પરણેલા નથી. તેમણે સ્ત્રીસુખ ભોગવ્યું નથી. તેમ છતાં બિનઅનુભવીને પ્રશ્ન પુછાય છે. ભીષ્મ પણ "હું નથી જાણતો" તેવું કહીને છૂટી પડવાની જગ્યાએ એક આખ્યાયિકાના માધ્યમથી જવાબ આપે છે અને તે સચોટ જવાબ હોય છે. આને "પ્રાતિભજ્ઞાન" કહેવાય છે. શાસ્ત્રજ્ઞાન, અનુભવજ્ઞાન અને તેથી પણ વધારે પ્રાતિભજ્ઞાન હોય છે. પોતાને અનુભવ ન હોવા છતાં પણ પ્રતિભાની પ્રબળતાથી મહાપુરુષો બિનઅનુભવોનું જ્ઞાન પણ સચોટ આપી શકે છે. તે આ કથાથી જણાય છે.

ભીષ્મ કહે છેઃ યુધિષ્ઠિર સાંભળ, એક ભંગાસ્વન નામનો રાજા હતો, તેણે એવો યજ્ઞ કર્યો કે જેમાં ઇન્દ્રને સ્થાન ન હતું. તેથી ઇન્દ્ર ચિડાયો. અને વેર બંધાયું. સામાજિક, રાજકીય કે ધાર્મિક પ્રસંગો કરતી વખતે યજમાને ખૂબ કાળજી રાખવી કે કોઈ રહી તો નથી જતું ને? ખાસ કરીને શનિ પ્રકૃતિના માણસો નિમંત્રણથી રહી જવા ન જોઈએ નહિ તો આવા દુષ્ટ—શક્તિશાળી માણસો વેરભાવ બાંધીને બદલો લેવાનો પ્રયત્ન કરશે.

ઇન્દ્રને થયું કે આ ભંગાસ્વન રાજાએ યજ્ઞો કર્યા પણ મને તો બોલાવતો જ નથી. મારે તેને ખબર પાડી દેવી જોઈએ. તે દિવસથી ઇન્દ્ર ભંગાસ્વન રાજાનું છિદ્ર શોધવા લાગ્યો. છિદ્ર એટલે દોષ. દોષ વિના હુમલો ન કરાય. ઇન્દ્રે ઘણા કાગડાવેડા કર્યા પણ રાજાનું કોઈ છિદ્ર દેખાયું નહિ. કેટલાય નિર્દોષ, છિદ્ર વિનાના, નિર્મળ સંતો હોય છે. પણ જો કોઈ કાગડો તેમની પાછળ પડી જાય તો છિદ્ર ખોળતો રહે. અને કોઈ ને કોઈ ઘડીએ કોઈ નાનો-મોટો દોષ નજરે ચઢી આવે ખરો.

એક વાર રાજા ભંગાસ્વન શિકાર રમવા વનમાં એકલો જ ગયો. રાજા કે મહાપુરુષે કદી એકલા ક્યાંય જવું નહિ. કોઈ ને કોઈ વિશ્વાસુ વફાદાર વ્યક્તિને સાથે જરૂર રાખવી. રાજા તો વનમાં દૂર દૂર ચાલ્યો ગયો. થાક્યોપાક્યો તે એક સરોવરના કિનારે પહોંચ્યો. તેણે ઘોડાને સ્નાન કરાવ્યું અને પાણી પિવડાવ્યું. પોતે પણ પાણી પીધું અને પછી સરોવરના નિર્મળ જળમાં સ્નાન કરવા ઊતર્યો. તેણે ખૂબ પ્રેમથી સ્નાન કર્યું. પણ આ શું? તે તો પુરુષમાંથી સ્ત્રી બની ગયો. તેને નવાઈ લાગી, અરે, આ શું થયું? હવે મારું શું થશે? હું ક્યાં જાઉં? શું કરું? ડૂબી મરું? હવે આવું જીવન મારાથી કેમ કરીને જિવાશે?" તે ચિંતા કરવા લાગ્યો. આપણે માનીએ કે ના માનીએ કોઈ પુરુષને સ્ત્રી થવાનું ગમતું નથી. હા, કોઈ સ્ત્રી પુરુષ થઈ જાય તો તેને બહુ ગમે. અરે, કોઈ પુરુષને તું કેવોની જગ્યાએ તું કેવી એમ સ્ત્રીવાચી પ્રયોગ કરીએ તોપણ ન ગમે. સ્ત્રી બની ગયેલો રાજા મહાદુઃખી થઈ ગયો. તે પોતાની રાજધાની ગયો. મંત્રી-રાણીઓ અને પોતાના સો પુત્રોને મળ્યો. સૌને નવાઈ લાગી. રાજાએ જોયું કે હવે તેનું પહેલાં જેવું માન રહ્યું નથી. બધાં મશ્કરીઓ કરે છે. તિરસ્કાર કરે છે. ઇન્દ્રે આ બદલો લીધો છે. તેણે પુત્રોને ભેગા કરીને બધું રાજપાટ સોંપી દીધું અને વનમાં ચાલ્યો ગયો. જે જગ્યાએ બહુમાનપૂર્વકનું જીવન જીવ્યા હોઈએ તે જગ્યાએ જો માનહીન થઈ જવાય તો ડાહ્યા પુરુષે તેવી જગ્યાનો ત્યાગ કરી દેવો જોઈએ. જો તે પડ્યો રહે તો વધુ ને વધુ તિરસ્કૃત થતો રહે.

રાજા વનમાં તો ચાલ્યો ગયો. અથવા ચાલી ગઈ. પણ હવે વનમાં પણ ક્યાં જવું? ફરતાં ફરતાં તેને એક આશ્રમ દેખાયો. ઘરમાં અને આશ્રમમાં ફરક હોય છે. "આશ્રય આપે તેને આશ્રમ" કહેવાય. આશ્રમમાં એક ઋષિ રહેતા હતા. પેલી સ્ત્રીએ આશ્રય માગ્યો. ઋષિ એકલા જ હતા. આશ્રય માગનાર સ્ત્રી હતી. પુરુષને આશ્રય આપવામાં પાછળથી કોઈ ઉપાધિ થતી નથી, પણ સ્ત્રી પોતે જ ઉપાધિરૂપ હોય છે. તેની પાછળ કેટલીયે ઉપાધિઓ ફરતી હોય છે. લોકાપવાદ, વિજાતીય આકર્ષણ, મોહમાયા, બંધન વગેરે અનેક પ્રશ્નો સાથે હોય છે. ડૂબતા પુરુષને તમે તરવૈયા હો તો મહેનત કરીને બચાવી શકો. પણ જો કોઈ ડૂબતી સ્ત્રી હોય તો તેને બચાવવી બહુ કઠિન કામ થઈ જાય. કારણ કે તે બચાવનારને જ વળગી પડે. પેલાને તરવા જ ન દે. તે ડૂબે અને ડુબાડે. એટલે સ્ત્રીને આશરો આપવો એ અઘરું કામ છે. પણ ન આપીને તેને કાઢી મૂકવી તે પણ પુરષની કાયરતા જ કહેવાય. ઋષિએ પેલી સ્ત્રીને આશરો આપ્યો. બન્ને રહેવા લાગ્યાં. હવે પેલી સ્ત્રીને જવાની તો બીજી કોઈ જગ્યા જ ન હતી. પુરુષ એકલો નિરાધાર રહી શકે. સ્ત્રી ન રહી શકે. તેને કોઈ ને કોઈનો આશરો જોઈએ જ. કાયમી સાથે રહેવાનું નિમિત્ત ભગવાને જ બન્નેમાં મૂકી દીધું છે. તે છે આકર્ષણ. આવેગો અને લાગણીઓનું પ્રબળ આકર્ષણ. ન ઇચ્છતાં હોય તોપણ બન્ને નજીક આવી જાય અને પછી બન્ને એકબીજામાં સમાઈ જાય. એવાં સમાઈ જાય કે જુદાં થાય જ નહિ. ઋષિ અને પેલી સ્ત્રીનું પણ એવું જ થયું. બન્નેના દ્વારા સો પુત્રો થયા. પેલી સ્ત્રી સો પુત્રોને નગરમાં લઈ ગઈ. અને પહેલાંના પોતાના સો પુત્રો હતા તેમની સાથે મેળવ્યા પછી બધાને હળીમળીને સંપીને રાજ કરવાનું કહી પાછી વનમાં ચાલી આવી. આ બાજુ ઇન્દ્રને થયું કે આ તો બધાં લીલાલહેર કરે છે. તે દ્વેષનો માર્યો બળી

ઊઠ્યો. તેણે બસો પુત્રોને અંદરઅંદર લડાવી માર્યા. પેલી સ્ત્રી બહુ દુ:ખી થઈ. તેણે ઇન્દ્રની ક્ષમા માગી. મારી ભૂલ થઈ કે મેં તમને નિમંત્રણ ન આપ્યું." ઇન્દ્ર પ્રસન્ન થયો અને વરદાન માગવા કહ્યું કે આ બસો પુત્રોમાંથી જે કહે તે સો પુત્રોને હું જીવતા કરી આપું." પેલી સ્ત્રીએ કહ્યું કે મેં પુરુષ અવસ્થામાં જે પુત્રો ઉત્પન્ન કર્યા હતા તેને જીવતા નહિ કરો તો ચાલશે, પણ મેં સ્ત્રી અવસ્થામાં જે પુત્રો ઉત્પન્ન કર્યા છે તે સો પુત્રોને જીવતા કરી આપો કારણ સ્ત્રીને પોતાના સંતાન ઉપર જેટલો પ્રેમ હોય છે તેટલો પુરુષને નથી હોતો. મા એ મા જ છે." તે સ્ત્રીના પોતાની પ્રસૂતિથી થયેલા પુત્રો જીવિત થઈ ગયા.

ઇન્દ્રે કહ્યું કે "હું તમને વધારાનું એક વરદાન આપવા માગું છું. બોલો માગી લો. તમે ધારો તો ફરીથી પુરુષ થઈને રાજા થઈ શકો છો. અથવા જે અત્યારે તમારું સ્ત્રીરૂપ છે એ જ ધારણ કરી રાખવા માગો છો?"

ત્યારે સ્ત્રીએ કહ્યું કે

"સ્ત્રીત્વમેવ વૃણે શક્ર, પુસ્ત્વં નેચ્છામી વાસવ।"

હે ઇન્દ્ર મારે સ્ત્રી જ રહેવું છે. પુરુષ નથી થવું. કારણ કે

સ્ત્રિયા: પુરુષ સંયોગે પ્રીતિ રામ્યધિકા સદા।

કારણ કે સ્ત્રી-પુરુષ જ્યારે પ્રેમ અને સમાગમ કરે છે, ત્યારે સ્ત્રીને જ વધુ રતિસુખ મળે છે. એવું રતિસુખ પામવા સ્ત્રી લાલાયિત રહે છે. એટલે હવે મારે ફરીથી પુરુષ થવું નથી. હું પત્ની તરીકે અને માતા તરીકે જે સુખ પ્રાપ્ત કરું છું, તે પુરુષ થઈને પ્રાપ્ત કરી શકાય તેમ નથી. જો આ વાત સાચી હોય તો નિર્દોષ સ્ત્રીનું રતિસુખ છીનવીને ગૃહત્યાગ કરવો કે નિગ્રહવ્રત લેવું તે પાપ જ કહેવાય.

(મહાભારત અનુશાસન પર્વ બારમો અધ્યાય)
27-12-09

*

54. અષ્ટાવક્રની કથા

સોનું કસોટી વિનાનું ન હોય અને પિત્તળની કસોટી ન હોય. તો પછી માણસ કસોટી વિનાનો કેમ હોય? માણસની બે કસોટીઓ છે. 1. અર્થકસોટી, અને 2. કામકસોટી. અર્થકસોટી એટલે તે લોભી-લાલચી, ચોર, લુટારો, છેતરપિંડી કરનારો, વગર હક્કનું ખાનારો, કોઈનો હક્ક પડાવી લેનારો તો નથી ને! જે આવો હોય તે અર્થકસોટીની દૃષ્ટિએ નાપાસ થયો કહેવાય. આવી જ રીતે બીજી કસોટી છે કામકસોટી. અર્થકસોટી કરતાં પણ આ વધુ પ્રબળ કસોટી છે. જે માણસ, વ્યભિચારી હોય, વ્યભિચારમાં પણ જે એક જ વ્યક્તિ સુધી સીમિત હોય તે અને જેની કોઈ સીમા જ ન હોય, રોજરોજ નવી નવી વાનગીઓ ખાતો હોય તે બન્નેમાં ફરક છે. જે કુમારી કન્યાઓ, સોહાગિણીઓ, સુખી દંપતીઓને ફસાવતો હોય અને જીવન બરબાદ કરતો હોય તે અલગ છે. બધાને એકસરખા ન મનાય. જેને પતિ કે પત્ની હોય અને તેમાં જ સંતુષ્ટ હોય તેવી વ્યક્તિને કામકસોટીમાંથી પાર થયો જાણવો. તેને સેક્સમોરલ કહેવાય.

જેને સેક્સમોરલ રાખવું હોય તેણે લગ્ન જરૂર કરવાં જોઈએ. એકાકી પુરુષ કે એકાકી સ્ત્રી લાંબો સમય સેક્સમોરલ રાખી શકતાં નથી. કુદરતી આવેગો અને લાગણીઓ તેને હચમચાવતાં રહે છે. તેનાથી બચવું હોય તેણે યોગ્ય પાત્ર સાથે લગ્ન કરી લેવાં, આવું પાત્ર રક્ષક થઈ શકે છે. જીવનભર લગ્ન ન કરનારાં હચમચતા રહે છે. મહાભારતમાં આવી જ એક કથા આવે છે.

અષ્ટાવક્ર પ્રસિદ્ધ પુરુષ છે. તે કદરૂપા છે, આઠે અંગો વાંકાં છે. પણ મહાજ્ઞાની પણ છે. સરસ્વતીનો યોગ સુંદરતાથી નથી થયો, કદરૂપતાથી થયો છે. સૌંદર્ય, સરસ્વતી અને લક્ષ્મી એક જગ્યાએ ભાગ્યે જ રહેતાં હોય છે. અને જો સાથે રહે તો વ્યક્તિ ધન્ય ધન્ય થઈ જાય. તેમાં પણ શૌર્યની દેવી દુર્ગા પણ ભળે તો તો કહેવું જ શું? પણ અષ્ટાવક્રમાં સરસ્વતી સિવાય બીજી એકે દેવી ન હતી. આને દુર્ભાગ્ય કહેવાય. વ્યક્તિને જન્મજાત જે મળતું હોય છે તે તેનું સદ્ભાગ્ય કહેવાય, જે નથી મળતું અથવા ખોટું મળે છે તેને દુર્ભાગ્ય કહેવાય. અષ્ટાવક્ર સરસ્વતીની દૃષ્ટિએ સદ્ભાગી છે. પણ બીજી રીતે દુર્ભાગી છે.

કદરૂપા હોવા છતાં પણ તેમને લગ્ન કરવાની ઇચ્છા થઈ. કામવાસના સર્વત્ર—સૌને હોય છે. વ્યક્તિ લૂલો, લંગડો, બહેરો, બોબડો, આંધળો, દરિદ્ર, રોગી કે ગમેતેવો લાચાર હોય તોપણ કામવાસના તો સૌને રહે છે. જે લોકો રૂપાળા હોય છે તેમને જીવનની જે બેનિફિટ મળે છે તે કદરૂપાને નથી મળતી. તેમને ઘણું સહન કરવું પડતું હોય છે. તેમની સાથે હમદર્દી રાખનારો વર્ગ પણ નથી હોતો. તેમને સમજનારો વર્ગ ભાગ્યે જ હોય છે.

અષ્ટાવક્ર આ રીતે શાપિત જીવન જીવે છે. તેમ છતાં તેમને ઇચ્છા થયા કરે છે કે પત્ની હોય તો સારું. હવે તો પત્ની વિના રહેવાતું નથી. પણ આવી વ્યક્તિને કોણ પરણાવે? આપણે ત્યાં વ્યક્તિ પરણતી નથી તેને પરણાવવી પડે છે. વાડ હોય તો વેલો ચઢે. પશ્ચિમમાં વ્યક્તિ પોતે પરણી જાય છે. ત્યાં વાડની જરૂર નથી હોતી. છેવટમાં અષ્ટાવક્રે પોતે જ પોતાના લગ્ન માટે પ્રયત્નો કર્યા. ત્યારે એક આશ્રમમાં વદાન્ય નામના ઋષિ રહેતા હતા. તેમને સુપ્રભા નામની કન્યા હતી. રૂપ-ગુણ-શીલથી ભરપૂર આ કન્યા કોઈનું પણ મન મોહી લે તેવી હતી. અષ્ટાવક્રે પેલા વદાન્યઋષિ પાસે આ કન્યાનો હાથ માગ્યો. પણ ઋષિએ ના પાડી દીધી. આવા કદરૂપા માણસને આવી રૂપાળી કન્યા કોણ આપે? પણ ઋષિએ સ્પષ્ટ ના ન પાડી પણ એવી રીતે

શરત કરી કે જલદી પૂરી ન કરી શકાય. એક વ્યાવહારિક જગત હોય છે. જેમાં સ્પષ્ટ સત્ય—નગ્ન સત્ય નથી ચાલતું પણ આવૃત સત્ય ચાલતું હોય છે. "તમે કદરૂપા છો માટે કન્યા નહિ આપું" તેવું ન કહેવાય. આ નગ્ન સત્ય છે. એટલે ઋષિએ કહ્યું કે જેનામાં આટલા ગુણો હોય તેને જ મારે કન્યા આપવાની છે. આ ગુણો બધી કન્યાઓના પિતાએ જાણવા જેવા છે.

1. જેની પાસે બીજી પત્ની ન હોય.

2. જે વિદેશમાં દૂર ન રહેતો હોય.

3. જે વિદ્વાન સાક્ષર હોય.

4. જે મધુરભાષી હોય—કડવી અભદ્ર વાણી ન હોય.

5. જે લોક સંમાનિત હોય.

6. જે વીર હોય, જેથી પત્નીની રક્ષા કરી શકે.

7. જે સુશીલ હોય.

8. જે ભોગો ભોગવવામાં સમર્થ હોય અર્થાત્ પૌરુષવાન હોય, નામર્દ ન હોય.

9. જે કાન્તિમાન હોય.

10. જે સુંદર હોય.

આટલાં લક્ષણો જેનામાં હોય તેને હું મારી કન્યા આપીશ. તેમ છતાં તમે એક કામ કરો કે તમે અહીંથી ઉત્તર દિશામાં જાઓ ત્યાં હિમાલયની પણ પેલે પાર એક સુંદર જગ્યા જોવા મળશે. ત્યાં એક વૃદ્ધ તપસ્વિની દીક્ષાપરાયણ સ્ત્રી મળશે તેનાં દર્શન કરીને પછી અહીં આવો તો હું મારી કન્યાનાં લગ્ન તમારી સાથે કરી આપીશ."

કામવાસના પ્રબળ પ્રવૃત્તિઓ પણ કરાવે છે. જો મોહ ન હોય તો પ્રબળ પ્રવૃત્તિઓ જ ન હોય. તો તો કશો ઇતિહાસ જ ન હોય. નિર્મોહી અને વીતરાગોનો ઇતિહાસ ન હોય.

અષ્ટાવક્ર તો ઠચૂક ઠચૂક કરતા નીકળી પડ્યા. તેમણે બાહુદા નામની નદી પાર કરી દીધી અને પછી કૈલાસ પર્વત તરફ ચાલવા લાગ્યા. કુબેરની અલકાપુરી નગરી પહોંચ્યા. કુબેરે તેમનું સ્વાગત કર્યું. અષ્ટાવક્ર પ્રસિદ્ધ વ્યક્તિ છે. પ્રસિદ્ધ વ્યક્તિ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં આગળ આગળ તેનું સન્માન અને સગવડો થતાં રહે. કુબેરે તેમના માનમાં અપ્સરાઓના નૃત્યનું આયોજન કર્યું. સુખસગવડો સૌને ગમે છે. અષ્ટાવક્ર કુબેરના ત્યાં રોકાઈ ગયા. પછી ખ્યાલ આવ્યો કે લક્ષ્ય તો હજી બાકી જ છે. આ સુખ-સગવડોમાં લક્ષ્ય ભુલાઈ ગયું. તે વિદાય થયા. ઊંચા ઊંચા પર્વતોને પાર કરીને એક સુંદર ઉપવન જેવી ભૂમિમાં પહોંચી ગયા. ત્યાં તેમણે એક આશ્રમ જોયો. સુંદર આશ્રમના દરવાજે પહોંચીને પોતાના આવવાની સંજ્ઞા કરી. અંદરથી સાત કુમારિકાઓ નીકળી. અષ્ટાવક્રનું સ્વાગત કરીને આશ્રમમાં લઈ ગઈ. આશ્રમમાં એક વૃદ્ધ પણ તેજસ્વી સ્ત્રી પલંગ ઉપર બેઠી હતી. તેણે ઊભી થઈને અષ્ટાવક્રનું સ્વાગત કર્યું. અને પલંગ ઉપર બેસાડ્યા. પછી તેણે પેલી કુમારિકાઓને પોતપોતાના ઘરે ચાલ્યા જવાની આજ્ઞા કરી. હવે પેલી વૃદ્ધા અને અષ્ટાવક્ર બે જ રહી ગયાં. બન્ને જણાં લાંબા સમય સુધી વાતો કરતાં રહ્યાં પછી અષ્ટાવક્રે કહ્યું કે "હવે તમે સૂઈ જાઓ. મોડું થઈ ગયું છે." પેલી વૃદ્ધા તપસ્વિની જુદા

પલંગ ઉપર સૂઈ ગઈ. પણ થોડી જ વારમાં તેને ઠંડી લાગી, તે થરથર કાંપવા લાગી. ઓઢવાનું ઓછું હોવાથી કેમે કરીને ઠંડી ઓછી થતી ન હતી. છેવટમાં તે અષ્ટાવક્રના પલંગ પાસે ગઈ, તેને થરથર કાંપતી જોઈને અષ્ટાવક્રે તેને હૂંફ આપી. ઘણી વાર કુદરત કે પછી પરિસ્થિતિ બે વ્યક્તિને નજીક લાવવામાં સહાય કરતી હોય છે. હૂંફ મળતાં જ તેની ઠંડી ઓછી થઈ ગઈ. જીવન હૂંફથી જિવાતું હોય છે. હૂંફ વિનાનું જીવન ભર ઉનાળે પણ ઠંડીથી થરથર કાંપતું હોય છે. એકાકી વ્યક્તિને હૂંફ દુર્લભ છે. જેને હૂંફ નથી તેને ઊંઘ પણ નથી. એકબીજાની ગરમીથી બન્ને ઠંડીમુક્ત થયાં. જે સ્ત્રી અથવા પુરુષને વર્ષો સુધી સ્ત્રી અથવા પુરુષનાં દર્શન ન થયાં હોય તેવાં એકાકી સ્ત્રી અથવા પુરુષ વિજાતીય દર્શનમાત્રથી વાસના પ્રભાવિત થઈ જતાં હોય છે.

કામાચારની બાબતમાં સ્ત્રી અને પુરુષમાં ભગવાને એક ભેદ કર્યો છે. પુરુષ આક્રમક હોય છે. જ્યારે સ્ત્રી લજ્જાના કારણે અનાક્રમક હોય છે. સ્ત્રીની લજ્જા તેને મર્યાદામાં રાખે છે. આ મર્યાદા જ તેનું સૌથી મોટું આકર્ષણ થઈ જાય છે. લજ્જા વિનાની સ્ત્રી પોતે જ આક્રમક થઈ જાય છે. સ્ત્રીની આક્રમકતા તેનું આકર્ષણ ખોઈ બેસે છે. સ્વબચાવમાં આવી ગયેલો પુરુષ તેથી પોતાનું પૌરુષ ખોઈ બેસે છે અથવા ઓછું કરી બેસે છે. તપસ્વિની વૃદ્ધા છે. લજ્જાની વય કિશોર અથવા યુવાવસ્થા હોય છે. વૃદ્ધાવસ્થાએ પહોંચેલી સ્ત્રીમાં લજ્જા રહેતી નથી. અથવા બહુ ઓછી રહે છે. વૃદ્ધ તપસ્વિનીની ઠંડી દૂર થતાં જ તે ગરમીમાં આવી ગઈ. તેણે વધુ ગરમી મેળવવા અષ્ટાવક્રને જોરથી બાથ ભીડી દીધી પણ અષ્ટાવક્ર તો લાકડાની માફક વિકારશૂન્ય થઈને સૂતા રહ્યા. તેમની મડદા જેવી દશા જોઈને વૃદ્ધ સ્ત્રીએ તેમને ઉશ્કેરવા પ્રયત્ન કર્યો. પણ કાંઈ ન વળ્યું. ક્રમે ક્રમે તે આગળ વધતી ગઈ. પણ અષ્ટાવક્ર તો મડદું જ રહ્યા. તેથી ચિઢાઈને તેણે સ્પષ્ટ શબ્દોમાં કામસુખની માગણી કરી. સ્ત્રીની બોડીલેંગ્વેજ હજારો પ્રકારની વાતો કરી લેતી હોય છે. એ વાતોને ન સમજનારો પુરુષ કાં તો મહાસમર્થ હોય છે કાં પછી નમાલો હોય છે. સ્ત્રીઓને નમાલા પુરુષો ગમતા નથી. દૂધમાં પડેલી માખીની માફક તે તેમને ફેંકી દેતી હોય છે. પછી જરા જેટલી બોડીલેંગ્વેજને પરખનારા પુરુષને તે સમર્પિત થઈ જતી હોય છે. આવા પુરુષો આવી સ્ત્રીને સરળતાથી શિકાર બનાવી લેતા હોય છે. નમાલા પુરુષો પત્નીઓને ખોઈ બેસતા હોય છે.

વૃદ્ધા તપસ્વિની બોલી

"રતિ: શીલા હિ યોષિત:" 19/91.

સ્ત્રીઓને જેટલું કામસુખ ગમે છે તેટલું બીજું કોઈ સુખ ગમતું નથી. કામસુખ મેળવવા માટે તે બધાં સુખોને જતાં કરવા તૈયાર થઈ જતી હોય છે.

"નૈતા જાનન્તિ પિતરં ન ચ કુલં ન ચ માતરમ્"

કામલોલુપ સ્ત્રી નથી તો પિતાની પરવા કરતી નથી તો માતાની કે નથી પોતાના કુળની પરવા કરતી. તે બધાની ઉપરવટ થઈને પણ કામસુખ ભોગવવા ગમે તે કરી શકે છે.

અષ્ટાવક્રે જોયું કે વૃદ્ધ તપસ્વિની તીવ્ર આવેગમાં આવી ગઈ છે. તેમણે તેને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કર્યો કે "તું મારી પત્ની નથી તેથી મારાથી પાપ કરાય નહિ." પેલી સ્ત્રીએ કહ્યું કે "લ્યો ત્યારે હું તમારી પત્ની થઈ જાઉં છું. હવે તો મારી ઇચ્છા પૂરી કરો."

આ બન્નેનો બહુ લાંબો સંવાદ ચાલ્યો. બન્ને પોતપોતાના પક્ષમાં મક્કમ રહ્યાં.

અષ્ટાવક્રે પેલી સ્ત્રીને કહ્યું કે હવે તો તમે દાદીમા જેવાં દેખાઓ છો. આ ઉંમરે આવી ઇચ્છા

નવાઈ લગાડે છે. તેના જવાબમાં પેલી વૃદ્ધ સ્ત્રીએ કહ્યું કે:

"સ્થવિરાણામપિ સ્ત્રીણાં બાધને મૈથુનજ્વર:" 21-5

અર્થાત્ વૃદ્ધાવસ્થામાં પણ સ્ત્રીઓને મૈથુનજ્વર પીડા દેતો હોય છે. ખાસ કરીને જે સ્ત્રીઓ મોટી ઉંમર સુધી કુમારી રહી હોય તેમને પાછલી જિંદગીમાં આવો તાવ વધુ સતાવતો હોય છે. જેમણે યુવાવસ્થામાં ભરપૂર ભોગો ભોગવી લીધા હોય છે તેમને આ તાવ ઓછો સતાવે છે.

અષ્ટાવક્ર અડગ રહ્યા. ન જીતી શકાય તેવું યુદ્ધ જીતી ગયા. તપસ્વિની હારી ગઈ. તેણે કહ્યું કે આ તો તમારી કસોટી હતી. ખરેખર તમે મહાન છો. હવે ઘરે પાછા જાઓ. તમારું લક્ષ્ય પૂરું થઈ ગયું. અષ્ટાવક્ર ઘરે પાછા આવ્યા. વદાન્ય ઋષિને મળ્યા તથા બધી વાત કરી. વદાન્ય ઋષિ પ્રસન્ન થયા અને પોતાની કન્યા સુપ્રભા સાથે અષ્ટાવક્રનાં લગ્ન કરી આપ્યાં. તેમને એક પુત્ર પણ થયો.

કન્યા અને કન્યાના બાપે ભવિષ્યમાં થનારા પોતાના પતિ કે જમાઈના સેક્સમોરલની સચોટતા ખરી કરવી જોઈએ. સેક્સમોરલ વિનાનો પુરુષ (અથવા સ્ત્રી) લફંગો કહેવાય. તે બનીઠનીને ગમે તેટલો રૂપાળો થઈને ફરતો હોય તોપણ તે કૂતરાની ચાટ જેવો કે જેવી ત્યાજ્ય ગણાય. જે ચાટમાં અનેક કૂતરાં મોઢાં ભરતાં હોય તે ચાટમાં ખાવું તેના કરતાં ભૂખ્યા રહેવું સારું.

(મહાભારત અનુશાસન પર્વ 18મો અધ્યાય)

28-12-09

*

55. વિપુલની કથા

સાંસારિક જીવનમાં અનેક પ્રશ્નોમાં સૌથી વિકટ પ્રશ્ન હોય છે. સ્ત્રીવર્ગને સાચવવાનો. સ્ત્રીઓ સચવાયેલી સચવાય છે. તે રક્ષિત જીવન જીવતી હોય છે એટલે તેમની રક્ષા કરવી જરૂરી થઈ જતું હોય છે. નાની નિર્દોષ બાળકીથી માંડીને છેક વૃદ્ધ આયુ સુધી તેમનું રક્ષણ કરવું જોઈએ. આજકાલ નાની બાળકીની સાથે પણ બળાત્કાર થયાના સમાચારો આવતા હોય છે. જે લોકો ઝૂંપડપટ્ટીમાં કે ગરીબસ્થાનોમાં રહે છે. જેમને પોતાની બાળકીઓને મૂકીને કામે જવું પડતું હોય છે, આવી એકાકી બાળકી ઉપર ક્યારે કયો નરાધમ શું કરી બેસે તે કહી ન શકાય. સ્કૂલે કે ખેતરે જતી કિશોરી, હાઈસ્કૂલે કે કૉલેજમાં જતી યુવતી પણ સુરક્ષિત ન કહેવાય. ગેંગરેપના પ્રસંગો આવતા જ હોય છે. આવી જ રીતે એકાકી વિધવા, ત્યક્તા કે એવી જ બીજી કોઈ સ્ત્રી પૂરી સલામત નથી હોતી. જો રાજશાસન પ્રચંડ હોય, અપરાધીઓને કઠોર સજા તત્કાળ આપતું હોય, જો સમાજનો ભય હોય, ધર્મનો ભય હોય તો જ નિર્ભય વાતાવરણ પેદા કરી શકાય. વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સૌથી પ્રભાવશાળી વાતાવરણ ધર્મ ઉત્પન્ન કરે છે. ઈશ્વરનો અને પાપનો ભય માણસને કુકર્મોથી બચાવે છે. આ બધું ભેગું થાય તો રામરાજ કહેવાય. તો લોકો નિર્ભય થઈને શાંતિથી જીવન જીવે. પણ જો આમાંનું કશું જ ન હોય તો લોકો સ્વચ્છંદી થઈ જાય. તેની સૌથી વધુ માઠી અસર સ્ત્રીઓ ઉપર થાય. સ્વચ્છંદી પુરુષો, સ્ત્રીઓનો શિકાર કરવા ફરતા રહેતા હોય છે. સ્વચ્છંદી સ્ત્રીઓ પણ શિકાર થવામાં અને શિકાર કરવામાં લાગી રહેતી હોય છે. આવી હલકી સ્ત્રીઓ કુમળી બાલિકાઓને ધનવાનોની ભેટ ચઢાવવામાં પણ લાગી જતી હોય છે. એટલે શાસન, સમાજ અને ધર્મની પક્કડ જરૂરી છે.

બીજું પ્રાચીન આવાસ વ્યવસ્થા એવી હતી કે સ્ત્રીઓનું આપોઆપ રક્ષણ થઈ જતું. એક તો સંયુક્ત પરિવારમાં વડીલો, વૃદ્ધો સ્ત્રીઓનું રક્ષણ કરતા પછી રોહાઉસ જેવાં જોડાયેલાં મકાનોથી રક્ષણ થતું. ખડકી કે પોળ જેવી વ્યવસ્થાથી રક્ષા થતી, ઘરનાં બારણાં ઉઘાડાં રાખવાની પ્રથા હતી. ખાસ કારણ વિના બારણાં બંધ ન કરાય. તેથી રક્ષા થતી. બાળકો ફળિયામાં રમે અને સ્ત્રી વર્ગ બહાર ઓટલે બેસે વાતો કરે આ બધું આડકતરી રીતે રક્ષણમાં કારણ બની જતું.

હવે ફ્લૅટ કે બંગલા કલ્ચર આવ્યું. ઘરમાં વડીલો નહિ, ખડકી નહિ, ફળિયું નહિ, બારણાં બંધ જ રાખવાનાં. કોઈ કોઈને કશી લેવાદેવા નહિ, નોકરી ધંધા માટે સ્ત્રી વર્ગ ગમે ત્યારે ગમે ત્યાં બહાર નીકળી પડે. આખો દિવસ ગમેતેવા માણસોના સંપર્કમાં આવે. બધા સરખા ન હોય. આર્થિક આવશ્યકતાઓ વધવાથી સ્ત્રીઓ પણ કમાણી તરફ વળી. દેહવ્યાપાર કરનારા દલાલો, મજબૂર, લાલચુ, કામભૂખી સ્ત્રીઓને ઊંધા રસ્તે ચઢાવી દેતા હોય છે. આમાં કેટલીક વાર ભદ્ર ઘરની કન્યાઓ, વિદ્યાર્થિનીઓ, વહુઓ પણ સપડાઈ જતી હોય છે. આવી સપડાયેલી ભદ્ર મહિલાઓ બે રીતે પતિત થઈ જતી હોય છે એક તો અનેક વાનગીઓ ચાખ્યા પછી તેમને ઘરમાં સંતોષ નથી રહેતો. બીજું તેમને સરળતાથી બ્લૅકમેઈલ કરીને તન-મન-ધનથી તેમનું શોષણ કરી શકાતું હોય છે. આ રીતે એક ચક્રવ્યૂહ શરૂ થઈ જતો હોય છે. સ્ત્રી-પુરુષોમાં સરખું બૅલેન્સ ન રહેવાથી સ્ત્રી વિનાના પુરુષો કે પુરુષો વિનાની સ્ત્રીઓ વાતાવરણને વધુ દૂષિત બનાવતી હોય છે. આવાં બધાં અનેક કારણોસર સ્ત્રીઓને સાચવવી બહુ જ કઠિન કાર્ય થઈ જતું હોય છે. તેમાં પણ જો સ્ત્રી રૂપાળી હોય અને પુરુષ દુર્બળ હોય તો તો તેને સાચવવી એ દુષ્કર જ કામ બની જાય. આવી જ એક કન્યા મહાભારતમાં આવી રીતે આવી

છે.

દેવશર્મા નામના એક ઋષિ હતા. તેમને રુચિ નામવાળી એક પત્ની હતી. જે બહુ જ રૂપાળી હતી. ઋષિપત્ની રૂપાળી હોવાથી ઇન્દ્ર તેના પ્રત્યે હંમેશાં આકર્ષાયેલો રહેતો હતો. ઇંદ્ર ભલે દેવોનો રાજા હોય પણ તેનું પાત્ર લંપટતાનું પ્રતીક થઈ ગયું છે. લગભગ પ્રત્યેક ગામ કે નગરમાં આવું એક લંપટ પાત્ર રહેતું હોય છે. તે આખો દિવસ ગામની બહેન-દીકરી-વહુઓને તાક્યા કરતું હોય છે. વિધાસંસ્થાના દરવાજે આવાં લંપટ પાત્રો અડ્ડા જમાવીને બેઠાં હોય છે અને વિધાર્થિનીઓની છેડતી કરતાં રહે છે. વિધાર્થિનીઓનાં માતા-પિતાને ખબર નથી હોતી કે તેમની વિધાર્થિની-દીકરી ઉપર આવાં લંપટ પાત્રો કેટલો નેત્રઅત્યાચાર, વાણીઅત્યાચાર કે પછી સ્પર્શઅત્યાચાર કરતાં હોય છે. કેટલીક નિમ્ન કક્ષાની છોકરીઓને આવી લંપટતા ગમતી પણ હોય છે. ઘણી વાર ન થવાનું થઈ જતું હોય છે. પછી મા-બાપ પોકે ને પોકે રોતાં હોય છે. સચોટ રક્ષાની ખાતરી વિના છોકરીને ભણવા મોકલવી એ જાણીકરીને કૂવામાં ધકેલવા બરાબર છે.

એક વાર એવું બન્યું કે દેવશર્માને કાંઈક દૂર યજ્ઞ કરવા જવાનું થયું. ઘરમાં પત્ની રુચિ એકલી જ રહી જવાની હતી. ઇન્દ્રનો ડોળો તો તેના ઉપર હતો જ. તેથી તેનાથી બચાવવી જરૂરી હતી. હવે શું કરવું? તેમને વિપુલ નામનો શિષ્ય હતો. વિપુલને બધી જવાબદારીનો ભાર સોંપીને દેવશર્મા યજ્ઞ કરવા ગયા. ઘરમાં રુચિ એકલી જ રહી ગઈ. ઇન્દ્રને તો આટલું જ જોઈતું હતું. તેણે પોતાના હલકા પ્રયત્નો શરૂ કરી દીધા. તેણે જાતજાતનાં વસ્ત્રો બદલ્યાં, નવા નવા દાગીના પહેર્યા. ફૂલ ફટાકિયા, છેલબટાઉ જેવો દેખાવા લાગ્યો. ભોળી સ્ત્રીઓ વસ્ત્રો અને દરદાગીનાથી અંજાઈ જતી હોય છે. ઇન્દ્રે ઘણા પ્રયત્નો કર્યા પણ વિપુલે તેની એક ન ચાલવા દીધી. તે પૂરી સાવધાનીથી ગુરુપત્નીની રક્ષા કરતો રહ્યો.

રુચિ બેઠી હતી ત્યાં ઇન્દ્ર બનીઠનીને પહોંચી ગયો. તેનું રૂપ અને શણગાર જોઈને રુચિ સ્તબ્ધ થઈ ગઈ. જટા-જૂટ વલ્કલધારી ઋષિ ક્યાં ને આ ક્યાં? સ્ત્રીઓ પ્રાયઃ શૃંગારપ્રેમી હોય છે. રુચિ ઊભી થઈને ઇન્દ્રને આવકાર આપવા લાગી. પણ વિપુલની જાગૃતિ અને સાવધાનીથી તે આગળ વધી શકી નહિ. કામાતુર ઇન્દ્રને જ્યારે ભાન થયું કે વિપુલ તેને જોઈ રહ્યો છે અને રુચિનું રક્ષણ કરી રહ્યો છે ત્યારે તે ભયભીત થયો. વિપુલે તેને ફટકાર્યો. ધમકાવ્યો અને ભગાડી મૂક્યો. ગુરુપત્નીનું રક્ષણ થઈ ગયું. એટલામાં તો દેવશર્મા યજ્ઞ કરીને આવી ગયા. વિપુલે બધી વાત કરી. પત્નીનું રક્ષણ થયાનું જાણીને દેવશર્માએ વિપુલને વરદાન આપ્યું. હવે કદી પણ ઇન્દ્ર દેવશર્માના ઘર આગળ ફરકતો નથી. કારણ કે વિપુલ બેઠો છે. જ્યાં જ્યાં વિપુલ બેઠો હશે ત્યાં ત્યાં સ્ત્રીઓનું રક્ષણ થશે. અને વિપુલ માત્ર હાથ જોડીને નથી બેસતો. તે તો હાથમાં તલવાર લઈને બેઠો છે. હવે દેવશર્મા અને રુચિ સલામત છે.

(મહાભારત અનુશાસનપર્વ 42મો અધ્યાય)

28-12-09

*

56. ઉતથ્યઋષિની કથા

ઘણાને ખબર નહિ હોય પણ બ્રાહ્મણ અને ક્ષત્રિયોની વચ્ચે બહુ પ્રાચીન કાળમાં ઘણો સંઘર્ષ ચાલ્યો હતો. બન્ને યોદ્ધાઓ હતા અને રાજશાસન ચલાવનારા હતા. ઘણા સંઘર્ષ પછી બન્ને વચ્ચે એક સમાધાન થયું હતું કે રાજા હંમેશાં ક્ષત્રિય થાય અને પુરોહિત (પ્રધાનમંત્રી) બ્રાહ્મણ થાય. આ સમાધાન ઘણાં વર્ષો સુધી ચાલતું રહ્યું. બન્ને એકબીજાની મહત્તા બતાવતા હતા તેમાં આ કથા આવી છે.

અંગિરાઋષિની પરંપરામાં ઉતથ્ય નામના ઋષિ થયા. ત્યારે સોમકન્યા ભદ્રા, વિશ્વસુંદરી હતી. સોમકન્યા માટે કોઈ વર શોધતા હતા. બહુ રૂપાળી કન્યા માટે વર શોધવો એ કદરૂપી કન્યા માટે વર શોધવા કરતાં પણ કઠિન કામ છે. કારણ કે રૂપાળી કન્યાને વરવા માટે તો ઘણા મુરતિયા તૈયાર હોય છે, પણ તેનું રક્ષણ અને પ્રસન્ન કરી શકનારા બહુ થોડા હોય છે. બહુ રૂપાળી પત્ની ધગધગતી અગ્નિ જેવી હોય છે, જો સાચવતાં ન આવડે તો બાળી મૂકે છે. એટલે ચન્દ્રમા-સોમ-ચિંતિત હતા. તેમણે જોયું કે મહર્ષિ ઉતથ્ય પોતાની કન્યા માટે યોગ્ય વર છે. ભદ્રાને ખબર પડી કે મારા પિતાશ્રી મને ઉતથ્યની સાથે પરણાવવા તૈયાર થયા છે. એટલે તે પણ મનોમન ઉતથ્યને ચાહવા લાગી. લગ્નની ત્રણ રીતો છે: 1. પહેલી પસંદગી માતાપિતાની પછી કન્યાની. 2. પહેલી પસંદગી કન્યાની પછી માતાપિતાની. 3. માત્ર કન્યાની જ પસંદગી. બીજા કોઈની નહિ. આ ત્રણમાં પ્રથમ પક્ષ વધુ મજબૂત રહે છે. માતા-પિતા વડીલો વગેરે. કન્યાનું કુળ, રહનસહન, સ્થિતિ વગેરે જુએ છે. બીજા પક્ષમાં કન્યા માત્ર વરનું રૂપ જુએ છે. ઘણી વાર ગુણ વિનાનું રૂપ પણ હોઈ શકે છે. તોપણ માતા-પિતાની સંમતિથી છેલ્લો નિર્ણય કરવાનો હોવાથી અનિષ્ટોથી બચી શકાય છે. ત્રીજા પક્ષમાં માત્ર કન્યા જ પહેલો અને છેવટનો નિર્ણય કરતી હોવાથી ઘણી ભૂલ થઈ શકે છે. લગ્ન એક એવી વસ્તુ છે કે એક વારની ભૂલ જીવનભર દુ:ખ દેનારી થઈ શકતી હોય છે. એટલે વડીલોની ઇચ્છા અને કન્યાની પસંદગી આ બન્નેનો મેળ કરવો હિતાવહ છે.

સોમે ઉતથ્યઋષિને પોતાની કન્યા પરણાવી દીધી. પણ રૂપાળી કન્યાની પાછળ કેટલાય મનચલા યુવાનો પડ્યા હોય છે. આમાંનો એક વરુણ હતો. આવા મનચલા યુવાનોથી કન્યાનું રક્ષણ કરી શકે તે જ પિતા-વડીલો વગેરે સ્વમાનપૂર્વક જીવી શકે. જે રક્ષણ ન કરી શકે, તે કન્યા તો ખોઈ બેસે સાથેસાથે આબરૂ પણ ખોઈ બેસે. ભદ્રાની પાછળ વરુણ પડ્યો હતો. ઉત્તમ ખાનદાની પ્રેમી એ છે જે પ્રેમિકાનું અન્યત્ર લગ્ન થઈ ગયા પછી પ્રકરણ સમાપ્ત કરી દે. બધું ભૂલી જાય. અને સામેના પાત્રને પૂરેપૂરું સુખી થવા દે. પોતાના પ્રેમભંગ થવાના આઘાતને સહન કરી લે. પણ સામેના પાત્રને આંચ ન આવવા દે. હલકટ પ્રેમી એ છે. જે સામેના પાત્રનાં લગ્ન અન્યત્ર થઈ ગયા પછી પણ પીછો ન છોડે. તેને બ્લૅકમેઈલ કરે. હેરાન-પરેશાન કરે. આવા હલકટ પ્રેમીઓ પ્રેમનું કલંક જ કહેવાય. ખરો પ્રેમ, સામેના પાત્રનું સુખ જ ચાહે. ભલે પોતે દુ:ખી થાય.

વરુણ આવો જ હલકટ પ્રેમી હતો. તે લાગ શોધ્યા કરતો હતો. તેવામાં એક વાર ભદ્રા યમુનામાં સ્નાન કરવા ઊતરી. જળ તો વરુણનું ઘર જ કહેવાય. વરુણે, ભદ્રાનું અપહરણ કરી લીધું. તે જબરદસ્તી તેને પોતાના મહેલમાં લઈ ગયો. સ્ત્રીનું જીવન રક્ષિત જીવન હોય છે. તેણે કદી પણ એકાકી વિચરવું ન જોઈએ. તેમાં પણ જે રૂપાળી અને યુવાન હોય જેની પાછળ

કેટલાય મનચલા પડ્યા હોય તેણે તો એકાકી ન જ વિચરવું જોઈએ. ડાહી સ્ત્રીઓ પોતાના અબળા-પણાને સ્વીકારતી હોય છે જેથી તે યોગ્ય સાવધાની રાખતી હોય છે. યોગ્ય સાવધાની રાખવી એ બીકણપણું નથી. બુદ્ધિમત્તા છે. મૂર્ખ અને અહંકારી સ્ત્રીઓ આવી સાવધાની નથી રાખતી તેથી તેમને ભયંકર પરિણામ ભોગવવાં પડતાં હોય છે.

દેવર્ષિ નારદે આવીને ઉતથ્ય ઋષિને સમાચાર આપ્યા કે તમારી પત્ની ભદ્રાને વરુણ હરી ગયો છે, તેના ઉપર બળાત્કાર થઈ શકે છે. તેનું રક્ષણ કરો. નારદ વ્યાપક છે તે બધી ખબરો જ્યાં ત્યાં ઝડપથી પહોંચાડે છે. નારદની વાત સાંભળીને ઉતથ્ય ઋષિ ક્રુદ્ધ થયા. પુરુષો પોતાના કરતાં પણ પોતાની પત્નીના અપમાનને, દુઃખને વધુ સંવેદનાથી ગ્રહણ કરતા હોય છે. “પતિ મારે ખરો, પણ કોઈને મારવા ન દે” એવી ગ્રામીણ કહેવત છે. પતિના માર કે અપમાનને પત્ની સ્વીકારી શકે છે, પણ પરપુરુષના માર કે અપમાનને સ્વીકારી નથી શકતી. તે ઇચ્છે છે કે મારે એવો પતિ હોય જે મારા અપમાનનો બદલો લે. પત્ની, પોતાના પતિના દ્વારા અપમાનનો બદલો લેવડાવતી હોય છે. બદલો ન લેનાર પતિ પત્નીની દૃષ્ટિથી ઊતરી જતો હોય છે. તેનો અહોભાવ સમાપ્ત થઈ જાય છે. અહોભાવ વિનાનો પતિ કોડીનો થઈ જતો હોય છે.

નારદની પાસેથી સમાચાર સાંભળીને ઉતથ્યે પ્રથમ કડક સંદેશ મોકલી કહેવડાવ્યું કે “મારી પત્ની પાછી આપી દે” પણ વરુણ ઉપર કશી અસર ન થઈ. તેણે કહ્યું કે “આ તો મારી પત્ની છે. તેને હું છોડવાનો નથી.” આપણી કથાઓ સ્ત્રીઓની કથાઓ હોય છે. આપણે સ્ત્રીઓ માટે લડ્યા છીએ. બરબાદ થયા છીએ. પૂરો ઇતિહાસ સાક્ષી છે. બીજી તરફ પ્રશ્ન એ પણ છે કે “શું પત્નીને જવા દેવી?” ચૂપચાપ સહી લેવું?” આ પણ બરાબર ન કહેવાય. પણ કોઈની પત્નીનું હરણ જ ન કરાય આવી સોચ સ્થિર થઈ હોય તો ઘણા અનર્થોથી બચી શકાય.

કોઈ માથાભારે વ્યક્તિ જ્યારે કોઈની જમીન કે કોઈ દરદાગીના વગેરેનું હરણ કરી લે છે ત્યારે બહુ ચિંતાનો વિષય નથી રહેતો, આજ નહિ તો કાલે દશ વર્ષે પણ બધું પાછું મેળવી લેવાશે. તેવી હૈયાધારણ રહે છે. પણ કોઈ માથાભારે વ્યક્તિ જ્યારે પોતાની પત્ની કે બહેન-દીકરીનું અપહરણ કરી જાય છે ત્યારે તે માત્ર અપહરણ જ નથી રહેતું. તેમને કોઈ સ્થળે માન-સન્માન સાથે બેસાડી રખાતાં નથી. તેમની સાથે બળાત્કાર અને દુર્વ્યવહાર પણ થઈ શકે છે. એટલે બેપાંચ દશ વર્ષની ધીરજ ન રાખી શકાય.

ઉતથ્યઋષિએ પત્નીને પાછી આપી દેવા વરુણને બહુ સમજાવ્યો પણ વરુણ ન માન્યો. અહિંસાવાદી હોય તો ભૂખ હડતાલ ઉપર ઊતરે. બાપડા, બીજું કરી કરીને શું કરી શકે? ભૂખ હડતાલથી તો વરુણ વધુ રાજી થાય. શત્રુ પોતે જ પોતાના દ્વારા દુર્બળ થઈને મરી જાય એ કોને ન ગમે! પણ ઉતથ્યઋષિ કાંઈ અહિંસાવાદી નથી. તેમણે તરત જ કઠોર આક્રમણ કરી દીધું. બધાં જળોને પીને સમુદ્રને સૂકવવા લાગ્યા. સર્વત્ર હાહાકાર થઈ ગયો. સામર્થ્યે જ પરિણામ આવતું હોય છે. સામર્થ્યહીન લોકો વલોપાત કરીને કે પછી ઉચ્ચ આધ્યાત્મિકતાની ભ્રાન્ત ચાદર ઓઢીને બેસી રહેતા હોય છે.

અંતે વરુણને ઉતથ્ય ઋષિનો પ્રભાવ સમજાયો.

તે સામે ચાલીને ભદ્રાને લઈને ઉતથ્યની શરણે આવ્યો. પગે પડ્યો. ક્ષમા માગી. ઉતથ્યે ઉદારતાથી તેને ક્ષમા આપી અને કન્યાને લઈને ચાલતા થયા. તેમણે ભદ્રાને “તું અપવિત્ર થઈ ગઈ છે, હવે તારો સ્વીકાર નહિ કરું” તેવું કહ્યું નહિ, માત્ર એટલું જ કહ્યું કે હવે કદી એકલી સ્નાન કરવા કે ગમે ત્યાં જઈશ નહિ.” કથા પૂરી થઈ.

વીરભોગ્યા વસુંધરા જ નહિ વીરભોગ્યા ભાર્યા પણ ખરી.

(મહાભારત અનુશાસન પર્વ 154મો અધ્યાય)

28-12-09

*

57. બભ્રુવાહનની કથા

જો તમારે રાષ્ટ્રને મહાન બનાવવું હોય તો જે રીતે શક્ય હોય તે રીતે તેનો વિસ્તાર કરવો જોઈએ. સીમાડાઓનો વિસ્તાર કરવાથી, અર્થતંત્રની સમૃદ્ધિથી, વિશાળ સેના અને પ્રબળ સેનાપતિઓથી રાષ્ટ્ર મહાન બનતું હોય છે. જે લોકો આ ત્રણે નથી કરી શકતા તે મહાન તો નથી થઈ શકતા પણ કોઈ મહાન રાજાના ખંડિયા થઈ જતા હોય છે. રાષ્ટ્રને મહાન બનાવવા અર્જુન અશ્વમેધ યજ્ઞનો ઘોડો લઈને એકેએક રાષ્ટ્ર તરફ ફરી રહ્યો છે. જે શરણે આવે છે તેને સાથીદાર બનાવે છે. જે શરણે નથી આવતા, ઘોડાને બાંધે છે તેની સાથે યુદ્ધ થાય છે. વિજય મેળવીને આગળ વધાય છે. આ રીતે હસ્તિનાપુરનું રાષ્ટ્ર છેક પૂર્વમાં મણિપુર સુધી વધી રહ્યું છે. આજના મણિપુરની જ વાત છે.

અર્જુનનો ઘોડો ફરતો ફરતો મણિપુર પહોંચ્યો. ત્યાં અર્જુનપુત્ર બભ્રુવાહન રાજ કરતો હતો. ઘણા સમય પહેલાં વનવાસ દરમિયાન અર્જુન અહીં આવ્યો હતો અને નાગકન્યા ચિત્રાંગદાને પરણ્યો હતો. આજના નાગાલૅન્ડની નાગપ્રજા ત્યારે મણિપુર રાજ્યની પ્રજા હતી. નાગ એટલે સર્પ નહિ પણ એક વંશની પ્રજાનું નામ 'નાગ' છે. આ ચિત્રાંગદાથી અર્જુનને એક પુત્ર થયો હતો. તેનું નામ બભ્રુવાહન રાખ્યું હતું. તે પુત્ર જ અત્યારે વિશાળ મણિપુર રાજ્યનો રાજા હતો. મહાન પ્રજા બધી જાતિઓમાંથી કન્યા ગ્રહણ કરતી હોય છે, તેથી તેની સમાજશક્તિ વિશાળ અને ઉદાર થતી હોય છે. જે લોકો પોતાની જ જાતિ, સમાજ કે ગોળમાં જ બંધાઈ જતા હોય છે તે વિશાળ નથી થઈ શકતા. જે વિશાળ નથી થઈ શકતા તે કદી મહાન નથી થઈ શકતા. કૂપમંડૂકો માત્ર મંડૂકો જ રહી જતા હોય છે.

અર્જુનનો ઘોડો જ્યારે મણિપુર રાજ્યમાં પ્રવેશ્યો ત્યારે બભ્રુવાહનને ખબર પડી કે મારા પિતાજી અશ્વમેધનો ઘોડો લઈને મારા રાજ્યમાં આવ્યા છે. તે અનેક ભેટ-સોગાદ ધન વગેરે લઈને અર્જુનની સામે ગયો, અને સત્કાર કરી પ્રણામ કર્યા. પણ પુત્રનો આવો વ્યવહાર પિતા અર્જુનને ગમ્યો નહિ. તેણે તેનું પ્રતિસ્વાગત ન કર્યું. ઊલટાનો તેનો તિરસ્કાર કર્યો. "અરે, તું આવો કાયર પુત્ર નીવડ્યો! તારે તો મારો ઘોડો બાંધવો જોઈએ અને મારા પડકારને ઝીલી લઈ યુદ્ધ કરવું જોઈએ. આવી શરણાગતિ તને શોભે નહિ." વગેરે કટુવાક્યો કહ્યાં. બભ્રુવાહન વિચારમાં પડી ગયો. હવે શું કરવું? એટલામાં તેની માતા આવી પહોંચી. તેણે બભ્રુવાહનને યુદ્ધ કરવા ઉશ્કેર્યો. "તું યુદ્ધ કર, યુદ્ધ કર" આવી શિખામણ આપી. અર્જુનને ઘણી પત્નીઓ છે. તેમાં ઉલૂપી પણ એક છે. ઘણી પત્નીઓ હોય ત્યાં અસંતોષનાં કારણો રહેવાનાં જ. અસંતોષ હોય ત્યાં અશાંતિ રહેવાની. ઉલૂપીને પણ કોઈ કારણસર અસંતોષ છે જ. તેથી તે પોતાના સાવકા પુત્રને પોતાના પતિ સાથે યુદ્ધ કરવા ઉશ્કેરે છે. સંયુક્ત પરિવારમાં આવી રીતે અંદરોઅંદર ઝઘડા થતા રહેતા હોય છે. મોટા ભાગે ઉશ્કેરનારી સ્ત્રીઓ હોય છે અને ઉશ્કેરાનારા પુરુષો હોય છે. સ્ત્રીઓની લાગણીઓ તીવ્ર હોય છે. તેમાં પણ દ્વેષની લાગણી તો અત્યંત તીવ્ર હોય છે. પ્રથમ રાગ કરવાનો અને પછી દ્વેષ કરવાનો. જે પુરુષ પત્નીથી ઘણો લાંબો સમય દૂર રહે તો તેની પત્નીનો રાગ ઊતરવા લાગે. પત્ની કામસુખ અને લાગણીસુખ ઝંખે છે. આ તેનો હક્ક છે. પણ બહુ પ્રવૃત્તિવાળો અને ઘણી પત્નીઓવાળો તેની અપેક્ષા પૂરી કરી શકતો નથી તેથી તે પત્નીથી માત્ર શરીરથી જ નહિ મનથી પણ દૂર થતો જાય છે. પત્ની પ્રેમભૂખી હોય છે. જો તેને પ્રેમ જ ન મળે (સૅક્સ અને લાગણીનું સંયુક્ત રૂપ પ્રેમ છે) તો તે વિરોધી પણ થઈ શકે છે. તેમાં પણ જો પતિ કોઈ અન્ય સ્ત્રીમાં ગળાડૂબ ડૂબ્યો હોય તો દુશ્મન

પણ થઈ શકે છે. ઉલૂપીએ બભ્રુવાહનને ખૂબ ઉશ્કેર્યો. સ્ત્રીઓનાં રાગ-દ્વેષભર્યાં વાક્યોથી પુરુષો જલદી ઉશ્કેરાઈ જતા હોય છે. કદાચ કોઈ ન ઉશ્કેરાય અને ધીરજ તથા શાંતિ રાખી શકે તો તે કાં તો મહાપુરુષ હોવો જોઈએ કાં પછી નમાલો હોવો જોઈએ.

બભ્રુવાહને તરત જ યજ્ઞના ઘોડાને બાંધી દીધો. હવે બાપ-દીકરા વચ્ચે યુદ્ધ અનિવાર્ય થઈ ગયું. બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થઈ ગયું. બંને પક્ષો બળવાન હતા. અંતે બભ્રુવાહનના તીવ્ર બાણથી અર્જુન ઢળી પડ્યો. રણભૂમિમાં તેનું શરીર ચેષ્ટાહીન થઈને પડ્યું. પોતાના હાથે પિતા માર્યા ગયા છે તેવું જાણીને બભ્રુવાહનને ભારે શોકનો આઘાત લાગ્યો તેથી તે પણ મૂર્છિત થઈને યુદ્ધમેદાનમાં ઢળી પડ્યો. આ સમાચાર જ્યારે બભ્રુવાહનની માતા ચિત્રાંગદાને મળ્યા ત્યારે પતિ અને પુત્ર બન્નેના મરણથી આઘાત પામીને હૈયાફાટ રુદન કરતી તે પણ યુદ્ધભૂમિમાં આવી. પિતા-પુત્રના ચેષ્ટાહીન શરીરોને જોવા લાગી. એટલામાં તો બભ્રુવાહનની મૂર્છા પાછી વળી. તે જાગ્યો. પિતાના મડદાને જોઈને તથા માતા ચિત્રાંગદાને તથા સાવકી માતા ઉલૂપીને જોઈને તે વધુ વ્યાકુળ થઈ ગયો. “હું પાપી છું. પિતૃહન્તા છું.” એમ બોલીને તે વિલાપ કરવા લાગ્યો. હવે મારે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ એવું માનીને તેણે સાવકી માતા ઉલૂપીને કહ્યું કે “તમારા કહેવાથી મેં યુદ્ધ કર્યું અને પિતાની હત્યા કરી નાખી. મેં મહાપાપ કર્યું છે. હવે તો મારા પિતા જીવિત નહિ થાય તો હું પણ અહીં આમરણ અનશન કરીને પ્રાણત્યાગ કરી દઈશ.” આવું કહીને બભ્રુવાહન અનશન કરવા બેસી ગયો. સાથે તેની માતા ચિત્રાંગદા પણ અનશન ઉપર બેસી હતી. હવે ઉલૂપીને ભાન થયું કે બહુ ખોટું થઈ ગયું. આ તો મેં જ મને પોતાને વિધવા બનાવવાનું કાર્ય કર્યું કહેવાય. ઝઘડો કરાવવો એ આગ ભડકાવવા જેવું છે. ભડકેલી આગને પછી કાબૂ કરવી કઠિન થઈ જાય છે. કદાચ કાબૂ કરી શકાય તોપણ તેના પહેલાં તે ઘણું બાળીને ખાખ કરી નાખતી હોય છે. ઉલૂપીએ પોતાનો જ સંસાર બાળી નાખ્યો. કદાચ આવા જ કારણસર ભારતકાર સ્ત્રીઓને ટૂંકી દૃષ્ટિવાળી કહેતા હશે. તેને પિતા-પુત્રનો ઝઘડો તો દેખાતો હતો, પણ પોતાનો સંસાર જ નષ્ટ થઈ જશે, પોતે વિધવા થઈ જશે તે તેને દેખાતું ન હતું. તેનો દ્વેષ શમી ગયો. દ્વેષ શમે એટલે દુશ્મનાવટ શમી જાય. પછી તો જૂનો રાગ (પ્રેમ) જાગી ઊઠ્યો. “મારા પતિ, મારા પતિ” કહીને રડવા લાગી. અરેરે, આ શું થઈ ગયું? તે બાજી હારી ગઈ હતી. પણ ના, હવે તેને યાદ આવ્યું, તેની પાસે દિવ્ય મણિની ઔષધિ છે. તેણે દિવ્યમણિ કાઢીને બભ્રુવાહનને આપ્યો અને કહ્યું કે આ મણિ તારા પિતાની છાતી ઉપર મૂક. બભ્રુવાહને તેમ જ કર્યું. થોડી જ વારમાં અર્જુનની મૂર્છા વળી ગઈ. આંખ ચોળીને તે બેઠો થયો. કથા સુખાંતમાં બદલાઈ ગઈ. આમાંથી જેને જે બોધપાઠ લેવો હોય તે લઈ શકે છે.

(મહાભારત અશ્વમેધ પર્વ 80મો અધ્યાય)

29-12-09

*

58. સાચો યજ્ઞ

પ્રત્યેક ધર્મમાં દાનતત્ત્વ જરૂર હોય છે, પણ પ્રત્યેક ધર્મની દાનની દિશા જુદી જુદી હોય છે. બૌદ્ધોનું દાન સ્તૂપો અને ગુફાઓ તરફ વળ્યું. જૈનોનું દેરાસરો તરફ વળ્યું. મુસ્લિમોનું મસ્જિદો તરફ વળ્યું. ખ્રિસ્તીઓનું માનવતા તરફ વળ્યું. આપણું હિન્દુઓનું દાન પ્રથમ અગ્નિ તરફ અને પછી ભગવાન તરફ વળ્યું. આપણે યજ્ઞોના દ્વારા અમાપ સંપત્તિ અને દ્રવ્યો અગ્નિમાં હોમ્યાં અને હજી પણ હોમીએ છીએ. ઉત્તરકાળમાં જે ભક્તિમાર્ગી સંપ્રદાયો થયા તેમણે દાનને ભગવાન તરફ વાળ્યું. જેમાંથી રાજભોગ, છપ્પનભોગ, ભવ્ય મનોરથો, મુગટો અને દરદાગીના, ભવ્ય પોશાકો વગેરે થતું રહ્યું. બ્રહ્મભોજન અને પ્રભુભોજન તરફ આપણું અન્ન વળ્યું. આ બધામાં જે લોકોએ સ્તૂપો, ગુફાઓ, દેરાસરો કે બીજાં ધર્મસ્થાનો બાંધ્યાં તેમની તો યાદગીરી રહી. કલાકૃતિઓ, સ્થાપત્યો અને શિલ્પને પ્રોત્સાહન મળ્યું. જે લોકોએ બ્રહ્મભોજન કે પ્રભુભોજન કરાવ્યાં તેમનું અન્ન ઉપયોગી બન્યું. જોકે દરિદ્રભોજન તરફ તે અન્ન વળ્યું હોત તો વધુ સારું થાત. પણ જે લોકોએ મોટા મોટા યજ્ઞો કરીને બધું અગ્નિમાં હોમ્યું તેમાંથી કોઈ જ સાર્થક પરિણામ ન આવ્યું. દ્રવ્યો અને સંપત્તિનો આટલો મોટો બગાડ વિશ્વની કોઈ પ્રજાએ કર્યો દેખાશે નહિ. જેનું કશું જ વળતર ન હોય તેવી દિશા તરફ વળી ગયેલી અથવા વાળી દીધેલી પ્રજા કોઈ સારું પરિણામ ન મેળવી શકી. મહાભારતમાં એક યજ્ઞની કથા છે. જે આપણા સૌની આંખ ઉઘાડી નાખે તેવી છે.

યુધિષ્ઠિરે એક મહાન યજ્ઞ કર્યો. કૃષ્ણે કહ્યું કે આ યજ્ઞ સફળ થશે તો પેલો ઝાડ ઉપર બાંધેલો ઘંટ ઘણઘણી ઊઠશે. અને જો યજ્ઞ નિષ્ફળ જશે તો ઘંટ નહિ વાગે. યજ્ઞ પૂરો થયો પણ ઘંટ ન વાગ્યો. યુધિષ્ઠિર વગેરે બધા ચિંતામાં પડી ગયા. “ઘંટ કેમ નહિ વાગ્યો હોય? શું કાંઈ ભૂલ થઈ ગઈ હશે!” તેવામાં એક નોળિયાના સમાચાર આવ્યા. બધા નોળિયા પાસે ગયા, નોળિયો યુધિષ્ઠિરને ગાળો દઈ રહ્યો હતો. શ્રીકૃષ્ણે કારણ પૂછતાં નોળિયાએ કહ્યું કે:

પહેલાં કુરુક્ષેત્રમાં એક બ્રાહ્મણ પોતાના પરિવાર સાથે રહેતો હતો. ભયંકર દુષ્કાળ પડવાના કારણે લોકો ભૂખે મરવા લાગ્યાં હતાં. બ્રાહ્મણનું કુટુંબ પણ ત્રણ દિવસથી ભૂખ્યું હતું. ત્રીજા દિવસે અન્ન ન મળવાથી ફરી પાછા ત્રણ દિવસ તેમણે ઉપવાસ કર્યા. આમ છ દિવસથી બ્રાહ્મણ પરિવાર ભૂખ્યો હતો. તેવામાં બ્રાહ્મણને એક શેર જેટલો સત્તુ મળ્યો. સત્તુ લઈને તેના ચાર ભાગ કરીને ચારે જણાં (પુત્ર, પુત્રવધૂ, પત્ની અને પતિ) જમવા બેસતાં હતાં ત્યાં તેમના આંગણે કોઈ અતિથિ આવી ચઢ્યો. તેને જમાડવા માટે ચારે જણાંએ વારાફરતી પોતપોતાનો સત્તુ તેને ખવડાવી દીધો. પછી તો ચારે મૃત્યુ પામ્યાં. અતિથિના ગયા પછી હું મારા દરમાંથી બહાર નીકળ્યો. અને પેલા સત્તુના પડેલા એઠવાડમાં આળોટ્યો હતો તેથી મારું અડધું શરીર સોનાનું થઈ ગયું હતું. બાકીનું અડધું શરીર સોનાનું કરવા માટે અત્યાર સુધીમાં આવા મોટા મોટા હજારો યજ્ઞોમાં ગયો છું અને આળોટ્યો છું પણ ક્યાંય મારું બાકીનું શરીર સોનાનું થયું નથી. મને બહુ મોટી આશા હતી કે યુધિષ્ઠિર તો સત્યવાદી છે. તેના યજ્ઞમાં મારું બાકીનું શરીર જરૂર સોનાનું થઈ જશે, એટલે હું અહીં આવ્યો હતો અને ક્યારનોય એઠવાડમાં આળોટું છું પણ શરીર સોનાનું થતું નથી એટલે મને ખાતરી થઈ ગઈ છે કે આ યજ્ઞ પણ સાચો યજ્ઞ નથી.” એવું કહીને નોળિયો ગાયબ થઈ ગયો. શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને સમજાવ્યું કે આવા યજ્ઞો કરવા કરતાં દરિદ્રોનું પેટ ભરવું, માનવતાનાં કાર્યો કરવાં એ સાચા યજ્ઞો છે.

29-12-09

* * *